આચાર્યચક્રચૂડામણિ શ્રીમદ્વલ્લભાચાર્યજીકૃત
તત્વાર્થદીપ નિબન્ધ નું

# શાસ્ત્રાર્થ પ્રકરણ

તથા તે ઉપર શ્રીમદાચાર્યચરણજીએ કરેલી 'પ્રકાશ' નામની ટીકા
અને તેના ઉપર શ્રીપુરુષોત્તમજીએ કરેલી 'આવરણભઙ્ગ' નામની
ટીકાનો સાર ગુજરાતી અનુવાદ રૂપે.

**:: રચનાર ::**
લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ.

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
**કંસારા બજાર, માંડવી-કચ્છ, ૩૭૦૪૬૫, ગુજરાત**
**ફોન : (૦૨૮૩૪) ૨૩૧૪૬૩**
gosharad@rediffmail.com

**પ્રકાશનવર્ષ :**
વિ.સં. ૨૦૬૭

પ્રથમ સંસ્કરણ પ્રતિ : ૨૦૦૦

**ઐચ્છિક ગ્રન્થપ્રકાશન સહાય : ૩૦/-**
(પોસ્ટેજ-પેકેર્જિંગ્ : રૂ. ૫/-)

**મુદ્રક :** પૂર્વીપ્રેસ પ્રા. લીમીટેડ, રાજકોટ.

## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વિષય. | કારિકા. |
|---|---|---|
| ૧. | મઙ્ગળપૂર્વક અનુબન્ધ ચતુષ્ટ્ય નિરૂપણ | ૧।૫ |
| ૨. | પરિભાષાપૂર્વક પ્રમાણાદિ ચતુષ્ટ્ય નિરૂપણ | ૬।૧૪ |
| ૩. | મોહકશાસ્ત્રોની અસાધકતાના નિરૂપણપૂર્વક પોતાના ઉદ્યમનું સમર્થન | ૧૫।૨૨ |
| ૫. | જડસ્વરૂપ પ્રતિપાદનપૂર્વક સૃષ્ટ્યાદિ નિરૂપણ. | ૨૩।૪૨ |
| ૬. | શ્રુતિઓની એક વાક્યતાના સઙ્ગ્રહશ્લોક | ૪૩।૪૪ |
| ૭. | ભક્તિનું સમર્થન | ૪૫।૫૨ |
| ૮. | જીવસ્વરૂપનિર્ણય | ૫૩।૬૪ |
| ૯. | બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન. | ૬૫।૭૭ |
| ૧૦. | અસન્મતનિરાસ | ૭૮।૯૪ |
| ૧૧. | સાઙ્ખ્યયોગાદિ સાધન પ્રતિપાદનપૂર્વક શાસ્ત્રાર્થનો ઉપસંહાર | ૯૫।૧૦૪ |

| ક્રમ | વિષય | કારિકા | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૧ | શ્રીપુરુષોત્તમજીનું જીવનચરિત | | ૦૧ |
| ૦૨ | પ્રસ્તાવના | | ૦૫ |
| ૦૩ | તત્ત્વાર્થદીપનિબન્ધનો પ્રકરણવિભાગ અને તત્પ્રતિપાદ્ય વસ્તુ | | ૧૧ |
| ૦૧ | ઉપોદ્ઘાત પ્રકરણ | ૧ થી ૨૨ | ૪૫ |
| ૦૨ | સત્ પ્રકરણ | ૨૩ થી ૫૨ | ૮૦ |
| ૦૩ | ચિત્ પ્રકરણ | ૫૩ થી ૬૪ | ૧૧૯ |
| ૦૪ | બ્રહ્મ પ્રકરણ | ૬૫ થી ૭૭ | ૧૫૦ |
| ૦૫ | પરમત નિરાકરણ | ૭૮ થી ૯૪ | ૧૭૫ |
| ૦૬ | ઉપસંહાર | ૯૫ થી ૧૦૪ | ૨૧૪ |

# શ્રીપુરુષોત્તમજી મહારાજનું સંક્ષિપ્ત વૃત્તાન્ત.

સુરતવાળા શ્રીપુરુષોત્તમજી મહારાજ વિષે એક કવિ લખે છે કે

**શ્રીમદ્વલ્લભ દીક્ષિતાહ્યયહરેર્વન્દ્યાન્વયે સપ્તમ ।**
**સ્તત્કારુણ્ય સુધાભિષેક વિકસત્સૌભાગ્યભૂમોદયઃ ।।**
**દપ્યદ્ દુર્મદવાદિ વિદ્વદિભદુષ્કુટોક્તિ કુમ્ભસ્થલી ।**
**સદ્યો ભઙ્જન કેલિ કેસરિપતિઃ પીતામ્બરસ્યાત્મજઃ ।।**
**નાસીદેન સમઃ સમસ્તનિગમસ્મૃત્યાદિતત્ત્વાર્થવિત્ ।**
**વક્તા ચાપ્રતિમઃ સદઃ સુવિદુષામદ્યાપિ ભૂમૌબુધઃ ।।**
**યઃ સર્વં નવલક્ષપદ્યકમિતપ્રૌઢપ્રબન્ધં વ્યધાત્ ।**
**સશ્રીમાન્પુરુષોત્તમો બિજયતામાચાર્ય ચૂડામણિઃ ।।**

**અર્થ :** શ્રીમદ્વલ્લભદીક્ષિત નામના હરિના વંશમાં સાતમા પુરુષ (શ્રીપુરુષોત્તમજી) પીતામ્બરજીના પુત્ર હતા. શ્રીઆચાર્યના કરૂણામૃત અભિષેકથી એ શ્રીપુરુષોત્તમજીની સૌભાગ્યભૂમિનો ઉદય હતો. ગર્વ કરતા એવા મદાન્ધવાદી વિદ્વાનોરૂપી હાથીની દુષ્ટ કૂટ ઉક્તિરૂપી કુમ્ભથલિનું ભંજન કરવાવાળા એ પુરુષોત્તમજી કેસરિપતિ હતા.

એ સમસ્ત વેદ અને સ્મૃત્યાદિ તત્ત્વના અર્થને જાણનાર હતા. આજ પણ ભૂમિને વિષે વિદ્યમાન એવો નવલક્ષ શ્લોકવાળો પ્રબન્ધ એમણે રચ્યો છે. એ વિદ્વાનોની સભામાં અપ્રતિમ વક્તા હતા. એવા આચાર્ય ચૂડામણિ પુરુષોત્તમ વિજય પામો.

આ (શ્રીપુરુષોત્તમજી) મહાપુરુષ શ્રીવલ્લભકુલમાં રત્નરૂપ થઈ ગયા છે. એમના પિતાશ્રી પીતામ્બરજી શ્રીવિઠ્ઠલનાથજીના ત્રીજા પુત્ર શ્રીબાળકૃષ્ણજીના વંશના હતા. શ્રીમદ્વલ્લભાચાર્યજીથી શ્રીપુરુષોત્તમજી સાતમા પુરુષ હતા. એમનો જન્મ સૂરતમાં સંવત ૧૭૨૪ માં થયો હતો. એમણે નાની ઉમ્મરમાં વેદ, વેદાઙ્ગ, સ્મૃતિઓ વગેરે સર્વ શાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો હતો, તેથી લાયક ઉમ્મરના થતાંવેત એમની ગણના સમર્થ પણ્ડિતમાં થવા લાગી અને એમની ખ્યાતિ દેશે-દેશ ફેલાઈ ગઈ. એમને પોતાના આદ્યગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી અને એમના રચેલા ગ્રન્થો પ્રત્યે અત્યન્ત સ્નેહ અને માન હતું. એ ઉપરથી વૈષ્ણવોમાં એક એવી આખ્યાયિકા ચાલે છે કે શ્રીપુરુષોત્તમજી પ્રથમ ઘણું ભણેલા ન હતા, પણ એમને શ્રીમદાચાર્યજીના ગ્રન્થોની સારી રીતે માહિતી મળે એવી ઉત્કટ ઈચ્છા હતી. એક વખત શ્રીપુરુષોત્તમજી શ્રીસર્વોત્તમજીનો પાઠ કરતા હતા, ત્યારે શ્રીમદાચાર્યજીએ એમને

પ્રત્યક્ષ દર્શન આપી વરદાન આપ્યું કે મારા દરેક ગ્રન્થનો પહેલો અને છેલ્લો ભાગ વાંચવાથી તમને સમ્પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થશે. એ પ્રમાણે કરવાથી શ્રીપુરુષોત્તમજી પણ્ડિતાઈને પામ્યા.

બીજી આખ્યાયિકા એમ ચાલે છે કે શ્રીનૃસિંહજી એમને પ્રસન્ન હતા તેથી એમની કૃપાથી એ પણ્ડિતાઈને પામી શક્યા.

ઉપરની આખ્યાયિકાઓમાં શો મર્મ સમાયેલો છે એનો વિચાર કરવાનું કામ અમે પ્રિય વાંચકવર્ગને સોંપીએ છીએ.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના ગ્રન્થો ઘણી સાદી અને સરલ ભાષામાં લખાયેલા છે તો પણ તેમાં ઘણું અર્થગાંભીર્ય સમાયેલું છે. આ વાત વિદ્યાભ્યાસના વખતમાં તેમજ તે પછીના વખતમાં શ્રીપુરુષોત્તમજીના જોવામાં આવતાં એમણે તે ગ્રન્થો ઉપર વધારે પ્રકાશ નાખવામાટે દરેક ગ્રન્થ ઉપર ટીકારૂપ લેખ લખવાનો વિચાર કર્યો. આ કાર્ય કરવામાં એમને માલમ પડ્યું કે શ્રીમદાચાર્યજીના નિબન્ધ આદિ ગ્રન્થોમાં ટિપ્પણરૂપે અન્ય લેખ થયેલા તે કાલાન્તરે મૂળની સાથે મળી ગયા છે તેથી તે શ્રીપુરુષોત્તમજીએ જુદા પાડ્યા છે. એ કામ એમણે ઘણી બારીક દૃષ્ટિ અને તીવ્રબુદ્ધિ થી કરેલું જણાય છે. આ અતિ મહત્વનું કામ કરવાથી ધર્મ જેવા સૂક્ષ્મ વિષય ઉપર શ્રીમદાચાર્યજીના કેવા વિચાર હતા તે આપણે જાણી શકીએ છીએ.

શ્રીપુરુષોત્તમજીએ નિબન્ધ ઉપર 'આવરણભઙ્ગ' નામની ટીકા લખી છે અને શ્રીસુબોધિનીજી ઉપર 'લેખ' નામની ટીકા અને અણુભાષ્ય ઉપર 'પ્રકાશ' લખ્યાં છે, શ્રીવિઠ્ઠલનાથજીએ 'વિદ્વ-મણ્ડન' નામનો ગ્રન્થ લખ્યો છે તે ઉપર એમણે 'સુવર્ણસૂત્ર' નામની ટીકા લખી છે. શ્રીમદાચાર્યજીના બીજા બધા ગ્રન્થો ઉપર પણ એમણે ટીકારૂપ અનેક ગ્રન્થો લખ્યા છે.

આ ટીકારૂપ ગ્રન્થો શ્રીમદાચાર્યજીના ગ્રન્થો ઉપર ઘણો સારો પ્રકાશ પાડે છે એટલું જ નહિ, પણ અમુક ગ્રન્થ શ્રીમદાચાર્યજીનો લખેલો છે કે નહિ એ પ્રશ્ન જ્યારે ઉઠે ત્યારે તેનું નિરાકરણ એ ગ્રન્થ ઉપર શ્રીપુરુષોત્તમજીની ટીકા છે કે નહિ એ પ્રશ્નના નિરાકરણથી થાય છે.

આ શુભ પરિણામને લીધે શ્રીમદાચાર્યજીના લેખોમાં વધારો થઈ શક્યો નથી અને હવે પછી વધારો થવાનો સમ્ભવ પણ રહ્યો નથી. જો આ મહાભારત કામ શ્રીપુરુષોત્તમજીએ બજાવ્યું ન હોત તો આપણ વૈષ્ણવો ઘણી મુશ્કેલીમાં આવી પડત.

શ્રીમદાચાર્યજીના ગ્રન્થો ઉપર ટીકા, લેખ વગેરે લખવાથી, શ્રીપુરુષોત્તમજીની ખ્યાતિ ફેલાઈ અને દેશ-દેશથી શાસ્ત્રીઓ, પણ્ડિતો અને આચાર્યો એમની મુલાકાતે આવવા લાગ્યા. તેઓમાંના કેટલાક એમની સાથે ધર્મસમ્બન્ધી વિષયોમાં વાદ પણ કરવા લાગ્યા.

શ્રીપુરુષોત્તમજી સર્વશાસ્ત્રમાં નિપુણ હોવાથી અને વાદક્ષેત્રને વિષે શૂરવીર હોવાથી એ સર્વ વાદીઓનો સહેલાઈથી પરાજય કરવા લાગ્યા. વાદને અન્તે વાદને વિષે જે-જે વિષયો ઉપર વાદ ચાલ્યો હોય અને તેમાં જે-જે દાખલા, દલીલો ઉપર આધાર રાખવામાં આવ્યો હોય તે બધાંની એ સમ્પૂર્ણ નોંધ લેતા. એ રીતે કરતાં એમણે બાવન વાદના ગ્રન્થો કર્યાનું કહેવાય છે. મી. મગનલાલ શાસ્ત્રીએ છપાવેલી ગીતાની ભૂમિકામાં શ્રીપુરુષોત્તમજીએ વાદના ચોવીસ ગ્રન્થો રચ્યાનું લખ્યું છે.

શ્રીપુરુષોત્તમજી વિદ્વાન કે પણ્ડિત હતા એટલું જ નહિ; પણ શ્રીમદાચાર્યજીની માફક એમને સેવા ઉપર અતિ ઘણી પ્રીતિ હતી. તેથી એ રોજ મઙ્ગળા વખતે સેવામાં પ્રવેશ કરતા અને શણગાર આરતી સુધી સેવામાં રહેતા હતા.

વૈષ્ણવોમાં જ્ઞાન અને ભક્તિ નો વધારો થાય એ માટે એ નિત્ય કથા વાર્તા કરતા. સોનગઢના વૈષ્ણવોમાં ધર્મસમ્બન્ધી જાગૃતિ રહે તેટલા માટે એમણે ત્યાંના એક બ્રાહ્મણ વૈષ્ણવને ભક્તિમાર્ગના તમામ ગ્રન્થો આપી તથા ભણાવી વૈષ્ણવોને તે વાંચી બતાવવાનું અને બોધ આપવાનું ફરમાવ્યું હતું. તેના બદલામાં તેને અગ્ર પૂજાનો હક આપ્યો હતો. તે બ્રાહ્મણના વંશજો હાલમાં કાંઈ બોધ આપતા નથી તો પણ અગ્ર પૂજાનો હક અદ્યાપિ સુધી તેઓ ભોગવે છે.

ગરમ ઋતુમાં શ્રીપુરુષોત્તમજી ઘણે ભાગે ડુમસ રહેતા. છેવટના ભાગમાં એ ચારે ધામની યાત્રા કરવાને નિકળ્યા હતા. ત્યાં રસ્તામાં અનેક ધર્મના પણ્ડિતો સાથે અનેક વાદ થયા. છેક છેલ્લો વાદ દક્ષિણમાં અપ્પયદીક્ષિતની સાથે થયો. આ સઘળા વાદોમાં એ વિજયી નીવડ્યા હતા. અપ્પયદીક્ષિતની સાથે વાદ કર્યા પછી સુરત આવતાં રસ્તામાં દેહ છોડી એ શ્રીહરિના ધામમાં સુમારે ૪૫।૪૬ વર્ષની ઉમ્મરે પધાર્યા.

એમણે લખેલા ગ્રન્થો ઘણા હતા. શ્રીવલ્લભવિલાસના કર્તાએ તેઓની ટીપ નીચે પ્રમાણે આપી છે.

**૧.** પ્રહસ્તવાદ, શ્લોક ૪૦૦૦ (આ વાદનો સ્વતન્ત્ર ગ્રન્થ છે તેમાં શાક્ત શૌવાદિમતનું ખણ્ડન કરી વિષ્ણુભક્તિનું પ્રતિપાદન કરેલું છે). **૨.** પ્રસ્થાન રત્નાકર. **૩.** અધિકરણમાળા. **૪.** આત્મવિચાર. **૫.** દ્રવ્યશુદ્ધિ. **૬.** ઉત્સવપ્રતાન. **૭.** ઉત્સવ કલ્પલતા. **૮.** બ્રહ્મસૂત્ર વૃત્તિ. **૯.** સુવર્ણસૂત્ર (વિદ્વ-મણ્ડન ઉપર ટીકા) **૧૦.** શોડ્ષ ગ્રન્થ ઉપર ટીકા. **૧૧.** અપરાધ ચતુઃષષ્ટિકા. **૧૨.** ભ્રમર ગીતાપ્રકાશ. **૧૩.** ગાયત્રીપ્રકાશ **૧૪.** ભાગવતશઙ્કા નિરાકરણવાદ **૧૫.** પ્રતિબિમ્બવાદ **૧૬.** અન્ધકારવાદ. **૧૭.** ખ્યાતિવાદ. **૧૮.** સૃષ્ટિભેદવાદ

**૧૯.** જીવવ્યાપક ખણ્ડનવાદ **૨૦.** પણ્ડિતકરભિન્દિપાલ. **૨૧.** આવિર્ભાવ-તિરોભાવવાદ. **૨૨.** સરસ્વતી સ્થાપન નિર્ણયવાદ. **૨૩.** જયશ્રીકૃષ્ણ નામોચ્ચારણવાદ. **૨૪.** ઉપદેશ શઙ્કા નિરાસવાદ. **૨૫.** વિજયદશમી નિર્ણયવાદ. **૨૬.** સ્વવૃત્તિ જીવનવાદ. **૨૭.** તુલસીમાલા ધારણવાદ. **૨૮.** શઙ્ખચક્રાદિધારણવાદ. **૨૯.** પ્રતિમાપૂજનવાદ. **૩૦.** લેખ (સુબોધિનીજી ઉપર). **૩૧.** સુવૃત્તિવાદ. **૩૨.** મુક્તિ વિવૃતિપ્રકાશ. **૩૩.** પત્રાવલમ્બન વિવરણ. **૩૪.** સુબોધિની ઉપર પ્રકાશ. **૩૫.** મનોરથલતા. **૩૬.** પ્રહસ્તવૃત્તિ. **૩૭.** નૃસિંહતાપિની ટીકા. **૩૮.** અણુભાષ્યપ્રકાશ. **૩૯.** નિબન્ધ ઉપર આવરણભઙ્ગ ટીકા.

સુરતની મોટી લાયના વખતમાં ઘણા ગ્રન્થો બળી ગયા તેથી એમના પુરેપુરા ગ્રન્થો હાથ લાગતા નથી.

જેવી રીતે શ્રીપુરુષોત્તમજીએ શ્રીમદાચાર્યજીના ગ્રન્થોને તેમના અસલ સ્વરૂપમાં બચાવી રાખ્યા છે તેવી જ રીતે હાલના વખતમાં વિદ્વાન વૈષ્ણવોએ તે ગ્રન્થોમાં સમાયેલા વિચારોને તેમના અસલ સ્વરૂપમાં બચાવી રાખવાની જરૂર છે.

દરેક ગ્રન્થકારના ઉપર દેશ, કાલ, કર્મ અને સ્વભાવ ની થોડી ઘણી અસર થયા વગર રહેતી નથી. જે ગ્રન્થકાર શ્રીમદાચાર્યજીની પેઠે અમુક પ્રમાણોને આધારે જ ગ્રન્થ લખવાની પ્રતિજ્ઞા કરે અને તે પ્રમાણે જ વર્તીશકે તેના ઉપર, ઉપર કહેલી અસર થાય નહીં.

શ્રીપુરુષોત્તમજી ઉત્તમ પણ્ડિત અને શાસ્ત્રવેત્તા હોવાની સાથે ઉત્તમ વક્તા અને સમર્થ લેખક હતા. એમની ભાષા છટાદાર અને જુસ્સાવાળી છે અને એમના લેખો ઘણી સઙ્ગીન દલીલોયુક્ત છે.

વાદને વિષે એમનું શૂરાતન અને વક્તૃત્ત્વશક્તિ જોઈ પણ્ડિતો અને પ્રેક્ષકો ચકિત થતા. જુદા-જુદા વાદોમાં અક્ષયકીર્તિ મેળવી શ્રીપુરુષોત્તમજીએ શ્રીમદાચાર્યજીએ સ્થાપન કરેલા સિદ્ધાન્ત અને પુષ્ટિ અથવા નિર્ગુણભક્તિમાર્ગની ઉજ્વળ ધ્વજાપતાકા દિગન્તમાં ફરકાવી હતી એ રીતે આ માર્ગમાં બે દિગ્વિજયી પુરુષો થઈ ગયા છે. શ્રીમદ્પુરુષોત્તમજીના બધા ગ્રન્થોના થઈને ૯ લાખ શ્લોક થાય છે.

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''

ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!

સકળ મનોરથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# પ્રસ્તાવના

શ્રીહરિની કૃપાથી શ્રીવલ્લભચરિત્રમાં ભક્તિ અને ભક્તિમાર્ગની કાંઈક રૂપરેખાઓ દોરી બતાવવાને અમે શક્તિવાન થયા, તે પછી શ્રીહરિને ભક્તિ કેટલી બધી પ્રિય છે, ભક્તિ એ જ મુખ્ય ધર્મ છે અને શ્રીમદ્ભાગવત એ ભક્તિશાસ્ત્ર છે એ બતાવવાને અમે શ્રીકૃષ્ણ લીલામૃતનો પહેલો ભાગ શ્રીકૃષ્ણની કૃપાથી પ્રકટ કર્યો છે એ ગ્રન્થ પુરો થાય અને તે યથાર્થ રીતે સમજવામાં આવે તે પહેલાં મન નિર્મળ થવાની જરૂર છે.

હાલમાં અનેક પુસ્તકો પ્રકટ થાય છે અને લોકો તેઓનો અભ્યાસ કરે છે. યોગશાસ્ત્રનો જે ભાગ ભગવદ્ભજનમાં ઉપયોગી નથી તે ભાગ પણ પ્રીતિથી વંચાય છે અને તેનો અભ્યાસ પણ ઠેકઠેકાણે થતો હોય એમ જોવામાં આવે છે. ગીતા અને ભાગવત જેવાં ભક્તિમાર્ગીય પુસ્તકો ઉપર વિવર્તવાદનો ઢોલ ચડાવી સર્વ સ્થળે તેઓનો પ્રસાર કરવામાં આવે છે, પણ સર્વાંગે વૈદિકનિર્ગુણ ભક્તિસમ્બન્ધી પુસ્તકો જોઈએ તેટલાં પ્રકટ થતાં નથી એ શોચનીય છે.

ભાગવતશાસ્ત્ર સિવાયનાં શાસ્ત્રોના જ્ઞાનથી બુદ્ધિમાં મોહરૂપી કચરો ઉત્પન્ન થાય છે તે મોહ ભગવત્કૃપાથી નાશ પામે ત્યારે જ ભાગવતશાસ્ત્રમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને જ્યારે વિશ્વાસ થાય છે ત્યારે જ તદનુસાર પ્રવૃત્ત થયેલા પુરુષને સ્વતન્ત્રભક્તિ રૂપ ફલ મળવાનો સમ્ભવ છે.

ભગવાન્ સર્વનો ઉદ્ધાર કરવાને માટે હંમેશા પ્રયત્નયુક્ત છે, અવતારદશામાં અને અનવતારદશામાં ભગવાન્ એના એજ હોય છે, પણ અવતારદશામાં એ સ્વઈચ્છાથી સર્વને અમુક સ્વરૂપવાળા દેખાય છે અને અનવાતરદશામાં એ સર્વને દેખાતા નથી. જ્યારે ભગવાને પૂર્ણરૂપથી કૃષ્ણાવતાર ધારણ કર્યો હતો ત્યારે એમણે પોતાના સ્વરૂપથી અનેક પ્રાણીપદાર્થો જે એમના સમ્બન્ધમાં આવ્યાં તેઓનો ઉદ્ધાર કર્યો હતો. હાલમાં પણ ભગવાન્ સર્વનો ઉદ્ધાર કરવાના પ્રયત્નયુક્ત જ છે, પણ અવતારદશાની માફક એ દશ્ય નથી. પ્રાણીને જ્યારે ભગવાન્‌ની સાથે માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિદ્વારા સમ્બન્ધ થાય છે ત્યારે ભગવાન્ તેનો સત્વરે ઉદ્ધાર કરે છે જેમ અવતારદશામાં ભગવાન્ પોતાના સ્વરૂપથી ઉદ્ધાર કરે છે તેમ અનવતારદશામાં માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિથી ઉદ્ધાર કરે છે. એ ભક્તિ કેવા પ્રકારની

છે તે ભગવાને વ્યાસરૂપે શ્રીમદ્‌ભાગવત રચી બતાવ્યું છે. પણ મતાન્તરને લીધે શ્રીમદ્‌ભાગવતના અર્થને વિષે થતી અસમ્ભાવના અને વિપરીતભાવના દૂર કરવાને તથા શ્રીમદ્‌ભાગવતનો તત્ત્વાર્થ બતાવવાને શ્રીમદાચાર્યજીએ 'તત્ત્વાર્થદીપ' નામનો ગ્રન્થ રચ્યો છે. જેમ દીવાની આસપાસ પારદર્શક ચળકતા પદાર્થો રાખવાથી તેનો પ્રકાશ વધારે ખીલે છે તેમ તત્ત્વાર્થદીપનું તેજ વધારે દેખાય એને માટે એના ઉપર 'પ્રકાશ' નામની ટીકા શ્રીમદાચાર્યજીએ રચી છે. દીપ અને તેનો પ્રકાશ હોય તેમ છતાં વચમાં આવરણ કે પડદો હોય તો તે પ્રકાશ જોઈ શકાતો નથી, તેમ 'તત્ત્વદીપ' અને 'પ્રકાશ' નામની ટીકા છતાં મતાન્તરથી ઉત્પન્ન થયેલા આવરણને લીધે જેઓની બુદ્ધિ આ તત્ત્વાર્થદીપ જોઈ શકતી ન હોય તેમને માટે મહાકૃપાળુ અને દિગવિજયી શ્રીપુરુષોત્તમજીએ 'આવરણભઙ્ગ' નામની ટીકા રચી છે.

એ રીતે તત્ત્વાર્થદીપ, પ્રકાશ અને આવરણભઙ્ગ એ નામોનો નિર્દેશ કર્યો. જન્મ ત્રિવ્રત છે, એટલે તે શુક્લ, સાવિત્ર અને યાજ્ઞિક છે. ઉત્તમ કુલમાં જન્મ થવો તેને શુક્લ જન્મ કહે છે. ઉપનયન સંસ્કારથી માનવામાં આવતા જન્મને સાવિત્રજન્મ કહે છે અને યજ્ઞની દીક્ષાથી માનવામાં આવતા જન્મને યાજ્ઞિકજન્મ કહેવામાં આવે છે, જેમ પ્રાણ જવાથી શરીર બાળી નાખવા યોગ્ય થાય છે, તેમ જન્માદિકની પ્રાણભૂત ભક્તિ હોવાથી, ભક્તિને અભાવે જન્મ, વિદ્યા, વ્રત, સર્વજ્ઞતા વગેરેનો દાહજ ઉચિત છે.

**જન્માદિનાં પ્રાણભૂતાભક્તિઃ તદભાવેદાહ એવોચિતઃ** (સુબોધિની પૃ.૨૪૮)

એટલા જ માટે શ્રીમદ્‌ભાગવતમાં બ્રાહ્મણો કહે છે કે

**ધિગ્જન્મનસ્ત્રિવૃદ્વિદ્યાન્ધિગ્વ્રતં ધિગ્વહુજ્ઞતામ્ ।**

**ધિક્કુલં ધિક્ ક્રિયાદાક્ષ્યં વિમુખા યે ત્વધોક્ષજે** (૧૦।૨૦।૩૯)

**અર્થ :** જે ભગવાન્‌ને વિષે વિમુખ છે, તેનો ત્રિવિધજન્મ, વિદ્યા, વ્રત, સર્વજ્ઞતા, કુલ અને ક્રિયાનૈપુણ્ય એ પ્રત્યેક ધિક્કારવા લાયક છે. (૧૦।૨૦।૩૯)

જે તત્ત્વજ્ઞાનથી જગત્‌માં જગત્કર્તામાં, તેમજ પોતામાં ઉચ્ચ ભાવના થાય, તેજ તત્ત્વજ્ઞાન ઉત્તમ છે. જગત્ સત્ય છે, બ્રહ્મનું કાર્ય છે અને પ્રાણીઓએ બ્રહ્મરૂપ થવાને સતત યત્ન કરવાની જરૂર છે, એજ ભાવના ઉત્તમોત્તમ છે, એજ ભાવના ઉપર નીતિશાસ્ત્રનું અવલમ્બન હોવું જોઈએ.

આ વિષયના સમ્બન્ધમાં કહેવું જોઈએ કે તમામ આચાર્યો વેદ, ઉપનિષદ્,

બ્રહ્મસૂત્ર, ગીતા અને પુરાણ ઉપર આધાર રાખે છે અને પોત-પોતાના વિચારોને તે-તે ગ્રન્થોથી પુષ્ટિ આપતા જાય છે. હાલના વખતમાં મુખ્ય ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર, ભાગવતાદિ પુરાણોનાં ભાષાન્તરો અંગ્રેજી, ગુજરાતી કે બન્નેમાં થઈ ગયાં છે તે કારણથી દરેક આચાર્યે આધાર રાખેલાં શ્રુત્યાદિવાક્યોનો અર્થ બરોબર અને બીજાં એવાં જ શ્રુત્યાદિવાક્યોને અનુસરતો કર્યો છે કે નહિ અને વિરુદ્ધ ભાસતાં વચનોની એક વાક્યતા કરવામાં પ્રમાણરૂપ મનાતા ગ્રન્થોને કોણ વધારે અનુસર્યા છે એ વાતનો નિશ્ચય કરી શકાય એમ છે. આ સ્થળે એટલી સૂચના આપવાની જરૂર છે કે ઘણાંખરાં ભાષાન્તર વિવર્તવાદને અનુસરી કરવામાં આવ્યાં છે માટે તેઓના ઉપર સમ્પૂર્ણ રીતે આધાર રાખતા પહેલાં અસલ સંસ્કૃતવાક્યો જોવાની અગત્યતા છે. ઉપર બતાવ્યા પ્રમાણે કરવાથી દરેક વાદ કે મત ની સારાસારતા કે ઉત્કૃષ્ટતા નો નિર્ણય કરવાનું કાર્ય સહેલું થઈ પડશે.

વિદ્વાનોની આ કાર્યમાં પ્રેરણા થાય, તેને માટે અમે આ સ્થળે જુજ દૃષ્ટાન્તો આપીએ છીએ. જે મતમાં બ્રહ્મને સત્ય અને જગત્‌ને મિથ્યા માનવામાં આવે છે તે મત પ્રમાણે બ્રહ્મથી જગતની ઉત્પત્તિ થઈ છે એ સમ્બન્ધીનાં તમામ શ્રુત્યાદિવાક્યો નિરર્થક થઈ જાય છે એ વાક્યો નીચે પ્રમાણે છે

તદાત્મનં સ્વયમકુરુત. યતોવાઈમાનિ ભૂતાનિ જાયન્તે. સઈમાંલ્લોકાનસૃજત. (શ્રુતિ) જન્માદ્યસ્યયતઃ (સૂત્ર) અહઙ્કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા ઈ. મત્તઃ પરતરમ્ નાન્યત્ ઈ. સ્મૃતિ.

જેઓ નામ અને રૂપ ને મિથ્યા માને છે તેઓનો મત આકાશો વૈનામરૂપ નિર્વહિતા ઈ. શ્રુતિઓ વિરુદ્ધ જાય છે.

જો બ્રહ્મ પોતે-પોતામાંથી જ આ જગતને સર્જતું ન હોય તો આત્મનિ વિજ્ઞાતે સર્વં ઈદં વિજ્ઞાતમ્ભવતિ. એક વિજ્ઞાનેન સર્વ વિજ્ઞાનં ભવતિ ઈ. શ્રુતિઓનો અર્થ બેસી શકતો નથી. પાઘડી, ધોતિયું અને રૂમાલ એ ત્રણે પદાર્થો જો રૂના બનેલા હોય તો રૂના જ્ઞાનથી એ ત્રણે પદાર્થોનું જ્ઞાન થાય, પણ જો તે રૂના ન થયેલા હોય તો રૂના જ્ઞાનથી એ પદાર્થોનું જ્ઞાન થવું સમ્ભવતું નથી, તેમજ જો બ્રહ્મ સર્વ પદાર્થોમાં અનુસ્યૂત હોય, અર્થાત્ સર્વ પદાર્થો (જગત્)માં બ્રહ્મનો અંશ હોય તો જ બ્રહ્મના જ્ઞાનથી સર્વ પદાર્થોનું જ્ઞાન થાય, પણ સર્વ પદાર્થો મિથ્યા હોય તો બ્રહ્મના જ્ઞાનથી તે પદાર્થોનું જ્ઞાન થવાનો સમ્ભવ નથી.

શબ્દપ્રમાણ (વેદાદિવાક્યો) સિવાયનાં પ્રત્યક્ષ, અનુમાનાદિ પાંચ પ્રમાણો જે પદાર્થો પ્રત્યક્ષ દેખી શકાય કે અનુભવમાં આવી શકે એવા હોય તેઓના સમ્બન્ધમાં જ બરોબર રીતે ઉપયોગમાં આવી શકે, પણ જે અલૌકિક અને અદશ્ય છે તેના સમ્બન્ધમાં એ પ્રમાણો ઉપયોગમાં આવી શકે નહિ. ભગવાન્ અધોક્ષજ છે (ન ચક્ષુષા ગૃહ્યતે નાપિ વાચા નાન્યૈર્દેવૈઃ।) અર્થાત્ સામાન્ય પ્રાણીઓનાં ચક્ષુ એમને જોઈ શકતા નથી તેમજ બીજી ઈન્દ્રિયો પણ એમને પહોચી શકતી નથી માટે પ્રત્યક્ષાદિ પાંચ પ્રમાણો, જે જ્ઞાનેન્દ્રિયોના વ્યાપાર ઉપર જ આધાર રાખે છે તે એમને વિષે પૂર્ણ રીતે લાગુ થઈ શકતાં નથી. તે કારણથી એમના વિષેની માહિતી તો અપૌરૂષેયવેદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્વાક્ય ઉપરથી જ મળી શકે છે તેમજ વાલ્મીકી, વ્યાસ વગેરે માહાત્મા પુરુષોએ સમાધિમાં ભગવાન્ અને એમની લીલાઓ પ્રત્યક્ષ જોઈ ગાઈ છે તે ઉપરથી મળી શકે છે. એટલા માટે શ્રીમદાચાર્યજી પ્રમેય (ભગવાન્)ને વિષે વેદ, ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીવ્યાસજીની સમાધિભાષાને જ (શબ્દ) પ્રમાણ માને છે. એ વાત આ ગ્રન્થમાં યોગ્ય રીતે સમજાવવામાં આવી છે. ઉપરના પ્રમાણરૂપ ગ્રન્થોની એક વાક્યતા કરતાં જે વસ્તુ સિદ્ધ થાય તેજ સત્ય છે એમ શ્રીમદાચાર્યજી કહે છે. એ પ્રમાણરૂપ ગ્રન્થોની એક વાક્યતા કરીને આ ગ્રન્થમાં બતાવેલા મતોનું બલાબલ શ્રીમદાચાર્યજીએ રૂડી રીતે બતાવ્યું છે. શ્રુત્યાદિ અસલ વાક્યોના અર્થનો વિચાર કરવાથી સહેલાઈથી સમજાશે કે તે વાક્યોના સરલ અર્થને અને તેઓની સરલ એક વાક્યતાને અનુસરતો જે અર્થ નિકળે છે તેજ અર્થ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ બતાવ્યો છે. એમણે કોઈ ઠેકાણે તાણી તુસીને અર્થ કરેલા નથી તેમજ કોઈ ઠેકાણે ભૂલ ભરેલા વિચારોનો શ્રુત્યાદિને સ્પર્શ થવા દીધો નથી. એજ એમનો મહાન્ વિજ્ય છે.

કેવળ વૈરાગ્યના દષ્ટિબિન્દુ ઉપરથી લખાયેલા ગ્રન્થો સન્ન્યાસીને અનુકૂલ આવે પણ ગૃહસ્થાશ્રમીને અનુકૂલ આવે નહિ. ગૃહસ્થાશ્રમીને તો ગૃહસ્થાશ્રમવાળા દેખાતા શ્રીકૃષ્ણ ભગવાને ગૃહસ્થાશ્રમી અર્જુનને જે બોધ ગીતામાં આપ્યો છે તેજ અનુકૂલ આવે. એ બોધ સરલ રીતે સમજાય એટલા માટે તમામ વિરુદ્ધ મતોનું નિરાકરણ કરી ગીતા શું કહે છે એ વાત શ્રીમદાચાર્યજીએ આ ગ્રન્થમાં સ્પષ્ટ રીતે બતાવી છે. એટલા જ માટે આ ગ્રન્થમાં સમાયેલા શાસ્ત્રાર્થ પ્રકરણને શ્રીમદાચાર્યજી 'ગીતાર્થ' પ્રકરણ એવું નામ 'પ્રકાશ' નામની ટીકામાં આપે છે.

પોતે સ્વીકારેલા મતનું ગૌરવ સાચવવાને માટે એક વિદ્વાન્ કહે છે કે "સ્થૂલબુદ્ધિવાળા માટે આરમ્ભવાદ×ઈ૧×અ સૂક્ષ્મબુદ્ધિવાળા માટે પરિણામવાદ×ઈ૨×અ, સૂક્ષ્મતર બુદ્ધિવાળાને માટે વિવર્તવાદ×ઈ૩×અ અને સૂક્ષ્મતમ બુદ્ધિવાળાને માટે અજાતવાદ×ઈ૪×અ છે". પરન્તુ વિવર્તવાદ કે અજાતવાદ અધિકારી પરત્વે પણ શ્રુતિમાં નથી, તેથી ઉપર પ્રમાણેનું કહેવું વાદમાત્ર છે. એક ગ્રન્થકાર જ્ઞાન અને ભક્તિ એક છે એમ બતાવવાને મથન કરે છે, પણ તેમ કરતી વખતે યાદ રાખવું જોઈએ કે પરમાત્માને વિષે સ્નેહ સિવાયનું જ્ઞાન એ ભક્તિ નથી અને જેથી ભગવાન્‌નું માહાત્મ્ય ન જણાતું હોય તે જ્ઞાન નથી. એક ગ્રન્થકાર લખે છે કે ભક્તિ માત્ર સ્ત્રી અને બાળકો ને માટે છે, પુરુષોને માટે નથી ભલે શ્રીવ્યાસજી, શ્રીશુકદેવજી, શ્રીનારદજી, શ્રીવાલ્મીકીજી, હનુમાનજી, તુલસીદાસજી, નરસિંહમહેતા, તુકારામ, રામદાસ વગેરે અનેક પ્રખ્યાત ભક્તજનોને તમે સ્ત્રી કે બાળક ધારતા હો તો તેમાં તેઓની કાંઈ ક્ષતિ નથી કેમકે માત્ર અભિમાનનાં વચનો વદવાથી વસ્તુનું ખરું સ્વરૂપ કાંઈ બદલાઈ જવાનું નથી.

ભક્તિમાર્ગીય સર્વ સમ્પ્રદાયવાળા પોત-પોતાના મૂલ આચાર્યના મત પ્રમાણે શ્રીભગવાન્ જ પૂજ્ય છે, સેવ્ય છે, ત્રાતા છે અને સર્વોત્તમ છે એમ માને છે તે કારણથી તે સઘળા એક જ માર્ગના છે એમ જાણવું. આચાર્યોના સિદ્ધાન્તોને વિષે જીવ અને જગત ના સ્વરૂપની બાબતમાં તેમજ ઉત્તમોત્તમ ગતિના સ્વરૂપની બાબતમાં થોડો ઘણો ફેરફાર છે. પણ એ તફાવત આ ભવને વિષે યાત્રા કરનારને કાંઈ નુકસાનકારક નથી, કેમકે જેમ-જેમ શ્રીહરિ તરફ પ્રયાણ કરનારને ભગવદ્‌ભક્તિની ભગવદાવેશ થતો જશે, તેમ-તેમ તેની દૃષ્ટિમર્યાદા વધતાં પોતે સ્વીકારેલા વિચારોમાં કાંઈ ભૂલચૂક હશે તો તે એની મેળે દેખાઈ આવતાં સુધરશે, અથવા ભગવાન્ જ ગુરુરૂપે તે સુધારશે.

સત્ય વાત શી છે એ વિચારવાન પુરુષો અને સ્ત્રીઓ ના આગળ મુકવાને માટે અમે આ ગ્રન્થ બહાર પાડીએ છીએ.

આ ગ્રન્થ અમે નડિયાદના શ્રીગોકુલનાથજીના મન્દિરના શાસ્ત્રી મોહનલાલ કાશીરામની સહાયતાથી લખ્યો છે તેથી એ શાસ્ત્રી મહારાજનો એમ અન્તઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ. આ ગ્રન્થમાં અમે પ્રકાશ અને આવરણભઙ્ગ નો સવિસ્તર સાર લખ્યો છે. વધારે વિસ્તારના ભયને લીધે બધાં આધારભૂત સંસ્કૃત વચનો અમે

આપ્યાં નથી. તે વચનો અસલ ગ્રન્થોમાંથી જોઈ લેવાની વિનન્તિ છે.

આ ગ્રન્થ લખતી વખતે અમારી પાસે તત્ત્વદીપનિબન્ધ અને પ્રકાશની ત્રણ છાપેલી પ્રતો હાજર હતી. પહેલી પ્રત રા.રા. ગોવર્દ્ધનદાસે મુમ્બઈમાં છપાવી છે તે પ્રતમાં મૂલ અને પ્રકાશ છે, પણ આવરણભઙ્ગ નથી. બીજી પ્રત પણ્ડિત શ્રીધર શિવલાલજીએ મુમ્બઈમાં છપાવેલી છે તેમાં મૂલ, પ્રકાશ અને આરણભઙ્ગ ત્રણે છે. ત્રીજી પ્રત બનારસમાં પણ્ડિત રત્ન ગોપાલભટ્ટે છપાવી છે. એમાં પણ એ ત્રણે છે. આ ત્રણે પ્રતોમાં મૂલ શ્લોકના અંક જુદા-જુદા આપ્યા છે. ત્રીજી પ્રતમાંના અંક અમે વધારે પસન્દ કરીએ છીએ, તોપણ શ્રીવલ્લભચરિત્રાદિમાં અમે પહેલી પ્રતમાંના અંક વાપર્યા છે, તેથી વાંચનારના મનમાં ગુંચવાડો ન થાય તેને સારું આ ગ્રન્થમાં પણ અમે એ પહેલી પ્રતના શ્લોકાંક આપ્યા છે.

સન્ધિની યોગ્ય માહિતી વગરનાની મુશ્કેલી દૂર કરવાને અમે આ ગ્રન્થમાં ક્લિષ્ટ સન્ધિપ્રયોગો છોડી દીધા છે.

ગુજરાતીમાં ઘણે ભાગે તમામ અકારાંત શબ્દનો છેલ્લો વ્યઞ્જન ખોડો હોય એમ બોલાય છે તેથી તથા કેટલાક વાંચનાર ‘ત્’ ને બદલે ‘તૂ’ વાંચે છે તેથી કરીને ખોડા અક્ષરો સર્વ સ્થળે બતાવવાની અમે કાળજી રાખી નથી. આ ગ્રન્થમાં કાંઈ ભૂલચૂક માલમ પડે તો તે અમારા પ્રમાદનું જ પરિણામ છે એમ જાણવું. એવી ભૂલો અમને લખી મોકલવાને અમે સર્વને વિનન્તિ કરીએ છીએ.

પ્રુફ વારંવાર તપાસ્યા છતાં જોડણી વગેરેમાં ઘણી ભૂલો રહી ગઈ છે. જે મુખ્ય ભૂલો નજરે પડી તેનું અમે શુદ્ધિપત્રક આપ્યું છે, બાકીની ભૂલો વાંચનારે સુધારી લેવી એમ અમારી પ્રાર્થના છે.

આ ગ્રન્થ લખવાની ઘણા દિવસની અમારી આશા પૂર્ણ થયેલી જોઈ અમને આનન્દ થાય છે તેથી આનન્દના મૂલરૂપ શ્રીહરિને જ અમે આ અમારી અલ્પકૃતિ શ્રીમદાચાર્યજી અને શ્રીપુરુષોત્તમજીદ્વારા નિવેદન કરીએ છીએ.

નડિયાદ,

સંવત ૧૯૬૬ ના કાર્તિક વદ ૩ ભોમવાર

તા.૩,૧૧,૦૯

વલ્લભાબ્દ ૪૩૧

**લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ.**

।।શ્રીમદાચાર્યચરણકમલેભ્યોનમઃ।।

## તત્ત્વાર્થદીપનિબન્ધનો પ્રકરણવિભાગ અને તત્પ્રતિપાદ્ય વસ્તુ

**''વિદ્વદ્ભિઃ સર્વથા શ્રાવ્યં તે હિ સન્માર્ગરક્ષકાઃ''** (શ્રીમદવલ્લભાચાર્યચરણાઃ)

**''કાલો હ્યયં નિરવધિર્વિપુલા ચ પૃથ્વી''** (મુદ્રાલેખોઽયં વિદુષામ્)

**ક્ષણેન બ્રહ્માદ્યાન્ગગનપવનાપઃ ક્ષિતિવિભે ।**
**પ્રજાઃ પ્રાણાંશ્ચેતઃ સૃજતિ, સકલં યો ભવતિ ચ ।**
**વિરુદ્ધાન્ધર્મ્માનવૈ ધરતિ રમણાર્થં વિભુરપિ ।**
**નમામિ શ્રીરાધાધરમધુમદોલ્લાસલસિતમ્ ।।૧।।**
**શ્રીરાધાધરમાધુર્યપાનમુગ્ધમનોહરઃ ।**
**કન્દર્પદલનઃ પાયાન્મદનમોહનઃ ।।૨।।**
**માયાવાદતમોનિરાસનપટુઃ શ્રીલક્ષ્મણસ્યાત્મજો ।**
**જિત્વા રાજસભાસ્થિતાન્બુધવરો વાદેષુ સંખ્યાવતઃ ।**
**શુદ્ધાદ્વૈતવિભાકરં સુખકરં પ્રાર્શયન્નિર્ભયો ।**
**વેદોદ્ધારધુરન્ધુરો વિજયતે શ્રીવલ્લભાચાર્યઃ પ્રભુઃ ।।૩।।**
**નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયદ્ભુતકર્મણે ।**
**રૂપનામવિભેદેન જગત્ક્રીડતિ યો યતઃ ।।૧।।**

વાગધીશ શ્રીમદ્વલ્લભાચાર્યજી (શ્રીમહાપ્રભુજી) ના ગ્રન્થોમાં સ્વતંત્ર રીતે નિજહાર્દને પ્રગટ કરનારા **પત્રાવલમ્બન, ષોડશગ્રન્થો અને તત્ત્વાર્થદીપનિબંધ** એ ત્રણ જ ગ્રન્થો આજે ઉપલબ્ધ છે. તે પૈકી આજે પ્રાપ્ત થતું **પત્રાવલમ્બન** અપૂર્ણ છે. તેમાં પણ જેટલો ભાગ પ્રાપ્ય છે, તે વાદમાં વેદાર્થનો નિર્ણય કેમ કરવો ? પૂર્વોત્તરમીંમાસાનું પ્રયોજન શું ? વિચારશાસ્ત્રના આરંભમાં અધ્યયનવિધિ જ મૂલ હોવાથી, વેદમાં પ્રાપ્ત થતાં **સ્વાધ્યાયોઽધ્યેતવ્યઃ અષ્ટવર્ષં બ્રાહ્મણમુપનયીત તમધ્યાપયીત, સાંગો વેદોઽધ્યેયો જ્ઞેયશ્ચ** એ ત્રણે વિધિવાક્યો પૈકી ક્યું વાક્ય ઉત્પત્તિ વાક્ય છે ? ભાટ્ટ કે પ્રભાકરના મત મુજબ અધ્યયનવિધિનો સ્વીકાર કરવા જતાં ક્યાં દોષો ઉપસ્થિત થાય છે ? અનારભ્યાધીતવાક્યોમાં ઈતરવાકયોનો તચ્છેષત્વે સ્વીકારવા જતાં સંગતિ કેટલી દુરૂહ બની જાય છે ? વેદાર્થમાં, લક્ષણાદિ, શાબ્દબોધ-પ્રક્રિયોપકારક પ્રાણલિકાનો ક્યાં અને કેટલો

ઉપયોગ થઈ શકે ? ઇત્યાદિ વાદને ઉપયોગી વિચાર પ્રણાલીનું અનુસરણ જોવામાં આવે છે અને તે પણ અપૂર્ણ હોવાથી ઉચ્ચકક્ષાની વિચારસરણીનું અનુસરણ કરનારા વાદપ્રિય વિદ્વાનોને યથાકથચિંત્ ઉપકારક છે, સર્વથા તો નહિ જ.

**ષોડશગ્રન્થો** એકેક પ્રકરણ ઉપર આચાર્યચરણના હાર્દને પ્રકટ કરે છે. તથાપિ તે ગ્રન્થો વસ્તુતત્ત્વનો નિર્ણય કરવા માટે વાદસરણિમાં ઉપયોગી વિચારપધ્ધતિનું નિદર્શન કરાવનારા ન હોવાથી, કેવલ **સોળવિષયો** ઉપર આચાર્યશ્રીનો અન્તિમનિર્ણય શો છે તે જાણવા પૂરતા સૈદ્ધાન્તિક -પણ સૂત્રાત્મકભાષામાં ઉચ્ચત્તમ વસ્તુતત્ત્વને રજૂ કરનારા ગ્રન્થો છે. વૈષ્ણવમાત્રને ષોડશગ્રન્થો અક્ષરશઃ જ નહિ પણ તદુક્ત અર્થને બરાબર સમજીને તદ્નુસાર જીવન ઘડવા માટે મહાન્ ઉપકારક પ્રકરણ ગ્રન્થો છે. વિદ્વાનોને આચાર્યચરણના અન્તિમ નિર્ણયો જાણવા માટે તેનો ઉપયોગ શ્રુતિવાક્યવત્ બને આ હેતુથી જ જેમ ઇતર સમ્પ્રદાયોમાં નિત્યનિયમમાં સ્તોત્રપાઠાદિનો ઉપયોગ છે; તેમ પુષ્ટિમાર્ગમાં સ્તોત્રાદિ ઉપરાંત ષોડશગ્રન્થોનો પાઠ પણ એક આવશ્યક કર્મત્વે સ્વીકારાય છે. તે પ્રણાલિકાને જ આજથી પચાશવર્ષ પૂર્વે પણ જ્યારે સર્વકોઈ વૈષ્ણવોને શિક્ષણ આપનારી પાઠશાળાઓનું ગામેગામ અસ્તિત્વ ન હતું, ત્યારે આજે છે, તેથી યે વિશેષપ્રકારે, વૈષ્ણવોને સ્વમાર્ગીયસિદ્ધાન્તનો બોધ હતો. **શિક્ષાપત્રો** અને **ષોડશગ્રન્થો** દ્વારા જેટલું સૈદ્ધાન્તિક અને આચારાર્હ જ્ઞાન વૈષ્ણવોએ પચાસ વર્ષ પહેલાં પણ મેળવ્યું હતું, તેટલું જ્ઞાન આજની સામ્પ્રદાયિક પાઠશાલાઓ દ્વારા કે પરીક્ષાઓ દ્વારા ભાગ્યે જ મળે છે. (આથી અમારા વકતવ્યનો હેતુ નથી જ કે એ સંસ્થાઓ અનુપયોગી છે. એમની ઉપયોગિતા અમે અનેકવાર સ્વીકારી છે. વ્યાખ્યાનોમાં તે માટે પૂરતા પ્રમાણમાં કહેવામાં આવ્યું છે. લેખો દ્વારા પણ અમારા હાર્દને પ્રકટ કર્યું છે. આજે પણ આવી સંસ્થાઓ પ્રત્યે શુભાકાંક્ષા પ્રકટ કરવાની કોઈ પણ તક ગુમાવવા અમારી તૈયારી નથી.) **ષોડશગ્રન્થો** અને **શિક્ષાપત્રો** બાલકોને કંઠસ્થ થાય અને તેનું વાસ્તવિક મર્મ તેમના મસ્તિષ્કમાં એવી રીતે ઠસાવવામાં આવે કે તેની અસર આજન્મ રહી શકે; તો તેનું મિષ્ટફલ આપણે નજરોનજર જોઈએ શકીએ.

કિન્તુ, **ષોડશગ્રન્થોમાં** સર્વ જ વિષયોનો સમાવેશ થતો ન હોવાથી અને તે કેવલ સિદ્ધાન્તપ્રતિપાદક ગ્રન્થો હોવાથી નિર્ણયવસ્તુ, પ્રમાણ્યવિચાર, વિચાર કરવાની વાદપદ્ધતિ, સાધકબાધક દાખલાદલીલો ઇત્યાદિનો સમાવેશ તેમાં નથી. અતએવ **તત્ત્વાર્થદીપનિબન્ધને જ શ્રીમહાપ્રભુજીના સ્વતન્ત્રવિચારરૂપે સ્વીકારી શકાય.** જોકે

**શ્રીમદ્અણુભાષ્ય, શ્રીસુબોધિનીજી** અને અન્ય ટીકા ગ્રન્થોનો ઉપયોગ કાંઇ તત્ત્વદીપનિબન્ધના જ્ઞાનથી ઓછો થતો નથી, તથાપિ તે ગ્રન્થો બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ભાગવત અને તેતે ગ્રન્થોનું જ હાર્દ સમજાવવા માટે છે; નહિ કે યાવત્-વાઙ્મયનો નિર્ણય કરવા માટે. આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં લેવાથી તત્ત્વાર્થદીપનિબંધની ઉપયોગિતા અને ઉપાદેયતામાં અભિવૃદ્ધિ જ થાય છે. પરન્તુ ખેદનો વિષય છે, કે પુષ્ટિમાર્ગમાં પ્રમાણબલને સર્વથા નિરવકાશ માનનારા અને બી.એ. કે એમ.એ. થાય પછી પણ વસ્તુતત્ત્વના નિર્ણયમાં તટસ્થવૃત્તિનો ત્યાગ કરી પૂર્વે થએલા કેટલાક વિવાદો, કલહો અને પક્ષપાતોને મક્કમરીતે વળગી રહેનારા સામ્પ્રદાયિક વિદ્વાનોમાં **કૃષ્ણસેવાપરં વીક્ષ્ય** અને **વર્ણાશ્રમવતાં ધર્મઃ** ઇત્યાદિ કતિપય વાક્યો (પ્રકરણસંગતિની કે અર્થસંગતિની દરકાર રાખ્યા વિના) માટે વિશેષ આદર જોવામાં આવતો નથી. જ્યાં શ્રીમદાચાર્યચરણ સ્વયમેવ ઉદ્ઘોષ કરે છે કે –

**અથવા સર્વરૂપત્વાન્નામલીલાવિભેદતઃ ।**
**વિરૂદ્ધાંશપરિત્યાગત્પ્રમાણં સર્વમેવ હિ ।।**

(શાસ્ત્રાર્થપ્રકરણ ૧૦)

વેદાદિ પ્રમાણ ચતુષ્ટય ઉપરાંત પણ **પ્રભુ નામલીલાના વિભેદે કરીને સર્વરૂપ હોવાથી** વિરુદ્ધાંશનો પરિત્યાગ કરીને સર્વ જ વાઙ્મય વિદ્ધદ્દશામાં પ્રમાણ છે. **વિરુદ્ધાંશનો પરિત્યાગ** એ શબ્દ પણ એક પ્રકારનું મર્મ ધરાવે છે. રૂપલીલાની પેઠે નામલીલામાં યે અનેક પ્રકારો હોવાથી તેતે પ્રકારને ગ્રહણ કરીને જુદાજુદા વાક્યોની પ્રવૃત્તિ છે. વાસ્તવિકરીતે શાસ્ત્રીય વાક્યોમાં કોઈપણ સ્થળે વિરુદ્ધ વસ્તુનું પ્રતિપાદન નથી. સ્વરૂપલીલામાં જેમ અનેકત્ર પરસ્પર વિરુદ્ધ વસ્તુ દેખા દે છે, તેમ નામલીલામાં પણ છે. અતએવ વિરુદ્ધ ન હોવા છતાં વિરુદ્ધવત્ ભાસે છે. અતએવ **વિરુદ્ધાંશનો પરિત્યાગ એટલે વિરુદ્ધત્વે ભાસતા વાક્યોનો અવિરુદ્ધત્વે તાત્પર્યનિધાર.** આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે શ્રીમહાપ્રભુજીએ એ ''વેદાઃપ્રમાણમ્'' એમ પ્રતિજ્ઞા કરીને શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રકટ કર્યો અને તદુપોદ્બલકત્વે સર્વજ વાઙ્મય તાત્પર્યનિર્ધાર પણ કરી દેખાડયો. **વાઙ્માત્રમેવ પ્રમાણમ્, અર્થસ્ય ભગવદ્રૂપત્વાત્** એમ શ્રીમહાપ્રભુજી પ્રકાશમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે. **આથી જ તત્ત્વાદીપનિબન્ધોકત પ્રકાર સ્વીકાર્યા વિના; તેતે શાસ્ત્રો, આચારો, યુક્તિઓ કે મતમતાન્તરોની ચર્ચા કરવામાં આવે અને તેવી ચર્ચા માટે ઇતસ્તતઃ પ્રાપ્ત થતાં કોઈ વાક્યો કે વાક્યાંશનો આશ્રય લેવાય અને તે પુષ્ટિમાર્ગીયનિર્ણય કહેવાય,**

**તો, તેવો પ્રયાસ શ્રીમદાચાર્યચરણના લક્ષ્યબિન્દુથી વિરુદ્ધ હોવાથી સર્વથા હેય છે. એટલું જ નહિ પણ તેવો નિર્ણય બુદ્ધિપુર્વક પ્રકટ કરવામાં આવતો હોય, તો, તે, પુષ્ટિમાર્ગીય નિર્ણયની છાપ મારીને જન સમાજની આંખમાં ધૂલિપ્રક્ષેપ કરવાનો કુત્સિત પ્રયાસ જ કહેવાય.** પ્રસ્તુત નિબન્ધમાં સહસદ્વિવેકબુદ્ધિ ધરાવનારા વિદ્વાનો જોઈ શકશે કે ક્યા પ્રકારની વિચારસરણી શ્રીમહાપ્રભુજીને અભીષ્ટ છે અને તેઓ શ્રીમાન્ વાઙ્મયના તત્ત્વનિર્ધાર માટે શો અભિપ્રાય ધરાવે છે ?

પ્રસ્તુત નિબન્ધની રચનામાં અમારો ઉદ્દેશ એ પણ છે કે વીસમી સદીના ભારતવર્ષમાં ખોટી સાચી જાહેરખબરોનો સર્વથા અનુપાદેય અને ક્વાચિત્કત્વે-કોઈકવેળા-ઉપાદેય પણ વસ્તુઓનો વિક્રય કરવામાં-ગ્રાહકોને મોહ થાય તેમ તદ્દન બેજવાબદાર રીતે આશ્રય લેવાય છે, તેમ શાસ્ત્રીય વસ્તુતત્ત્વના નિર્ણય માટે પણ મોહ ઉત્પન્ન કરે તેવી ભાષામાં કે જનતામાં જુદા જુદા પ્રકારે ચકચાર ઊભી થાય તે માટે અશિષ્ટભાષામાં પણ પ્રતિપાદનીય અને ખણ્ડનીય વિષયોનો મૂલલેખકના દૃષ્ટિબિન્દુને અનુસરતો સૂક્ષ્મ વિચાર કર્યા વિના વર્તમાનપત્રોનો આશ્રય લેવાય છે. પરિણામે જનતા અવળે રસ્તે દોરાય છે. આ રીતે કોઈપણ પ્રકારનો તાત્વિકનિર્ણય થઈ શકતો નથી. આવી પરિસ્થિતિમાં જિજ્ઞાસુજનો શ્રીમહાપ્રભુજીના લક્ષ્યને જાણીને વાસ્તવિકરીતે પુષ્ટિમાર્ગીયનિર્ણય શો છે તેનો સ્વતઃ જ નિર્ધાર કરી શકે, તેમજ જેમને શાસ્ત્રીય વસ્તુ જાણવાની ઈચ્છા નથી, મતમતાન્તરો જાણીને સ્વયમેવ વસ્તુતત્ત્વનો નિર્ધાર કરવાની ઉત્કણ્ઠા કે ક્ષમતા નથી, તેમના માટે અમારો પ્રયાસ નથી; કિન્તુ જેઓ તે પ્રકારની ક્ષમતા ધરાવતા હોય, તેઓ શ્રીમદ્વલ્લભાચાર્યજીની વિચારસરણી પણ જાણી શકે અને જો તેમને તેમાં લેશતઃ પણ ઉપાદેયતા જણાય તો અમે સફળપ્રયાસી છીએ.

## તત્ત્વાર્થદીપનિબન્ધનો ઉપક્રમ

શ્રીમદ્વલ્લભાચાર્યજીના ગ્રન્થોમાં તત્ત્વાર્થદીપનિબન્ધ સૌથી છેલ્લો ગ્રન્થ છે, એમ તદુક્ત પ્રકાશના શબ્દો ઉપરથી સમજી શકાય છે. પણ, તે જિજ્ઞાસુને પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં પ્રવેશ કરવા માટે અને ભાગવતનો રહસ્યાર્થ સમજવા માટે પહેલો ગ્રન્થ છે. શ્રીસુબોધિનીજીમાં તત્ત્વદીપનિબન્ધનો ઉલ્લેખ જોવામાં આવે છે, તથાપિ શ્રીમદ્ભાગવતની બૃહદ્ટીકા ઉપલબ્ધ થતી નથી અને જે ભાગ ક્વચિત્ ઉપલબ્ધ છે તે સર્વથા સંશયાસ્પદ હોવાથી તેમજ સૂક્ષ્મટીકા પણ અપૂર્ણ અને સંશયાસ્પદ હોવાથી શ્રીસુબોધિનીજીને જ જો કેટલાક વિદ્વાનોના મત મુજબ બૃહદ્ટીકા માનવામાં આવે તો તત્ત્વદીપ નિબન્ધનું સ્થાન તે

પછીનું ગણાય. પરન્તુ એટલું તો માનવું જ પડશે કે તત્ત્વદીપનિબન્ધની રચનાથી પૂર્વે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ભાગવતની ટીકા લખી હતી. પછી તે સૂક્ષ્મટીકા હોય, બૃહદટીકા હોય કે સુબોધિનીજી હોય. પ્રાચીન વિદ્વાનોના ગ્રન્થોમાં, પ્રથમ રચિતગ્રન્થોમાં ઉત્તરોત્તર રચાયેલા ગ્રન્થોનો પણ અનેકસ્થળે નામનિર્દેશ જોવામાં આવે છે, તેથી રચનાક્રમ ગોઠવવામાં આજના વિચારકોને ઘણીવાર મૂંઝવણ થતી દેખાય છે. પ્રાચીનકાળમાં મુદ્રણકલાનો અભાવ હોવાથી અને તેમની રચના સર્વથા નિર્દોષ છે એમ સમ્પૂર્ણપણે ખાતરી થતા પહેલાં તે રચનાનો પ્રકાશ કરતા વિદ્વાનો અચકાતા હોવાથી ઘણા સમય સુધી ગ્રન્થો લખીને રાખી મૂકવામાં આવતા હતા. ગ્રન્થલેખન પછી જ્યાં સુધી તે ગ્રન્થ જનસમાજ સમક્ષ પ્રકાશ પામે નહિ, તેટલા સમયમાં અન્યગ્રન્થોનું લખાણ થઈ જતું; આથી જ પૂર્વરચિતગ્રન્થમાં ઉત્તરોત્તર રચાયેલા ગ્રન્થોનો નામનિર્દેશ અને કેટલોક સુધારો વધારો દ્વિતીયાવૃત્તિઓમાં થતો. શ્રીમદ્વલ્લભાચાર્યજી, તત્ત્વાર્થદીપનિબન્ધની રચના કયારે થઈ તે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. આથી આજના વિચારકને તે માટે વિશેષ ઊહાપોહ કરવાની જરૂર રહેતી નથી. **ચકારાન્મીમાંસાદ્વયભાષ્યં, પ્રકરણાનિ, ભાગવતટીકા ચ સંગૃહીતા** (પ્રકાશ શાસ્ત્રાર્થ પ્રકરણ શ્લો.૫) આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાય છે કે શ્રીમદ્અણુભાષ્ય, પૂર્વમીમાંસાભાષ્ય, ષોડશગ્રન્થો અને શ્રીમદ્ભાગવતની ટીકાના પ્રણયન પછી જ **તત્ત્વાર્થદીપનિબન્ધની** રચના થઈ છે. આ ટીકા બૃહદ્ ટીકા હશે કે સૂક્ષ્મ ટીકા હશે અને તે કેવી હશે, તેમાં શું લખ્યું છે, તેની રચના ક્યારે થઈ ઈત્યાદિ વસ્તુનો નિર્ણય કરવા માટે આજના સંશોધકોને અનેક કલ્પનાઓનો આશ્રય ન લેવો પડે તે માટે પ્રથમસ્કન્ધ સુબોધિનીજીના મંગલાચરણ પછીનાં છેલ્લા શ્લોકમાં આપશ્રી જણાવે છે કે –

**અર્થત્રયં તુ વક્ષ્યામિ નિબન્ધેઽસ્તિ ચતુષ્ટયમ્ ।**
**અત્ર સન્તઃ સ્વસન્તોષૈરાજ્ઞાં યચ્છન્તુ સિદ્ધયે ।।**

તત્ત્વાર્થદીપનિબન્ધના ભાગવતાર્થ પ્રકરણમાં –

**શાસ્ત્રે સ્કન્ધે પ્રકરણેઽધ્યાયે વાક્યે પદેઽક્ષરે ।**
**એકાર્થં સપ્તધા જાનન્નવિરોધેન મુચ્યતે ।।**

(ભા.પ્ર.)

આ વાક્યમાં જે સાત અર્થોનું પ્રતિપાદન કર્યું છે તે પૈકી છેલ્લા ત્રણ અર્થોનું વિવેચન સુબોધિનીજીમાં કરે છે એવી પ્રતિજ્ઞા કરીને પ્રથમના ચાર અર્થોનું વિવેચન નિબન્ધમાં કર્યું છે એમ પણ સૂચન કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે, કે નિબન્ધની રચના

પછી શ્રીસુબોધિનીજીની રચના થઈ. પરંતુ પૂર્વોક્ત વાક્યમાં ભાગવતની ટીકાનો પણ ઉલ્લેખ હોવાથી સુબોધિની પછી નિબન્ધની રચના કલ્પી શકાય છે. હવે જો સૂક્ષ્મટીકા કે બૃહદ્ટીકાનું ગ્રહણ ''ભાગવતટીકા'' શબ્દથી થાય, તો સંશયાસ્પદ વસ્તુ ઉપર આધાર રાખવો પડે. જો એમ કહેવાય કે નિબન્ધની કારિકાઓ રચાઈ તે પછી સુબોધિનીજીની રચના થઈ અને તત્પશ્ચાત્ નિબન્ધની ટીકારૂપે પ્રકાશ લખાયો. જો તેમ સ્વીકારીએ તો **ચકારાત્** પદનો કાંઈ જ અર્થ નથી. મૂલનો **'ચ'**શબ્દ અને અર્થનો બોધક છે. એમ તો ત્યારે જ કહી શકાય કે જો તે પહેલાં **ચ**-શબ્દથી સૂચવેલા ગ્રન્થો વિદ્યમાન હોય. અન્યથા **ચકારાત્** પદનો ઉલ્લેખ નિરર્થક છે. તેમજ **આજ્ઞાપૂર્વં તુ યા જાતા** ઈત્યાદિ વાક્યનો આધાર લઈને પ્રકરણ ગ્રન્થોને અન્તિમત્વે સ્વીકારાય તો પ્રકાશસ્થિત પ્રકરણગ્રન્થોનો ઉલ્લેખ પણ નિરર્થક ઠરે. આથી જ એમ માનવું જોઈએ કે નિબન્ધ અને પ્રકાશ જ સૌથી છેલ્લો ગ્રન્થ છે. સુબોધિન્યાદિના પ્રણયન પછી પ્રકાશમાં **ચકારાત્** ઈત્યાદિ પંક્તિનો સમાવેશ કર્યો હશે. તેમ જ ઈતરત્ર નિબન્ધ કે પ્રકાશનો નામોલ્લેખ પણ તે પ્રકારના સુધારાનું જ સૂચન કરે છે. અથવા જો નિબન્ધને પછીનો ગ્રન્થ માનવામાં આવે તો પણ યુક્તિસંગત છે.

તત્ત્વદીપનિબન્ધ વિના શ્રીવલ્લભાચાર્યજીના ગ્રન્થોનો સમ્યક્ બોધ થવો દુઃસાધ્ય છે. કદાચ અસમ્ભવિત છે. તેથી, તે પ્રથમ છે, એમ કહેવામાં આવે, તો યે બાધ નથી.

## આચાર્યચરણના સ્વરૂપનો નિર્દેશ

શ્રીવલ્લભાચાર્યજી નિજજનોને સ્વસ્વરૂપનો બોધ શ્રીસુબોધિનીજી અને નિબન્ધપ્રકાશના મંગલાચરણમાં જ કરાવી આપે છે. આ સિવાય ઈતરત્ર આપશ્રીના સ્વરૂપનો બોધ થતો નથી.

તત્ત્વાર્થદીપનિબન્ધનો ઉપક્રમ પરાકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણાખ્ય તત્ત્વ જ છે એમ સિદ્ધ કરી આપવા માટે જ છે. મંગલાચરણમાં **નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુતકર્મણે** કહીને પરમતત્ત્વરૂપે અદ્ભુતકર્મા શ્રીકૃષ્ણને જ ઓળખાવે છે.

## અનુબન્ધચતુષ્ટય

મંગલાચરણમાં **અનુબન્ધચતુષ્ટયનું** ગ્રથન કરવું એવી પ્રાચીન પ્રણાલિકા છે. તદનુસાર તત્ત્વાર્થદીપનિબન્ધ ગ્રન્થના, અધિકારી, વિષય, પ્રયોજન અને સમ્બન્ધ એ અનુબન્ધચતુષ્ટયનું નિરૂપણ કર્યા વિના તેમાં બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ થાય નહિ. અહીંઆ ગ્રન્થનું પ્રયોજન, પરમતત્ત્વ રસાત્મક શ્રીકૃષ્ણનું ફલરૂપત્વ પ્રતિપાદન કરવું એ જ છે. તત્પ્રાપ્તિની ઈચ્છા ધરાવતો મહાભાગ્યવાન્ ભક્ત અધિકારી છે. દૈન્ય અને પ્રપત્તિવિના

ભગવત્પ્રાપ્તિ થાય નહિ, તેથી ભગવદ્ભક્તિ એ વિષય છે. પ્રતિ પાદ્ય પ્રતિ પાદકભાવ સમ્બન્ધ છે. વ્યાસ દર્શનને અનુસરી વેદાત્મા શ્રીકૃષ્ણ પ્રમાણરૂપ છે. પરમાકાષ્ટાપન્ન રસાત્મક શ્રીકૃષ્ણ પ્રમેય છે. શ્રીકૃષ્ણને શરણગમન એ જ પ્રપત્તિરૂપ સાધન છે અને ફલરૂપ રસાત્મા શ્રીકૃષ્ણ જ ફલ છે. અથવા **આનન્દૈવિગ્રહ** શ્રીકૃષ્ણસહ સર્વકામાશન એજ ફલ છે એમ પણ કહી શકાય.

## ગ્રન્થનું નામકરણ

અનુબન્ધ ચતુષ્ટયનો વિચાર કર્યા પછી તત્ત્વાર્થદીપના ઉપક્રમનો વિચાર કરવા માટે ગ્રન્થના નામનો શબ્દાર્થ જાણવો પણ આવશ્યક છે. **તત્ત્વ** શબ્દ પ્રમેયવાચક છે. **અર્શાદિગણ** પઠિત શબ્દોથી **મતુબર્થ** માં **અચ્** પ્રત્યય થતો હોવાથી વેદોકતતત્ત્વ કે પ્રમેયની દીપ્તિ જેમાં હોય તે **તત્ત્વદીપ** એમ અર્થ થાય. અત્ર દીપશબ્દ પ્રમાણસિદ્ધ જ્ઞાનરૂપ તેજસ્વિતાનો બોધક છે. અર્થાત્ પ્રમાણ (પ્રમા-જ્ઞાન-નું કરણ) થી સિદ્ધ તત્ત્વ એટલે પ્રમેયનું પ્રકાશન શ્રીવલ્લભાચાર્યજી તત્ત્વદીપનિબન્ધમાં કરે છે.

**સર્વોદ્ધારપ્રયત્નાત્મા** મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો. પ્રભુ શ્રીકૃષ્ણ જ **સર્વોદ્ધારપ્રયત્નાત્મા** છે, એ વાત જણાવવા માટે ભગવાન્ વેદવ્યાસે સર્વને અત્યંત સુખદાયક એવા શ્રીમદ્ભાગવતનો વેદાર્થરૂપે પ્રકાશ કર્યો. શ્રીમદ્ભાગવત સર્વને સુખદાયક છે એમ વૈશ્વાનરાવતાર શ્રીવલ્લભાચાર્યજીએ તત્ત્વાર્થદીપનિબન્ધના કહેવાથી સિદ્ધ કરી આપ્યું. તત્ત્વદીપનિબન્ધમાં તત્ત્વ-પ્રમેય-ની દીપ્તિ- પ્રમાણસિદ્ધ તેજસ્વિતા છે એમ પ્રકાશ વડે દેખાડી આપ્યું છે. અર્થાત્ પ્રભુ જ સર્વોદ્ધારપ્રયત્નાત્મા હોવાથી નિજ સ્વરૂપનું સર્વને મૂલરૂપત્વજણાવવા માટે વ્યાસરૂપે પોતે જ શ્રીમદ્ભાગવત પ્રકટાવ્યું, વૈશ્વાનરત્વે વાણીની અધિષ્ઠાત્રી દેવતાનું સ્વરૂપ ધરી ભાગવતના તત્ત્વ-પ્રમેય-ની દીપ્તિનું દર્શન કરાવ્યું, તે દીપ્તિ પણ અન્તગર્ભસ્થ ન રહે તદર્થ તત્પ્રકાશ કર્યો.

## મુખ્ય ત્રણ પ્રકરણો

તત્ત્વદીપનિબન્ધના મુખ્ય ત્રણ જ પ્રકરણ છે. (૧) શાસ્ત્રાર્થપ્રકરણ, (૨) સર્વનિર્ણયપ્રકરણ અને (૩) ભાગવતાર્થપ્રકરણ. શાસ્ત્રાર્થપ્રકરણને જ ગીતાર્થપ્રકરણ પણ કહેવામાં આવે છે. યદ્યપિ ભાગવતાર્થપ્રકરણની પેઠે ગીતાર્થ કે શાસ્ત્રાર્થપ્રકરણમાં ભગવદ્ગીતાની અનુપૂર્વી કે તત્પ્રતિપાદ્ય સર્વજ પદાર્થોનો વિચાર દષ્ટિગોચર થતો નથી; તથાપિ **એકં શાસ્ત્ર દેવકીપુત્રગીતામ્** એ ન્યાયે અત્ર પણ શાસ્ત્રશબ્દ ગીતાનો વાચક છે, એમ સ્વીકારાય તો ગીતોક્ત પ્રમય (પ્રમાણદ્વારા પ્રતિપાદ્ય પદાર્થ શ્રીકૃષ્ણ) અને

શાસ્ત્રાર્થપ્રકરણોક્ત પ્રમેયમાં એકવાક્યતા છે; આથી જ શાસ્ત્રાર્થપ્રકરણને ગીતાર્થપ્રકરણનું નામ આપવામાં આવ્યું હશે. વિશેષ વિસ્તાર સાથે આ વિષયનો વિચાર હવે પછી થશે જ. સર્વનિર્ણયપ્રકરણમાં વેદાદિ શાસ્ત્રોનું તાત્પર્ય અને તત્પ્રામાણ્ય સાથે તદુક્ત પ્રમેયના સ્વરૂપનો નિર્ધાર કરવામાં આવ્યો છે. તૃતીય ભાગવતાર્થપ્રકરણમાં ભાગવતના જે સાત પ્રકારના અર્થો છે અથવા એક અર્થનો-શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થનો સપ્તધા અર્થ કરીને સર્વનો અવિરોધ સિદ્ધ કરી જાણે તો મુક્તિ થાય એમ કહેવામાં આવ્યું છે, તે પૈકી પ્રથમ ચાર અર્થોનો સમાવેશ થાય છે.

યદ્યપિ આ રીતે ત્રણ મહાપ્રકરણોમાં તત્ત્વદીપનિબન્ધ પરિપૂર્ણ થાય છે, તથાપિ વાસ્તવિક રીતે તો વેદાર્થનું પ્રતિપાદન કરનારો આ એક મહાનિબન્ધ ગ્રન્થ છે. અથવા તો વેદાર્થના નવનીતસમા શ્રીમદ્ભાગવતના અર્થનો નિર્ણય કરનારો જ આ મહાનિબન્ધ છે. તે વસ્તુ ભાગવતાર્થ નિબન્ધમાં છે અને તેને બળ આપનારા પ્રથમ અને દ્વિતીય પ્રકરણો છે. પ્રથમ પ્રકરણ શાસ્ત્રાર્થપ્રકરણમાં ભાગવતાર્થપ્રકરણોક્ત તત્ત્વોનો ઉપોદ્ઘાત અને દ્વિતીયમાં ભાગવતોક્ત પ્રમેય સાધન માટે પ્રામાણ્યાપ્રામાણ્યનિર્ણય અને તત્તચ્છાસ્ત્રનો ભાગવત સાથે સમન્વય કરવા માટે તે તે શાસ્ત્રોક્ત પ્રમેયના વસ્તુસ્વરૂપનો નિર્ણય છે. શ્રીમદ્ભાગવતોક્ત પ્રમેયનો નિર્ણય એટલે જ વેદાર્થનું નિરૂપણ કે વેદાર્થનો તત્ત્વનિર્ધાર. વેદ અને શ્રીમદ્ભાગવત અભિન્ન પદાર્થ છે. વેદ શબ્દરૂપ છે તો ભાગવત અર્થરૂપ છે. વેદ પ્રમાણરૂપ છે તો ભાગવત પ્રમેયરૂપ છે. વેદ જો ઈશ્વરાખ્ય પરમતત્ત્વનો નિર્ણય કરે છે તો ભાગવત તેનું સ્વરૂપ અને સામર્થ્ય, લીલાગાનદ્વારા દેખાડી આપે છે. વેદ શ્રીકૃષ્ણનું શ્રીઅંગ છે તો ભાગવત આત્મરૂપે વિલસે છે. પ્રથમ દીપ છે તો દ્વિતીય પ્રકાશ છે. કિંબહુના એકનું અસ્તિત્વ જ બીજાની ઉપર નિર્ભર છે; છતાં સાઙ્ખ્યના પ્રકૃતિ-પુરુષની પેઠે અન્ધપંગુ નથી. વેદનું તત્ત્વ ભાગવત વિના જાણી શકાય નહિ. ભાગવતનો આરમ્ભ જ વેદ વિના નથી. વેદ ન હોય તો ભાગવત ક્યા પ્રમેયનો પ્રકાશ કરે ? અને જો ભાગવત ન હોય તો વેદ કયા રસાખ્ય પરમતત્ત્વના પ્રતિપાદનમાં પ્રમાણરૂપ બને ? તત્ત્વાર્થદીપનિબન્ધ નો પાયો વેદ છે અને શિખર ભાગવત છે. શાસ્ત્રાર્થપ્રકરણ વેદશરીરનું પ્રતિપાદન કરે છે. સર્વનિર્ણયપ્રકરણ અંગપ્રત્યંગોનું પ્રતિપાદન કરે છે. અને ભાગવતાર્થપ્રકરણ પરમકાષ્ઠાપન્ન રસાખ્ય વસ્તુત્વે શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન કરે છે. આથી જ નિબન્ધની સમાપ્તિમાં શ્રીવલ્લભાચાર્યજી સ્પષ્ટપણે જણાવે છે કે -

**श्रीमद्भागवतं समस्तनिगमन्यायैकतत्त्वात्मकं**
**नानाभ्रान्तिमः कपाटपिहितं सन्तुष्टये सर्वथा ।**
**नाभूदित्यवगत्य निश्चितदैरुद्दीप्तदीपाकृतिं**
**श्रीमद्भागवतप्रदीपमधुना चक्रे मुदा वल्लभः ॥**
**यथा भागवतस्यार्थो हृदिस्थाच्युतनोदनात् ।**
**तथा निरूपितः, सद्भिः क्षमा कार्या, ममोपरि ।**
**युक्तं वा यदि वाऽयुक्तं मया यद्यन्निरूपितम् ।**
**तत्सर्वं कृष्णचरणे वाक्पुष्पं विनिवेदितम् ॥**

આ ઉપરથી આચાર્યચરણ એમ સ્પષ્ટ સાબિત કરી આપે છે કે શ્રીમદ્ભાગવતનો અર્થ હૃદયકમળમાં વિરાજતા શ્રીકૃષ્ણપ્રભુની પ્રેરણાથી જ જાણી શકાય. તેમાં યુક્તિનો પ્રસર નથી. જો પ્રભુ હૃદયમાં પધારે તો જ પોતાના રૂપનો પ્રકાશ કરે.

## શાસ્ત્રાર્થ પકરણ કે ગીતાર્થ પ્રકરણ ?

પ્રથમ જણાવ્યું તેમ શાસ્ત્રાર્થપ્રકરણને જ ગીતાર્થપ્રકરણ પણ કહે છે. સર્વ જ વાઙ્મયમાં ગીતા શાસ્ત્રરૂપે વિલસે છે. શાસ્ત્રશબ્દ પ્રમાણપદવાચ્ય છે. પ્રમાણ એટલે **અનધિગતાર્થ-ગન્તૃ-અજ્ઞાનાર્થજ્ઞાપક**. શાસ્ત્રશબ્દની નિરુક્તિ **યચ્છાસ્તિં વઃ ક્લેશરિપૂનશેષાન્ સંત્રાયતે દુર્ગતિતો ભવાચ્ચ** એમ પણ આપવામાં આવે છે. કિન્તુ શાસ્ત્રશબ્દ શાસનમાં શક્ત હોવાથી અને **તાદશ શાસનશક્યતાવચ્છેદકત્વે** જે પ્રવૃત્તિ-નિવૃત્તિ તેનો સમ્યક્ પ્રકારે પ્રભુસમ્મિતવચનદ્વારા બોધ કરાવી શકે. અતએવ શાસ્ત્રશબ્દથી ઉપરિનિર્દિષ્ટ **'તમારા સકલ ક્લેશરિપુને શાસન કરે અને તમને દુર્ગતિ તથા સંસારથી તારે'** એ અર્થ વિશેષ પ્રતિકૂલ ન હોવા છતાં શબ્દશક્તિનો વિચાર કરતાં આદરણીય તો નથી જ. નાગાર્જુનનું તાત્પર્ય તેણે જ ઉત્તરાર્ધમાં પ્રકટ કર્યું છે - **તચ્છાસનાન્ત્રાણગુણાચ્ચ શાસ્ત્રમેતતદ્દ્વયં ચાન્યમતેષુ નાસ્તિ** આ વાક્યથી તે એમ કહેવા ઇચ્છે છે કે વેદાદિ શાસ્ત્રો પ્રવૃત્તિ-નિવૃત્તિ જ કરાવે પણ તમને કલેશથી છોડાવે નહિ અને સંસારથી કે દુર્ગતિથી તારે નહિ, માત્ર બૌદ્ધમતજ તેવી શક્તિ ધરાવે છે. કિન્તુ શબ્દશક્તિનો વિચાર કરતાં જણાય છે કે શાસન એટલે **રાજાજ્ઞાવત્ પ્રવર્તના**. કિન્તુ **ક્લેશરિપૂનશેષાન્ શાસ્તિ અત્ર શાસુ** ધાતુનો અર્થ દણ્ડ થાય છે. શાસ્ત્ર કોઈ ને દણ્ડદાન કરે જ નહિ. તે તો માત્ર પ્રેરણા કરી શકે. અતએવ શાસ્ત્રશબ્દની ઇતરવ્યાખ્યા યોજવી જોઈએ શ્રીમાન્ કુમારિલભટ્ટ કહે છે કે -

**પ્રવૃત્તિર્વા નિવૃત્તિર્વા નિત્યેન કૃતકેન વા ।**
**પુંસાં યેનોપદિશ્યેત તચ્છાસ્ત્રમભિધીયતે ।।**

(શ્લો.વા.શબ્દપરિચ્છેદ ૪)

અપૌરુષેય શબ્દ-વેદ વડે કે તન્મૂલક પૌરુષેય શબ્દપ્રમાણવડે પુરુષોની પ્રવૃત્તિ કે નિવૃત્તિ ઉપદેશાય તે શાસ્ત્ર. અર્થાત્ ચતુર્દશ કે અષ્ટાદશ વિદ્યાસ્થાન શાસ્ત્રપદવાચ્ય છે. વળી,

**ચોદના ચોપદેશશ્ચ શાસ્ત્રમેવેત્યુદાહૃતમ્ ।**

(શ્લો.વા.શબ્દપરિચ્છેદ ૧૨)

ચોદના-પ્રવૃત્તિ નિવૃત્તિ અને ઉપદેશ જેમાં હોય તે શાસ્ત્ર જ છે. શબરસ્વામી જણાવે છે કે -

**શાસ્ત્રં શબ્દવિજ્ઞાનાદસન્નિકૃષ્ટેઽર્થે વિજ્ઞાનમ્ ।**

(શાબરભાષ્ય ૧-૧-૫)

શબ્દશક્તિના વિજ્ઞાનથી પરોક્ષપદાર્થોનું - ધર્માધર્મનું વિજ્ઞાન કરાવે તે શાસ્ત્ર. આ રીતે શાસ્ત્રશબ્દની વ્યાખ્યા કરવામાં આવે તો **વિશિષ્ટાર્થપ્રતિપાદનસમર્થં શાસ્ત્રમુચ્યતે** (તત્ત્વસંગ્રહ પૃ.૮) કમલશીલની વ્યાખ્યામાં યે કાંઇ અર્થ નથી. વાસ્તવિક રીતે તો અપ્રાપ્તે શાસ્ત્રમર્થવત્ એ ન્યાયે અજ્ઞાતાર્થજ્ઞાપક શાસ્ત્ર છે. કિન્તુ તે પણ **કાન્તાસમ્મિત** કે **સુહૃત્સમ્મિત** શબ્દ દ્વારા તો નહિ જ. **પ્રભુસમ્મિતવાક્ય શાસ્તીતિ શાસ્ત્રમ્** એ વ્યુત્પત્તિ મુજબ વેદ જ શાસ્ત્ર છે.

અહીંઆ શાસ્ત્ર શબ્દ **એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્** ઈત્યાદિ વાક્યોક્ત શાસ્ત્રશબ્દનો દ્યોતક છે. આથી જ **શાસ્ત્રાર્થો ગીતાર્થઃ** એમ કહી પ્રકાશકાર ગીતાર્થનો પર્યાયવાચક શાસ્ત્રાર્થ છે એમ સૂચન કરે છે. **અત્ર શાસ્ત્રપ્રવૃત્તિ** અર્જુનની શંકાથી થાય છે. શંકાદ્વારા પણ શાસ્ત્રપ્રવૃત્તિ માનવામાં આવી છે.

હવે વિચારવાનું એ રહે છે કે શાસ્ત્રાર્થપ્રકરણમાં ગીતાર્થનો સમાવેશ કેમ નથી ? શાસ્ત્રાર્થપ્રકરણમાં ગીતોક્ત સર્વજ વિષયોનો સમાવેશ કરવાના ઉદ્દેશથી નિબન્ધની પ્રવૃત્તિ નથી. કિન્તુ ગીતામાં જેટલા વિશેષવિવેચ્ય વિષયો જણાયા અને એ વિષયોનો સમાવેશ તન્ત્રાન્તરીય નિર્ણયોમાં કરવો યોગ્ય ન લાગ્યો (સર્વનિર્ણયપ્રકરણમાં જેમનો સમાવેશ થઈ શકે તેમ ન લાગ્યું) તેટલા વિષયોનો વિચાર શાસ્ત્રાર્થપ્રકરણના નિબન્ધમાં થયો છે. એવા વિષયોનું તુલનાત્મક વિવેચન અમે પ્રકૃતપ્રકરણની સમાપ્તિમાં સ્વતંત્ર રીતે કરીશું. આ સ્થલે તો માત્ર તેમનો નામનિર્દેશ કરીને જ તત્ત્વદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણનું વિવેચન કરવા

પૂરતી પ્રવૃત્તિ છે. અહીંઆ આટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે તત્ત્વાર્થદીપ એ નિબન્ધ છે, નહિ કે વ્યાખ્યા. નિબન્ધમાં તેટલા જ વિષયોનો સમાવેશ થઈ શકે છે કે જેની ઉપર લેખકને સ્વતંત્ર મતપ્રકાશની વિશેષ જરૂર જણાય; જ્યારે વ્યાખ્યમાં મૂલના સર્વજ વિષયોનો સમાવેશ થઈ શકે. આ વસ્તુ ધ્યાનમાં લીધા પછી જ શાસ્ત્રાર્થપ્રકરણને ગીતાર્થ કહેવામાં જે સ્વારસ્ય છે તે સહજ સમજી શકાય તેમ છે. શાસ્ત્રાર્થપ્રકરણામાં નીચે જણાવેલા ગીતોક્ત વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે -

| નં. | વિષય | શ્લોક | નં. | વિષય | શ્લોક |
|---|---|---|---|---|---|
| ૧. | જડસ્વરૂપપ્રતિપાદન | ૨૩ | ૧૮ | બ્રહ્માનન્દમાં પ્રવિષ્ટને ક્યું ફલ | |
| ૨ | અવિદ્યાનું સ્વરૂપ | ૨૪ | | પ્રાપ્ત થાય ? | ૫૦-૫૧ |
| ૩ | બ્રહ્મવ્યાપક છે છતાં સાકાર છે | ૨૫ | ૧૯ | જીવસ્વરૂપ | ૫૩ |
| ૪ | ચેતન અને જડની | | ૨૦ | જીવની વ્યાપકતા શી રીતે? | ૫૪ |
| | વિસ્ફુલિંગવત્ સૃષ્ટિ | ૨૮ | ૨૧ | પ્રકાશક ચૈતન્ય | ૫૫ |
| ૫ | જડ, જીવ અને અન્તરાત્મા | ૩૦ | ૨૨ | આભાસ-પ્રતિબિમ્બવાદનું | |
| ૬ | વિદ્યા અને અવિદ્યા માયાવિનિર્મિત | | | ખણ્ડન | ૫૬-૫૮ |
| | હોવા છતાં ભગવાન્‌ની શક્તિ છે | ૩૧ | ૨૩ | મતાન્તરનિરાસ | ૫૯-૬૦ |
| ૭ | પંચપર્વા અવિદ્યા અને | | ૨૪ | તત્ત્વમસ્યાદિ વાક્યનું સ્વારસ્ય | ૬૧ |
| | જીવન્મુક્તનું સ્વરૂપ | ૩૩ | ૨૫ | વિદ્યાની પ્રાપ્તિનો પ્રકાર | ૬૩ |
| ૮ | બ્રહ્મભાવથી લય થાય છે. | ૩૫ | ૨૬ | જીવની સર્વજ્ઞતા શી રીતે? | ૬૪ |
| ૯ | બ્રહ્મભાવ થવાનો પ્રકાર | ૩૬ | ૨૭ | બ્રહ્મસ્વરૂપ નિર્ણય | ૬૫ |
| ૧૦ | નાનાવિધ સૃષ્ટિપ્રકાર | ૩૭ | ૨૮ | સજાતીય-વિજાતીય-સ્વગતભેદ- | |
| ૧૧ | માયાસૃષ્ટિ | ૩૮ | | વર્જિત બ્રહ્મસ્વરૂપ | ૬૬ |
| ૧૨ | વિયદાદિ સૃષ્ટિપ્રકાર | ૩૯ | ૨૯ | બ્રહ્મજ જગતનું સમવાયિ | |
| ૧૩ | ભગવદ્ભજનની સિદ્ધિ માટે | | | કારણ છે | ૬૭-૭૧ |
| | તત્ત્વમસ્યાદિ વાક્યો | ૪૧ | ૩૦ | અવતારરૂપે આવિર્ભાવતિરોભાવ | ૭૨-૭૪ |
| ૧૪ | ભક્તિનું લક્ષણ | ૪૨ | ૩૧ | વ્યોમવદ્બ્રહ્મ | ૭૫ |
| ૧૫ | ભગવત્સ્વરૂપ પ્રતિપાદન | | ૩૨ | વૈષમ્ય નૈર્ઘૃણ્ય દોષનો પરિહાર | ૭૬-૭૭ |
| | અને શ્રુતિઓનો સમન્વય | ૪૩-૪૪ | ૩૩ | મતાન્તર પરિહાર | ૭૮-૯૨ |
| ૧૬ | પંચપર્વા વિદ્યા | ૪૫-૪૬ | ૩૪ | સાઙ્ખ્યમત | ૯૩-૧૦૦ |
| ૧૭ | ભક્તિનું સામાન્યતઃ નિરૂપણ | ૪૭-૪૯ | ૩૫ | પ્રેમરૂપે ભગવદ્ભજન | ૧૦૧-૧૦૩ |

ઉપર જણાવ્યા મુજબ ગીતોક્ત લગભગ સર્વ જ વિવેચ્ય વિષયોનો સમાવેશ શાસ્ત્રાર્થપ્રકરણમાં થઈ જાય છે. સાઙ્ખ્યોક્ત તત્ત્વો, યોગ, જ્ઞાન, અક્ષર, કાલ, કર્મ, સ્વભાવ વગેરે પદાર્થોનો સમ્બન્ધ ઈતર તંત્રો સાથે પણ હોવાથી તેનો વિચાર સર્વનિર્ણયપ્રકરણમાં કર્યો છે.

## તત્ત્વદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણનું મૂલ

યદ્યપિ શાસ્ત્રાર્થપ્રકરણ એટલે જ ગીતાર્થ એમ નિર્ણય કરવામાં આવ્યો છે, તથાપિ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ શાસ્ત્રાર્થપ્રમાણમાં વેદવાક્યો, રામાયણ અને પાંચરાત્ર શાસ્ત્રને અનુસરતો આ સ્વતન્ત્ર જ નિબન્ધ રચ્યો છે અને તેમાં ગીતાર્થનો પણ સમાવેશ કર્યો છે. ગીતાર્થ મુખ્ય વિવેચ્ય વિષય છે. કિન્તુ પોતે જણાવેલા સિદ્ધાન્ત નિખિલ વેદવાક્યો, રામાયણ અને પંચરાત્રથી અવિરુદ્ધ છે એમ સ્પષ્ટપણે ઉપસંહારમાં જણાવે છે :-

**અર્થોઽયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈ રામાયણૈઃ સહિતભારતપંચરાત્રૈઃ ।**
**અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસૂત્રૈર્નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ ।।**

આ ઉપરથી સમજી શકાય છે કે ગીતાર્થના આજે વેદવાક્ય, રામાયણ, ભારત, પંચરાત્ર, અન્યપણ શાસ્ત્રવચનો અને તત્ત્વસૂત્રોને અનુસરતો જ સિદ્ધાન્ત પ્રકટ કર્યો છે. આથી જ શાસ્ત્રાર્થપ્રકરણને સ્વતન્ત્રરીતે ''ગીતાર્થપ્રકરણ'' એવું નામ ન આપતાં ગીતોક્ત પદાર્થોનું વિવેચન ઉપર જણાવેલા શાસ્ત્રાધારે કરેલું હોવાથી તે પ્રકરણનું નામ ''શાસ્ત્રાર્થપ્રકરણ'' જ યુક્તિસંગત છે. ''શાસ્ત્રાર્થપ્રકરણ'' એ નામથી જ સર્વ સચ્છાસ્ત્રો, નિબન્ધનું મૂલ છે એમ પણ સૂચન થાય છે.

**''શાસ્ત્રાર્થપ્રકરણ''** માં પ્રભુના પ્રમાણબલનો આશ્રય કર્યો છે; જ્યારે **''સર્વનિર્ણયપ્રકરણ''** માં પ્રમેયબલનો આશ્રય છે. અત્ર પ્રમાણ અને પ્રમેય શબ્દો પણ એક પ્રકારના વિશિષ્ટ અર્થનું દ્યોતન કરે છે. પ્રમાણશબ્દ પ્રમા-જ્ઞાનનું કારણ સૂચવે છે. અને પ્રમેયશબ્દ પ્રમાણસિદ્ધ વસ્તુનું સૂચન કરે છે. પ્રમાણ શાસ્ત્ર છે અને પ્રમેય શાસ્ત્રસિદ્ધ પદાર્થ છે. શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તથી ઉપર જણાવેલો અર્થ સર્વથા અવિરુદ્ધ છે, છતાં પ્રમાણ અને પ્રમેય શબ્દો સ્વતન્ત્ર રીતે ભગવત્સ્વરૂપનું પણ સૂચન કરે છે. **પ્રમિતિઃ પ્રમાણમ્** એમ જ્યારે અર્થ કરવામાં આવે ત્યારે પ્રમિતિરૂપા સમ્વિત્ ભગવત્સ્વરૂપ છે. તે રીતે પ્રમાણશબ્દ લેવાય તો **સાક્ષાત્કારિ પ્રમાણમ્** એમ સાક્ષાત્કારિત્વરૂપ-ભગવાન પ્રમાણપદવાચ્ય છે. તાદૃશ પ્રમાણથી ઉત્પન્ન થતી હાનોપાદાનાપેક્ષાદિ બુદ્ધિ તેનું ફલ છે. એ રીતે જ પ્રમેય શબ્દ ભગવત્સામર્થ્યનો બોધક છે. આ સમ્બન્ધી વિચાર પ્રસ્થાનરત્નાકરદિમાં છે જ અને તે

ઉપરની **કિરણાવલી** નામની મારી ટીકામાં તેનો વિપુલ વિસ્તાર પણ છે જ; તથાપિ પ્રકરણને અનુસરતો વિશેષ વિચાર **પ્રામાણ્યનિર્ણય**માં કરવામાં આવશે. તેમજ પ્રમેય શબ્દનું વિશેષ વિવેચન **પ્રમેયં હરિરેવૈકમ્** ઈત્યા દિવાક્યોનું સ્વારસ્ય સમજાવતાં કરવામાં આવશે.

## અધિકારનિર્ણય

તત્ત્વાર્થદીપનિબન્ધનો અમુક ભાગ જ પ્રમાણ છે અને અન્ય ભાગ વૈષ્ણવોને આદરણીય નથી એમ વાણીથી કે કૃતિથી અસકૃત્ પ્રતિપાદન કરનારો એક વર્ગ સમ્પ્રદાયમાં અસ્તિત્વ ધરાવે છે. વાસ્તવિક રીતે તો દયાનન્દાદિ મતો જેમ વેદનું પ્રામાણ્ય સ્વીકારે છે, છતાં તેમના મતમાં વેદનો અનાદર થતો સ્પષ્ટપણે દષ્ટિગોચર થાય છે. તદ્વત્ પુષ્ટિમાર્ગમાં યે શ્રીમદ્વલ્લભાચાર્યજીની વાણી જ અમને માન્ય છે એમ વારંવાર ઘોષ કરીને પણ તેઓ શ્રીમાન્‌ના સિદ્ધાન્તોનો જાણે કે અજાણે (જાણીને-પશ્ચિમની સંસ્કૃતિની છાપ પડવાથી અને અજાણે-શાસ્ત્રમર્મ સમજવાની અક્ષમતા હોવાથી) અનાદર થતો જ દષ્ટિપથ થાય છે. જો નિરપેક્ષબુદ્ધિથી વિચાર કરવામાં આવે તો નિબન્ધમાં જે પ્રકારના ભગવન્માર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે પ્રકારનો અધિકારી પુષ્ટિમાર્ગીય મહાભાગ્યવાન્ વૈષ્ણવ વિના અન્ય કોઈ હોઈ શકે જ નહિ. આવા વૈષ્ણવને તત્ત્વાર્થદીપનિબન્ધ પણ અક્ષરશઃ માન્ય હોવો જ જોઈએ. જો માન્ય ન હોય તો તેવો વૈષ્ણવ પોતે શ્રીમદ્વલ્લભાચાર્યજીને અનુસરે છે એમ કહિ શકાય નહિ, એમ પ્રતિપદોકત વચનોથી સિદ્ધ થાય છે. પક્ષપાતરૂપી દર્વીકરે દષ્ટ એવો જ કોઈ જીવ આ વસ્તુ જોઈ શકે નહિ; તેમાં પણ ભગવદિચ્છાને જ પ્રતિબન્ધકત્વે સ્વીકારવી જોઈએ. અન્યથા સુબોધિન્યાદિક ગ્રન્થોનું દિવાનિશ મનન કરનારા અને શ્રીવાગધીશની વાણી વિના અન્ય વાણીથી દૂર રહેનારા મહામાન્ય પણ્ડિતો પણ નિબન્ધોક્ત નિર્ણયોની અવગણના કરે જ નહિ. આ વસ્તુ, સર્વનિર્ણયપ્રકરણના વિવેચનમાં **સ્મૃતિપ્રકરણ** અને **ભક્તિપ્રકરણનું** સ્વારસ્ય દષ્ટિપથ કર્યા વિના સમજી શકાય તેમ નથી. માટે વિદ્વાનોએ શાસ્ત્રાર્થપ્રકરણના અધિકારિનિર્ણયવિભાગ ઉપરાંત સ્મૃતિપ્રકરણ અને ભક્તિપ્રકરણ ઉપર પ્રકટ કરેલા વિચારોની પણ પરીક્ષા કરવી એમ અમે સાગ્રહ વિજ્ઞાપના કરીશું. **''તાપોચ્છેદાશ્ચ નિકષાત્સુવર્ણમિવ પણ્ડિતૈઃ । પરીક્ષ્ય મદ્વચો ગ્રાહ્યં સ્વબુદ્ધ્યા ન તુ ગૌરવાત્''** એમ હું પણ સ્પષ્ટપણે જણાવું છું.

**પ્રકૃતમનુસરામઃ** શ્રીમદ્વલ્લભાચાર્યજી **નમો ભગવતે** ઈત્યાદિ મંગલશ્લોકમાં જ અનુબન્ધચતુષ્ટયનું નિરૂપણ કરે છે એમ પ્રથમ જ કહેવામાં આવ્યું છે. તત્ર પરમકાષ્ઠાપન્ન

પ્રભુની લિપ્સાવાળા જીવનો જ અધિકાર, નિબન્ધમાં જણાવેલા સિદ્ધાન્તોનું જ્ઞાન મેળવવામાં અને તદનુસાર વર્તન કરવામાં છે, એમ સ્પષ્ટ જ છે. તદુપરાન્ત દ્વિતીયકારિકામાં જ અધિકારીના સ્વરૂપનો સ્પષ્ટ તથા પૃથક્ ઉલ્લેખ કર્યો છે :-

**સાત્ત્વિકા ભગવદ્ભક્તા યે મુક્તાવધિકારિણઃ ।**
**ભવાન્તસમ્ભવા દૈવાત્તેષામર્થે નિરૂપ્યતે ।।**

ચિત્તના સાત્ત્વિકપરિમાણરૂપે જે સ્વભાવ, તત્પ્રયુકત પ્રકૃષ્ટકૃતિ અર્થાત્ દેવયજન, તદપેક્ષયા પણ અધિક અલૌકિક કૃતિ કરનારા; તેવા પણ કેવલ **અનિષિદ્ધ યોગાદિપરાયણાન્તઃ** કરણવાળા નહિ, પ્રત્યુત, ભગવત્સેવકો (અર્થાત્ સમાધિદશાથી યે અધિક માનસીપર્યન્ત ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણેનું નિયમન કરી ચિત્તસ્થૈર્યદ્વારા રસાનુભવ કરનારા); કામભાવવાળા-જ્ઞાનમાર્ગીય મુક્તિનાં સમ્પૂર્ણ અધિકારી (અર્થાત્ જ્યાં આગળ જ્ઞાનમાર્ગની પરિસમાપ્તિ થાય ત્યાંથી જ પુષ્ટિમાર્ગનો આરમ્ભ થાય છે) અને ભગવદિચ્છાથી જેમને અન્તિમજન્મ-ભગવદ્રસભોગની યોગ્યવાળુ જન્મ-પ્રાપ્ત થયું હોય, તે અહીંઆ અધિકારી છે. એવા મહાભાગ્યવાન્ વૈષ્ણવ માટે વેદાર્થના તત્ત્વરૂપ પ્રમેયો-પદાર્થોનું નિરૂપણ પ્રસ્તુત તત્ત્વાર્થદીપનિબંધમાં છે. આ ઉપરથી સહજ સમજી શકાય તેમ છે કે નિબન્ધોકત પ્રકાર અને નિર્ણય પ્રત્યેક વૈષ્ણવને અક્ષરશઃ માન્ય હોવો જ જોઈએ. શ્રીમહાપ્રભુજીએ, તત્ત્વાર્થદીપનિબન્ધમાં શાસ્ત્રીયપદ્ધતિનો સર્વાંગે સ્વીકાર શી રીતે કરવો, શાબ્દબોધ અને શાસ્ત્રસમન્વય કેમ થાય ઈત્યાદિ પ્રકારો સમ્યક રીતે અને સમ્પૂર્ણતયા વિવેચ્યા હોવાથી શ્રીમદ્અણુભાષ્ય, શ્રીસુબોધિનીજી અને પ્રકરણગ્રન્થોનું સ્વારસ્ય સમજાવી આપવામાં નિબન્ધોક્ત પ્રક્રિયા જ સર્વશ્રેષ્ઠ છે અને તેનું અનુસરણ કરવું એ સર્વજ વૈષ્ણવોનું પરમકર્તવ્ય છે. તત્રાપિ શાસ્ત્રીયવિચારસરણીનું અનુસરણ કરનારને તો નિબન્ધ વિના છૂટકો જ નથી. કિન્તુ પ. ગટ્ટૂલાલજી પ્રભૂતિના નિર્ણયો અશાસ્ત્રીય છે એમ દેખાડી આપવા માટે નિબન્ધને એક બાજુએ મૂકાય છે તે સર્વથા અયોગ્ય છે. આર્યસમાજિસ્ટો જેમ કોઈ વાકય કે વાકયાંશનો સમબન્ધ જાણવાની દરકાર રાખ્યા વિના **યથેમાં વાચ** ઈત્યાદિ શ્રુતિમાંથી શૂદ્રને પણ વેદાધ્યયનધિકાર શોધી કાઢે અને **ન તસ્ય પ્રતિમા** ઈત્યાદિમાંથી મૂર્તિપૂજાનું ખણ્ડન દેખાડી આપે તેમ ભાષ્ય-સુબોધિન્યાદિ ગ્રન્થોનો કોઈ વાકયાંશ લઈને નિબન્ધોકત પ્રકારથી વિરુદ્ધ મતનું પુષ્ટિમાર્ગીયમતત્વે સમર્થન થાય તે અયોગ્ય છે.

**પ્રકૃતમનુસરામઃ** - ભગવન્માર્ગનો અધિકારી જીવ કેવો હોવો જોઈએ તે વસ્તુ

શ્રીમદાચાર્યચરણ દ્વિતીયકારિકામાં કેટલા ખુલાસા સાથે સમજાવે છે તે આપણે જોયું. આવરણભંગકાર શ્રીમત્પુરુષોત્તમજી મહારાજ જણાવે છે કે **ભગવત્સેવકા ન તુ રૂપાન્તરસેવકાઃ, સેવાપરાઃ, તનુજવિત્તજસેવાકર્તારો વૈષ્ણવા ઈત્યર્થઃ** જેઓ ભગવત્સેવક છે, નહિ કે પ્રભુથી ઈતર સ્વરૂપોની સેવા કરનારા. સેવાપર- એટલે સેવામાં પરાયણ રહેનારા, તનુજા અને વિત્તજા સેવા કરનારા, વૈષ્ણવો જ નિબન્ધોક્ત વસ્તુના અધિકારી છે. એવા અધિકારીઓ શુદ્ધબ્રહ્મના ઉપાસકો પણ હોઈ શકે તેમનાથી છુટા પાડીને નિબન્ધોકત વસ્તુના અધિકારીનો નિર્ણય કરવા માટે શ્રીમદ્વલ્લભાચાર્યજી જ પ્રકાશમાં લખે છે કે **તત્રાપિ યે નિષ્કામાઃ** આ પ્રકારના અધિકારીઓમાં પણ જે નિષ્કામ હોય તે જ નિબન્ધોક્ત વસ્તુના અધિકારી છે. નિષ્કામ વૈષ્ણવો જ મુક્તિના અધિકારી છે એમ શ્રુતિ અને ભાગવતના પ્રમાણોથી સિદ્ધ કરીને શ્રીમત્પુરુષોત્તમજી જણાવે છે કે **''તથાચ નિષ્કામકેવલવૈષ્ણવાઃ સન્તો યે પાપભીરવો ભગવન્તં સેવન્તે તેષામપિ કર્ણધારરૂપગુવભાવેન ફલવિલમ્બ ઈતિ તદભાવાય કાદાચિત્કાન્યાસક્તિનિવારણેન દાઢર્યાર્થમયમુપાય ઈતિ નિષ્કર્ષઃ''** જેઓ નિષ્કામ છે, કેવલ વૈષ્ણવ છે અને પાપથી ભય ધરાવનારા છે અને પ્રભુને સેવે છે; તેમને પણ કર્ણધારરૂપ ગુરુ ન મળે તો ફલવિલમ્બ થાય- તેમ ન બને અને કોઈકવાર પણ ભરતાદિવત્ અન્યાસક્તિ થાય તો તેવી અન્યાસક્તિનું નિવારણ કરીને દઢ થાય તે માટે આ ઉપાય છે- આ તત્ત્વદીપ નિબન્ધની રચના છે.

આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે તત્ત્વાર્થદીપનિબન્ધોક્ત વસ્તુ અને તત્રત્ય નિર્ણય કેવલ શુદ્ધ વૈષ્ણવો માટે જ છે. નિબન્ધનો અક્ષરે અક્ષર સુબોધિન્યાદિવત્ વૈષ્ણવોને માન્ય હોવો જ જોઈએ; એટલું જ નહિ પણ સુબોધિન્યુક્ત પદાર્થોનું તત્ત્વ પણ નિબન્ધોક્ત પ્રક્રિયાને અનુસરીને જ જો જાણવામાં આવે તો જ શ્રીમદ્વલ્લભાચાર્યજીનું હાર્દ ખરી રીતે સમજી શકાય. આ વાત સર્વનિર્ણયપ્રકરણ અને ભાગવતાર્થપ્રકરણનો સાર જાણ્યા પછી વિશેષ દઢ થશે.

જે લોકો પ્રકાશ અને આવરણભંગની પંક્તિઓનું સ્વારસ્ય જાણ્યા વિના કે જાણીને પણ નિબન્ધોક્તનિર્ણયોની વિરુદ્ધ યદ્વાતદ્વા લખે છે, બાલકો પાસે લખાવે છે અને પોતે સ્થાપેલા મણ્ડલોમાં વદે છે તેઓ જો શ્રીમદ્વલ્લભાચાર્યજીનો નામોલ્લેખ કર્યા વિના તેમ કરતા હોય તો તેમને ધન્યવાદ આપવો ઘટે અને તેમના સ્વતન્ત્ર(?) ભક્તિમાર્ગને કુતૂહલપૂર્ણ દૃષ્ટિએ નિહાળી શકાય. પરંતુ જો શ્રીમદ્વલ્લભાચાર્યજીની છત્રછાયા નીચે તેમ

કરતા હોય, તો તેઓ આચાર્યચરણને અન્યાય કરે છે. આવો અન્યાય પણ જો કોઈ દ્વેષ્ટાઓ તરફથી થાય તો જુદી વાત છે. પણ પોતાના પરમ આરાધ્યદેવ શ્રીમદ્વલ્લભાચાર્યજી છે એમ જણાવીને દધિચિ ઋષિની પેઠે નિજ અંગપ્રત્યંગોને પણ સમ્પ્રદાયના ઉત્કર્ષ માટે અર્પણ કરવા જેટલી તૈયારી બતાવીને તેમને અન્યાય કરે તો તે અક્ષમ્ય અપરાધ ગણાય. જો એમણે પ્રથમ કારિકાના આવરણભંગની **મુચ્યન્ત ઈતિ**થી આરમ્ભીને **પ્રવર્ત્સ્યન્ત ઈતિ** સુધીની પંક્તિઓનો જ વિચાર કર્યો હોય અને તેનો સમન્વય સામ્પ્રદાયિક સદાચારો સાથે કરવાનું ધૈર્ય સેવ્યું હોય તો આદરણીય ગણી શકાય.

## તત્ત્વાર્થદીપનિબન્ધનું પ્રામાણ્ય

આર્યોનો મુદ્રાલેખ છે કે જે વેદમૂલક વાઙ્મય હોય તે સર્વ જ પ્રમાણ છે. તદ્વિરુદ્ધ અપ્રમાણ હોવાથી અનુપાદેય છે. આ પ્રકારની આજસુધીની આર્યમર્યાદાનું અનુસરણ શ્રીમહાપ્રભુજી પણ કરે છે. યદ્યપિ વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીની વાણી કરતાં અધિક પ્રમાણભૂત વસ્તુ અન્ય કાંઈ જ નથી. વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી વાગધિષ્ઠાતૃદેવતા છે એમાં લેશમાત્ર પણ સન્દેહ નથી, એટલું જ નહિ પણ **વસ્તુતઃ કૃષ્ણ એવ** એમ પણ સર્વાંશે વૈષ્ણવો સ્વીકારે છે. તથાપિ **મદુક્તં પ્રમાણમ્** એમ, અથવા ''હું આમ માનું છું'' એમ, આજકાલના વિચારકોની પેઠે શ્રીમહાપ્રભુજી કદી પણ કહેતા નથી. પ્રત્યુત નિજવાણીની સર્વાંશે વેદમૂલકતા સિદ્ધ કરી આપે છે. આપશ્રી સ્પષ્ટપણે જાહેર કરે છે કે જે વસ્તુ વેદમૂલક ન હોય, તે સર્વથા અપ્રમાણ છે. અમને કે અન્યપણ વૈષ્ણવને જ નહિ કિન્તુ આર્યાવર્તમાં જન્મેલા પ્રત્યેક શ્રદ્ધાવાન્ વિચારકને શ્રીમહાપ્રભુજીની વાણીમાં અપ્રમાણ્યબુદ્ધિ ન જ હોઈ શકે. કિમ્બહુના, કદાચ વેદવિરુદ્ધ પણ કોઈ વસ્તુનું પ્રતિપાદન કરે અથવા તેનું આચરણ કરે કે કરવાનું કહે તો ઈશ્વરોદિતત્વાત્ તેમ માનવામાં કે આચરવામાં કોઈ પણ ખંચાઈ નહિ, કે શાસ્ત્રદષ્ટ્યા બાધ પણ પ્રાપ્ત ન થાય; તથાપિ પ્રાચીન આર્યમર્યાદાનું સમ્પૂર્ણ રક્ષણ કરવા માટે શ્રીમહાપ્રભુજી સર્વત્ર નિજ વાણીમાં વેદમૂલકતા બતાવી આપે છે. તત્ત્વાર્થદીપનિબન્ધનું યે પ્રામાણ્ય સ્વીકારવાનું કહેતાં પહેલાં આચાર્યચરણ જણાવે છે કે :-

**ભગવચ્છાસ્ત્રસમાજ્ઞાય વિચાર્ય પુનઃ પુનઃ ।**

× × × × ×

**ઈત્યાકલ્ય સતતં શાસ્ત્રાર્થઃ સર્વનિર્ણયઃ ।**

**શ્રીભાગવતરૂપં ચ ત્રયં વચ્મિ યથામતિ ।।** (શા.પ્ર.૩ થી ૫)

આ ઉપરથી સમજી શકાય છે કે ભગવચ્છાસ્ત્ર–ભાગવત, ગીતા અને પંચરાત્રનું સર્વતઃ જ્ઞાન મેળવીને અને વારંવાર વિચારીને–દેવકીપુત્રે ગાયેલી ગીતા એજ એક શાસ્ત્ર છે, દેવકીપુત્ર શ્રીકૃષ્ણ એજ એક દેવ છે, તેનાં નામ એજ મન્ત્ર છે અને તેની સેવા એજ એક કર્મ છે, એમ સારી પેઠે સતત વિચારીને–મધ્યમાં વિરોધિજ્ઞાનનો નિરાસ કરીને–શાસ્ત્રાર્થપ્રકરણ, સર્વનિર્ણયપ્રકરણ અને ભાગવતાર્થપ્રકરણનું પ્રતિપાદન ઉક્ત તત્ત્વાર્થદીપનિબન્ધમાં કર્યું છે. આ રીતે સમ્પૂર્ણનિબન્ધ વેદમૂલક હોવાથી પ્રમાણ છે.

અન્તે પણ નિખિલવેદવાક્યો, રામાયણ અને મહાભારતસહિત પંચરાત્રો અને તત્ત્વસૂત્રોસહિત શાસ્ત્રવચનોવડે ઉક્ત નિબન્ધનું નિબન્ધન કર્યું એમ ઉપસંહારોક્ત શ્લોકથી જણાવ્યું છે. તત્ત્વાર્થદીપનિબન્ધમાં કરેલા શાસ્ત્રનિર્ણયો પણ ગમે તેવા પણ્ડિતે કર્યા નથી પણ સહૃદય પ્રભુએ જ કર્યા છે. કારણ કે **ઇત્યસ્યા હૃદયં લોકે નાન્યો મદ્વેદકશ્ચન** ઇત્યાદિ એકાદશસ્કન્ધોક્ત વાક્યો ઉપરથી જણાય છે કે વાણીના પતિ પ્રભુ વિના વેદનું હૃદય અન્ય કોઇ સમજી શકે તેમ નથી. આથી જ ઉપર જણાવેલાં શાસ્ત્રવચનો પ્રભુની વિભૂતિઓ દ્વારા પ્રકટ થયા છે. તે તે શાસ્ત્રોમાં તત્ત્વાર્થદીપનિબન્ધમાં જણાવેલા જ પદાર્થોનું નિરૂપણ છે. અતએવ નિબન્ધ વેદમૂલક હોવાથી જ પ્રમાણ છે. શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે માટે તત્ત્વદીપનિબન્ધ પ્રમાણ છે એમ નથી, પણ વેદમૂલક હોવાથી જ પ્રમાણ છે એમ આપશ્રી ડિમડિમ ઘોષ કરીને કહે છે, આ વાત ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે. એજ રીતે પોતે રચેલા અન્ય ગ્રન્થોનું પણ પ્રમાણ્ય તે તે સ્થલે જણાવે છે.

## પ્રામાણ્યનિર્ણય

તત્ત્વાર્થદીપનિબન્ધોક્ત પ્રમેયોનું સ્વરૂપ વેદાનુકૂલ હોવાથી અથવા તો એમ કહો કે વૈયાસદર્શનાનુસાર હોવાથી શ્રીમહાપ્રભુજીએ પ્રત્યેક વિષયોનો પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલભેદે વિશદ વિચાર કર્યો છે. તથાપિ જ્યારે આપણે શ્રીમહાપ્રભુજીના વાક્યોનું પ્રમાણ્ય સ્વીકારતા પહેલાં તે વાક્યો વેદાનુરોધી છે એમ સર્વતઃ વિચારપૂર્વક સ્વીકારીને જ પ્રકૃત વિચારમાં પ્રવૃત્ત થયા છીએ; ત્યારે સૌથી પ્રથમ સૂક્ષ્મરીતે વિચાર કરવો જોઇએ કે શ્રીમહાપ્રભુજીના મતમાં વેદાદિનું પ્રમાણ્ય કેટલું અને કેવી રીતે સ્વીકારાયું છે. **સતિ કુડ્યે ચિત્રમ્** એ ન્યાયે જ્યાં સુધી શ્રીમદ્વલ્લભાચાર્યજીની જ દષ્ટિએ પ્રમાણ્યનિર્ણય ન થાય અને સર્વપ્રમાણમૂર્ધન્યત્વે વેદ જ પ્રમાણ છે એમ સિદ્ધ ન થાય, ત્યાં સુધી આપશ્રીનું મન્તવ્ય સર્વથા વેદાનુકૂલ હોવાથી પ્રમાણ છે એમ સિદ્ધ ન થાય, ત્યાં સુધી આપશ્રીનું મન્તવ્ય સર્વથા વેદાનુકૂલ હોવાથી પ્રમાણ છે એમ કહેવામાં કાંઇપણ અર્થ સરે તેમ નથી.

**પ્રત્યક્ષાદિ**થી વિરુદ્ધ હોવા છતાં કેવલ વેદમાં કહ્યું છે માટે જ અમુક પદાર્થને અમુક રીતે જ સ્વીકારવો એમ કહેવાનું પ્રયોજન શું ? જે વસ્તુ પ્રત્યક્ષથી ન થતું હોય **અર્થાપત્તિથી** વેગળે હોય, **એતિહ્ય**નો જ્યાં પ્રવેશ ન હોય કે **યોગ્યતાની ઉપલબ્ધિતા કે અનુપલબ્ધિ** તો પ્રસર ન હોય ત્યાં **શબ્દ**ને જ પ્રમાણત્વે સ્વીકારવાનું કારણ શું ? તેમાં યે ઈતર **આપ્તજન** કથિત શબ્દને પ્રમાણ ન માનતાં કેવલ **વેદ** ઉપર જ સર્વ પ્રકારે પ્રમાણ્યવલમ્બન કરવાનું પ્રયોજન શું ? ઈત્યાદિ **પ્રામાણ્યનિર્ણય** કર્યા પછી જ તત્ત્વાર્થદીપનિબન્ધોક્ત વસ્તુના વિચારમાં પ્રવૃત્ત થઈશું.

ન્યાયદર્શનના વાત્સ્યાયન ભાષ્યની પ્રસ્તાવનામાં (૧-૧-૧) **પ્રમાતા યેનાર્થં પ્રમિણોતિ તત્** (પ્રમાણમ્) એમ વ્યુત્પત્તિ કરીને કરણાર્થક પ્રમાણશબ્દ સ્વીકારી નિર્ણય કરે છે. અર્થાત્ જેવડે કરીને જ્ઞાન થાય તે પ્રમાણ કહેવાય. પ્રમાણનો સ્વભાવ એવો છે કે વિદ્યમાન પદાર્થનો પ્રકાશ કરનાર વસ્તુ ન હોવા છતાં પણ તેનો પ્રકાશ કરે છે. (વાત્સ્યાયન ભાષ્ય ૧-૧-૧ પ્રસ્તાવના) પ્રમાણનું લક્ષણ **પ્રમાણત્વ.** પ્રમાણત્વ એટલે તે પ્રકારના ધર્મયુક્ત પદાર્થમાં (વિષય-વિષયિત્વ સમ્બન્ધે, વિશેષણ-વિશેષ્યત્વ સમ્બન્ધે, આધારાધેયત્વ સમ્બન્ધે કે ગમે તે સમ્બન્ધે પણ; કિન્તુ મુખ્યત્વે વિષય-વિષયિત્વ સમ્બન્ધે જ.) તે પ્રકારના ધર્મરૂપે પ્રકર્ષવિશિષ્ટ-જ્ઞાનનું કરણત્વ. **તદ્વતિ તત્પ્રકારત્વરૂપપ્રકર્ષાવિશિષ્ટજ્ઞાનકરણત્વમ્** (ગૌતમસૂત્ર વૃત્તિ ૧-૧-૩)

અથવા **''પ્રમાણ''** શબ્દની વિશદ વ્યાખ્યા કરવી હોય તો **અનુભવત્વવ્યાપ્યજાત્યવચ્છિન્નપ્રમાવૃત્તિકાર્યતાનિરૂપિતકારણાતાશાલિત્વે સતિ વ્યાપારવત્ત્વમ્** (તર્કપ્રકાશિકા) અનુભવમાં (સર્વજ યથાર્થ અનુભવોમાં) કાર્યકારણભાવનો બોધ કરાવનાર કરણ-વ્યાપર-એટલે જ પ્રમાણ એમ નિષ્કર્ષ સમજવો.

અથવા ''પ્રમાણ'' એટલે ન જાણેલા પદાર્થનો અનુભવ કરાવવામાં જે કારણત્વે ઉપસ્થિત થાય તે (**અનધિગતાર્થકાનુભવકારણત્વમ્** કુસુમાંજલિ ટીકા અને તર્કપ્રકાશિકા શિતિકણ્ઠી). **વર્ધમાનોપાધ્યાય** એજ અર્થને પરિષ્કૃત-વિશદ-કરીને એવી વ્યાખ્યા કરે છે કે - **સ્વસમાનાધિકરણસ્વાવ્યવહિતપૂર્વવર્તિ-સ્વસમાનાકારનિશ્ચયવિષય-કેતરતદ્વદ્વિશેષ્યકતત્પ્રકારકાનુભવકારણત્વમ્** પરંતુ આ પ્રકારની વ્યાખ્યાઓ અવિરુદ્ધ હોવા છતાં શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તમાં સ્વીકૃત તો નથી જ. યદ્યપિ **અનધિગતાર્થગન્તૃત્વં પ્રમાણત્વમ્** એવું મીમાંસકોક્ત પ્રમાણલક્ષણ સમ્પ્રદાયમાં પણ અનેકત્ર સ્વીકારેલું જોવામાં આવે છે, તથાપિ તે લક્ષણ સર્વથા **અનધિગતાર્થગન્તૃત્વમ્** એ લક્ષણ

શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તથી વિશેષ વિરુદ્ધ નથી; તેથી જ સામ્પ્રદાયિક ગ્રન્થોમાં તેનો ઉલ્લેખ મળી આવે છે. વાસ્તવિક રીતે તો પ્રમાણ શબ્દને ભાવવ્યુત્પન્ન સ્વીકારીએ તો **અબાધિતજ્ઞાનં** કે **બાધયોગ્યવ્યતિરિક્તજ્ઞાનં પ્રમાણમ્** એ જ લક્ષણ સ્વીકારવું પડશે; અને જો **કરણવ્યુત્પન્ન** સ્વીકારીએ તો **અબાધિતજ્ઞાનજનકત્વમ્** અથવા **બાધયોગ્યવ્યતિરિક્તજ્ઞાનજનકત્વં પ્રમાણત્વમ્** એજ લક્ષણ નિર્દુષ્ટ કહેવાય. આ વિષયનો સુસ્પષ્ટ વિચાર પણ્ડિતેન્દ્ર ગો.શ્રીમત્પુરુષોત્તમજી મહારાજે પ્રસ્થાનરત્નાકરમાં કર્યો છે જ. તથાપિ પ્રસ્તુત વિષયને ઉપયોગી દિઙ્માત્રદર્શન અત્રાપિ આવશ્યક છે.

અબાધિતજ્ઞાન - પ્રમા-ભગવલ્લીલાની પેઠે દશવિધ છે. તૃતીયસ્કન્ધના ચતુર્થાધ્યાયમાં **અથ તે તદનુજ્ઞાતાઃ** આ પ્રથમ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં જ્ઞાનની અનન્તતા જણાવીને તેની ભગવદ્રૂપતા સિદ્ધ કરી આપી છે. **સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ** આ તૈત્તરિય શ્રુતિમાં અબાધિત (સત્યસ્વરૂપ) જ્ઞાનરૂપ અનન્તતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે (અબાધિતજ્ઞાન અથવા તો પ્રમા) અનન્ત હોવા છતાં ભગવલ્લીલાની પેઠે તેનું દશધા નિરૂપણ કરવું શકય છે. (૧) આશ્રયરૂપ, (૨) મુખ્ય (૩) અવિકૃત (૪) સર્વોપાસ્ય (૫) સર્વાત્મભૂત (૬-૯) પ્રમાતાને વિષે અન્ત-કરણત્વે ચતુર્ધા અને (૧૦) પ્રમાતાને વિષે ઈન્દ્રિયત્વે. જ્ઞાનના દશવિધત્વનું વિસ્તૃત વિવરણ તૃતીયસ્કન્ધ સુબોધિનીજી તત્પ્રકાશ અને પ્રસ્થાનરત્નાકરમાં છે. અમે પણ ''પ્રમાણ્યવાદ'' મથાળાવાળા લેખમાં વિચાર કરીશું. તેથી, અત્ર વિસ્તારભયથી, અને ઈતરત્ર વક્ષ્યમાણ હોવાથી, આટલેથી જ વિરામ પામીએ તો તે અયુક્ત નથી.

તત્ત્વાર્થદીપનિબન્ધમાં અલૌકિક એવા અનધિગત પદાર્થોનું વિવેચન કરવા માટે શબ્દરૂપ વેદનું જ પ્રામાણ્ય સાધવાનું છે. અતએવ શ્રીમદાચાર્યચરણ, સર્વનિરપેક્ષ વેદનું પ્રામાણ્ય સ્વીકારતાં આજ્ઞા કરે છે કે - **શબ્દ એવ પ્રમાણમ્, તત્રાપ્યલૌકિકમેવ, તત્સ્વતઃસિદ્ધભાવં પ્રમાણં વેદાઃ, સર્વ એવ કાણ્ડદ્વયસ્થિતાઃ, અર્થવાદાદિરૂપા અપિ ।** (શા.પ્ર. પ્રકાશ શ્લો.૭).

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે **તન્ત્રાન્તરવત્ શબ્દવેન** વેદનું પ્રામાણ્ય સ્વીકારવાનું નથી, પ્રત્યુત અલૌકિક જ્ઞાપક શબ્દત્વેન. પૂર્વમીમાંસામાં ઔત્પત્તિક. સૂત્રમાં તર્કવાદના આરમ્ભમાં જ તેનો નિર્ણય કરેલો છે. આ પૂર્વમીમાંસોક્ત નિર્ણય અને તત્રત્ય શબરસ્વામીના ભાષ્યનો આધાર લઈને શ્રીમત્પુરુષોત્તમચરણ વેદનું પ્રમાણ્ય આવરણભંગમાં સાધી આપે છે. પ્રસ્થાનરત્નાકરમાં પણ -

**તન્મૂર્દ્ધન્યો વેદ એવ હિ ।।**

**અર્થેન નિત્યસમ્બન્ધાત્તજ્જ્ઞાનાવ્યભિચારતઃ ।**

**લોકાનધિગતાર્થસ્ય જ્ઞાપકત્વાન્ન લોકતઃ ।।**

**તદર્થાવગતેર્બાધસ્તેન મૂર્દ્ધન્યતાઽસ્ય વૈ ।।**

ઈત્યાદિ કારિકાવડે વેદનું સર્વપ્રમાણમૂર્દ્ધન્ય પ્રામાણ્ય સ્વીકારે છે.

**બાધયોગ્યવ્યતિરિક્ત** જ્ઞાનને ઉત્પન્ન કરી શકે તેવું સત્ત્વ, યોગાદિથી યે હોઈ શકે, છતાં વેદનું જ સર્વપ્રમાણમૂર્દ્ધન્ય પ્રમાણ્ય સ્વીકારવામાં શો લાભ ? એમ શંકા કરીને યોગાદિ પણ વેદમૂલક હોવાથી તેમ બની શકે. જો વેદમૂલક ન હોય તો અપ્રમાણ ઠરે. **વિદૂરકાષ્ઠાય મુહુઃ કુયોગિનામ્** ઈત્યાદિ ભાગવતીય વાક્યોમાં કુયોગિની નિન્દા શ્રવણ થાય છે. યોગીઓ-ઋષિઓને પણ પરસ્પર વિપ્રતિપત્તિ થતી દેખાય છે, આથી **વેદ જ પ્રમાણ છે.** વેદ આપ્તોપદેશરૂપ છે. આપ્ત એટલે યથાસ્થિત અર્થ કહેનાર. તે આપ્ત પણ લૌકિક અને અલૌકિક ભેદે બે પ્રકારનો છે. અલૌકિક આપ્ત ઋષિઓથી આરમ્ભીને ઈશ્વર પર્યન્ત છે. તેમના આપ્તત્વમાં ઉત્તરોત્તર આધિક્ય હોવાથી પરમ આપ્તત્વ ઈશ્વરમાં જ પર્યવસાન પામે છે. તે ઈશ્વરના ઉપદેશરૂપે વેદ અનપેક્ષ્ય પ્રમાણ છે. નિઃશ્વસિત હોવાથી ભગવદ્રૂપ છે. નિત્ય હોવાથી સર્વપ્રમાણ્યમૂર્દ્ધન્ય છે.

યદ્યપિ મતાન્તરમાં યે આ પ્રકારે જ કે થોડા ફેરફાર સાથે વેદનું પ્રમાણ્ય સર્વમૂર્દ્ધન્ય છે, એમ સ્વીકારવામાં આવ્યું છે; તથાપિ કોઈના મતમાં અન્તતો ગત્વા વેદ પણ માયિક બની જાય છે, તો કોઈના મતમાં વેદમાં સવિશેષવિષયત્વ છે, કોઈના મતમાં અર્થવેદાદિનું પ્રમાણ્ય વિધેયના ઉપોદ્બલકત્વે છે, સ્વાર્થમાં પ્રમાણ્ય નથી; જ્યારે શ્રીમહાપ્રભુજી વેદના અક્ષરે અક્ષરનું પ્રમાણ્ય સ્વીકારે છે. પછી કુમારિલભટ્ટની દલીલો સૌથી ચઢિયાતી હોય, ઉદયન વેદને અનિત્ય માની પણ ઈશ્વરસિદ્ધિ કરી આપે અને વેદરક્ષાનું માન શંકરાચાર્યજી ખાટી જાય કે પૂર્વોત્તરમીમાંસાનું ઐક્ય સાધવા માટે રામાનુજાચાર્યજી આકાશપાતાલ એક કરે. **વેદાઃ પ્રમાણીમ્** એમ ડિમડિમ નાદ કરનાર અને તેનું અક્ષરશઃ પાલન કરનાર, જે ધાતુ-શબ્દો-નો ઉપદેશમાં જે રીતે ઉપયોગ થયો હોય તેવો જ અર્થ સ્વીકારનાર, જહત્સ્વાર્થલક્ષણનો ત્યાગ કરનાર, અર્થવાદાદિ (આદિશબ્દથી મન્ત્ર નામધેય નિષેધ)નું યે સ્વાર્થમાં પ્રમાણ્ય સ્વીકારનાર, પૂર્વોત્તરકાણ્ડ પ્રતિપાદ્ય રસાત્મક આનન્દૈકવિગ્રહ પૂર્ણપુરુષોત્તમ જ છે એમ સિદ્ધ કરી આપવું અને અગ્નિહોત્રાદિ-સાધ્યસાધન સમેત-ભગવદ્રૂપ છે એમ સિદ્ધ કરીને તાદશ કૃતિ કરી બતાવનાર, વૈદિક

ધર્મોનું સ્વસમ્પ્રદાયમાં વાસ્તવિક સ્વરૂપજ્ઞાનપુરઃસર અદ્યાવધિ અવિચ્છિન્ન પાલન ઇત્યાદિ કાર્યો શ્રીવલ્લભાચાર્યજીએ કર્યાં છે; કોઈ ઈતરે કર્યાં નથી. હવે પછી કરી શકશે તેમાં સન્દેહ છે.

પ્રકૃતમાં યે વેદનું નિરપેક્ષ પ્રામાણ્ય સ્વીકારીને, સન્દેહ નિવૃત્ત્યર્થ શ્રીકૃષ્ણવાક્યો, (ગીતાજી કે જેમાં વૈદિક તત્ત્વોનું જ રહસ્ય સમજાવ્યું છે), વ્યાસસૂત્રો (જૈમિની સૂત્રો પણ ઉભયમાં વૈદિક વાક્યોનો જ વિચાર છે.) અને શ્રીમદ્ભાગવત (જે પ્રભુની રસાત્મકતા સિદ્ધ કરી આપે છે અને નિત્ય લીલાનો બોધ કરાવે છે)નું પ્રામાણ્ય સ્વીકાર્યું છે. વાસ્તવિક રીતે તો વેદને જ અક્ષરશઃ પ્રમાણત્વે સ્વીકારવામાં આવ્યો છે. ગમે તેમ ઉછૃઙ્ખલ વૃત્તિથી વેદના અર્થોનો વિપર્યય ન થાય. તદર્થ શઙ્કાની નિવૃત્તિ અન્ય ત્રણ પરમ આપ્તોપદેશરૂપ પ્રમાણોથી કરવી. અર્થાત્ જ અલૌકિકજ્ઞાપકપરમાપ્તોપદેશ જ પ્રામાણ્યકક્ષામાં અધિરૂઢ થાય છે, પ્રત્યક્ષાદિમાં બાધપ્રસક્તિ થાય છે, આ વિષયોનો વિચાર તન્ત્રાન્તરમાં છે. અમે પણ **પ્રમાણ્યવાદ** શીર્ષક લેખમાં તદ્વિચારાર્થે પ્રયાસ આદર્યો છે.

સ્મૃતિઓ અને પુરાણોની પણ એકવાક્યતા ઉપરિતન પ્રમાણથી કરી શકાય છે. અર્થાત્ વેદાનુકૂલ સર્વ જ વાઙ્મય પ્રમાણ છે અને તદ્વિરુદ્ધ અપ્રમાણ છે. માત્ર વેદાનુકૂલ છે કે નહિ તેની પરીક્ષા ગીતા-વ્યાસસૂત્ર-ભાગવતથી કરી લેવી. મોહકશાસ્ત્રો ભગવન્માર્ગ સાધક નથી.

## પરિભાષા

વેદાન્તમાં બ્રહ્મ, સ્મૃતિઓમાં પરમાત્મા અને ભાગવતમાં ભગવાન શબ્દથી પરમતત્ત્વનો બોધ કરાવ્યો છે, તેથી શ્રીમદાચાર્યચરણ તે તે પ્રકારના ત્રિવિધ વિચારમાં બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન્ શબ્દનો જ પ્રયોગ કરે છે.

દુર્ગા, ગણપતિ, શિવ ઈત્યાદિની ઉપાસનાના પ્રકારો પણ શાસ્ત્રોમાં મળે છે, તે સર્વ પ્રભુના જ જુદાં જુદાં રૂપો છે. **મૂલરૂપ તો શ્રીકૃષ્ણ જ છે** માટે શ્રીકૃષ્ણનું સેવન કરવું. જ્ઞાનમાં સાત્ત્વિકી મુક્તિ પ્રાપ્ત થાય છે કે જીવન્મુક્તિ પણ પ્રાપ્ત થાય ? પરન્તુ જ્ઞાની હોવા છતાં જો શ્રીકૃષ્ણને ભજે તો તેથી અધિક પર કોઈ નથી.

## ત્રિવિધ નિષ્ઠા

જ્ઞાનનિષ્ઠા ત્યારે જાણવી કે જ્યારે સર્વજ્ઞતા પ્રાપ્ત થાય, કર્મનિષ્ઠા ત્યારે સમજવી કે જ્યારે ચિત્તપ્રસાદ થાય અને ભક્તનિષ્ઠા ત્યારે કહી શકાય કે જ્યારે આનન્દૈકવિગ્રહ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય. આ પ્રકારે શુદ્ધ બ્રહ્મવાદનું પ્રતિપાદન કરે તે જ બ્રહ્મવાદી કહેવાય. આ

પ્રકારે શુદ્ધ વૈદિકમતને જાણ્યા વિના મતાન્તરમાં શુદ્ધ ભાગવતજનને મોહ ન થાય તદર્થ શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં સર્વ જ વૈદિક તત્ત્વોનું નિરૂપણ કરે છે. આ રીતે પચીસ શ્લોકમાં ઉપોદ્ઘાતરૂપે આવશ્યક વસ્તુનો વિચાર કરવામાં આવ્યો છે.

## જગત્‌નું સ્વરૂપ

જ્યાંસુધી જડ, જીવ અને અન્તર્યામીનો બોધ ન થાય ત્યાં સુધી રસાત્મક પ્રભુની અભિવ્યક્તિ થતી નથી. અતએવ પ્રસંગ પ્રાપ્ત જગતનું સ્વરૂપ છવીશમાં શ્લોકથી આરમ્ભીને કરે છે. પ્રપંચ ભગવાનનું કાર્ય છે. તે પ્રાકૃત-પ્રકૃતિનું કાર્ય નથી, પરમાણુજન્ય નથી, વિવર્તાત્મા-મિથ્યા-નથી કે અદષ્ટાદિદ્વારા પણ ઉત્પન્ન થયો નથી; તે અસત્‌થી સત્તા નથી, કિન્તુ પ્રભુનું કાર્ય છે, પરમકાષ્ઠાપન્ન વસ્તુની કૃતિથી સાધ્ય છે. તેવો પ્રપંચ જ ભગવદ્રૂપ છે. જો તેમ ન હોય તો અસત્‌ની સત્તાનું-પ્રતિપાદન થાય. પરન્તુ તેનું ખણ્ડન વૈનાશિકપ્રક્રિયાના નિરાકરણમાં આવી જાય છે. માયા પ્રભુની એક સર્વભવનરૂપા શક્તિ છે, તે પ્રભુમાં જ સ્થિતિ કરે છે. તે માયાવડે પ્રભુએ સ્વાત્મરૂપ પ્રપંચને પ્રકટ કર્યો છે. અત્ર પ્રપંચ શબ્દ જગદ્‌વાચક છે, સંસારવાચક નથી. પ્રભુની એક શક્તિ અવિદ્યા પણ છે. તે અવિદ્યાવડે જીવનો સંસાર કહેવાય છે. જીવને અહંતા મમતા બંધાય છે. તે જ સંસાર છે. સંસાર કહેવાય છે, તે ઉત્પન્ન થતો નથી. જીવને **ગુહાં પ્રવિષ્ટાવાત્માનૌ હિ તદ્દર્શનાત્** (વ્યા.સૂ.૧-૨-૧૧) ઈત્યાદિન્યાયે ભગવદિચ્છયા ભગવદ્‌ગુણોનો તિરોભાવ થતાં અવિદ્યાસમ્બન્ધ થાય છે. તેથી તેને અહંમમત્વ બુદ્ધિ થતાં સંસાર કહેવાય છે. સંસાર અવિદ્યાના સમ્બન્ધને લીધે હોવાથી તે મિથ્યા છે; પણ પ્રપંચ તો ભગવત્કાર્ય હોવાથી - અરે, માયાશક્તિવડે ભગવાન જ પ્રપંચરૂપ થયેલા હોવાથી તે સત્ય જ છે. **સ વૈ નૈવ રેમે** ઈત્યાદિ વાક્યમાં પ્રપંચનાનો વિસ્તારનું કે આવિર્ભાવનું કારણ સૂચવે છે. મુક્તાવસ્થામાં સંસારનો લય થાય છે, પણ પ્રપંચ લય થતો નથી. શ્રીકૃષ્ણની આત્મરતિને વિષે લય થતો હોવાથી, તે લય સર્વસુખાવહ છે.

## જીવનું સ્વરૂપ


શાસ્ત્રાર્થ પ્રકરણના ત્રીસમાં અને એકત્રીસમાં શ્લોકમાં જીવનું સ્વરૂપ દર્શાવ્યું છે. **બહુ સ્યાં પ્રજાયેય** ઈત્યાદિ શ્રુતિસિદ્ધ ભગવદિચ્છાથી અગ્નિમાંથી જેમ વિસ્ફુલિંગ-તણખાં-પ્રકટ થાય, તેમ આકાશવદ્ વ્યાપક અને માયાંશવેષ્ટિત બ્રહ્મ સર્વતઃ શ્રીહસ્ત, ચરણારવિન્દ, શ્રીમસ્તક અને નેત્રયુક્ત હોવા છતાં, એ અનન્તમૂર્તિ બ્રહ્મ અવિભક્ત સ્વરૂપને પણ ઈચ્છાશક્તિથી વિભક્તિમત્ બનાવીને અંશરૂપે જીવોને પ્રકટ કરે છે. સૃષ્ટિની

આદિમાં સર્વ જીવો વિસ્ફુલિંગન્યાયે જ પ્રકટ થયા છે. તેમાં કારણત્વે બ્રહ્મની ઈચ્છા જ છે.

પ્રભુના ચિદંશથી જીવ પ્રકટ થયા, સદંશથી જડ અને આનન્દાંશથી અન્તર્યામી આ રીતે સત્, ચિત્ અને આનન્દાંશથી જડ, જીવ અને અન્તર્યામીના પ્રાકટ્યનો ક્રમ જણાવ્યો છે.

## વિદ્યા અને અવિદ્યા

વિદ્યા અને અવિદ્યા એ બન્ને પ્રભુની શક્તિઓ જ છે, એ બન્ને માયાને સ્વાધીન છે. તેથી જ વિદ્યા અને અવિદ્યા એ બન્ને જીવમાં જ હોય છે. કારણ કે જીવને જ દુઃખિત્વ અને અનીશિતા છે. અવિદ્યાવડે જીવ બદ્ધ થાય છે એન સંસારને પ્રાપ્ત થાય છે. જ્યારે વિદ્યાથી ભગવત્સાક્ષાત્કાર થતાં પ્રભુમાં પ્રવેશ થાય છે. વિદ્યા અને અવિદ્યાના ભેદ નીચે મુજબ પાડી શકાય.




અવિદ્યા અને વિદ્યાનું સ્વરૂપ જાણ્યું હોય તો અવિદ્યાનો વિદ્યા વડે નાશ કરી શકાય. વિદ્યાવડે અવિદ્યાનો નાશ થતાં જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે. દેહેન્દ્રિય પ્રાણાન્તઃકરણનો અધ્યાસ નિવૃત્ત થતાં સ્વસ્વરૂપનું જ્ઞાન માત્ર થાય છે, નહિ કે દેહેન્દ્રિયાદિકનો લય. જ્યારે આસન્ય પ્રાણની ઉપાસના કરવામાં આવે કે ભગવત્સેવામાં થાય ત્યારે તે તે ઈન્દ્રિયોની દેવતારૂપ તે તે ઈન્દ્રિયો થઈ જાય છે. અને પોતાને પણ બ્રહ્મભાવ થતા લય થાય છે. જ્યારે આનન્દાંશનો પ્રકાશ થાય ત્યારે બ્રહ્મભાવ થાય છે. એવા ભક્તને સાયુજ્ય થાય-અલક, કૌસ્તુભાદિ રૂપે સ્થિત થાય, અથવા અક્ષરસાયુજ્ય પણ થાય. આનન્દાંશના પ્રકાશમાં હરિસેવા જ સાધન છે. જો પ્રભુને બ્રહ્મભાવ કે

સાયુજ્યના દાનની ઈચ્છા હોય તો જ આપે. અન્યથા જીવ સંઘાતમાં ગમન કરે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે જડ જીવાત્મક સૃષ્ટિ પ્રભુ પોતે જ ઉત્પન્ન કરે છે. તે જ આ સૃષ્ટિનું અભિન્નનિમિત્તોપાદાનકારણ છે.

## પ્રકારાન્તરે સૃષ્ટિક્રમ

યદ્યપિ નિરુપાધિક પરબ્રહ્મ જ સર્વનું એકમાત્ર કારણ છે તથાપિ સાક્ષાત્ પરમ્પરાદિભેદે પ્રકારાન્તરે પણ સૃષ્ટિક્રમ છે જ. (૧) કદાચિત સાક્ષાત્ પ્રભુ સૃષ્ટિ ઉત્પન્ન કરે, (૨) કદાચિત પુરુષદ્વારા સૃષ્ટિ ઉત્પન્ન કરે, (૩) કોઈક વેળા આત્માથી આકાશાદિક્રમે સૃષ્ટિ ઉત્પન્ન કરે, (૪) કોઈક વેળા પ્રભુ પોતે જ સર્વ સૃષ્ટિરૂપે પ્રકટ થાય અને (૫) કોઈકવાર ઈન્દ્રજાલની પેઠે સર્વ માયાથી પણ સર્જે. પ્રભુ અચિન્ત્ય અને અનન્તશક્તિ ધરાવે છે, તે ગમે તે પ્રકારે સૃષ્ટિ ઉત્પન્ન કરે તો પણ સર્વ જ પ્રકારો ઉત્પન્ન થાય અને આથી જ સૃષ્ટિના શ્રુતિઓમાં અનેક પ્રકારો વર્ણવ્યા છે. એ તો પ્રભુનું માહાત્મ્ય છે. તે માહાત્મ્યનું શ્રુતિઓ યથાકથંચિત્ તેમનાથી જેમ બન્યું હોય તેમ વર્ણવ્યું, વસ્તુતઃ તેથીયે અધિક માહાત્મ્ય પ્રભુમાં હોઈ શકે. પ્રભુનું ભજન સિદ્ધ થાય તે માટે **તત્ત્વમસિ** ઈત્યાદિ વાક્યો પણ પ્રવૃત્ત થાય છે.

## ભક્તિનું સ્વરૂપલક્ષણ

આથી જ પંચરાત્રાદિમાં **''માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ હોય તે જ ભક્તિ કહેવાય** અને તેથી જ (ભક્તિથી જ) મુક્તિ છે, બીજી રીતે નથી એમ વર્ણવ્યું છે. **કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવઃ ખગા મૃગાઃ** ઈત્યાદિ શ્રીમદ્ભાગવતોક્ત વાક્યમાં ''ભાવ'' શબ્દનો અર્થ ભક્તિ જ થાય છે. ભાવ એટલે દેવાદિવિષયિણી રતિ. રતિ શબ્દનો અર્થ છે સ્નેહ અને આથી જ **સા પરાનુરક્તિરીશ્વરે** ઈત્યાદિ સૂત્રોમાં શાણ્ડિલ્યાદિ મહર્ષિઓ પ્રભુમાં નિરતિશય સ્નેહને જ ''ભક્તિ'' એ નામથી ઓળખાવે છે. સ્નેહ માહાત્મ્યજ્ઞાનવિના સમ્ભવતો નથી. માહાત્મ્ય એટલે મહિમા કે મોટાપણું એવો કેવલ લોકમાં પ્રચલિત અર્થ જ લેવામાં આવે અને તેનો ઊંડો વિચાર જો ન થાય તો સોપધિપ્રેમ પણ ભક્તિશબ્દથી ઓળખાશે. વાસ્તવિક રીતે તો નિરુપધિસ્નેહ જ ભક્તિ છે. ''માહાત્મ્યજ્ઞાન'' શબ્દનો ઊંડો વિચાર કરતાં એમ ફલિત થાય છે, કે મહાન્=આત્મા, તેનો જે ભાવ=**એતદાત્મ્યમિદં** ઈત્યાદિ શ્રુતિસિદ્ધ તાદાત્મ્યપ્રકાર તે માહાત્મ્ય, તેનું જ્ઞાન તે માહાત્મ્યજ્ઞાન, તત્પૂર્વક જે સ્નેહ તે ભક્તિ. આ પ્રકારે વિચાર કરતાં નિરુપધિ પ્રેમ જ ફલિત થાય છે. અત્રે આ વિષય ઉપર વિસ્તાર કરવો એ પ્રસંગને અનુકૂલ

નથી. જિજ્ઞાસુઓએ શ્રીહરિરાયજીકૃત બ્રહ્મવાદાદિ ગ્રન્થોમાંથી જોઇ લેવો. પ્રસંગાનુસાર અમે પણ કોઈવાર વિજ્ઞ વૈષ્ણવો સમક્ષ અમારા વિચાર રજૂ કરીશું.

**માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ** ઈત્યાદિ કારિકાનો ઉપક્ષેપ કરીને શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપનિબન્ધમાં એમ નિર્ણય કરી આપ્યો છે કે કાર્યાદિનિરૂપક અને આત્મનિરૂપક એમ સર્વ જ પ્રકારની શ્રુતિઓનું તાત્પર્ય ભક્તિમાં જ છે.

## સર્વ શ્રુતિઓની એકવાક્યતા

**માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ** પર્યન્તની પિસ્તાળીશ કારિકાઓનો વિચાર કરતાં કેટલીક શ્રુતિઓની એકવાક્યતા સાધી શકાય તેમ છે. પરન્તુ ઉપાસ્ય નિરૂપિકા શ્રુતિઓનું તાત્પર્ય ભક્તિમાં ન હોવાથી સર્વશ્રુતિઓની એકવાક્યતા સાધી શકાય તેમ નથી, એ શંકાનો ઉદય ન થાય તે માટે પ્રભુના પૃથક્ સ્વરૂપોનો સંગ્રહ કરતા બે શ્લોકો શાસ્ત્રાર્થપ્રકરણમાં જ ઉપલબ્ધ થાય છે, તે નીચે મુજબ છે –

**પંચાત્મકઃ સ ભગવાન્ દ્વિષડાત્મકોઽભૂત્પંચદયીશતસહસ્રપરામિતશ્ચ ।**
**એકઃ સમોઽપ્યખિલદોષસમુજ્ઝિતોઽપિ સર્વત્ર પૂર્ણગુણકોઽપિ બહૂમપોઽભૂત્ ।।૪૬।।**
**નિર્દોષપૂર્ણગુણવિગ્રહ આત્મતન્ત્રો નિશ્ચેતનાત્મકશરીરગુણૈશ્ચ હીનઃ ।**
**આનન્દમાત્રકરપાદમુખોદરાદિઃ સર્વત્ર ચ ત્રિવિધમેદવિવર્જિતાત્મા ।।૪૭।।**

પ્રભુ એક, સમ, અખિલ દોષરહિત અને સર્વત્ર જ પૂર્ણ ગુણવાળા હોવા છતાં પણ શ્રુતિમાં પંચાત્મક, દ્વાદશાત્મક, દશાત્મક અને અસંખ્ય રૂપવાળા છે એમ વર્ણન કરવામાં આવ્યું છે. તેમને અનેક ઉપમાઓ આપવામાં આવેલી હોવાથી તેવા પણ થયા – (થાય છે કે હોઈ શકે). પ્રભુ નિર્દોષ એવા સમ્પૂર્ણ ગુણો જેમાં વિદ્યમાન છે એવું શરીર ધારણ કરનારા છે, સ્વતન્ત્ર છે, અચેતનશરીર અને તેના ગુણોથી રહિત છે (અર્થાત્ અલૌકિક આનન્દમય શ્રીઅંગવાળા છે), આનન્દમાત્ર કરપાદમુખોદરાદિ છે અને સર્વત્ર જ જડ, જીવ અને અન્તર્યામી એવા ભેદથી પણ રહિત છે– કારણ કે તે સર્વનું જ કારણ પ્રભુ પોતે જ છે.

આ સંગ્રહ વાક્યો ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પ્રભુ આવા (બીજા શ્લોકમાં કહેલા અલૌકિક આકારવાળા હોવાથી સર્વ જ આકારનિરૂપિકા શ્રુતિઓ આ પ્રકારના જ આકારનું નિરૂપણ કરે છે. આ રીતે સર્વશ્રુતિઓની એકવાક્યતા થઇ શકે તેમ છે.

સાંગ્રહ વાક્યો ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પ્રભુ આવા (બીજા શ્લોકમાં કહેલા અલૌકિક આકારવાળા હોવાથી સર્વ જ આકારનિરૂપિકા શ્રુતિઓ આ પ્રકારના જ આકારનું

નિરૂપણ કરે છે. આ રીતે સર્વશ્રુતિઓની એકવાક્યતા થઈ શકે તેમ છે.

શ્રુતિઓમાં જણાવેલા પ્રભુના આકાર અને તે સર્વની એકવાક્યતા જો કે શ્રીમદાણુભાષ્ય અને શ્રીસુબોધિન્યાદિના અભ્યાસીને અજ્ઞાન નથી. તથાપિ સર્વસામાન્યને તેનું જ્ઞાન સુગમ થાય તદર્થ નીચેનું કોષ્ઠક મૂક્યું છે. તે ઉપરથી શ્રુતિઓની એકવાક્યતા સમજી શકાશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | પંચાત્મકત્વ | ૧. (૧) અગ્નિહોત્ર, (૨) દર્શ, પૂર્ણમાસ, (૩) ચાતુર્માસ્ય, (૪) પશુ અને (૫) સોમ. | એક પ્રકાર |
| | | ૨. (૧) દેશ, (૨) કાલ, (૩) દ્રવ્ય, (૪) કર્તૃ અને (૫) મન્ત્રાત્મક | સાધનત્વે દ્વિતીય પ્રકાર |
| | | ૩. (૧) ઋક્, (૨) યજાુષ્, (૩) સામ, (૪) બ્રાહ્મણ અને (૫) ઉપનિષદરૂપે. | વેદત્વે તૃતીય પ્રકાર |
| | | ૪. (૧) પ્રાણ, (૨) અપાન, (૩) વ્યાન, (૪) ઉદાન અને (૫) સમાન એમ પંચ પ્રાણાત્મકત્વે. | ઉપનિષદુકત પ્રકારે |
| | | ૫. (૧) પૃથ્વી, (૨) જલ (૩) તેજ (૪) વાયુ અને (૫) આકાશ એમ પંચમહાભૂતત્વે. | સૃષ્ટિપ્રકારના વાક્યોના બલથી |
| | | ૬. (૧) શબ્દ (૨) સ્પર્શ (૩) રૂપ (૪) રસ અને (૫) ગન્ધ એમ પંચતન્માત્રાત્મકત્વે. | તૃતીયસ્કન્ધન્ધોકત પ્રકારે |
| | | ૭. (૧) ગાર્હપત્ય (૨) દક્ષિણાગ્નિ (૩) આહવનીય (૪) સ્માર્ત અને (૫) સભ્ય અગ્નિત્વે | પૂર્વકાણ્ડોકત પ્રકારે |
| | | અથવા અથ હય એતાનેવં પંચાગ્નીન્ વેદ ઈત્યાદિ શ્રુત્યક્ત પ્રકારે. | ઉત્તરકાણ્ડોકત પ્રકારે |
| | | ૮. દેહમાં (૧) ધ્યાનાર્થ પ્રાદેશમાત્ર (૨) આશ્રયાર્થ અંગુષ્ઠમાત્ર (૩) કર્મફલનિયામકત્વે જીવના સ્વામીરૂપે (૪) સુખ દાનાર્થે સર્વદેહસ્થિત આનન્દરૂપે અને (૫) ભ્રુકુટિસ્થ વૈશ્વાનરએમ પાંચ પ્રકારે. | ક્રમશઃ શ્રીમદ્ભાગવત-દ્વિતીય સ્કંધોકત, કાઠકોકત, છાંદોગ્યોકત પ્રકારે, છાંદોગ્ય એન જાબાલોકત પ્રકારે |
| ૨ | દ્વિષડાત્મકત્વ | ૧. દ્વાદશ સૂર્યાત્મકત્વે, (૧)ધાતા (૨) વિવસ્વાન્ (૩) અર્યમન્ (૪) પૂષન્ (૫) ત્વષ્ટ્ર (૬) સવિતૃ (૭) ભગ (૮) વિધાતૃ (૯) વરુણ (૧૦) મિત્ર (૧૧) ચક્ર અને (૧૨) ઉરુક્રમ | |
| | | ૨. દ્વાદશમાસ (ચૈત્રાદિ માસ પ્રસિદ્ધ છે.) (૩) દ્વાદશાગ્નિરૂપે (૪) અહીનાત્મક | દ્વાદશ અગ્નિ ક્વચિત્ પુરાણાદિમાં પ્રસિદ્ધ છે. અહીન-સોમયાગની આવૃત્તિરૂપ છે. |
| ૩* | પંચદ્વયી | ૧. પૂર્વાદિ દિગાત્મ ૨. જ્ઞાનકર્મેન્દ્રિયાત્મક ૩. લીલાત્મક ૪. અવતારાત્મક ઈત્યાદિ | સર્વત્ર પ્રસિદ્ધ છે. |
| ૪ | શત-સહસ્ર પરામિતત્વ | અમિતવિભૂતિરૂપત્વે એકત્વ, સમત્વ, અખિલદોષવિવર્જિતત્વ અને પૂર્ણગુણવિગ્રહત્વ | |

*ઉપર જણાવેલા ત્રણ પ્રકારોમાં એકત્વ, સમત્વ, અખિલદોષવિવર્જિતત્વ અને સર્વત્ર પૂર્ણગુણ વિગ્રહત્વ એમ ચાર ભેદ મેળવીએ તો સપ્તધા રૂપ થાય.

ઉપરના કોષ્ઠક મુજબ સઘળા ભગવત્સ્વરૂપનું જ વર્ણન છે. સર્વશ્રુતિઓનો સાર પ્રભુમાં હોવાથી એકવાક્યતા થઈ શકે છે.

## નિષ્કર્ષ

નિર્દોષ પૂર્ણગુણવિગ્રહ પ્રભુ છે, તે આત્મતન્ત્ર, સ્વતન્ત્ર છે, જડ શરીરથી હીન છે અને **આનન્દમાત્ર કરપાદમુખોદરાદિ** અલૌકિક શ્રીઅંગવાળા છે. તેમ જ ત્રિવિધ ભેદ (જડ, જીવ અને અન્તર્યામી) થી પણ વિવર્જિત છે. આ રીતે ભગત્સ્વરૂપનો નિર્ણય સંગ્રહશ્લોકથી કરીને સર્વ શાસ્ત્રોનો સમન્વય પ્રભુમાં કર્યો છે. એ પ્રકારના જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતાં કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

## પ્રેમભક્તિનું ફલ

**બ્રહ્માનન્દે પ્રવિષ્ટાનામ્** ઈત્યાદિ કારિકાથી પ્રારમ્ભ કરીને પ્રેમાત્મિકા ભક્તિનું ફલ દર્શાવ્યું છે. જ્યારે ભાગવતશાસ્ત્રમાં વિશ્વાસ થાય ત્યારે તે પ્રકારની ભક્તિનું ફલ પ્રાપ્ત થાય. જેનો બ્રહ્માનન્દમાં પ્રવેશ થયો હોય તેને સંઘાતના પરિત્યાગપૂર્વક બ્રહ્મમાં લય થતા સ્વરૂપાનન્દ કે સ્વરૂપવડે આનન્દાનુભવ થાય. કિન્તુ વ્રજભક્તતુલ્ય મહાભાગવત ભક્તોને સર્વેન્દ્રિયો અને અન્તઃકરણદ્વારા પણ આનન્દાનુભવ થાય છે. આથી જ ભગવદ્ભક્તોને જીવન્મુક્તિની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમ જ વિશેષ ફલદાયક નિવડે છે. ભક્તિમાર્ગીય સાધન અને ફલ એ બન્ને ઉત્કૃષ્ટ હોવા છતાં તેમાં સર્વનો પ્રવેશ થતો નથી તેનું કારણ એ છે કે ભગવચ્છાસ્ત્રવ્યતિરિક્ત શાસ્ત્રો જીવને મોહ પમાડનારા હોવાથી તેમના અવલોકનથી જીવને મોહ ઉત્પન્ન થતાં બુદ્ધિમાં કલ્મશ–મલિનતા ઉત્પન્ન કરે છે.

## જીવસ્વરૂપનિર્ણય

**જીવસ્ત્વારાગ્રમાત્રઃ** ઈત્યાદિ કારિકાથી આરમ્ભીને ચિત્સ્વરૂપનો વિચાર કરવામાં આવ્યો છે. ડાંગરના અગ્રભાગ જેવડો જીવ છે, ગન્ધની પેઠે ચૈતન્ય પણ પ્રસરણશીલ હોવાથી તે શરીરવ્યાપી છે. જ્યારે ભગવદાવેશ થાય, ત્યારે વ્યાપકત્વાદિ ભગવદ્ધર્મોનું પણ શ્રવણ થાય છે. આનન્દાંશની અભિવ્યક્તિ થતાં તેમાં કોટિબ્રહ્માણ્ડોની પ્રતીતિ પણ થાય છે. પ્રકાશક હોવાથી જ્યોતિઃપદનો પણ પ્રયોગ થયેલો દેખાય છે. તે કાંઈ પ્રાકૃતઃ ઈન્દ્રિયોથી ગ્રાહ્ય નથી. યોગથી કે દિવ્ય–ભગવદ્દૃષ્ટિથી તે પ્રકાશે છે. આ રીતે તેમાં આભાસ કે પ્રતિબિમ્બની કલ્પના કરી છે. શાંકરો જેમ મિથ્યાત્વ માટે આભાસ અને પ્રતિબિમ્બથી કલ્પના કરે છે તે પ્રકારની કલ્પના અયોગ્ય છે. (જુઓ આવરણભંગ) વાસ્તવિક પ્રતિબિમ્બત્વનો નિર્ણય **આનન્દાંશતિરોધાનાત્** ઈત્યાદિ કારિકામાં છે. ત્યાં

પરમતપરિહારપૂર્વક સમ્પૂર્ણ વિચાર કરવામાં આવ્યો છે. યુક્તિઓનો વિચાર જીવહાનિ ઇત્યાદિ કારિકામાં છે. **તત્ત્વમસિ** ઇત્યાદિ મહાવાક્યોનો વિચાર કરવા માટે **તત્ત્વમસ્યાદિવાક્યસ** ઇત્યાદિ કારિકા પ્રવૃત્ત થાય છે. ત્યાં સમ્પૂર્ણ યુક્તિઓનો નિરસનપૂર્વક નિર્ણય કર્યો છે. ઉપક્રમ અને ઉપસંહારનો વિચાર કર્યા વિના કોઈપણ વાક્યનો તાત્પર્યાર્થ કળી શકાતો નથી. અતએવ આ કારિકામાં ઉપક્રમ અને ઉપસંહારની એકવાક્યતાનો પણ વિચાર કરવામાં આવ્યો છે. અવિકૃત પરિણામવાદને અનુસરી જીવની અંશત્વે બ્રહ્મરૂપતા આ મહાવાક્યમાં છે એવો નિષ્કૃષ્ટાર્થ ઉપલબ્ધ થાય છે. આ ઉપદેશવાકય છે. **તત્ત્વમસિ** વાકયની પણ **આવૃત્તિરસકૃદુપદેશાત્** ઇત્યાદિ વ્યાસસૂત્રાનુરોધે આવૃત્તિ હોવાથી એતદાત્મ્યમિદં સર્વમ્ આ શ્રુતિમાં ભાગત્યાગલક્ષણાની જરૂર પડતી નથી. કિન્તુ સદંશે બ્રહ્મરૂપતા સ્વીકારવી પડે છે તેમ ચિદંશનો નિર્ણય કરવામાં પણ ભાગત્યાગલક્ષણાની જરૂર નથી. વળી **અતત્ત્વમ્સિ** એમ પદચ્છેદ કરવો પણ અયોગ્ય છે. કારણ કે તેવો પદચ્છેદ અવૈદિક હોવાથી તેથી વિદ્યાજનનની શક્તિનો લોપ થાય છે. બ્રહ્મ સર્વરૂપ હોવાથી જડ જીવના પૃથક્કરણપૂર્વક સર્વની બ્રહ્મતાનું નિરૂપણ ત્યાં છે. અલૌકિક વેદનું પ્રમેય પણ અલૌકિક જ હોય, તેથી તેમાં લૌકિક યુક્તિઓનો પ્રવેશ એ સર્વથા અયોગ્ય છે. અલૌકિક પ્રમેયનો લાભ તો તપથી, વૈદિકમુક્તિથી કે પ્રભુકૃપાથી જ થાય. તેથી વિદ્યાની પ્રાપ્તિ થતાં કોઈક કાલવિશેષમાં જીવને યથાર્થજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. **કં બ્રહ્મ ખં બ્રહ્મ** ઇત્યાદિ વાક્યોનું તાત્પર્ય આધુનિક જીવોને પ્રાપ્ત થતું નથી. સર્વજ્ઞત્વરૂપ લિંગ કે અલૌકિક તેજના ઉપદેશમાત્રથી બોધ થતો નથી, અને તેથી જ મુક્તિ પણ થતી નથી. અતએવ સ્વતન્ત્ર ભક્તિની પ્રાપ્તિ માટે કે સાયુજ્યાદિની પ્રાપ્તિ માટે ભજનની જ ખાસ આવશ્યકતા છે.

## બ્રહ્મસ્વરૂપનિર્ણય

**સચ્ચિદાનંદરૂપં તુ બ્રહ્મ વ્યાપકમવ્યયમ્** ઇત્યાદિ કારિકાથી પ્રારમ્ભીને **કર્તા સ્વતંત્ર એવ સ્યાત્સગુણત્વે વિરુધ્યતે** સુધીની કારિકાઓથી જડ અને જીવના સ્વરૂપનો નિર્ણય કર્યા પછી ક્રમપ્રાપ્ત બ્રહ્મસ્વરૂપનો નિર્ણય કરવામાં આવ્યો છે. સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મ છે, તે વ્યાપક છે, અવ્યય છે, સ્વતન્ત્ર છે, સર્વશક્તિ છે, સર્વજ્ઞ છે, પ્રાકૃતગુણવર્જિત છે, તેમાં સજાતીય-વિજાતીય અને સ્વગત (જડ, જીવ અને અન્તર્યામી) ના દ્વૈતની પ્રસક્તિ નથી, સત્યાદિ અપરિમિત ગુણોથી યુક્ત છે, સૃષ્ટિ-સ્થિતિ-પ્રલયકર્તૃરૂપ ગુણથી પણ યુક્ત છે, સર્વાધાર છે, માયાને વશમાં રાખનાર છે, આનન્દાકાર છે, અક્ષરથી ઉત્તમ-પર છે, પ્રપંચમાં દેખાતા પદાર્થોથી પણ વિલક્ષણ છે, જગત્નું સમવાયિ અને નિમિત્તકારણ

પણ તે જ છે. પ્રપંચમાં રમણ કરે છે. નિજસ્વરૂપમાં રમણ કરતી વેળા પ્રપંચને સંકેલી લે છે, સર્વભક્તિ અને સર્વપ્રકારોનો અર્થ ભગવાન્ જ છે, પ્રકૃતિ, પુરુષ અને કાલરૂપ પણ તે જ છે. અન્તર્યામિબ્રાહ્મણોક્ત સ્વરૂપ પણ તે જ છે, આ રીતે શ્રુતિમાં પ્રાપ્ત થતા સર્વ વાદોને અનવસર પ્રાપ્ત થાય છે તે સર્વથી એકવાક્યતા થાય છે. અર્થાત્ જ સર્વવાદાનવસરરૂપ પણ પ્રભુ જ છે અને નાના વાદને અનુરોધિ પણ તે જ છે. અનન્તમૂર્તિ છે, કૂટસ્થ ચલ જ છે, સર્વવિરુદ્ધર્માશ્રય છે, લૌકિક યુક્તિઓથી અગોચર છે. અવતારદિરૂપે આવિર્ભાવથી અને અવતારસમાપ્તિરૂપ તિરોભાવથી સર્વને નટવત્ મોહ પમાડી શકે છે. ઇન્દ્રિયોના સામર્થ્યથી તે અદશ્ય છે પણ સ્વેચ્છાથી તે દશ્ય પણ છે જ. જ્યારે શુદ્ધસત્ત્વ આનન્દરૂપમાં ફલિત થાય છે ત્યારે નીલમેઘરૂપે પ્રકાશે છે. ચારે યુગોમાં જુદા જુદા રૂપે પ્રકટ થાય છે. કાલાદિ પણ તેમાં પ્રતિબિમ્બિત થાય છે અથવા મેઘાદિથી રહિત આકાશમાં નીલિમાની પ્રતીતિ થાય છે. રૂપવાળા પદાર્થનું ગ્રહણ કરનારા ચક્ષુ આકાશમાં રૂપ ન હોવાથી દૂર જઈને ત્યાંથી પાછું ફરતાં નીલરૂપ જ જુએ છે, કિન્તુ ચક્ષુ તે પ્રકારના રૂપને સ્પર્શ કરતું નથી, તેમ બ્રહ્મ સ્વસ્વરૂપને જ પ્રકાશે છે (ચક્ષુ પણ સ્વકનીનિકાને જ આકાશમાંથી પરાવૃત્ત થતા જુએ છે). પ્રભુ આત્મરૂપે જ - સ્વસ્વરૂપને જ સૃષ્ટિને ઉત્પન્ન કરે છે તેથી **વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય** દોષ પણ લાગુ પડતો નથી. (વૈષમ્ય એટલે વિષમતા અને નૈર્ઘૃણ્ય એટલે નિર્દયતા) અથવા પ્રભુ કર્મસાપેક્ષ હોવાથી વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષથી પ્રસક્તિ થતી નથી. એ પ્રભુ જ જગત્કર્તા છે, છતાં સગુણ નથી. જે ગુણાભિમાની દેવો છે તે તેના અંશો હોવાથી સગુણ છે. પ્રભુ સ્વતન્ત્ર કર્તા છે. જો તે સગુણ હોય-ગુણને સ્વાધીન રહેનાર હોય-તો તેની સ્વતન્ત્રતાનો વિરોધ થાય.

## પરમતનિરાકરણ

આ રીતે બ્રહ્મસ્વરૂપનો નિર્ણય કરીને **કેચિદત્રાતિવિમલપ્રજ્ઞાઃ** ઇત્યાદિ કારિકાથી આરંભીને પરમતની સમીક્ષા કરવામાં આવી છે. કેટલાક મહાબુદ્ધિમાનો (?) શ્રુતિઓના ખરા અર્થનો બાધ કરીને પરબ્રહ્મ જગતનું કારણ નથી એમ પ્રતિપાદન કરે છે. જે અનાદિ અવિદ્યાથી બદ્ધ થયેલું બ્રહ્મ છે તે જ જગતનું કારણ છે. ચૈતન્યમાત્રનિષ્ઠાવિદ્યાથી જીવ પોતાને સંસારી માને છે. આ પ્રકારના વાક્યો બોલીને પ્રતારણા કરનારાઓની તો શ્રુતિને જ શરણ માનનારા વૈદિકો એ ઉપેક્ષા જ કરવી. કારણ કે જ્યાં શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ હોય, તે મત વૈદિકોને અગ્રાહ્ય છે. કલિયુગમાં તેનો મુખ્યત્વે આદર કરનારાઓને ખાસ કરીને તમસ્ જ ફલં છે.

જો એમ કહેવાતું હોય, કે જ્ઞાનથી અજ્ઞાનનો નાશ કરવા માટે એ લોકો આમ જગત્કારણતાનો નિષેધ કરીને અનાદિ-અવિદ્યા માને છે, તો તે પણ યોગ્ય નથી. કારણ કે જો વિદ્યા અને અવિદ્યાના સ્વરૂપનું જ જ્ઞાન થાય તો પણ અવિદ્યાની નિવૃત્તિ થઈ જાય છે. તે માટે જગત્‌ને અસત્ય ઠોકી બેસાડવાની જરૂર રહેતી નથી.

પુરાણોમાં જ્યાં જ્યાં જગત્‌ને માયિક કહેવામાં આવે છે, તે ઐન્દ્રજાલિકપક્ષનું નિરૂપણ કરવા માટે મતાન્તરનો જ ઉપન્યાસ છે. શ્રુતિમાં તો તેની વાત સરખી નથી. **વાચારમ્ભણં વિકારો નામધેયં મૃત્તિકેત્યેવ સત્યમ્** ઇત્યાદિ શ્રુતિઓ અને **તદન્યત્વમારમ્ભણશબ્દાદિભ્યઃ** ઇત્યાદિ સૂત્રોનો અર્થ મિથ્યા કરી શકાય નહિ. કારણ કે જગત્‌ને અસત્ય કહેનારાઓની અપેક્ષાએ વ્યાસ અને શ્રુતિવાક્યોનું ગૌરવ વિશેષ છે.

જો એમ કલ્પના કરવામાં આવે કે જ્ઞાન કરાવવા માટે સત્યત્વ પ્રતિપાદ સૃષ્ટ્યાદિકારિણી શ્રુતિ અર્થવાદ છે, તો એ યુક્તિ પણ અયુક્ત છે. કારણ કે જેમ પૂર્વકાણ્ડમાં વિધિવાક્ય અને અર્થવાદ વાક્યોની એકવાક્યતા થઈ શકે છે, તેમ સૃષ્ટ્યાદિવાક્યોની સાથે મહાવાક્યોની એકવાક્યતા થઈ તેમ નથી. વેદાન્તમાં માહાત્મ્યજ્ઞાનનો ઉપયોગ છે, નહિ કે વિધિનો. તેથી વેદાન્તમાં પૂર્વકાણ્ડની પેઠે વિધિકલ્પના જ અશકય થતાં અર્થવાદની કલ્પના પણ અશકય થઈ જાય છે.

એકવાક્યતા માટે અધ્યારોપાપવાદથી પણ કામ ચાલે તેમ નથી. કારણ કે શાખા બતાવ્યા પછી ચન્દ્રનું દર્શન થતાં જેમ શાખા છુટી જાય છે, તેમ બ્રહ્મજ્ઞાન થતા કાંઈ સૃષ્ટિ છુટી જતી નથી. તેમ દૃષ્ટાન્ત વૈષમ્ય પણ પ્રાપ્ત જ છે. કારણ કે જગત્‌નો અનુવાદ કરીને કાર્યત્વની સિદ્ધિ કરે છે અને પછી જો કાર્યત્વનો જ નિષેધ કરે તો કાર્ય તો વિદ્યમાન જ રહે છે અને કોઈ અન્ય તેનો કર્તા ન હોવાથી શ્રુતિ બાધિતવિષયા થાય. અને પ્રતારણાપત્તિ પણ પ્રાપ્ત થાય. જો એમ કહેવાય કે વેદ પણ સંસારમધ્યપાતી હોવાથી ભ્રાન્તિકલ્પિત છે. તો એ તો મહા સાહસ જ કહેવાય. અને તેમ થતાં પારમ્પર્ય અનુપપન્ન થાય અને **વૈધર્મ્યાચ્ચ ન સ્વપ્નાદિવત્** ઇત્યાદિ સૂત્રનો બાધ પ્રાપ્ત થાય. જો એમ કહેવામાં આવે કે ઐન્દ્રજાલિકપક્ષનો આશ્રય લઈને અમે તેમ કહીએ છીએ તો તે પણ અનુપપન્ન છે. કારણકે ત્યાંએ નટમાં કર્તૃત્વ તો વિદ્યમાન જ છે. દર્શનન્યાય શ્રુતિથી જગત્ મિથ્યા નથી એમ સિદ્ધ જ છે.

વળી માયાવાદનો આશ્રય લેવાથી જ્યારે સર્વ જ મિથ્યા છે, તો મુક્તિનો યે નાશ થશે. જેમ સ્વપ્નદૃષ્ટ ગજ મિથ્યા હોવાથી સ્વપ્નમાં મેળવેલો ગજ સ્વપ્ન નષ્ટ થતાં નષ્ટ થાય

છે, તેમ મિથ્યા જગત્‌માં સ્થિતિ કરીને મેળવેલી મુક્તિ પણ મિથ્યા ઠરે. માયાદિનું કર્તૃત્વ શ્રુતિ અને સૂત્રથી પણ વિરુદ્ધ જ છે.

જ્યાં જ્યાં અકર્તૃત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, ત્યાં માહાત્મ્યજ્ઞાન કરાવવા માટે જ તેમ કહ્યું છે, અને પ્રભુ વિરુદ્ધ ધર્માશ્રય છે, એમ સિદ્ધ કરી આપવા માટે કહ્યું છે. આથી જો આપણે યુક્તિવડે બન્ને પક્ષોમાંથી એકનો યે બાધ કરીએ તો તેમ કરવું યોગ્ય તો ન જ કહેવાય.

પુરાણોમાં માયિકત્વનું વર્ણન છે, તેનું તાત્પર્ય વૈરાગ્ય માટે છે. ઉપરથી એમ સાબિત થાય છે કે જગત્‌ને અવિદ્યામાત્ર કહેવાનું પ્રયોજન દૈવેતર સૃષ્ટિને મોહન જ છે. ગીતાજીમાં પણ તે **અસત્યમપ્રતિષ્ઠં** તે ઈત્યાદિ વાક્યોમાં તે કાર્ય દૈવેતર સમ્પત્તિવાળા જીવોનું જ છે એમ સ્પષ્ટ જણાવ્યું છે.

જ્યારે અખણ્ડ-અદ્વૈતનું ભાન થાય ત્યારે સર્વ જગત્ બ્રહ્માકારત્વે જ દેખાય છે. જ્ઞાનથી વિકલ્પબુદ્ધિનો બાધ થાય છે નહિ કે વસ્તુસ્વરૂપનો. બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ હોવાથી જગત્ બ્રહ્મથી ભિન્ન છે એમ કહેવું પણ અયુક્ત જ છે. તેમ કરવા જતાં વાચારમ્ભણં ઈત્યાદિ શ્રુતિનો બાધ થશે. જ્યારે જગત્ **વાચારમ્ભરણમાત્ર** જ છે તો પછી ભેદ કોની જોડે કરવાનો હોય ?

સાઙ્ખ્ય શાસ્ત્રના અનેક પ્રકાર છે. તેમાં સત્પુરુષોને તો તે જ સાઙ્ખ્ય પ્રમાણ છે કે જેમાં અઠ્ઠવીશ તત્ત્વોનું સ્વરૂપ પ્રભુ જ છે.

સ્વભાવવાદ, પ્રકૃતિવાદ, પરમાણુવાદ વગેરે અન્ય સર્વ વાદોનું નિરાકરણ વ્યાસસૂત્રોમાં છે જ.

ચિત્ત-વૃત્તિ-નિરોધરૂપ યોગની ભગવાન્‌નું ધ્યાન કરવા માટે જરૂર હોવાથી અંગત્વે તે આવશ્યક છે અને તે પ્રામાણિક પણ છે. પરંતુ જે સ્વતન્ત્રતયા ફલસાધક યોગ છે એમ માનનારા છે, તે સિદ્ધિ અને જ્ઞાનમાં હેતુરૂપ યોગનું નિરૂપણ કરતા હોવાથી અને અન્ય દેહેન્દ્રિયાદિનું સાધન કરતા હોવાથી તેવા સર્વ જ મતો અપ્રમાણિક છે. તેનું નિરાકરણ પણ વ્યાસસૂત્રોમાં છે જ.

## નિષ્કૃષ્ટાર્થ અને શાસ્ત્રાર્થોપસંહાર

(૧) વૈરાગ્ય (૨) જ્ઞાન (૩) યોગ (૪) પ્રેમ (૫) તપ ઈત્યાદિ ગમે તે પ્રકારના કોઈપણ એક જ સાધનથી પ્રભુને ભજે તો સિદ્ધિ-મોક્ષની પ્રાપ્તિ-જ્ઞાય. જ્ઞાનમાર્ગમાં જગત્‌ના લયના ઘણા પ્રકારો જણાવ્યા છે. તે સર્વ જ કોઈ પણ પ્રકરણને અનુસરનારા ન

હોવાથી મનઃશુદ્ધિ માટે જ છે એમ સમજવું. ઉત્પત્તિપ્રકારે લયનો પ્રકાર સાઙ્ખ્યમાં જણાવ્યો છે. ઈન્દ્રિયોનો તે તે દેવતામાં લયપ્રકાર દેવતાત્વભાવના માટે છે. આ પ્રકારનો લય દેવતાત્વનો આધાયક હોવાથી ખરી રીતે તો પ્રભુની સેવામાં રૂપાન્તરનો આપાદકપ્રાપક-જ છે. એ લય પણ ઉત્પત્તિ જ છે.

જ્યારે દઢ-અદ્વૈતજ્ઞાન થાય ત્યારે વૈરાગ્ય પ્રાપ્ત થતાં ગૃહાદિની આસક્તિ છૂટી જાય છે સંસાર નિવૃત્તિ થાય છે. અને તેથી જ વાગાદિનો મન વગેરેમાં લય જણાવ્યો છે. ભાવનામાત્રથી લયપ્રકારો ભાવ્ય છે, સ્વરૂપતઃ (સર્વાત્મનો) લય થતો નથી. વૈરાગ્ય માટે જ ક્વચિત્ જગત્‌ને પણ મનોમાત્ર કહે છે.

મતાન્તરમાં પ્રવેશેલા પુરુષો પણ ભક્તિમાર્ગને અનુસરીને પ્રભુનું ભજન કરે છે; અને ઉપર જણાવ્યા પ્રમાણે જાણે છે ત્યારે જ મોક્ષ મળે છે. ભક્તિમાર્ગથી વિરુદ્ધાચરણ કરે તો ઐકાન્તિક ફલની પ્રાપ્તિ કદી પણ થતી નથી.

આ રીતે સર્વ પ્રકારનો નિશ્ચય કરીને, સર્વ પદાર્થો પ્રભુની પાસેથી જ ઉત્પન્ન થાય છે અને પ્રભુ જ સર્વમય છે, એમ ગૌણમુખ્યજ્ઞાનયુક્ત જીવ સ્નેહ વડે શ્રવણાદિપ્રકારે પ્રભુને ભજે, એજ ઉત્તમ ભક્તિમાર્ગ છે. શાસ્ત્રાર્થનું જ્ઞાન ન હોય અને પ્રેમયુક્ત થઈ ને પ્રભુને ભજે તે મધ્યમાધિકારી કહેવાય. અથવા શાસ્ત્રાર્થનું જ્ઞાન હોય પણ પ્રેમ ન હોય છતાં ભજન કરે તો પણ તે મધ્યમાધિકારી કહેવાય. અથવા એવો અધિકારી હીનાધિકારી પણ હોય. પરંતુ જ્યારે જ્ઞાન અને પ્રેમ એ ઉભયનો અભાવ હોય, ત્યારે આચરેલા શ્રવણાદિક પાપનાશક હોવાથી ધર્મરૂપ થાય છે. જો તપ અને વૈરાગ્યથી યુકત શ્રવણાદિક હોય તો જન્માન્તરમાં **''બહૂના જન્મનામન્તે''** ઈત્યાદિ ગીતોક્ત પ્રકારે તેને જ્ઞાન પ્રાપ્ત થતાં તે જ્ઞાન ફલરૂપ પણ નીવડે છે. યોગસહિત જો ભજન કરાય તો તેથી પ્રેમની પ્રાપ્તિ થતાં તે જીવ પ્રભુની સ્તુતિ કરી ધન્ય થાય. આવા ભક્તોને પ્રમેયબલથી પ્રભુ કૃપા કરીને સિદ્ધિ (મોક્ષ)નું દાન કરે તો પણ શક્ય છે. કિન્તુ પ્રમેય બલવિના તેમને સિદ્ધિ નથી એ તો નિર્વિવાદ છે.

આ રીતે શાસ્ત્રાર્થ પ્રકરણમાં સર્વપ્રમાણવાકયોની એકવાક્યતા સિદ્ધ થાય છે. જેમણે આ રીતે એકવાકયતા સાધી નથી તેમને વિષે. વાકયાભાસતા માત્ર છે. આ પ્રકારની એકવાક્યતા સમ્પૂર્ણ વેદ, રામાયણસહિત મહાભારત અને પંચરાત્રો તથા અન્ય પણ શાસ્ત્રવચનો અને તત્ત્વસૂત્રોવડે નિર્ણય કરીને કરાઈ છે. આ સિદ્ધાન્તનિર્ણય સહૃદય (દયાલુ) હરિએ જ કર્યો છે. તે પણ કયારેક નથી, કિન્તુ સર્વદા એ જ નિર્ણય છે.

રામાયણાદિનું બહુત્વ પ્રતિકલ્પમાં એ જ નિર્ણય છે એમ જણાવે છે.

શ્રીમદ્વૈશ્વાનર શ્રીમહાપ્રભુજીએ એ રીતે લગભગ એકસોને ચાર કારિકાઓ વડે સમ્પૂર્ણ ગીતાનો-શાસ્ત્રોનો સાર પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણમાં નિરૂપ્યો છે.

## શાસ્ત્રાર્થપ્રકરણનો નિષ્કર્ષ

શાસ્ત્રાર્થ પ્રકરણમાં એકસો ચાર કારિકાઓ છે. પ્રથમ પાંચ શ્લોકમાં મંગલાચરણપૂર્વક અનુબન્ધ ચતુષ્ટ્ય છે. છઠીકારિકાથી આરંભી ચૌદમી કારિકાસુધી પરિભાષાપૂર્વક પ્રમાણાદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પંદરમીથી બાવીશમી કારિકા સુધી મોહકશાસ્ત્રોનો નિરાસ કરીને સ્વપ્રવૃત્તિનું સમર્થન કર્યું છે. ત્રેવીસમીથી બેતાલીસમી કારિકાસુધી જડસ્વરૂપનું પ્રતિપાદન કરીને સૃષ્ટિનું નિરૂપણ કર્યું. તે પછીની બે કારિકાઓમાં શ્રુતિઓની એકવાક્યતાનું સાધન કર્યું. પિસ્તાલીસમી કારિકાથી આરંભીને બાવનમી કારિકા સુધી ભક્તિનું સમર્થન કરવામાં આવ્યું. ત્રેપનથી ચોસઠસુધી જીવસ્વરૂપનો નિર્ણય છે. પાસંઠથી સિત્તોતેર સુધી બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન કર્યું. અઠ્ઠોતેરથી ચોરાણુ સુધી અસન્મતનો (મતાન્તરનો) નિરાસ કરીને પંચાણુથી એકસોત્રણ સુધી સાંખ્યયોગાદિના સાધનોનું પ્રતિપાદન કર્યું અને છેલ્લા શ્લોકથી સર્વ શાસ્ત્રોને અનુકૂલ આ શાસ્ત્રાર્થ છે એમ જણાવી ઉપસંહાર કર્યો.

દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રકટ થયેલા શ્રીમહાપ્રભુજીએ નિબન્ધ શા માટે રચ્યો? અને તેમાં શું પ્રતિપાદન કર્યું, તે જાણવા માટે આપણે તેમના મૂલ ગ્રન્થમાં જ પ્રવેશ કરવો રહ્યો. તે વિના તત્પ્રતિપાદ્યવસ્તુનું વાસ્તવિક જ્ઞાન થઈ શકે નહિ, તદર્થ અમે અહીં "તત્ત્વાર્થદીપનિબન્ધ" નો પ્રકાશને અનુસરીને અનુવાદ પણ રજુ કરીએ છીએ. જયાં આવશ્યક લાગ્યું, ત્યાં આવરણભંગ અને બીજી ટીકાઓનો આશય લઈને તેમ જ પૂર્વપક્ષોમાં ઈતર શાસ્ત્રનાં તત્ત્વોને સમજાવવા માટે તે તે શાસ્ત્રોનાં મૌલિક ગ્રન્થોનો પણ આશય મૂકી વિસ્તાર કર્યો છે. મૂલકારિકા, પ્રકાશ, આવરણભંગ, અન્ય ટીકાઓ અને તન્ત્રાન્તરીય વિષયો સ્પષ્ટપણે પૃથક્ત્વે કળી શકાય તેવી પદ્ધતિ સ્વીકારી છે.

રસાત્મક પરમકાષ્ઠાપન્ન આનન્દૈકસ્વરૂપ શ્રીકૃષ્ણ સર્વોદ્ધારપ્રયત્ન-આત્મા છે. જે વ્યાપારથી, જે ક્રિયાથી સર્વનો ઉદ્ધાર થાય એવા સર્વવ્યાપક શ્રીકૃષ્ણ પુરુષોત્તમ સદાનન્દરૂપે પ્રકટ થયા છે. પ્રભુ સર્વોદ્ધાર-પ્રયત્ન-આત્મા છે, એમ સિદ્ધ કરવા માટે વ્યાસજીએ સર્વને અત્યન્ત સુખદાયક શ્રીમદ્‌ભાગવત પ્રકટ કર્યું. શ્રીમદ્‌ભાગવત પણ સર્વને સુખદાયક છે, એમ જેથી સિદ્ધ થાય તે માટે વાણીની અધિષ્ઠાતૃ દેવતા અગ્નિએ

શ્રીમદ્‌ભાગવત ઉપર ''તત્ત્વાર્થદીપ'' કર્યો.

ટીકાકારો જણાવે છે કે શ્રીમદ્‌ભાગવતને યથાર્થતયા જાણ્યું હોય તો જ તે ઉદ્ધાર કરી શકે. દીપ જેમ વસ્તુ પ્રકાશક છે, તેમ આ ''તત્ત્વાર્થદીપ'' ભાગવતપ્રકાશક છે. આથી જ તે ઉપર શ્રીમહાપ્રભુજીએ પ્રકાશ નામની ટીકા પણ્ડિતપુરન્દર શ્રીમદ્ પુરુષોત્તમજી મહારાજ આવરણભંગ કરે છે. પદ પદાર્થની સંગતિ વિના વાક્યાવબોધ થવો અશક્ય છે. માટે તે તે પદાર્થની તે તે રીતે યોજના કરવી આવશ્યક છે. તદર્થ લાલુભટ્ટજીની પ્રવૃત્તિ યોજનારૂપે છે. તાત્પર્યાવબોધ સરલતાથી થઈ શકે, તદર્થ ટીપ્પણની પણ જરૂર રહે, આ કાર્ય શ્રીકલ્યાણરાયજીએ કર્યું છે. દીપ માટે સ્નેહ અને પાત્ર બન્ને સારા જોઈએ. તે આપણને ભારતમાર્તણ્ડ પૂરા પાડે છે. એ રીતે ટીકાઓની અન્વર્થતા ધ્યાનમાં લીધા પછી તે તે ટીકાઓનો વિષય સમજી શકાય તેમ છે. અર્થાત્ જ આવરણભંગ પ્રકાશસ્થિત પ્રત્યેક પદાર્થને સારી પેઠે દેખાડી શકે. યોજના પ્રકાશસ્થિત પદાર્થોનો ઉપયોગ દેખાડે. ટીપ્પણી તેની નોંધ લે, અને સત્સ્નેહભાજન તેનું ઉપબૃંહણ કરવામાં મદદ કરે તે યોગ્ય જ છે. હવે આપણે મૂલ ગ્રન્થમાં પ્રવેશ કરીએ –

**(શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિતઃ શાસ્ત્રાર્થ પ્રકરણમ્, સંસ્કૃત-ગુજરાતી અનુવાદ, પ્રકાશક-સંપાદન : શ્રીવૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈ માંથી સાભાર, વિ.સં.૨૦૬૦)**

**''દાને હિ ન સ્વવિનિયોગઃ''** પ્રભુને દાન-ભેટસ્વરૂપે અર્પણ કરેલ વસ્તુ દેવદ્રવ્ય બની જાય છે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) પોતાનાથી કરી શકાતો નથી. પરન્તુ પોતાના માથે બિરાજતા પ્રભુની સેવામાં સમર્પિત કરાતી વસ્તુ દેવદ્રવ્ય બનતી નથી તેથી મહાપ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાયછે.
(નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)

(૧.પરમાણુથી સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવનાર વાદ.
૨.પ્રકૃતિના પરિણામરૂપ આ જગત્ છે એવો વાદ.
૩.અસઙ્ગ બ્રહ્મમાં આ સૃષ્ટિ કલ્પિત છે એવો વાદ.
૪.સર્વત્ર બ્રહ્મ જ છે, સૃષ્ટિ ઉપજીજ નથી;
જેને તે દેખાતી હોય તેને તેના અનિર્વચનીય અજ્ઞાનથી જણાય છે એવો વાદ.)

# તત્ત્વાર્થદીપ નિબન્ધ

# :: શાસ્ત્રાર્થ પ્રકરણ ::

## (ઉપોદ્ઘાત પ્રકરણ)

**નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાऽદ્ભુતકર્મણે ।।**
**રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ।।૧।।**

**અર્થ :** જે ભગવાન્ રૂપ અને નામ ના વિભેદવડે જગત્ રૂપ છે, (રૂપ અને નામ ના વિભેદવડે) ક્રીડા કરે છે, (રૂપ અને નામ ના વિભેદવડે) જેમાંથી જગત્ ઉત્પન્ન થયું છે, જે અદ્ભુત કર્મ કરવાવાળા છે તે શ્રીકૃષ્ણ ભગવાન્‌ને હું નમસ્કાર કરું છું.

**પ્રકાશ :** ભગવાન્‌ને વિષે જીવોને માત્ર નમન કરવું એ જ કર્ત્તવ્ય છે તેથી અધિક કાંઈ પણ થઈ શકે એમ નથી એ સિદ્ધાન્ત છે.

**સર્વોદ્ધારપ્રયત્નાત્મા કૃષ્ણઃ પ્રાદુર્બભૂવ હ ।**
**તથાત્વં યેન સંસિધ્યેત્ તદર્થં વ્યાસ ઉક્તવાન્ ।।૧।।**
**શ્રીભાગવતમત્યન્તં સર્વેષાં સુખદાયકમ્ ।**
**તસ્યાऽપિ તત્ત્વં યેનૈવ સિધ્યેદિતિ વિચાર્ય હિ ।।૨।।**
**અગ્નિશ્ચકાર તત્વાર્થદીપં ભાગવતે મહત્ ।**
**તચ્ચાપિ યેન સંસિધ્યેદ્ વ્યાખ્યાનં તન્નિરૂપ્યતે ।।૩।।**

**પ્રકાશ :** સર્વ પ્રાણી માત્રના ઉદ્ધારને માટે જેનું સ્વરૂપ પ્રયત્ન યુક્ત છે એવા શ્રીકૃષ્ણ પ્રકટ થયા. એ શ્રીકૃષ્ણનું સર્વોદ્ધાર પ્રયત્નાત્માપણું સિદ્ધ કરવાને માટે વેદવ્યાસે સર્વને અત્યન્ત સુખ આપનાર શ્રીભાગવત કહ્યું અને શ્રીભાગવતનું પણ તત્ત્વ (સર્વોદ્ધાર પ્રયત્નાત્માપણું) જે રીતે સિદ્ધ થાય તે રીતે ભાગવતને વિષે

અગ્નિએ (શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ) મોટો તત્ત્વાર્થદીપ રચ્યો અને તત્ત્વાર્થદીપનું દીપત્વ સિદ્ધ થવાને માટે તે પર પ્રકાશરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.

શ્રીભાગવત તત્ત્વાર્થદીપ રચતા પહેલાં શ્રીમદાચાર્ય સઙ્ક્ષેપમાં શાસ્ત્રાર્થ જણાવનારું મઙ્ગળાચરણ પ્રથમ શ્લોકવડે કરે છે.

**કિમાસનં તે ગરુડાસનાય કિં ભૂષણં કૌસ્તુભભૂષણાય ।।**
**લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયં વાગીશ કિં તે વચનીયમસ્તિ ।।**

**અર્થ :** જેને ગરુડનું આસન (વાહન) છે તેને બીજું શું આસન આપી શકાય, જેને કૌસ્તુભમણિનું ભૂષણ છે તેને બીજું શું ભૂષણ (આપી શકાય), લક્ષ્મી જેની સ્ત્રી છે તેને શું ધનાદિ (આપી શકાય) અને જે વાણીના પતિ છે તેની સ્તુતિ પણ શું કરી શકાય?

ઉપરનાં વાક્યોથી સિદ્ધ થાય છે કે જીવથી ભગવાન્‌ને માત્ર નમન જ થઈ શકે એ સૂચવવા મૂલમાં ‘નમઃ’ પદ પ્રથમ જ ધર્યું છે. નમન કરવા યોગ્ય પરમકાષ્ઠાપન્ન (સર્વોત્તમ) વસ્તુ બતાવવા મૂલમાં ‘ભગવતે’ પદ છે.

ભગવાન્ શબ્દ, પુરુષોત્તમના અર્થમાં વાપર્યો છે. પુરુષોત્તમ લોક અને વેદ બન્નેમાં પ્રસિદ્ધ છે એ જણાવવા પ્રસિદ્ધિસૂચક ‘તસ્મૈ’ પદ મૂલમાં ધર્યું છે.

મતભેદને લીધે આ પ્રસિદ્ધ ભગવાન્ વિષે કોઈ અન્યથા કલ્પના કરે તો તેની પણ નિવૃત્તિને માટે ‘કૃષ્ણાય’ પદ મૂલમાં મુકવામાં આવ્યું છે.

પુરુષોત્તમ એ જ સર્વોત્તમ છે. પુરુષોત્તમ વિના કોઈ લોક વેદ પ્રસિદ્ધ ભગવાન્ જ નથી. એ જ પુરુષોત્તમ કોઈ કાળમાં (જેમ કે સારસ્વત કલ્પમાં) જગતના ઉદ્ધારને માટે અખણ્ડ અને પૂર્ણપણે પ્રકટ થાય છે, ત્યારે તે પુરુષોત્તમ કૃષ્ણ કહેવાય છે. સાધનો હોવા છતાં સર્વ સ્થળે તેઓનો અધિકાર જ ન હોય તો ભગવાન્ પ્રકટ થઈને પણ શું કરી શકે? એમ શઙ્કા થાય તો તે દૂર કરવાને ભગવાન્‌ને ‘અદ્‌ભુતકર્મણે’ વિશેષણ આપવામાં આવે છે. જે પદાર્થનો સાધન તરીકે કદાપિ અઙ્ગીકાર જ ન થયો હોય તે પદાર્થને પણ સાધન બનાવી દે એવું શ્રીકૃષ્ણનું અદ્‌ભુતચરિત્ર છે. દશમસ્કન્ધના નિબન્ધમાં તે અદ્‌ભુત ચરિત્રનું વર્ણન કરવામાં આવશે. એ પ્રમાણે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પ્રતિપાદન કરીને ‘‘રૂપનામ વિભેદેન જગત્ ક્રીડતિયઃ’’ એ પદોમાં ભગવાન્‌ની લીલાનું કથન કરવામાં આવે છે. જે કૃષ્ણ, રૂપ અને નામ ના વિભેદવડે, ક્રીડા કરે છે, રૂપ અને નામ ના વિભેદવડે જે

જગતરૂપ છે અને રૂપ અને નામ ના વિભેદવડે જેના થકી જગત્ ઉત્પન્ન થયું છે, અર્થાત્ ક્રીડામાં સ્વતન્ત્ર છે, પણ માયા આદિને આધીન થતા નથી એ કૃષ્ણ ભગવાન્‌ને નમન કરવામાં આવે છે. લીલા કરવા છતાં નિર્લેપ રહે છે એ જણાવવા મૂલમાં 'યતઃ' પદ ધર્યું છે. નામરૂપાત્મક જગતક્રીડા ભગવાન્‌માંથી જ થયાં કરે છે અને ભગવાન્ અવિકૃત જ રહે છે. આ પ્રથમ શ્લોકમાં જે ભગવત્ સ્વરૂપનું અને લીલાનું જ્ઞાન સઙ્ક્ષેપે કહ્યું તે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે મુક્તિ થાય છે.

એ પ્રમાણે મઙ્ગલાચરણમાં સઙ્ક્ષેપે સર્વ શાસ્ત્રનું તાત્પર્ય શ્રીમદાચાર્યજીએ કહી દીધું.

**આવરણભઙ્ગ :** સાત્ત્વિક પુરુષોનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા શ્રીમદ્ વલ્લભાચાર્યજી બુદ્ધિમાન પુરુષની પ્રવૃત્તિ સિદ્ધ થવાને માટે ગ્રન્થના ઉપોદ્‌ઘાત સહિત ફલ સમ્બન્ધ યુકત તત્ત્વદીપનું વ્યાખ્યાન કરે છે.

સર્વનો ઉદ્ધાર જેના થકી છે એવા ભગવાન્ સદાનન્દ કૃષ્ણ જ છે, બીજો કોઈ નથી, કેમકે સર્વનો ઉદ્ધાર કરવાને માટે જ પોતે પ્રકટ થયા હતા. જો ભગવાન્‌ને ઉદ્ધાર કરવાની ઈચ્છા ન હોય તો એ પૂર્ણરૂપે આ જગતમાં પ્રકટ થાય નહિ. સર્વના જીવનને માટે તો પોતે હૃદયમાં વિદ્યમાન જ છે. ધર્મ રક્ષાને માટે પોતાને પૂર્ણરૂપે પ્રકટ થવાની જરૂર નથી, કેમકે અંશથી પણ ધર્મની રક્ષા થઈ શકે છે. જેટલા દેશમાં ભગવાન્ પ્રકટ થયા તેટલા દેશમાંથી પોતાની માયા દૂર કરીને પૂર્ણ સ્વરૂપ ભગવાન્‌નું પ્રાકટ્ય સર્વના ઉદ્ધારને માટે જ હતું અને તે ઉદ્ધારમાં હેતુ કૃપા જ છે એ વાત તૃતીયસ્કન્ધ 'અનુકમ્પિતાત્મા' એ શબ્દોથી સિદ્ધ થાય છે.

જો એમ શઙ્કા થાય કે ભગવાન્‌ને કૃપાથી સર્વનો ઉદ્ધાર કરવાની ઈચ્છા હોત તો પોતે પ્રકટ થઈને તિરોહિત ન થાત, આ શઙ્કાના ખુલાસામાં કહે છે કે ભગવાને પોતાના અવતાર કાલમાં વિદ્યમાન પુરુષોનો પોતાના રૂપ અથવા સ્વરૂપ થી ઉદ્ધાર કર્યો, બીજાઓનો નામથી ઉદ્ધાર કરવાને ભગવાને વ્યાસરૂપે ભાગવત કર્યું. તે ભાગવત ભગવદ્દર્શનનું સાધન હોવાથી સર્વને અત્યન્ત સુખ આપનારું છે. આ વખત ભગવાન્ તિરોહિત છતાં પણ એ શ્રીમદ્‌ભાગવતથી પ્રકટ થાય છે. તે કારણથી તિરોહિત થયા છતાં પણ ભગવાન્‌નું સર્વોદ્ધારત્વ તેમજ કૃપાલુત્વ છે જ.

કદાપિ એમ શઙ્કા થાય કે સર્વના ઉદ્ધારરૂપ કાર્ય શ્રીમદ્‌ભાગવતથી સિદ્ધ

થવાનું છે, તો તમારો આ અનુવાદ કાંઈ પ્રયોજનનો નથી. એ શઙ્કા દૂર કરવાને માટે શ્રીમદ્આચાર્યજી પોતાના અવતારના પ્રયોજનનું અને પોતાના સામર્થ્યનું સૂચન કરે છે.

મતાન્તરથી મનુષ્યની બુદ્ધિ મોહયુક્ત થવાથી ભાગવતનો શુદ્ધ અર્થ જાણી શકાતો નથી, તેથી એ મતાન્તર દૂર કરી ભાગવતનો શુદ્ધ અર્થ સમજાવવાને માટે શ્રીમદાચાર્યજીની પ્રવૃત્તિ છે. એમ કરવાથી જ શ્રીમદ્વ્યાસજીનો પ્રયત્ન સફળ થશે. શ્રીમદાચાર્યજીએ પોતાનું નામ અગ્નિ આપેલું છે. પોતે વાક્પતિ હોવાથી મતાન્તર દૂર કરવાનું એમનામાં સામર્થ્ય છે એ વાત સિદ્ધ થાય છે. બીજા સાહિત્ય તૈયાર છતાં જેમ અગ્નિ સિવાય દીપ પ્રકટી શકાતો નથી તેમ બીજી સાધન સમ્પત્તિ વિદ્યમાન છતાં પણ મતાન્તર અન્ધકારની નિવૃત્તિને માટે અગ્નિરૂપ આચાર્ય સિવાય તત્ત્વાર્થદીપ બીજા કોઈથી પ્રકટી શકાય નહિ એ વાત પોતે મૂળમાં અગ્નિ પદ વાપરી સૂચન કરે છે.

આ ગ્રન્થમાં શ્રીમદ્ભાગવતાર્થદીપ પ્રકટ કરવાને માટે પ્રવૃત્ત થયા છતાં પણ પ્રથમ ભાગવતાર્થ નહિ કહેતાં શાસ્ત્રાર્થપદ પ્રથમ મુક્યું છે તેથી એમ સૂચન થાય છે કે શ્રીમદ્ભાગવત વેદાદિ સર્વ શાસ્ત્રોનું નિર્ણાયક છે.

પ્રથમનો મઙ્ગળ શ્લોક સર્વ શાસ્ત્રાર્થના સઙ્ક્ષેપરૂપ છે તેમાં ભગવાન્‌ને વિષે નમન એ વેદાદિના સારભૂત છે.

વળી એમ શઙ્કા થાય કે ઉત્કર્ષ હોય ત્યારે મઙ્ગળ કહેવાય, પણ નમન પોતાનો અપકર્ષ બતાવે છે, તો નમનથી મઙ્ગળત્વ કેમ ઘટે? આ શઙ્કાના સમાધાનમાં કહેવામાં આવે છે કે પરમકાષ્ઠાપન્ન વસ્તુ ભગવાન્ સર્વથી ઉત્તમ છે અને સર્વ તેમનાથી અપકૃષ્ટ છે અને ભગવાન્ નમનથી પ્રસન્ન થાય છે તેથી એમની પ્રસન્નતા એ જ મઙ્ગળરૂપ છે.

ભગવાન્ સર્વથી ઉત્તમ છે એમાં લોકવેદ પ્રસિદ્ધિ પ્રમાણ છે. લોક એટલે પાતઞ્જલાદિ દર્શન. એમાં ભગવાન્‌નું સર્વોત્તમત્વ કહેલું છે તેમજ વેદમાં પણ ''અક્ષરાત્ પરતઃ પરઃ'' એ શ્રુતિ વાક્યથી ભગવાન્ સર્વ કરતાં ઉત્તમ છે એમ કહેલું છે.

વૈયાસ દર્શનાનુસાર અનુબન્ધ ચતુષ્ટ્ય અને પ્રમાણ ચતુષ્ટ્ય પણ આજ શ્લોકથી સમજી લેવાં. આ ગ્રન્થમાં **ભગવાન્ પ્રયોજન** છે, **એમની પ્રાપ્તિની**

**ઈચ્છાવાળો પુરુષ અધિકારી છે, નમનરૂપ ભક્તિ આ ગ્રન્થનો વિષય છે અને પ્રતિપાદ્ય અને પ્રતિપાદક ભાવ એ સમ્બન્ધ છે** તેમજ મૂળમાં 'તસ્મૈ' પદ મુક્યું છે તેથી વેદ અને તદનુસાર શાસ્ત્ર પ્રમાણ છે, અદ્ભુત કર્મ કરવાવાળા ભગવાન્ પ્રમેય છે, ભક્તિ સાધન છે અને સદાનન્દ કૃષ્ણ ફલરૂપ છે. એ રીતે અનુબન્ધ ચતુષ્ટ્ય અને પ્રમાણ ચતુષ્ટ્યનો વિવેક કરવામાં આવ્યો.

મતભેદથી પરમેશ્વરને જુદે-જુદે રૂપે માનવામાં આવે છે તે સર્વ જુદા-જુદા મતવાળા અન્ધહસ્તિ ન્યાય પ્રમાણે એક દેશગ્રહણ કરીને સ્વાભિમત ઈશ્વરનું પ્રતિપાદન કરે છે પણ વસ્તુતાથી ગીતા પ્રમાણસિદ્ધ પુરુષોત્તમ જ પરમ કાષ્ઠાપન્ન પરમેશ્વર છે એ વાત નીચેની શ્રુતિથી સિદ્ધ થાય છે.

**કૃષિર્ભૂવાચકઃ શબ્દોણશ્ચ નિર્વૃતિવાચકઃ ।।**
**તયોરૈક્યં પરંબ્રહ્મ કૃષ્ણઈત્યભિધીયતે ।।**
(પૂર્વ ગોપાલતાપિનીય ઉપનિષદ)

**અર્થ :** 'કૃષ્' શબ્દ સત્તાવાચક છે અને 'ણ' આનન્દવાચક છે એ બન્નેનો ભેગો અર્થ કૃષ્ણ પરબ્રહ્મ થાય છે.

અવજાનન્તિમાં મૂઢાઃ (ગી. ૯।૧૧) આ વાક્યથી મૂઢ પુરુષો ભગવાન્નું સ્વરૂપ યથાર્થ રીતે જાણતા નથી એમ કહેવામાં આવે છે એટલા માટે મતાન્તરને સિદ્ધ નહિ માનતાં ગીતા પ્રતિપાદિત લોકવેદ પ્રસિદ્ધ પુરુષોત્તમ પરમ કાષ્ઠાપન્ન છે.

સાધનમાં પુરુષનો અધિકાર ન હોય તો ઉદ્ધારને માટે ભગવદવતાર છે એમ કહી શકાય નહિ તો પૂર્ણત્વ કેમ કહી શકાય? એ શઙ્કાના ખુલાસાને માટે કહે છે કે ભગવાન્ અદ્ભુત કર્મ કરવાવાળા છે તેથી ક્રોધાદિ જે સાધક નથી પણ બાધક છે તેને ભગવાન્ સાધનરૂપ કરી દે છે. એ જ શ્રીકૃષ્ણનું પૂર્ણત્વ છે. અંશાવતારમાં આવું અદ્ભુત કર્મ હોતું નથી.

એ રીતે પૂર્ણત્વ પ્રતિપાદન કરીને સૃષ્ટિ સ્થિતિ પ્રલયરૂપ લીલા પણ જે પૂર્ણત્વબોધક છે તે કહે છે.

નામરૂપ વિભેદ એટલે તે-તે રૂપને વિષે તે-તે નામના નિયમવડે પોતા થકી જુદુ પાડી જે ભગવાન્ ક્રીડા કરે છે અને તે નામરૂપથી થયેલા વૈલક્ષણ્યવડે જે ભગવાન્ જગતરૂપ થાય છે તે જ 'જન્માદ્યસ્યયતઃ' સૂત્રમાં કહેલા લક્ષણ પ્રમાણે

સાક્ષાત્ ભગવાન્ છે. ''યઃ ક્રીડતિ યો જગત્'' એ વાક્યથી અભિન્ન નિમિત્ત ઉપાદાન સિદ્ધ થાય છે અને તેથી ક્રીડામાં સ્વાતન્ત્ર્ય પણ સિદ્ધ થાય છે. એમ છે ત્યારે ''યતો જગત્'' એ વચન મુકવાનું શું પ્રયોજન એમ કહેવામાં આવે તો તેના ખુલાસામાં કહે છે કે આવું કાર્ય જેના થકી ગમન શીલ થાય છે તે ભગવાન્ છે.

જગત્ એટલે ગમનશીલ વિશ્વ. તે જેના થકી થાય છે તે ભગવાન્ છે. તેથી ભગવાન્‌માં ૬ ઠો વૈરાગ્ય ગુણ પણ પૂર્ણ છે, કેમકે પોતે જગત્‌ને રચે છે તેમ છતાં એમાં એમની આસક્તિ નથી. પોતે તદ્ધર્મ રહિત હોવાથી નિર્લેપ છે.

આ પ્રકારે ભગવાન્‌નું સ્વરૂપ જાણવાથી જીવ સંસારથી મુક્ત થાય છે. ''નમાઙ્કર્માણિલિમ્પન્તિ'' એ વાક્યથી પૂર્વે કહેલી બે લીલા (જગતને સર્જવું અને તેને પાલવું એ લીલા)ના શ્રવણથી ભગવાન્‌ને વિષે માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ અને ત્રીજી (પ્રલય) લીલાના શ્રવણથી પોતાના સંસાર થકી મુક્તિ થાય છે.

પોતે મુક્ત થવાથી ભક્તિનું દાઢર્ય થતાં ભગવત્પ્રાપ્તિ થાય છે. એ આખા શ્લોકનો સારાંશ છે. પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય સાત્ત્વિક પુરુષોને ફલરૂપ ભજનાનન્દ અને બ્રહ્માનન્દ તેમજ તદ ઉપયોગી વૈરાગ્ય પણ ભગવાન્ થકી જ થાય છે.

મૂળમાં 'ભગવતે' પદ છે. એ પદથી પ્રતિપાદ્ય શાસ્ત્રાર્થ કહીને 'તસ્મૈ' એ પદથી પ્રથમ પ્રકરણ એટલે શાસ્ત્રાર્થ પ્રકરણનો અર્થ બતાવ્યો. ''અદ્ભુત કર્મણે'' એ વચનથી બીજા પ્રકરણ (સર્વ નિર્ણય)નો અર્થ બતાવ્યો. તેમજ એ ભગવાન્‌નું સ્વતન્ત્રત્વ અને નિર્લેપત્વ એ ત્રીજા પ્રકરણનો પણ અર્થ બતાવ્યો.

ઉપર વર્ણન કરવામાં આવ્યા એવા ભગવાન્‌ને વિષે જીવથી નમન એ જ શક્ય છે. તેના જ્ઞાનવડે મુક્તિ છે. એ પ્રમાણે શ્રીમદાચાર્યજીએ એક શ્લોકવડે સમગ્ર શાસ્ત્રાર્થ અથવા સમગ્ર ગ્રન્થનો અર્થ સઙ્ક્ષેપમાં બતાવ્યો છે.

**સાત્ત્વિકા ભગવદ્ભક્તા યે મુક્તાવધિકારિણઃ ।।**
**ભવાન્તસમ્ભવા દૈવાત્તેષામર્થે નિરુપ્યતે ।।૨।।**

**શબ્દાર્થ :** જે સાત્ત્વિક ભગવદ્‌ભક્તો મુક્તિના અધિકારી છે અને ભગવદ્ ઈચ્છાથી જેઓનો આ છેલ્લો જન્મ છે તેઓને માટે નિરૂપણ કરવામાં આવે છે.

**પ્રકાશ :** આ નિબન્ધ ગ્રન્થના કોણ અધિકારી છે તે વિસ્તારથી કહે છે. જેઓ સ્વભાવને અનુસરી જે કૃત્યો કરે તે કરતાં અધિક, વિહિત અને અલૌકિક કૃત્યો કરે

તે ‘સાત્ત્વિક’ કહેવાય છે. તે સાત્ત્વિકમાં પણ ભગવાન્‌ની સેવા કરવામાં જે તત્પર હોય તે જ અધિકારી છે. તે ભગવદ્‌ભક્તોમાં પણ જે નિષ્કામ હોય તે જ મુક્તિના અધિકારી છે. તે નિષ્કામ ભગવદ્‌ભક્તમાં પણ પ્રભુની ઈચ્છાથી જેઓનો આ છેલ્લો જન્મ છે તેવા સાત્ત્વિક નિષ્કામ ભગવદ્‌ભક્તોનો આ ભગવદીચ્છાથી થયેલો જન્મ નિરર્થક ન જાય માટે તેમનાં શરીર આદિનો યોગ્ય વિનિયોગ નિરૂપણ કરવા જ તેમની મુક્તિને માટે મતાન્તરાસક્તિરૂપ પ્રતિબન્ધનો દાહ કરી મુક્તિ સિદ્ધ કરી આપવી એ આ ગ્રન્થનું પ્રયોજન છે.

**આવરણભઙ્ગ :** મોક્ષને માટે સાઙ્ખ્યાદિ શાસ્ત્રો છે. એ શાસ્ત્રોને છોડી દઈ આ ગ્રન્થમાં કોની પ્રવૃત્તિ થવાની? આ ગ્રન્થ ઋષિ પ્રણીત ન હોવાથી તેમાં અસમ્ભાવના ઉત્પન્ન થવાનો સમ્ભવ છે તેમજ આ ગ્રન્થ વેદાદિ પ્રમાણને અનુસરતો છતાં બીજા ગ્રન્થોની પેઠે એ પણ એક મતાન્તર રૂપ ગણવાનો સમ્ભવ છે. આ શઙ્કા દૂર કરવાને માટે વિસ્તારની આવશ્યકતા છે તેમાં પણ પ્રથમ અધિકારી બતાવવાની અત્યન્ત આવશ્યકતા છે. એટલા માટે આ ગ્રન્થના કોણ અધિકારી છે તે કહેવામાં આવે છે.

અનઅધિકારી પુરુષના હૃદયમાં સારી રીતે કહેલો અર્થ સ્થિર થતો નથી માટે જ શ્રીવ્યાસજીએ બ્રહ્મસૂત્રમાં અને શ્રીશુકદેવજીએ ભાગવતમાં શાસ્ત્રના આરમ્ભમાં જ અધિકારીનું વર્ણન કર્યું છે. તેમજ અહીં પણ અધિકારી પ્રથમ બતાવવામાં આવે છે. સાત્ત્વિક એટલે સાત્ત્વિક સ્વભાવ થકી ઉત્તમ કૃતિ કરનાર તેઓના કરતાં પણ જે અધિક ઉત્કૃષ્ટ અલૌકિક કાર્ય કરે તેઓ ખરા સાત્ત્વિક ગણાય. આથી બુદ્ધિમત્ત્વ ગુણરૂપ સ્વરૂપની યોગ્યતા સિદ્ધ થઈ.

યોગનું આચરણ કરનારમાં અનિષિદ્ધ યોગમાં જે પુરુષો તત્પર હોય છે તેઓમાં પણ સાત્ત્વિક પુરુષો હોય છે. આવા પુરુષોથી આ ગ્રન્થના અધિકારીઓને જુદા પાડવાને માટે કહેવામાં આવે છે કે જેઓ ભગવાન્‌ના જ સેવક છે અને તનુજા અને વિત્તજા સેવા કરનાર વૈષ્ણવ છે તે અધિકારીઓ છે. યોગીઓ યમ નિયમાદિમાં તત્પર હોય છે. ભક્તો તનુજા-વિત્તજા સેવા કરનાર હોય છે. તનુજા-વિત્તજા સેવા કરનારમાં સકામ ઉપાસક પણ હોય છે, પરન્તુ આ ગ્રન્થના અધિકારીઓ તો નિષ્કામ ભક્ત હોવા જોઈએ. શ્રુતિમાં કહ્યું છે કે હૃદયમાં રહેલી સર્વ કામનાઓ જ્યારે લય થઈ જાય છે ત્યારે મરણધર્મીપુરુષ અમૃત થાય છે અને

આ લોકને વિષે બ્રહ્મનો અનુભવ કરે છે. માટે નિષ્કામ પુરુષોને મુક્તિના અધિકારી કહેલા છે. એ રીતે દોષનો અભાવ કહેવામાં આવ્યો; આથી શ્રીમદ્‌ભાગવતના દ્વિતીય સ્કન્ધની સુબોધિનીમાં કહેલો અધિકાર સ્ફુટ થાય છે.

**બુદ્ધિશ્ચાયુશ્ચ દોષાણામભાવઃ કારણંયતઃ ।**
**યસ્યનૈતે ભવિષ્યન્તિ તસ્ય નાસ્ત્યધિકારિતા ।।**

**અર્થ :** બુદ્ધિ, આયુષ અને દોષ નો અભાવ આ ત્રણ ગુણ જેને ભવિષ્યમાં થવાનો સમ્ભવ ન હોય તે ભક્તિ માર્ગના અધિકારી નથી.

ઉપર કહેલા ગુણ વિદ્યમાન છતાં પણ જો ભગવાન્‌ને ઉદ્ધાર કરવાની ઈચ્છા ન હોય તો વિલમ્બ થાય. શ્રુતિમાં કહ્યું છે કે ભગવાન્ જેનો ઉદ્ધાર કરવાની ઈચ્છા કરે છે. એવા અધિકારીને ભરતની પેઠે અન્ય આસક્તિથી વિલમ્બ ન થાય તેને માટે આ ગ્રન્થ રચવામાં આવ્યો છે, અર્થાત્ જે કેવળ નિષ્કામ વૈષ્ણવ હોઈ ભગવાન્‌ને સેવે છે તેઓને કર્ણધાર રૂપ ગુરુના અભાવથી ફલમાં વિલમ્બ ન થાય એને માટે અન્યાસક્તિ દૂર કરી ભગવત્સેવાના દાઢર્યને માટે આ ગ્રન્થનું પ્રયોજન છે. આ પ્રકારનું અધિકારીનું સ્વરૂપ ગીતાજીમાં ''ઈદન્તેનાતપસ્કાય'' ઈત્યાદિ વાક્યથી (ગીતા ૧૮।૬૭) તેમજ શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કન્ધમાં ''નૈતત્ત્વયાદામ્ભિકાય'' ઈત્યાદિ વાક્યથી કહેલું છે.

છેલ્લા જન્મવાળાનો જન્મ સાર્થક કરી આપે એવું જ્ઞાન ગ્રન્થકર્તા શ્રીમદાચાર્યજીને કેવી રીતે પ્રાપ્ત થયું તે હવે બતાવવામાં આવે છે.

**ભગવચ્છાસ્ત્રમાજ્ઞાય વિચાર્ય ચ પુનઃ-પુનઃ ।।**
**યદુક્તં હરિણા પશ્ચાત્સન્દેહ વિનિવૃત્તયે ।।૩।।**
**એકં શાસ્ત્રં દેવકીપુત્રગીત મેકોદેવો દેવકીપુત્ર એવ ।।**
**મન્ત્રોઽપ્યેકસ્તસ્યનામાનિયાનિ કર્માપ્યેકં તસ્યદેવસ્ય સેવા ।।૪।।**

**શબ્દાર્થ :** ભગવત્શાસ્ત્ર સર્વથા જાણીને અને તેનો વારંવાર વિચાર કરીને અને તે પછી સર્વ સન્દેહની નિવૃત્તિને માટે શ્રીહરિએ જે વાક્ય કહ્યું તે પણ જાણીને (મુક્તિ પ્રાપ્ત કરવાનો ઉપાય કહેવામાં આવે છે).

દેવકીના પુત્રે જે ગાન કરેલું છે (ગીતા) તેજ એક (સર્વોત્તમ) શાસ્ત્ર છે. અને દેવકીનો પુત્ર એજ (સર્વોત્તમ) દેવ છે અને તેનાં નામો છે તે જ એક (સર્વોત્તમ) મન્ત્ર છે અને તેજ દેવની સેવા તેજ એક (સર્વોત્તમ) કર્મ છે.

**પ્રકાશ :** ‘ભગવતશાસ્ત્ર’ જાણ્યા સિવાય સત્ય વાતનો નિર્ણય થઈ શકતો નથી. ‘ભગવત્શાસ્ત્ર’ એટલે ભાગવત, ગીતા, પઞ્ચરાત્ર વગેરે. ‘ભગવતશાસ્ત્ર’ નું સર્વશઃ (સર્વ પ્રકારનું) જ્ઞાન ભગવત્કૃપાદિવડે થાય છે. જે જ્ઞાન ઉપલક જોવાથી મેળવ્યું હોય તે પ્રમાણભૂત હોતું નથી માટે સર્વશઃ જાણ્યા પછી પણ વિચારની અગત્યતા છે. વિચારમાં કાંઈ ભૂલ હોય માટે વારંવાર વિચાર કરીને નિશ્ચયાત્મક વિચારની જરૂર છે. કોઈ શઙ્કા કરે કે જીવ બુદ્ધિથી વિચાર કરવામાં આવ્યો હોય તો પણ તે અપ્રમાણ હોવાનો સમ્ભવ છે તેના ખુલાસામાં શ્રીમદાચાર્યજી કહે છે કે “સર્વ દુઃખનું હરણ કરનાર” શ્રીજગન્નાથ જે પુરુષોત્તમ ક્ષેત્રમાં રહેલા છે તેમણે સર્વ મોહક શાસ્ત્રોની ઉત્પત્તિ પછી “જે નિર્ધાર વાક્ય” કહ્યું તે પણ જાણીને, આ શાસ્ત્રાર્થ પ્રકરણમાં જે ઉપદેશ સમાયેલો છે તે કરવામાં આવ્યો છે.

શ્રીજગન્નાથજીએ જે વાક્ય કહ્યું તે ચોથા શ્લોકમાં જણાવ્યું છે. શ્રીજગન્નાથજી સમ્બન્ધી વાર્ત્તા પરમ્પરાથી જાણી લેવી.

“દેવકીના પુત્રનું ગીત” એ ગીતા છે. ગીતામાં પણ જે વાક્યો ભગવાન્નાં છે તે જ શાસ્ત્ર છે. વેદના અર્થનો નિર્ણય પણ ગીતામાં કહ્યા પ્રમાણે કરવો. સેવવા યોગ્ય કોણ છે તેનો નિર્ધાર કહે છે. “દેવકીના પુત્ર” એ જ એક સર્વોત્તમ દેવ છે, કારણ કે તે સર્વના મૂલભૂત છે. સર્વ કાળમાં તે ભગવાન્ના સ્મરણને માટે સાધન કહે છે. તે ભગવાન્નાં નામ એ જ મન્ત્ર છે, હવે કર્તવ્યનો નિશ્ચય બતાવે છે. શ્રીકૃષ્ણને મનુષ્ય તરીકે ન જાણવા પણ તે દેવ જાણી એમની સેવા કરવી. ભગવતશાસ્ત્ર જાણીને એટલે શાસ્ત્રવડે ભગવાન્ને જાણીને મન, વાણી અને દેહ વડે ભગવાન્ને સેવવા એ કર્તવ્ય છે.

**આવરણભઙ્ગ :** આટલું કહેવાથી બુદ્ધિમાન સાત્ત્વિક પુરુષો આ ગ્રન્થમાં કેમ પ્રવેશ કરશે એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે ઉપોદ્ઘાતથી સઙ્ક્ષેપમાં અનાપ્તત્ત્વનો પરિહાર કરવામાં આવ્યો છે. આખ્યાયિકા એવી છે કે ઉત્કલ દેશના રાજાની સભામાં માયાવાદી અને બ્રહ્મવાદી વચ્ચે સાત દિવસ સુધી વિવાદ ચાલ્યો તો પણ પરિણામનો નિશ્ચય થયો નહિ. તેથી તે દેશના રાજાએ શ્રીજગન્નાથજીની પ્રાર્થના કરી ત્યારે ભગવાને ઉપરનો જથો શ્લોક પત્રમાં લખી આપ્યો તે જોઈ માયાવાદીઓએ કહ્યું કે આ વાક્ય કલ્પિત છે, ત્યારે રાજાએ બીજે દિવસે એ પત્ર પાછો ભગવન્મન્દિરમાં સ્થાપન કર્યો, ત્યારે ભગવાને ઉપરના ૪ થા શ્લોક નીચે

બીજો શ્લોક લખી આપ્યો તે આ છેઃ

**યઃ પુમાન્ પિતરં દ્વેષિ તં વિદ્યાદન્યરેતસમ્ ।।**
**યઃ પુમાન્ શ્રીહરિં દ્વેષિ તં વિદ્યાદન્ત્યરેતસમ્ ।।**

**અર્થ :** જે પુરુષ પોતાના પિતાનો દ્વેષ કરે છે તેને બીજાના વીર્યથી પેદા થયેલો જાણવો, જે પુરુષ શ્રીહરિનો દ્વેષ કરે છે તે પુરુષ નીચ વર્ણના વીર્યથી પેદા થયેલો જાણવો. આ ઉત્તર મળતાં રાજાએ એ વાતની ચોકશી કરી, તો જે માયાવાદીએ પ્રથમ શ્લોક કલ્પિત છે એમ કહ્યું હતું તે અન્ત્યજના વીર્યથી ઉત્પન્ન થયેલો હતો એમ એની માના કહેવાથી સાબિત થયું. (આ આખ્યાયિકાનું સવિસ્તર વર્ણન શ્રીવલ્લભચરિત્રને પૃષ્ટ ૨૪૨ થી છે).

ગીતાજીમાં પણ કહ્યું છે કે,

**વેદૈશ્ચસર્વૈરહમેવવેદ્યો વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્** (ગી.૧૫।૧૫).

**અર્થ :** સર્વ વેદોવડે હું જ જાણવા યોગ્ય છું. વેદાન્તના અર્થના સમ્પ્રદાયનો હું પ્રવર્તક છું અને હું જ વેદને જાણનાર છું. આ વાક્યથી ગીતાનુસાર જ વેદાદિનો નિર્ણય કરવાનો છે.

**ઈત્યાકલય્ય સતતં શાસ્ત્રાર્થઃ સર્વ નિર્ણયઃ ।।**
**શ્રીભાગવતરૂપં ચ ત્રયં વચ્મિ યથામતિ ।।૫।।**

**શબ્દાર્થ :** એ પ્રમાણે સતત્ વિચાર કરીને હું બુદ્ધિના નિશ્ચય પૂર્વક શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય અને ભાગવત રૂપ એ ત્રણે વિષયોનું નિરૂપણ કરું છું.

**પ્રકાશ :** આ પ્રકારે પોતે જાણીને લોકને જણાવવાને માટે બુદ્ધિથી સારી રીતે સમજાય એ હેતુથી તત્ત્વદીપ નિબન્ધનાં ત્રણ પ્રકરણો રચુ છું. સતત્ વિચાર એમ સૂચવે છે કે મધ્યમાં વિરોધી જ્ઞાનનો અભાવ છે. 'શાસ્ત્રાર્થ' એટલે ગીતાર્થ, સર્વનિર્ણય એટલે જ્ઞાનાદિનો નિર્ણય એ નિર્ણય બીજા 'સર્વનિર્ણય' નામના પ્રકરણમાં આવે છે. એ બીજું પ્રકરણ અસમ્ભાવના અને વિપરીત ભાવનાની નિવૃત્તિને માટે છે. શાસ્ત્રાર્થ સઙ્ક્ષેપમાં છે તેથી તેના વિસ્તારને માટે 'ભાગવતરૂપ' એ ત્રીજું પ્રકરણ છે. આ ત્રીજા પ્રકરણમાં ભાગવતનો પ્રકાશ કરવામાં આવશે. 'ચ'કાર શબ્દ એ સૂચવે છે કે બે મીમાંસા ઉપર ભાષ્ય, પ્રકરણો (ષોડશગ્રન્થ આદિ) અને ભાગવત ટીકા એ ગ્રન્થોનો પણ સઙ્ગ્રહ કરવાનો છે. આ ત્રણે પ્રકરણો હું ઉપદેશન્યાયવડે કહું છું.

**આવરણ ભઙ્ગ :** આ ગ્રન્થમાં ત્રણ પ્રકરણ કરવાથી આ ગ્રન્થનો બોધ સર્વને અનાયાસે થઈ શકે છે. પ્રકરણ એટલે પૂર્વાપર સમ્બન્ધ રાખનાર શાસ્ત્રનો એક દેશ. પ્રમાણપર પુરુષોને શાસ્ત્રાર્થ પ્રકરણથી ભગવલ્લીલા જ્ઞાન થઈ શકે છે, પ્રમેયપર પુરુષોને અર્થ વિચારમાં અસમ્ભાવનાદિ ઉત્પન્ન થાય છે તેના નિરાસને માટે જ્ઞાનાદિ સર્વ નિર્ણય આવશ્યક છે માટે તે હેતુથી બીજું પ્રકરણ રચવામાં આવ્યું છે. ત્રીજું પ્રકરણ નવલીલા વિશિષ્ટ આશ્રય સ્વરૂપ બતાવવાને માટે છે. જેમ શ્વેતકેતુ વિદ્યામાં નવવાર, એક જ અર્થનો નાના પ્રકારથી સારી રીતે બોધને માટે ઉપદેશ કરેલો છે, તેમ અહીં પણ સમ્યગ્ બોધને માટે ત્રણ પ્રકરણની સાથે ગ્રન્થાન્તર પણ કહેલા છે.

**વેદાન્તેચ સ્મૃતૌ બ્રહ્મલિઙ્ગં ભાગવતે તથા ।।**
**બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિશબ્દ્યતે ।।**
**ત્રિતયે ત્રિતયં વાચ્યં ક્રમેણૈવ મયાઽત્રહિ ।।૬।।**

**શબ્દાર્થ :** ઈશ્વર વાચક નામના સમ્બન્ધમાં ઉપનિષદ્માં 'બ્રહ્મ' એ નામ વાપરવામાં આવ્યું છે, સ્મૃતિઓમાં ઈશ્વરને પરમાત્મા કહેલા છે અને ભાગવતમાં ભગવાન્ કહેલા છે. હું પણ આ ત્રણ પ્રકરણમાં એ ત્રણ નામ વાપરીશ.

**પ્રકાશ :** ઉપરના દોઢ શ્લોકવડે પરિભાષાનો નિર્ણય કરવામાં આવે છે. શાસ્ત્રવડે જાણેલી વસ્તુનો બોધ થવાને બ્રહ્મ ઈત્યાદિ શબ્દો વાપરવામાં આવે છે. પરમકાષ્ઠાપન્ન વસ્તુ જણાવવાને માટે અમે પણ તે-તે પ્રકરણોમાં તે-તે નામ વાપરીશું. એ ત્રણે નામ જુદાં છે તો પણ તે ત્રણેનો અર્થ એક જ છે.

**વેદા શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।।**
**સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્ ।।૭।।**

**શબ્દાર્થ :** વેદો, શ્રીકૃષ્ણનાં વાક્યો (ગીતાજીમાંનાં), વ્યાસ સૂત્ર અને વ્યાસજી ની (ભાગવતમાંથી) સમાધિ ભાષા એ ચાર પ્રમાણ છે.

**પ્રકાશ :** આ શાસ્ત્ર (તત્ત્વદીપ નિબન્ધ)માં પ્રથમ પરિભાષાનો (શ્લોક ૬થી) નિર્ણય કરીને હવે આ શ્લોકમાં પ્રમાણ કહેવામાં આવે છે.

શબ્દ (વેદ) જ પ્રમાણ છે. તે અલૌકિક જ્ઞાપન અને સ્વતઃસિદ્ધ પ્રમાણ છે. જેમાં બે કાણ્ડ રહેલા છે અને અર્થવાદાદિરૂપનો જેમાં સમાસ થાય છે. એવા વેદ પ્રમાણ છે. શ્રીકૃષ્ણનાં વાક્યો વેદરૂપ છે. પણ સ્મૃતિપણાવડે તેને જુદાં કહેલાં

છે વ્યાસસૂત્રોની સાથે જૈમિનિસૂત્રો સમજવામાટે મૂલમાં 'ચ'કાર મુકેલો છે, વ્યાસ સૂત્રોથી જેટલે દરજ્જે જૈમિનિસૂત્રો વિરોધી ન હોય તેટલે દરજ્જે તે સૂત્રોનો અઙ્ગીકાર થાય છે એમ 'એવ' શબ્દ બતાવે છે. ઉપરના અર્થની યુક્તતા બતાવવામાટે મૂલમાં 'હિ' શબ્દ વાપરેલો છે. વ્યાસની સમાધિભાષા એ ભાગવત છે. જે ભાષા લૌકિક રીતિનું વર્ણન કરતી નથી તેજ સમાધિભાષા છે. શ્રીભાગવતમાં ''અથોષસ્યુ પ્રવૃત્તાયામ્'' ''પ્રાતઃકાળ થયે તે''. એ શ્લોક લૌકિક રીતિ બતાવે છે તેથી પ્રમાણ નથી. ''શ્રુતં દ્વૈપાયનમુખાત્'' ''દ્વૈપાયનના મુખથી સામ્ભળેલું'' એવું વાક્ય પરમત કહેવાય છે. જે સમાધિમાં અનુભવ કરી નિરૂપણ કરેલું છે, તે સમાધિભાષા છે. સમાધિ ભાષાને અનુસરતી લૌકિક અને પરમત ભાષા હોય તો તે પ્રમાણ છે. અને તેથી વિરુદ્ધ હોય તો પ્રમાણ નથી. ઉપર કહેલાં ચારે પ્રમાણ એક વાક્યતાને પામે, ત્યારે તે યથાર્થ જ્ઞાન બોધક થાય છે.

**આવરણભઙ્ગ :** કોઈ એમ શઙ્કા કરે કે ૧.પ્રત્યક્ષ, ૨.ઉપમાન, ૩.અર્થાપત્તિ, ૪.અનુમાન, ૫.શબ્દ અને ૬.અનુપલબ્ધિ એ છ પ્રમાણને છોડી દઈને વેદાદિ એક જ પ્રમાણનો તમે કેમ આદર કરો છો? એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે શબ્દ જ પ્રમાણ છે, બાકીનાં પ્રત્યક્ષાદિ પાંચ પ્રમાણોમાં ભ્રાન્તત્વ દેખાય છે તેથી તેઓનું ઐકાન્તિક પ્રામાણ્ય હોઈ શકે નહિ માટે તેઓને છોડી દઈને વેદાદિ આપ્ત વાક્ય હોવાથી તેને જ અમે પ્રમાણ તરીકે ગ્રહણ કરીએ છીએ. ત્યાં એવી શઙ્કા પણ ઉઠે છે કે જો તમે શબ્દત્વથી પ્રમાણ ગણતા હો તો બીજાં પ્રમાણના જેવું જ શબ્દપ્રમાણ થઈ જશે, કેમકે સર્વ પ્રમાણ પ્રત્યક્ષોપજીવક છે. લોકમાં પણ તેવા શબ્દ જ પ્રમાણ છે માટે બીજાં પ્રમાણ અને શબ્દ પ્રમાણમાં કાંઈ તારતમ્ય જણાતું નથી. આ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે અમે વેદનું શબ્દત્વવડે પ્રામાણ્ય કહેતા નથી, પણ ઔતપત્તિક સૂત્ર (જૈમિનિ સૂત્ર)ને અનુસારે અલૌકિકજ્ઞાપક શબ્દત્વવડે વેદનું પ્રામાણ્ય સ્વીકારીએ છીએ. બીજાં પ્રમાણ લોક સિદ્ધ વસ્તુને જ બતાવે છે, પણ વેદ સિવાય બીજું કોઈ પ્રમાણ લોકોત્તર વસ્તુને બતાવતું નથી. એમ હોવાથી જેમ સપરિકર ધર્મમાં વિધિ જ પ્રમાણ છે, તેમ અહીં પણ વેદાદિ જ પ્રમાણ છે તેથી તે બીજાં પ્રમાણ તુલ્ય કે પ્રત્યક્ષોપજીવક નથી, કેમકે વેદોક્ત ધર્મ અને બ્રહ્મ અન્ય પ્રમાણથી નિશ્ચય કરી શકાતાં નથી, પણ મીમાંસાથી વેદૈકવેદ્ય જ સિદ્ધ થાય છે.

કોઈ એમ શઙ્કા કરે કે ''પ્રાવાણઃ પ્લવન્તે ગાવો વૈ સત્રમાસત'' પથરા તરે છે, ગાયો યજ્ઞ પ્રત્યે સ્થિતિ કરે છે, આવી વેદમાં કહેલી અયોગ્ય વાતો પ્રમાણ તરીકે કેમ માની શકાય? આ શઙ્કાના ખુલાસામાં કહેવામાં આવે છે કે વેદાદિક પ્રામાણ્યમાં કોઈ વખત અયોગ્યતા હોતી જ નથી અને જે અયોગ્યતા ભાસે છે તે બુદ્ધિના દોષનું જ પરિણામ છે, પરન્તુ વેદમાં અયોગ્યતા છે જ નહિ, કેમકે તે સ્વતઃ સિદ્ધ પ્રમાણ છે. પરતઃપ્રમાણ વાદમાં પ્રવૃત્તિ સામર્થ્ય થકી પ્રામાણ્યને ગ્રહણ કરનારું જ્ઞાન છે અને તે જ્ઞાનનું સામર્થ્ય અન્ય થકી પ્રમાણ હોવું જોઈએ. આ પ્રકારે થતાં અનવસ્થાની નિવૃત્તિને માટે કોઈ ઠેકાણે વિશ્રામ હોવો જોઈએ, અન્તે યોગ, શુદ્ધ અન્તઃકરણ અથવા તો શુદ્ધ સત્ત્વનું પ્રમાણ સ્વીકારવું જોઈએ અને તે થકી ઉત્પન્ન થયેલા જ્ઞાનનું સ્વતઃપ્રામાણ્ય હોવું જોઈએ. યોગની સમ્યક્ સિદ્ધિ અથવા સત્ત્વશુદ્ધિ વેદોક્ત સાધનથી જ થાય છે. એ હેતુમાટે મહત્પુરુષોને વેદ જ વિશ્વાસ ઉત્પન્ન કરે છે, સ્વતઃપ્રમાણભૂત વેદ અન્તઃકરણ શોધક હોવાથી તેમ ભગવદ્વાક્યરૂપ હોવાથી સ્વતઃ પ્રમાણવાદી પુરુષો તેનું જ નિરપેક્ષ પ્રમાણ સ્વીકારે છે. તેજ પ્રકારે ઔત્પત્તિક સૂત્રમાં સિદ્ધ કરેલું છે.

લોકથી ન જણાય તેવા જ પદાર્થને જણાવનારનું પ્રમાણ્ય સ્વીકારવું જોઈએ. વેદ અલૌકિક અર્થને બતાવનાર હોવાથી લૌકિક દષ્ટિના દોષને લીધે ઉપર કહેલી અયોગ્યતા જણાય છે, પરન્તુ વેદમાં કહેલા પદાર્થમાં અથવા વેદમાં કોઈ પણ પ્રકારની અયોગ્યતા નથી, કેમકે સેતુબન્ધમાં પથરાનું પણ તરવું ઘટે છે, (અમે પણ એક પથ્થર જોયો હતો કે જે પાણીમાં તરતો હતો.) તેમજ સત્પુરુષનું રક્ષણ કરનારા યજ્ઞરૂપ કૃષ્ણ પ્રત્યે ગાયોની સ્થિતિ વિદ્યમાન જ છે.

પ્રકાશમાં એમ કહ્યું છે કે બધા વેદ પ્રમાણ છે. ઔતપત્તિક સૂત્રમાં વિધ્યંશનું જ પ્રમાણ સિદ્ધ કરેલું છે. અનુપલબ્ધ વિધ્યર્થરૂપ ધર્મનું બોધન વિધિ વાક્યથી જ થાય છે.

સર્વ વેદ પ્રમાણ કેમ થઈ શકે? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે અર્થવાદ અને આદિ શબ્દે કરીને મન્ત્રો એ રીતે સર્વ વેદ પ્રમાણ છે, અર્થાત્ વેદનો કોઈપણ ભાગ અપ્રમાણ નથી. ત્યાં એમ શઙ્કા થાય કે અર્થવાદનું સ્વાર્થમાં પ્રામાણ્ય અઙ્ગિકાર કરીએ તો ''વવરઃ પ્રવાહણિરકામયત''. પ્રવાહણનો પુત્ર વવરકામના કરતો હતો એ વાક્ય સ્વાર્થમાં પ્રામાણ્ય કહેવું જોઈએ અને તે ભાગ

વવરના પછી થવો જોઈએ ('વવર' નામનો કોઈ પુરુષ છે) અને એમ થવાથી વેદમાં અનિત્યતા આવી જાય. આ શઙ્કાના ખુલાસાને માટે કહે છે કે ધર્મવત્ ભાવી અર્થના અર્વાચીન બોધનને માટે ભૂતની પેઠે કહેવામાં કોઈપણ પ્રકારનો દોષ નથી. વેદ સર્વજ્ઞ ઈશ્વર વાક્ય હોવાથી, જેમ પુરાણને વિષે સૂતોક્તિ ભાવિ અર્થ છે, તો પણ તેને ભૂતમાં કહેલો છે તેવી જ રીતે અહીં પણ હોવાથી અનિત્યત્વ પ્રાપ્ત થતું નથી. વસ્તુ થકી તો વેદ ભગવાન્‌ની લીલા બતાવનાર છે અને તે ભગવલ્લીલા નિત્ય છે તેથી અનિત્યત્વનો લેશ પણ દોષ આવતો નથી. વેદમાં કહેલું છે કે આ નામરૂપાત્મક, ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વ પુરુષરૂપ જ છે. એ શ્રુતિથી (પુરુષ અવેદં સર્વ યદ્ભૂતં યચ્ચભાવ્યં) વ્યવહાર કાલમાં પણ સર્વ નિત્ય હોવાથી તેને વર્ણન કરનાર વેદ અનિત્ય કહેવાય નહિ. આ કારણથી જ જૈમિનિના તર્કપાદના અન્ત ભાગમાં શબરસ્વામીએ વ્યાખ્યાન કરેલું છે કે 'પ્રવાહણિ' અને 'વવર' શબ્દ નિત્ય અર્થનો બોધ કરે છે. પ્રકર્ષે કરીને કર્મ ફલને વહન કરનાર 'પ્રવાહણિ' કહેવાય, આ વિશેષણ અને વિશેષ્ય થી નિત્ય અર્થનું બોધન થાય છે. ''અન્ત્યયોર્ય થોક્તમ્'' એ સૂત્રથી જૈમિનિએ પણ અનુવાદ અને ભૂતાર્થવાદ નું સ્વાર્થમાં પ્રમાણ સ્વીકારેલું છે માટે અર્થવાદસહિત સર્વ વેદપ્રમાણ છે. (શ્રીશઙ્કરાચાર્યજીએ અર્થવાદનું પ્રમાણ્ય સ્વાર્થમાં સ્વીકારેલું નથી. જુઓ ગીતાના બીજા અધ્યાયના ૪૨ માં શ્લોક ઉપરનું એમનું ભાષ્ય.) ગીતા કૃષ્ણ વાક્ય હોવાથી તેમાં વેદત્વ વિદ્યમાન છે, તો પણ અર્જુનના અધિકારને અનુસરીને ભગવાને સ્મૃતિરૂપથી વાક્યો કહેલાં છે, કેમકે અર્જુનનાં ''અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ'' (ગીતા ૪।૪), ''શિષ્યસ્તેહડહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્'' (ગી.૨।૭) એ વાક્યથી જણાય છે કે શ્રીકૃષ્ણ નિઃસન્દિગ્ધ ભગવાન્ છે એવો વિશ્વાસ અર્જુનને નહોતો, તેથી તે વાક્ય ભગવાને પોતાના વેદાર્થ જનકરૂપનું અને વેદાર્થનું સ્મરણ કરીને કહેલાં હોવાથી તે સ્મૃતિરૂપ છે.

જૈમિનિસૂત્રોનું વ્યાસસૂત્રોની પેઠે પ્રમાણ સ્વીકાર કરવાથી અર્થવાદનું પ્રમાણ સ્વાર્થમાં સિદ્ધ થવાનું નથી કેમકે જૈમિનિએ અર્થવાદાધિકરણમાં ગૌણી વૃત્તિ સ્વીકાર કરેલી છે, એટલામાટે કહેવામાં આવે છે કે વ્યાસસૂત્રને અનુસરતુ જ જૈમિનિસૂત્રનું પ્રમાણ ગ્રહણ કરી શકાય અને બન્ને ઋષિ હોવાથી પણ વ્યાસના

વાક્યનો અમે વિશેષ આદર કરીએ છીએ. વસ્તુતા થકી તો ''વિધિનાત્વેક વાક્યત્વાત્ સ્તુત્ત્યર્થેન વિધીનાંસ્યુરિતિ। યત્તુલ્યઞ્ચ સામ્પ્રદાયિક'' ઈત્યાદિ સૂત્રોનો વિચાર કરતાં જૈમિનિએ અર્થવાદોના મધ્યે ગુણવાદની પણ વિધ્યર્થની સ્તુતિવડે વિધિ વાક્યોની સાથે એકવાક્યતા કરી છે અને અર્થવાદ વાક્યો પ્રમાદથી કરેલાં નથી એવી રીતે સિદ્ધ કરેલું છે. દષ્ટશાસ્ત્રના વિરોધનો પણ પરિહાર કરીને યાવત્ અર્થવાદનું તાત્પર્ય ક્રિયા અથવા તત્સમ્બન્ધી પદાર્થના કોઈપણ ગુણનો બોધ કરનાર છે, કારણ કે ઉત્કર્ષાધાયક ગુણવર્ણન જ સ્તુતિ કહેવાય છે.

અર્થવાદ વાક્યો વિધિવાક્યોનાં સ્તુત્યર્થરૂપ છે તેથી વિધ્યર્થની સ્તુતિથી સર્વ વેદની એકવાક્યતા થઈ શકે છે. જેમ વિધિવાક્ય પુરુષને કર્મમાં પ્રવૃત્ત કરે છે તેમ અર્થવાદવાક્ય પણ વિધિ વાક્યની સ્તુતિથી શીઘ્ર પ્રવૃત્ત કરે છે અને જ્ઞાનીને અર્થવાદમાં કહ્યા પ્રમાણે ફલ થવાથી અર્થવાદવાક્યનું અપ્રામાણ્ય હોઈ શકે નહિ. તેમજ ગૌણીવૃત્તિ સ્વીકારવી તે પણ ઉત્તમ અધિકારીને માટે નથી. એટલા માટે જૈમિનિસૂત્રમાં અર્થવાદને ગૌણીવૃત્તિથી નહિ સ્વીકારતાં મુખ્ય વૃત્તિથી જ સ્વીકારેલા છે. એ રીતે વ્યાસસૂત્રના અવિરોધથી જૈમિનિસૂત્રનું વ્યાખ્યાન કરવું. અર્થવાદમાં ગૌણીવૃત્તિનો સ્વીકાર અમને સમ્મત નથી. ત્યાં કોઈ એવી શઙ્કા કરે કે આમ વ્યાખ્યાન કરવાથી ગૌણીવૃત્તિનો ઉચ્છેદ થઈ જશે અને 'તત્સિદ્ધયાદિ'' સૂત્રોનો વિરોધ આવશે. આ શઙ્કા નિર્મૂળ છે, કેમકે તે સૂત્રો મન્દ અને મધ્યમ અધિકારીને માટે છે. એમ ન હોય તો સર્વ ઠેકાણે ગુણવાદ દેખાવાથી સમગ્ર વેદ ઉત્પ્રેક્ષાપર થઈ જાય.

એમ પણ સમજવું નહિ કે 'કલ્પનોપદેશ' સૂત્રમાં વ્યાસજીએ ગૌણીવૃત્તિનો સ્વીકાર કરેલો છે. સાઙ્ખ્યનું વૈદિકત્વ નિરાસ કરવાને માટે એ સૂત્ર વાદીની બુદ્ધિને અનુસારે છે. એમ જો ન હોય તો ''શ્રુતેસ્તુ શબ્દ મૂલત્વાત્'' (બ્ર.સૂ.૨/૧/૧૭) એ સૂત્રમાં વિરોધ આવે માટે વેદમાં સર્વ ઠેકાણે વાચ્યાર્થ જ ગ્રહણ કરવા યોગ્ય છે. ''સર્વ વેદ પુરાણોમાં પ્રતિષ્ઠિત છે એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી'', એ વિષ્ણુપુરાણના વાક્યથી અને ''ઈતિહાસ અને પુરાણ થી વેદને સારી રીતે વૃદ્ધિ પમાડવો'', ''આ પુરુષ અને પ્રહાર કરશે એમ અલ્પબુદ્ધિવાળા પુરુષથી વેદ ભય પામે છે''. એ બ્રહ્માણ્ડપુરાણના વાક્યથી પુરાણોનું પ્રમાણકોટિમાં આવશ્યકત્વ સિદ્ધ થાય છે. એટલામાટે વ્યાસની સમાધિ ભાષા

ભાગવતપુરાણમાં હોવાથી અને ''ધર્મઃ પ્રોજ્ઝિત કૈતવોત્રેતિ'' એ શ્લોકમાં કહ્યા પ્રમાણે ભાગવતનો વિષય સર્વોત્તમ હોવાથી બીજાં પુરાણો કરતાં તેમાં વિશેષ આદર જણાવેલો છે. તેમાં મતાન્તર અને લૌકિક ભાષા સમાધિ ભાષાની પોષક છે, પરન્તુ અર્થ નિર્ણાયક તો સમાધિભાષા જ સમજવી. એ સમાધિભાષા ''ભક્તિ યોગેન મનસી'' એ સન્દર્ભ થકી જ્યાં ભગવાન્‌ના પૂર્ણત્વનું અને જ્યાં માયાના ભગવદાધીનત્વનું અને તે માયાએ કરેલા જીવના અનર્થનું અને તેના ઉપશામક ભગવદ્‌ભક્તિ યોગનું, જ્યાં-જ્યાં પ્રતિપાદન હોય ત્યાં-ત્યાં સમાધિભાષા સમજવી. સમાધિભાષાનું પ્રામાણ્ય હોવાથી લૌકિક અને પરમત ભાષાનો વિરોધ આવે તે દોષરૂપ નથી. એ ચતુષ્ટ્ય પ્રમાણની એક વાક્યતાથી સિદ્ધ થયેલું જ્ઞાન પ્રમાજનક (યથાર્થ અનુભવવાળું) છે.

**ઉત્તરં પૂર્વસન્દેહવારકં પરિકીર્તિતમ્ ।।**
**અવિરુદ્ધં તુ યત્ત્વસ્ય પ્રમાણં તચ્ચનાન્યથા ।।**
**એતદ્વિરુદ્ધં યત્સર્વં ન તન્માનં કથઞ્ચન ।।૮।।**

**શબ્દાર્થ :** ઉત્તર (પ્રમાણ) પૂર્વ (પ્રમાણ) ના સન્દેહનું નિવૃત્તિ કરનાર કહેલું છે. આ ચાર પ્રમાણોથી જે (શાસ્ત્રો) અવિરુદ્ધ છે તે પ્રમાણ છે. આ ચાર પ્રમાણોથી જે વિરુદ્ધ હોય તે કદી પણ પ્રમાણ નથી.

**પ્રકાશ :** કોઈ શઙ્કા કરે કે જ્યારે એક પ્રમાણથી ચરિતાર્થ (પ્રયોજન) સિદ્ધ થઈ શકે છે, ત્યારે ચાર પ્રમાણનો શો ઉપયોગ? આ શઙ્કાના સમાધાનમાં કહે છે કે પહેલા પ્રમાણમાં કાંઈ સન્દેહ માલમ પડતો હોય તો તે પછીનાં પ્રમાણ તે સન્દેહ દૂર કરી શકે છે. જેમકે શ્રુતિમાં કહ્યું છે કે ''અપાણિપાદો જવનો ગ્રહીતા''. ''પરમાત્માને હાથ અને પગ નથી તો પણ તે વેગવાળાને ગ્રહણ કર્તા છે''. આ વાક્યમાં એવો સન્દેહ થાય કે બ્રહ્મ કાં તો હાથ-પગ વગરનું છે અથવા એ વાક્યથી પ્રાકૃત હાથ-પગનો નિષેધ કરેલો છે. આ સન્દેહનું નિવારણ ગીતાજીમાં ''સર્વતઃ પાણિપાદાન્તમ્'' (ભ.ગી.૧૩/૧૩)(બ્રહ્મ સર્વ ઠેકાણે હાથ અને પગ વાળું છે) એ વાક્યથી થાય છે અને તેથી સિદ્ધ થાય છે કે બ્રહ્મ એ પ્રાકૃત હાથ-પગ વગરનું છે. તેમજ ગીતાજીમાં ''નિત્યઃ સર્વગતઃ સ્થાણુઃ'' ''મમૈવાંશો જીવ લોકે'' (ભ.ગી.૧૫/૭) વગેરે વાક્યોથી ઉત્પન્ન થતા સન્દેહનું નિવારણ ''ઉત્ક્રાન્તિગત્યાગતીનામપિ'' (બ્ર.સૂ.૨/૩/૧૯) ઈત્યાદિ સૂત્રોવડે થાય છે.

તેમજ ''જન્માદ્યસ્ય યતઃ''(બ્ર.સૂ.૧/૧/૨) ઈત્યાદિ સૂત્રોનો સન્દેહ અન્વય અને વ્યતિરેક વડે ભાગવતથી દૂર થાય છે. આ ચાર પ્રમાણથી જેટલે દરજ્જે મનુનાં વાક્યો સંવાદી હોય તેટલે દરજ્જે(તે મન્દગામી) (અનુવાદ પ્રમાણ તરીકે ગણવામાં આવતો નથી તે કારણથી આવાં સંવાદી વાક્યોને મન્દગામી પ્રમાણ તરીકે ગણવામાં આવે છે.) પ્રમાણ છે, વિરોધી હોય તો તે પ્રમાણ નથી.

**આવરણભઙ્ગ :** એક જ મુખ્ય વેદથી જ્યારે એક વિષયનું પ્રતિપાદન થઈ શકે છે, ત્યારે ચાર પ્રમાણનો શો ઉપયોગ? આ શઙ્કાની નિવૃત્તિને માટે કહેવામાં આવે છે કે પૂર્વશાસ્ત્રનો સન્દેહ નિવૃત્ત કરવાને માટે ઉત્તરશાસ્ત્રની આવશ્યકતા હોવાથી, એક જ વિષયમાં પણ પ્રમાણ ચતુષ્ટ્યનું આવશ્યકત્વ છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કહ્યા પ્રમાણે ''અપાણિપાદો જવનો ગ્રહીતા'' એ શ્રુતિમાં ઈન્દ્રિયની ક્રિયા બતાવેલી છે. ત્યાં સન્દેહ થાય છે કે બ્રહ્મ ઈન્દ્રિય વગરનું છે કે અલૌકિક ઈન્દ્રિયવાળું છે? ત્યાં કહે છે કે ઈન્દ્રિયો વિના અલૌકિક સામર્થ્યવડે પણ બ્રહ્મા ક્રિયા ઉત્પન્ન કરી શકે છે. માટે નિર્ણાયિક વાક્યની આવશ્યકતા હોવાથી, ''સર્વતઃ પાણિપાદાન્તંસર્વતોઽક્ષિશિરો મુખમ્'' (ગી. ૧૩।૧૩) આ વાક્યથી સન્દેહ નિવર્ત થયે અપ્રાકૃતકરણ (ઈન્દ્રિય) યુક્ત બ્રહ્મ છે એમ નિઃસન્દિગ્ધતાથી સિદ્ધ થાય છે. તેમજ ગીતા વાક્યમાં જીવનું વ્યાપકત્વ અને અંશકત્વ એ બન્ને કહેવાથી સન્દેહ ઉત્પન્ન થવાથી ''ઉત્ક્રાન્તિગત્યાગતીનામપિ'' એ સૂત્રથી શરીરનો ત્યાગ કરીને ગમન અને શરીરાન્તરમાં પ્રવેશ કરનાર જીવને વ્યાપકત્વ ઘટતું નથી માટે અંશ નિઃસન્દિગ્ધ છે. તેમજ સૂત્રનાં ''જન્માદ્યસ્ય યતઃ'' એ સ્થળે માયા શબલ જગતનું કારણ છે કે શુદ્ધ બ્રહ્મ જગતનું કારણ છે? વળી તે નિમિત્ત કારણ છે કે ઉપાદાન કારણ છે, એવી રીતનો સૂત્રમાં સન્દેહ થવાથી ''અન્વય વ્યતિરેકાભ્યામ્ યત્સ્યાત્ સર્વત્ર સર્વદા'' (ભા. ૨।૩૫) અર્થઃજે બ્રહ્મ સર્વ કાળમાં સર્વ કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત વડે વિદ્યમાન છે, તેજ આત્મતત્ત્વ જીજ્ઞાસુ પુરુષે જાણવાને યોગ્ય છે. આ વાક્યથી શુદ્ધ બ્રહ્મ જ આ જગતનું અભિન્ન નિમિત્ત ઉપાદાન કારણ છે એમ સિદ્ધ થાય છે. તેમજ સર્વ વેદનું કર્મમાં તાત્પર્ય છે કે નહિ એ પૂર્વ મીમાંસામાં સન્દેહ થવાથી ''સર્વં કર્માખિલંપાર્થ''(ભ.ગી.૪/૩૩), ''એતાન્યાપિતુ કર્માણિ'' (ભ.ગી.૧૮/૬) એ રીતનાં ભગવાન્‌નાં વાક્યથી એ સન્દેહનું નિવારણ થઈ શકે છે એટલે સમગ્ર વેદનું કેવળ કર્મમાં તાત્પર્ય નથી, પણ

જ્ઞાનમાં સર્વ કર્મની સમાપ્તિ છે. એ પ્રમાણે વિધ્યર્થ રૂપધર્મ અને ઉપનિષદ પ્રતિપાદ્ય બ્રહ્મનું સર્વ વેદથી પ્રતિપાદન કરતાં તેમાં ગીતા, સૂત્ર અને ભાગવત સન્દેહવારક હોવાથી, એક વિષય છતાં પણ તેમાં ચારેનો ઉપયોગ થઈ શકે છે અને તે સન્દેહવારક હોવાથી અનુવાદક નથી.

એવી શઙ્કા થાય કે જો ચારનું જ પ્રમાણ સ્વીકાર કરીએ તો બાકી રહેલાં મન્વાદિ સ્મૃતિ, બીજાં પ્રમાણ અને વેદ નાં છ અઙ્ગ એઓની શી ગતિ થાય? એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે આ પ્રમાણ ચતુષ્ટયથી અવિરુદ્ધ જ મન્વાદિક વાક્યો પ્રમાણ છે, કલ્પિત વ્યાખ્યાનથી મન્વાદિ વાક્યોનો અન્યથા અર્થ પ્રમાણ નથી, પણ અનુસરતો અર્થ પ્રમાણ છે.

આ ઠેકાણે મૂલમાં 'એતત્' પદથી ''વેદા શ્રીકૃષ્ણવાક્યાનિ'' એ કારિકામાં 'ચ'કાર બોધિત જૈમિનિસૂત્રનું પણ ગ્રહણ સમજવું. અને તેમાં કહેલી રીતે પ્રમાણે વિચાર કરવાથી મન્વાદિ, સાઙ્ખ્યાદિ સ્મૃતિઓનાં સંવાદીવાક્ય અનુવાદપણાથી મન્દગામી હોવાથી અપ્રમાણભૂત છે. અને વિરોધી વાક્યો 'વૈસર્જનાધિકરણ' ન્યાયથી બાધિત હોવાથી અપ્રમાણ છે. માટે મન્વાદિ સાઙ્ખ્યાદિ સ્મૃતિઓનો અવિરુદ્ધ અસંવાદી અંશપ્રમાણ છે, મૂલમાં 'સર્વ' પદથી શાક્યાદિ (બૌધમતની) સ્મૃતિઓ પણ અપ્રમાણ છે, એમ સમજી લેવું. તેમજ પ્રત્યક્ષ, ઉપમાન, અર્થાપત્તિ, અનુપલબ્ધિ અને અનુમાન એ પાંચે પ્રમાણોનું આપ્રામાણ્ય સમજવું. આનું કારણ સ્ફુટ રીતે સર્વનિર્ણયમાં સમજાવવામાં આવશે.

**અથવા સર્વરૂપત્વાન્નામલીલાવિભેદતઃ ।।**
**વિરુદ્ધાંશપરિત્યાગાત્પ્રમાણં સર્વમેવ હિ ।।૯।।**

**શબ્દાર્થ :** અથવા નામલીલાના વિભેદને લીધે બ્રહ્મનું સર્વરૂપત્વ છે એ કારણથી વિરુદ્ધ અંશના ત્યાગથી સર્વ શાસ્ત્ર માત્ર પ્રમાણ છે.

**પ્રકાશ :** જ્યારે પૂર્ણ જ્ઞાનનો ઉદય થાય છે, ત્યારે સર્વ શાસ્ત્રોનો અર્થ બ્રહ્મરૂપ ભાસે છે તે વખતે સર્વ શાસ્ત્રો પ્રમાણરૂપ છે. કેમકે તે બધાં ભગવદ્‌વાચક દેખાય છે. પણ જ્યાં સુધી પૂર્ણ જ્ઞાનનો ઉદય થયો ન હોય, ત્યાં સુધી ઉપર કહેલાં ચાર પ્રમાણ માનવાં. પૂર્ણ જ્ઞાનના ઉદયકાળમાં વાણીમાત્ર પ્રમાણ છે, કેમકે તે વખતે શબ્દનો અર્થ ભગવદ્રૂપ ભાસે છે. જેમ આ જગતમાં સંસારીને રૂપ જુદાં-જુદાં દેખાય છે, પણ જ્ઞાનીને તો તે સઘળાં ભગવદ્રૂપ માલમ પડે છે. તેમજ

નામલીલામાં જે ભેદ છે, તે સંસારીને જ ભાસે છે. પૂર્ણ જ્ઞાનવાળાને તો ભગવાન્ના અલૌકિક પ્રકારના સામર્થ્યથી વા ભગવાન્ના સર્વ રૂપત્વવડે અવિરોધ ભાસે છે. એ રીતે વિરુદ્ધાંશનો પ્રકાર બે રીતે કહ્યો. માટે જ્ઞાનિને અવિરોધ ભાસે છે, તે યુક્ત જ છે.

**આવરણભઙ્ગ :** કોઈ શઙ્કા કરે કે આ શાસ્ત્ર બ્રહ્મવાદરૂપ છે અને બ્રહ્મવાદમાં સર્વની ભગવદ્રૂપતા છે, તેથી સર્વ શાસ્ત્રનું પ્રામાણ્ય ઉચિત છે અને આ ચાર પ્રમાણમાં જ સંકોચ કરવો ઉચિત નથી. એ શઙ્કાનો નિરાસ કરવાને માટે પક્ષાન્તર કહેવામાં આવે છે.

જ્યાં સુધી પૂર્ણ જ્ઞાનનો ઉદય ન થયો હોય, ત્યાં સુધી પ્રમાણનો સંકોચ ઉચિત છે. જ્યારે પૂર્ણ જ્ઞાનોદય થાય, ત્યારે સર્વત્ર ભગવત્સ્ફુર્તિ થવાથી અને શબ્દમાત્ર 'ઓંકારની' વિકૃતિરૂપ હોવાથી, સર્વ વાણી માત્ર બ્રહ્મને વિષે પ્રમાણ છે. ત્યાં એવી શઙ્કા થાય છે કે જ્યાં સુધી જ્ઞાન ન થયું હોય ત્યાં સુધી વ્યવહાર છે અને જ્યારે સર્વને ભગવદ્રૂપ માનવામાં આવે ત્યારે વ્યવહાર શી રીતે સિદ્ધ થઈ શકે? એ શઙ્કાના નિરાસને માટે કહે છે કે જેમ નિયમિત આકારથી નિયમિત રૂપવડે ભગવાન્ની રૂપલીલાનું વૈલક્ષણ્ય સિદ્ધ થાય છે. તેમ વર્ણાનુંપૂર્વીથી પદ વાક્ય ભેદ થાય છે; એ પ્રમાણે નામલીલાનું વૈલક્ષણ્ય છે. જેમ રૂપલીલામાં સહજ શક્તિ સંકોચ છે તેમ નામલીલામાં વાચકશક્તિનો સંકોચ હોવાથી લીલાભેદ જ્ઞાનથી વ્યવહાર સિદ્ધ પણ થઈ શકશે. કદાપિ એમ શઙ્કા થાય કે અવિરુદ્ધ વાક્યમાં નિર્વાહ થઈ શકે, પણ જ્યાં એક જ વસ્તુ શિવ, વિષ્ણુ, નિરાકારાદિરૂપથી બોધ કરાય, ત્યાં વાક્ય પરસ્પર વિરુદ્ધ હોવાથી લીલાભેદ જ્ઞાનના અભાવને લીધે ત્યાં વિરોધનો પરિહાર શી રીતે કરવો? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે વિરુદ્ધ અંશનો બે પ્રકારે નિરાસ કરવો, સાધનાધ્યાયમાં ''અહિ કુણ્ડલવત્'' એ સૂત્રમાં અને ''પૂર્વવત્ વા'' એ સૂત્રમાં ભગવત્સામર્થ્ય અને અલૌકિક પ્રકારથી ભગવાન્નું સર્વ રૂપત્વ બતાવી વિરોધનો પરિહાર કરેલો છે. તેમ ''મલ્લાનામશનિરિતિ'' ન્યાયથી એક જ વસ્તુનું ભિન્ન-ભિન્ન પુરુષને ભિન્ન-ભિન્ન રૂપનું ભાન થવાથી ભિન્ન-ભિન્ન વાક્યો છે તેથી પરિહાર થઈ શકે છે. આ કારણથી જ્ઞાનદશામાં નિર્દોષબુદ્ધિ હોવાથી પ્રમાણ સંકોચ નથી. અવિદ્વત્દશામાં જીવબુદ્ધિ સદોષ હોવાથી તે દોષના નિરાસને માટે પ્રમાણનો સંકોચ ઉચિત છે.

**દ્વાપરાદૌ તુ ધર્મસ્ય દ્વિપરત્વાદ્દ્દયં પ્રમા ।।**
**વિરુદ્ધવચનાનાં ચ નિર્ણયાનાં તથૈવ ચ ।।૧૦।।**

**શબ્દાર્થ :** દ્વાપરના આદિ ભાગમાં ધર્મના બે પ્રકાર (શ્રૌત અને સ્માર્ત) હોવાથી જેમ પરસ્પર વિરુદ્ધ વચનોના મધ્યે બન્ને પ્રકારનાં વચનો પ્રમાણ છે તેમ નિર્ણયો પણ પ્રમાણ છે.

**પ્રકાશ :** વિરુદ્ધ વાક્યોનો અવિરોધ જણાવવાને માટે લૌકિક (સ્મૃતિ)નું દૃષ્ટાન્ત કહે છે. જેમ સ્મૃતિનાં પરસ્પર વિરુદ્ધ વાક્યોનો સ્મૃતિના વ્યાખ્યાનકારોએ અવિરોધ પ્રકારથી નિર્ણય કરેલો છે તેમજ પરસ્પર વિરુદ્ધ નિર્ણયોનો પણ વૈષ્ણવ સ્માર્તાદિ ભેદવડે અવિરોધ સમજવો.

**આવરણભઙ્ગ :** મત્સ્યપુરાણમાં સ્મૃતિનો પ્રચાર દ્વાપરયુગમાં થયાનું કહ્યું છે. તે પહેલાં ધર્મમાં સન્દેહ હતો જ નહિ, તેથી કેવળ શ્રૌતધર્મ જ હતો. દ્વાપરયુગથી આરમ્ભીને ધર્મનું દ્વૈધ એટલે શ્રૌત અને સ્માર્ત એ બે પ્રકાર થયા તેથી તેનો અવિરોધ કહેવો જોઈએ. સ્મૃતિમાં શ્રૌત અને સ્માર્ત ભેદથી પરસ્પર વિરુદ્ધ વાક્યનો અવિરોધ છે અથવા અધિકારીના ભેદથી અથવા શાખાના ભેદથી અવિરોધ છે એમ સમજવું. મત્સ્યપુરાણમાં કહ્યું છે કેઃ

**અદ્યે કૃતે ન ધર્મોઽસ્તિ સ ત્રેતાયાં પ્રવર્તિતઃ ।।**
**દ્વાપરે વ્યાકુલોભૂત્વા પ્રણશ્યતિ કલૌ પુનઃ ।।**
**વર્ણાનાં દ્વાપરે ધ્વંસાદ્વિકીર્યન્તે તથાશ્રમા ।।**
**દ્વૈષમુત્પદ્યતે ચૈવ યુગે તસ્મિન્ શ્રુતૌ સ્મૃતૌ ।।**
**દ્વિધા શ્રુતિઃ સ્મૃતિશ્ચૈવ નિશ્ચયો નાધિગમ્યતે ।।**
**નિશ્ચયાદ્વિગતાનાઞ્ચ ધર્મ તત્ત્વં ન વિદ્યતે ।**
**ધર્મતત્ત્વે હ્યવિજ્ઞાતે મતિભેદશ્ચ જાયતે ।**
**પરસ્પર વિભિન્નૈસ્તદ્રૃક્ષીણાં વિભ્રમેણ તુ ।**
**અતો દૃષ્ટિવિભિન્નૈસ્તૈઃ કૃતં શાસ્ત્રાકુલં ત્વિદમ્ ।।**

**અર્થ :** પ્રથમ કૃતયુગમાં ધર્મ (કર્મકાણ્ડ) નહિ હતો, પરન્તુ સર્વ પુરુષો જ્ઞાનનિષ્ઠ હતા. ત્રેતામાં કર્મકાણ્ડ પ્રવૃત્ત થયો. દ્વાપરમાં તે વિકલ થઈને કલિયુગમાં તેનો વારંવાર નાશ થાય છે. દ્વાપરમાં વર્ણોનો ધ્વંસ થવાથી કર્મને વિષે અનેક પ્રકારના ભ્રમ થાય છે; તેથી તે યુગમાં શ્રુતિ અને સ્મૃતિ માં બે પ્રકાર ઉત્પન્ન થાય છે અને

ભ્રમને લીધે એકવાક્યતા નહિ થવાથી શ્રુતિ અને સ્મૃતિ દ્વિધા ભાસે છે તેથી નિશ્ચય થતો નથી અને નિશ્ચયને નહિ પામેલા પુરુષોથી ધર્મનું તત્ત્વ જણાતું નથી. ધર્મતત્ત્વ નહિ જણાવાથી મતિ ભેદ ઉત્પન્ન થાય છે. તેથી તે ઋષિઓના ભ્રમથી થયેલા જ્ઞાનભેદને લીધે પરસ્પર ભિન્ન ઋષિઓએ જુદી-જુદી સ્મૃતિઓ કરેલી છે.

ઉપર કહેલા કારણથી સ્મૃતિઓમાં પરસ્પર વિરુદ્ધ વાક્યો આવે છે તેનો નિર્વાહ વ્યાખ્યાનકારોએ યથાસમ્ભવ કરેલો છે. (ગર્ભાધાનાદિ સંસ્કાર, સન્ધ્યોપાસનાદિક કર્મ, નિત્ય શ્રાદ્ધ કર્મ, પાક યજ્ઞાદિક અને પ્રાયશ્ચિત્ત એ પાંચ ધર્મોસ્મૃતિમાં વિશેષે કહેલા છે તેમાં દેશકાલાનુસાર અથવા અધિકારી ભેદથી પરસ્પર વિરુદ્ધ વાક્યો હોય છે. પરન્તુ બ્રહ્મ તો સર્વ દેશમાં સર્વ કાલમાં એક રૂપ હોવાથી પૂર્વે કહેલું એક વાક્યતાપન્ન પ્રમાણ ચતુષ્ટ્ય તેને વિષે પ્રમાણ છે.)

પ્રમાણ ચતુષ્ટ્યમાં શ્રુતિ અને બ્રહ્મસૂત્રો એક કોટિના છે. ગીતા અને ભાગવત બીજી કોટિના ગ્રન્થો છે, એ વાત સ્પષ્ટ છે. એ બન્ને કોટિમાં પ્રમેયના ભેદનો અભાવ છે તો પણ બે કોટિ નિરૂપણ કરવાથી ભેદ ભાસવાને લીધે વિરોધ આવે તો એ ચારે ગ્રન્થની એકવાક્યતા કેમ થાય એ બતાવવાને માટે એ બન્ને કોટિનું સમર્થન કરવામાં આવે છે.

**યજ્ઞરૂપો હરિઃ પૂર્વકાણ્ડે બ્રહ્મતનુઃ પરે ।।**
**અવતારી હરિઃ કૃષ્ણઃ શ્રીભાગવત ઈર્યતે ।।૧૧।।**

**અર્થ :** વેદના પૂર્વકાન્ડમાં એટલે કર્મકાણ્ડમાં ક્રિયાશક્તિ વિશિષ્ટ યજ્ઞરૂપ હરિ છે અને જ્ઞાનકાણ્ડમાં (જ્ઞાનશક્તિ વિશિષ્ટ) બ્રહ્મરૂપ હરિ છે અને (ક્રિયા અને જ્ઞાન ઉભય વિશિષ્ટ) અવતારી હરિકૃષ્ણનું શ્રીમદ્ભાગવતનું નિરૂપણ કરાય છે.

**પ્રકાશ :** ''યઃ સર્વજ્ઞઃ સર્વશક્તિઃ'' એ શ્રુતિથી જાણવું કે ભગવાન્ જ્ઞાન અને ક્રિયા બન્ને યુક્ત સર્વ પ્રમાણના વિષય છે. જ્યારે ભગવાન્ ક્રિયામાં પ્રવેશ કરે છે ત્યારે એ યજ્ઞાત્મા ક્રિયારૂપ પૂર્વકાન્ડનો વિષય છે એમ સમજવું. અને જ્યારે જ્ઞાનમાં પ્રવિષ્ટ થાય છે, ત્યારે જ્ઞાનાત્મા બ્રહ્મરૂપ ભગવાન્ ઉત્તરકાણ્ડનો વિષય છે એમ જાણવું, અર્થાત્ પૂર્વ અને ઉત્તર મીમાંસા (સૂત્ર)માં અને સંહિતા અને બ્રાહ્મણ ભાગમાં એક-એક ધર્મનું પ્રતિપાદન કરેલું છે. અને ક્રિયા અને જ્ઞાનઉભય વિશિષ્ટ ભગવાન્નું પ્રતિપાદન ભાગવત અને ગીતામાં કરેલું છે. આથી એક વિષય છતાં

તેની બે કોટિ થાય છે. મૂલમાં 'તનુ' શબ્દ સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરવા વાપરેલો છે.

**આવરણભઙ્ગ :** શ્રુતિ અને સૂત્ર માં ભગવાન્‌ના અક્કેકા ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ગીતા અને ભાગવત માં અનેક ધર્મોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે કારણથી ઉપર કહેલી બન્ને કોટિ સ્પષ્ટ છે. 'કોટિ' એટલે ભાગ, સઙ્ખ્યા, સમુદાય.

જ્યારે પૂર્વકાણ્ડમાં ભગવાને ક્રિયામાં પ્રવેશ કર્યો, ત્યારે આપ ક્રિયાશક્તિ થઈને વેદમાં યજ્ઞના નામથી પ્રસિદ્ધ થયા. તે કારણથી પૂર્વકાણ્ડનો અર્થ યજ્ઞ રૂપી ભગવાન્ છે. એ જ પ્રમાણે ઉત્તરકાણ્ડ, એટલે ઉપનિષદ્ તેમાં ભગવાને જ્યારે જ્ઞાનમાં પ્રવેશ કર્યો, ત્યારે આપ જ્ઞાનરૂપ થઈ વેદાન્તમાં બ્રહ્મના નામથી પ્રસિદ્ધ થયા. શ્રીગીતાજી અને શ્રીમદ્‌ભાગવતમાં ક્રિયા અને જ્ઞાન એ બન્નેયુક્ત જે મૂલરૂપ ભગવાને પ્રકટ કર્યું તેનું વર્ણન છે.

**સૂર્યાદિરૂપધૃક્ બ્રહ્મકાણ્ડે જ્ઞાનાઙ્ગમીર્યતે ।।**
**પુરાણેષ્વપિ સર્વેષુ તત્તદ્રૂપો હરિસ્તથા ।।૧૨।।**

**અર્થ :** સૂર્યાદિરૂપ ધારણ કરનાર હરિ બ્રહ્મકાણ્ડમાં જ્ઞાનનું અઙ્ગ કહેવાય છે અને તેવી જ રીતે સર્વ પુરાણોમાં પણ (જે-જે નામો લખ્યાં છે) તે-તે રૂપ હરિ છે.

**પ્રકાશ :** વેદ અને પુરાણો માં જે-જે દેવતાઓનું પ્રતિપાદન છે તે-તે દેવતા જ્ઞાનના અઙ્ગભૂત છે એમ જાણવું. જ્ઞાનકાણ્ડમાં જ્ઞાનની સિદ્ધિને માટે તે-તે દેવની ઉપાસનાનું વર્ણન કરવામાં આવ્યું છે. તે ઉપાસના જ્ઞાનનું અઙ્ગ હોવાથી ભિન્ન વાક્યતા થતી નથી. તે જ્ઞાન ચિત્તશુદ્ધિદ્વારા થાય છે એમ એક દેશી (માયાવાદીઓનો) મત છે. વાસ્તવિક એ છે કે માહાત્મ્ય પ્રતિપાદનથી ભક્તિદ્વારા જ્ઞાન થાય છે એટલે ભગવાન્‌નું માહાત્મ્ય જાણવાથી ભગવાન્‌ની ભક્તિ થાય છે અને ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન્ જ્ઞાન આપે છે.

પુરાણમાં કહેલા દુર્ગા, ગણપતિ આદિ દેવતા વિશિષ્ટ દેવતાનું અઙ્ગ છે અને તે-તે રૂપ હરિ પોતે જ છે. સાધન અને ફલરૂપ એક જ હોવાથી સર્વ પ્રમાણની એક વાક્યતા નિઃસન્દેહ સિદ્ધ થાય છે.

**આવરણભઙ્ગ :** પુરાણોમાં દુર્ગા, ગણપતિ આદિ દેવતાઓની ઉપાસના લખી છે તથા બ્રહ્મની માફક જગતની ઉત્પત્તિ, રક્ષા, સંહાર કરવાના સામર્થ્યની વાત લખી

છે તે એટલા માટે કે તે-તે દેવતાઓની ઉપાસના કરવાથી ઉપાસકોને વાઞ્છિત ફળ મળતાં, મૂળરૂપ શ્રીકૃષ્ણના માહાત્મ્યનો વિસ્તાર થઈ એમની ભક્તિની વૃદ્ધિ થાય એટલામાટે ભગવાને દુર્ગા, ગણપતિ વગેરે અનેક સાધન રૂપો ધારણ કર્યો છે.

ભક્તિની જ્ઞાન થાય છે એ વાત નીચેના શ્લોકથી સિદ્ધ થાય છે.

**ભક્ત્યા મામભિજાનાતિ યાવન્યશ્ચસ્મિ તત્ત્વતઃ ।**
**તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ।।**
**(ગી.૧૮।૫૫)**

**અર્થ :** હું કોણ છું અને શું છું, એ વાત તત્ત્વ થકી તે ભક્તિવડે જાણે છે. એ પ્રમાણે તત્ત્વ થકી મને જાણીને તે તત્કાળ મારામાં પ્રવેશ કરે છે.

પ્રમેયમાં બીજાં સાધન અને ફલ નો નિર્ણય કરવાને માટે ભક્તિમાર્ગરૂપ સાધનમાં ભજનીય સ્વરૂપના વિચારથી હવે ફલનું તારતમ્ય બતાવવામાં આવે છે.

**ભજનં સર્વરૂપેષુ ફલસિદ્ધયૈતથાપિ તુ ।।**
**આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્યકામ્યયા ।।૧૩।।**

**અર્થ :** ફલ સિદ્ધિને માટે ભગવાન્નાં સર્વરૂપનું ભજન કરવાનું કહેલું છે, પણ પરબ્રહ્મને વિષે સાયુજ્યની કામનાને માટે આદિમૂર્તિ કૃષ્ણ એજ સેવવા લાયક છે.

**પ્રકાશ :** જ્ઞાનમાર્ગમાં વિષય અને ફલ માં કોઈ પ્રકારની અધિકતા નથી કેમકે સર્વ રૂપની પૂર્ણ બ્રહ્મત્વથી ઉપાસના છે. ભક્તિમાર્ગમાં તેમ નથી કેમકે ભગવાને જેમ જગત્ પોતાની લીલાને માટે કર્યું છે તેમ પોતાની પ્રાપ્તિને માટે ભક્તિમાર્ગ જુદો કર્યો છે. બીજાં બધાં રૂપ મૂળરૂપની વિભૂતિ છે. એ વાત ગીતાજીના ૧૦ માં અધ્યાયથી સિદ્ધ થાય છે. વિભૂતિરૂપમાં સાધન અને ફલ નિયમથી કહેલાં છે. અર્થાત્ વિભૂતિની ઉપાસનાથી ભગવાને જે-જે વિભૂતિઓમાં જેટલું-જેટલું સામર્થ્ય મુકેલું છે તે પ્રમાણે તે-તે વિભૂતિઓ આપે છે, પણ પૂર્ણ ફલદાન તો પૂર્ણ સ્વરૂપ જ આપે છે. એ કારણથી પૂર્ણ ફલને માટે મૂલરૂપનું ભજન કરવું જોઈએ.

''બ્રહ્મવિદાપ્નોતિ પરમ્'' એ શ્રુતિમાં કહેલું છે કે બ્રહ્મવિત્ પુરુષો પુરુષોત્તમને પામે છે. આ સ્થળમાં મુખ્ય સાયુજ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એ મુખ્ય સાયુજ્યને માટે આદિમૂર્તિ શ્રીકૃષ્ણનું બહાર ભજન કરવું આવશ્યક છે. હૃદયગુહામાં સ્થાપન કરેલા બ્રહ્મને જાણવું, એ જ્ઞાનમાર્ગીય સાધન છે અને

બહિર્ભજન એ ભક્તિમાર્ગીય સાધન છે.

**આવરણભઙ્ગ :** કોઈને એમ શઙ્કા થાય કે એકાદશસ્કન્ધમાં ભગવાને કર્મ, જ્ઞાન અને ભક્તિ એમ ત્રણ સાધન કહેલાં છે. તેમાં જ્ઞાન પ્રથમ કહેલું છે. શ્રુતિ પણ જ્ઞાનમાર્ગને બતાવે છે, તો જ્ઞાનમાર્ગનું તારતમ્ય ન કહેતાં ભક્તિમાર્ગનું તારતમ્ય કેમ કહેવામાં આવે છે? આ પ્રશ્નના ખુલાસમાં કહે છે કે જ્ઞાનમાર્ગમાં વિષય અને ફલ માં કાંઈ અધિક્ય નથી, કેમકે સર્વત્ર બ્રહ્મદષ્ટિ રાખવાનું કહેલું છે. કર્મમાર્ગ જ્ઞાનમાર્ગને ઉપકારક હોવાથી ગૌણ છે. માટે ભક્તિમાર્ગનો અમે વિશેષ નિર્ણય કરીએ છીએ. ભક્તિમાર્ગમાં જ્ઞાનમાર્ગની પેઠે નથી, કેમકે તે અન્ય દેવની ભક્તિ થકી વિલક્ષણ કરેલો છે. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કેઃ

**યેપ્યન્યદેવતાભકતા યજન્તે શ્રદ્ધયાऽન્વિતાઃ ।**
**તેऽપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્ ।।**
**અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।**
**ન તુ મામભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે ।।** (૯।૨૩,૨૪)

**અર્થ :** બીજા દેવતાના ભક્ત શ્રદ્ધાવડે દેવતાનું પૂજન કરે છે તે પણ મારું પૂજન કરે છે પણ તે અવિધિપૂર્વક પૂજન કરે છે. (ગી. ૯।૨૩)

તેઓના સઘળા યજ્ઞનો ભોગવનારો અને પ્રભુ એટલે ફળ આપવાવાળો હું જ છું. પણ મને તેઓ બરાબર જાણતા નથી અને તેથી તેઓ ફરીથી અહીં નીચે પડે છે. (ગી.૯।૨૪).

ઉપરના શ્લોકોથી જણાય છે કે બીજા દેવતાની ભક્તિ કરતાં ભગવદ્ભક્તિ વિલક્ષણ છે. અને તે જ ભગવાન્‌ને પ્રાપ્ત કરાવનારી છે. બ્રહ્મપુરાણમાં પણ કહ્યું છે કેઃ

**અન્યદેવેષુ યા ભકિતઃ પુરુષસ્યેહ જાયતે ।**
**કર્મણા મનસા વાચા તદ્ગતેનાન્તરાત્મના ।**
**તેન તસ્ય ભવેદ્ભકિતર્યજને મુનિસત્તમાઃ ।।**
**સ કરોતિ તતો વિપ્રા ભક્તિંચાગ્રેઃ સમાહિતઃ ।।**
**તુષ્ટે હુતાશને તસ્ય ભકિતર્ભવતિ ભાસ્કરે ।।**
**પૂજાં કરોતિ સતતમાદિતસ્ય તતો દ્વિજાઃ ।।**
**પ્રસન્ને ભાસ્કરે તસ્ય ભકિતર્ભવતિ તત્ત્વતઃ ।।**

**સેવાં કરોતિ વિધિવત્ સતુ શમ્ભોઃ પ્રયત્નતઃ ।।**
**તુષ્ટે ત્રિલોચને તસ્ય ભકિતર્ભવતિ કેશવે ।।**
**સમ્પૂજ્ય તં જગન્નાથં વાસુદેવાખ્યમવ્યયમ્ ।**
**તતો ભક્તિં ચ મુક્તિં ચ સમાપ્નોતિ દ્વિજોત્તમાઃ ।।**

**ભાવાર્થ :** બીજા દેવની મન, કર્મ અને વચન થી ભક્તિ કરવાથી પ્રથમ અગ્નિની ભક્તિ ઉત્પન્ન થાય છે. એ ભક્તિથી અગ્નિ પ્રસન્ન થતાં સૂર્યની ભક્તિ ઉત્પન્ન થાય છે. અને સૂર્ય પ્રસન્ન થતાં મહાદેવજીની ભક્તિ ઉત્પન્ન થાય છે. હે ઉત્તમ દ્વિજો! મહાદેવજી પ્રસન્ન થતાં કેશવની ('ક' એટલે બ્રહ્મા અને 'ઈશ' એટલે મહાદેવ એ બન્નેને સુખનું દાન કરનાર તે કેશવ, કૃષ્ણ, પરમાત્મા.) ભક્તિ ઉત્પન્ન થાય છે અને પુરુષ વાસુદેવ જગન્નાથનું ભજન કરીને આ લોકને વિષે ભોગ અને જીવનમુક્તિ નો અનુભવ કરે છે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે ભજન મૂલરૂપ શ્રીકૃષ્ણ ભગવાન્નું કરવું જોઈએ. ભગવાન્નું મૂલરૂપત્વ ગીતાથી અને માણ્ડુક્ય ઉપનિષદ્ વગેરેથી સિદ્ધ થાય છે. (મૂલ વાક્યોને માટે આવરણભઙ્ગ જુઓ.)

એ રીતે ઉપનિષદ્, ગીતા વાક્ય વગેરેની એકવાક્યતાથી શ્રીકૃષ્ણનું મૂલરૂપત્વ સિદ્ધ થાય છે.

સાયુજ્ય પદનો અર્થ ઐક્ય પ્રસિદ્ધ છે તેમ છતાં તેનો યૌગિક અર્થ જ ગ્રહણ કરવો ઉચિત છે. તેમ કરવાથી તેનો અર્થ બ્રહ્માની સાથે સર્વ સુખનો અનુભવ એ થાય છે.

ભક્તિનું મુખ્યફલ અલૌકિક સામર્થ્ય છે અને સાયુજ્ય એ મધ્યમ ફલ છે. આ ઠેકાણે બાલાનુશાસન ન્યાયથી મધ્યમ ફલ બતાવવામાં આવ્યું છે, કેમકે સ્વતન્ત્ર ભક્તિના સર્વ અધિકારી નથી.

**નિર્ગુણા મુક્તિરસ્માદ્ધિ સગુણા સાઽન્યસેવયા ।।**
**જ્ઞાનેપિ સાત્ત્વિકી મુક્તિર્જીવન્મુક્તિરથાપિવા ।।**
**જ્ઞાની ચેદ્ભજતે કૃષ્ણં તસ્માન્નાસ્ત્યધિકઃ પરઃ ।।૧૪।।**

**અર્થ :** આદિ મૂર્તિ કૃષ્ણથી જ નિર્ગુણ મુક્તિ નિશ્ચય થાય છે અને અન્ય દેવતાની સેવાથી સગુણમુક્તિ થાય છે. જ્ઞાનથી પણ સાત્ત્વિકી અથવા જીવનમુક્તિ થાય છે. (તે પણ જીવનપર્યન્ત સગુણ છે). જ્ઞાની જો શ્રીકૃષ્ણને ભજે તો તે થકી બીજો

અધિક નથી.

**પ્રકાશ :** નિર્ગુણ કૃષ્ણની સાથે સાયુજ્ય થવાથી નિર્ગુણ મુક્તિ થાય છે. અને સગુણ દેવતાઓની સાથે સાયુજ્ય થવાથી સગુણ મુક્તિ થાય છે. ભગવાન્ સિવાય બધા દેવતાઓ કાળપર્યન્ત સગુણ છે. કાલ પણ સગુણ જ છે. અક્ષર અને જ્ઞાનમાર્ગ નું ઐક્ય હોવાથી અને જ્ઞાન સત્ત્વગુણથી ઉત્પન્ન થાય છે (''સત્ત્વાત્ સઞ્જાયતે જ્ઞાનમ્'') તેથી જ્ઞાનમાર્ગ પણ સગુણ છે. એટલા માટે જ્ઞાની સંસાર થકી ભય પામીને વિરક્ત થાય છે. આ પ્રમાણે જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત થયેલાનું જેમ સગુણત્વ છે તેમ જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને પણ સગુણત્વ છે, કેમકે ''સમાસેનૈવકૌન્તેય''. (ગી.૧૮।૫૦) એ સન્દર્ભમાં એમ કહેલું છે કે બ્રહ્મભાવ થયા પછી ભક્તિ થાય છે અને ભક્તિ થયા પછી ગુણાતીતમાં પ્રવેશ થાય છે. જો ભક્તિ ન થાય તો કેવળ જીવનમુક્ત સગુણ રહે છે. જ્ઞાન અને ભક્તિમાર્ગ નો મુકાબલો કરવાને માટે ભગવાને ગીતાજીના ૧૨ માં અધ્યાયમાં કહ્યું છે કે ''તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતેરતાઃ'' (૧૨।૪) જે જ્ઞાન માર્ગીઓ અક્ષરની ઉપાસના કરે છે તે ભક્તિમાર્ગ ઉપદેશદ્વારા સર્વભૂતનું હિત કરે તો હું જે નિર્ગુણ છું તેને પામે છે. જે પૂર્વે જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત થઈ તે નિષ્ઠા છોડી દઈ કૃષ્ણ સેવાને માટે યત્ન કરે તો તે મહાન છે. જ્ઞાનમાર્ગનો વિષય અક્ષર નિર્ગુણ છે તો પણ એ માર્ગ તો સગુણ જ છે. એ રીતે ભક્તિમાર્ગનો ઉત્કર્ષ છે. ક્રિયાશક્તિ અને ઈન્દ્રિયો નો જ્ઞાનમાર્ગમાં લય કરવાથી તેઓ ફલરહિત થાય છે. એટલા માટે ભક્તિમાર્ગાનુસાર શ્રીકૃષ્ણ જ સર્વ ઈન્દ્રિયોવાળાને સેવવાને યોગ્ય છે.

**આવરણભઙ્ગ :** શ્રીકૃષ્ણના ભજનના પ્રારમ્ભમાં અને ફલ દશામાં નૈર્ગુણ્ય છે. કેમકે શ્રીમદ્ભાગવતના એકાદશસ્કન્ધમાં ભગવાને કહ્યું છે કે ''મન્નિષ્ઠં નિર્ગુણં સ્મૃતમ્''. **અર્થઃ** મારામાં જે નિષ્ઠા રાખે છે તે નિર્ગુણ કહેવાય છે. અક્ષર બ્રહ્મનો શ્રવણાદિવડે સાક્ષાત્કાર કરવો એ જ્ઞાનમાર્ગ છે. અક્ષરની ઉપાસનાથી પણ અક્ષર બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ બન્નેમાં જ્ઞાનરૂપ ફલ એક હોવાથી અક્ષર અને જ્ઞાનમાર્ગ એક જ છે. અને 'કૈવલ્યમ્, સાત્ત્વિકમ્ જ્ઞાનમ્'' (ભાગવત) અને ''સત્ત્વાત્સઞ્જાયતે જ્ઞાનમ્'' (ભ.ગી.૧૪/૧૭) એ બન્ને વાક્યથી જ્ઞાનમાર્ગ સગુણ છે એમ સિદ્ધ થાય છે. ગુણ પરસ્પર ઉપમર્દન કરે છે તે કારણથી જ્યારે રજોગુણ અને તમોગુણ સત્ત્વ ગુણને દાબી દે ત્યારે જ્ઞાન

તિરોહિત થઈ જાય છે. એટલા માટે જ્ઞાનીઓ સંસારથી ભય પામીને વિરક્ત રહે છે, પણ ભક્તિમાર્ગમાં તેવો ભય નથી. શ્રીમદ્‌ભાગવતના રાસપઞ્ચાધ્યાયીના પાંચમાં અધ્યાયમાં કહ્યું છે કે ભગવાન્‌ના ચરણરજની સેવાથી તૃપ્ત થયેલા પુરુષો ગુણના બન્ધનથી ભયરહિત થઈ ઈચ્છાપૂર્વક વિચરણ કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ભકિતમાર્ગીયને કોઈ પ્રકારનો ભય નથી. ''અક્ષરધિયામ્''(બ્ર.સૂ.૩/૩/૩૩) એ સૂત્રમાં પણ કહ્યું છે કે ભગવત્કૃપાથી જ્યારે જ્ઞાનીને ગુણાતીતની ભક્તિ થાય છે, ત્યારે તે ગુણાતીતમાં પ્રવેશ કરે છે. ભક્તિ ન થાય તો તે સગુણ રહે છે એવી રીતે કેવળ જ્ઞાની અને જ્ઞાનીભકતની વચ્ચે તફાવત છે. જ્ઞાનનો જે ઉત્કર્ષ બતાવેલો છે તે ભક્તિના ઉત્કર્ષને માટે બતાવેલા છે કેમકે માહાત્મ્ય જ્ઞાન સ્નેહનું અઙ્ગ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે

**''જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ'' (ગી. ૬।૪૬)**

**''યોગિનામપિ સર્વેષામ્'' (ગી. ૬।૪૭)**

આ સન્દર્ભથી જ્ઞાન કરતાં ભક્તિમાર્ગ ઉત્તમ છે એમ સિદ્ધ થાય છે. ''સમાસેનૈવ કૌન્તેય'' (ગીતા ૧૮।૫૦) એ સન્દર્ભમાં પણ જ્ઞાનની પરમનિષ્ઠા પછી ભક્તિ થવાનું લખ્યું છે તેથી જ્ઞાન એ પૂર્વકક્ષા છે અને ભક્તિ એ ઉત્તરકક્ષા છે તેથી ભક્તિનું નિઃસન્દિગ્ધ ઉત્તમોત્તમપણું સિદ્ધ થાય છે. ચતુર્લક્ષણી ઉત્તરમીમાંસાના પ્રથમ સમન્વય અધ્યાયમાં કહેલું છે કે શ્રુતિમાં કહેલા વૈશ્વાનર, પ્રાણ ઈત્યાદિ સર્વ શબ્દ ભગવદ્‌વાચક છે; તેથી સર્વ ઉપનિષદમાં તે-તે શબ્દથી ભગવાન્ જ વાચ્ય છે એમ જાણવું. બીજા વિરોધાધ્યાયમાં મતાન્તરનો નિરાસ કરી શ્રુતિ અનુકૂલ શાસ્ત્રનું અઙ્ગત્વ અને સર્વ શ્રુતિનો અવિરોધ સમ્પાદન કર્યા છે. ત્રીજા સાધનાધ્યાયમાં ઉપાસનાને માહાત્મ્ય પ્રતિપાદનદ્વારા ભક્તિનું અઙ્ગત્વ કહીને ભક્તિજનીત્ સર્વાત્મભાવ સ્ફુર્તિરૂપ વિદ્યાનું મુખ્ય સાધનત્વ પ્રતિપાદન કરેલું છે. ચોથા ફલાધ્યાયના સમાપ્તિપાદમાં સ્વાભિન્ન નિત્ય લીલા વિશિષ્ટ ભગવાન્‌નું જ ફલત્વ પ્રતિપાદન કરેલું છે. આથી પણ ભક્તિમાર્ગનો ઉત્કર્ષ સિદ્ધ થાય છે.

**બુદ્ધાવતારે ત્વધુના હરૌ તદ્વશગાઃ સુરાઃ ।।**
**નાનામતાનિ વિપ્રેષુ ભૂત્વા કુર્વન્તિ મોહનમ્ ।।**
**યથાકથઞ્ચિત્કૃષ્ણસ્ય ભજનં વારયન્તિ હિ ।।૧૫।।**

**અર્થ :** હમણાં આ કલિકાલમાં હરિએ બુદ્ધાવતાર ગ્રહણ કર્યાથી તેને આધીન રહેલા દેવતાઓ બ્રાહ્મણોને વિષે અવતાર ધારણ કરી અનેક મત પ્રવર્તાવી મોહ ઉત્પન્ન કરે છે અને અનેક પ્રકારે શ્રીકૃષ્ણના ભજનને અટકાવે છે.

**પ્રકાશ :** ગયા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે ભક્તિમાર્ગ ઉત્તમ છે તેમ છતાં સર્વ લોકો તે માર્ગમાં કેમ પ્રવૃત્ત થતા નથી? તેના ખુલાસામાં નીચે પ્રમાણે કહેવામાં આવે છે. કલિકાલનો સ્વભાવ સર્વોત્કૃષ્ટ છે, કેમકે તે થોડા સાધનથી મહાન ફલ આપે છે. અલ્પ કર્મથી દૈત્યોને મહત્ફળની પ્રાપ્તિ થતાં તેઓ સત્પુરુષોને ઘણી પીડા કરે. આવા પ્રકારનો પરિણામ અટકાવવાને માટે દૈત્ય (અસુરો)ને મોહ ઉત્પન્ન કરવા બુદ્ધ ભગવાન્ અવતર્યા હતા. તેમણે સર્વ પ્રમાણ મૂળભૂત વેદ દૂષિત છે એવું યુક્તિથી બતાવ્યું. ત્યાર પછી પુરાણાદિ માર્ગ દૂષિત કરવાને માટે તે ભગવાન્‌ને આધીન રહેલા દેવતાઓ પણ બ્રાહ્મણોની બુદ્ધિનો નાશ કરવાને સારું બ્રાહ્મણોને વિષે જ અવતર્યા અને તેઓએ મોહ ઉત્પન્ન કરવાને માટે કણાદ્‌ન્યાય, માયાવાદાદીરૂપ વાક્‌ચાતુર્યયુક્ત ગ્રન્થો રચ્યા અને તે ગ્રન્થોદ્વારા તેમણે પુરાણાદિ ગ્રન્થોને દૂષિત્ કર્યા. તે શાસ્ત્રોમાં મુક્તિરૂપ ફળ બતાવેલું હોવાથી તે મોહ ઉત્પન્ન કરનાર નથી એમ ન સમજવું. કેમકે વૈદિક અને પુરાણ માર્ગ વિદ્યમાન છતાં અને તેજ માર્ગવડે તેઓ ઋષિત્વ અને દેહત્વ ને પ્રાપ્ત થાય છે, તો પણ જ્યારે તેમણે વેદ વિરુદ્ધ શાસ્ત્રો કરેલાં છે, ત્યારે એમ સમજવું જોઈએ કે મુક્તિરૂપી ફલ બતાવીને તેઓએ મોહ ઉત્પન્ન કરવાને માટે જ એ શાસ્ત્રો રચેલાં છે. સિદ્ધ રાજમાર્ગરૂપ વેદમાર્ગ હયાત છતાં જ્યારે તેમણે શબ્દોના અર્થને તાણી–તુસીને અત્યન્ત ક્લેશથી શાસ્ત્રો કરેલા ત્યારે એમ સમજવું જોઈએ કે તેઓએ મોહ ઉત્પન્ન કરવાને માટે જ તે કરેલાં છે. આ કાર્યમાં ભગવાન્‌ની પણ તેવા જ પ્રકારની આજ્ઞા થઈ હોય એમ જણાય છે. એ વિષે વરાહપુરાણમાં તથા બ્રહ્માણ્ડપુરાણ વગેરેમાં નીચે પ્રમાણે કહેલું છેઃ

**ત્વં ચ રુદ્ર મહાબાહો મોહશાસ્ત્રાણિ કારય ।।**
**અતથ્યાનિ વિતથ્યાનિ દર્શયસ્વ મહાભુજ ।।**
**પ્રકાશં કુરુચાઽઽત્માનમપ્રકાશં ચ માં કુરુ ।।**

(વરાહપુરાણ).

**અમોહાય ગુણા વિષ્ણોરાકારશ્ચિચ્છરીરતા ।।**
**નિર્દોષત્વં તારતમ્યં મુકતાનામપિ ચોચ્યતે ।।**
**એતદ્વિરુદ્ધં યત્સર્વં તન્મોહાયેતિ નિશ્ચય ।।**

(બ્રહ્માણ્ડપુરાણ).

**ત્વામારાધ્ય તથા શમ્ભો ગૃહીષ્યામિ વરં સદા ।।**
**દ્વાપરાદૌ યુગે ભૂત્વા કલયા માનુષાદિષુ ।।**
**સ્વાગમૈઃ કલ્પિતૈસ્ત્વં ચ જનાન્મદ્‌વિમુખાન્ કુરુ ।।**
**માં ચ ગોપય યેનસ્યાત્સૃષ્ટિરેષોત્તરોત્તરા ।।**

(પદ્મપુરાણ).

**અર્થ :** હે રુદ્ર તમે મોહશાસ્ત્ર રચાવો અને સત્યશાસ્ત્રોને અસત્યરૂપ દેખાવડાવો અને તમે તમારા સ્વરૂપ (અહઙ્કાર)નો પ્રકાશ કરો અને મારા સ્વરૂપનો અપ્રકાશ કરો. (વરાહપુરાણ).

મોહની નિવૃત્તિને માટે વિષ્ણુના ગુણ અને વિષ્ણુનું આનન્દાકાર સ્વરૂપ છે અને મુક્તોનુંુ પણ નિર્દોષત્વ અને તારતમ્ય છે આ થકી જે વિરુદ્ધ છે તે બધું મોહને માટે છે. (બ્રહ્માણ્ડપુરાણ).

હે શમ્ભુ! દ્વાપરાદિયુગમાં કલાવડે પ્રકાશ થઈ તમારા થકી હું વરદાનને ગ્રહણ કરીશ, તમારાં કલ્પિત્‌શાસ્ત્રોથી મનુષ્યોને મારાથી વિમુખ કરો અને મને ગુપ્ત કરો કે જેથી ઉત્તરોત્તર સૃષ્ટિ થાય. (પદ્મપુરાણ)

એજ કારણથી કણાદાદિએ ગમે તે પ્રકારની યુક્તિથી શ્રીકૃષ્ણના ભજનનું વારણ કરેલું છે. એ કણાદાદિ અલૌકિકને જાણનારા હતા તેથી શું કરવાથી મનુષ્યો ભગવદ્‌બહિર્મુખ થશે એ જાણીને એમણે મોહક ગ્રન્થો રચ્યા છે.

**આવરણભઙ્ગ :** હાલમાં કલિયુગ ચાલે છે તેથી ઉપર કહેલો મોહ કલિકાલકૃત છે એમ સમજવું નહિ, કેમકે ''કલેર્દોષ નિધેઃ'' (ભાગવત) ઈત્યાદિ વાક્યથી જણાય છે કે કલિનો એક મહાન્ ગુણ એ છે કે તે હયાત છતાં શ્રીકૃષ્ણના કીર્તનથી સઙ્ગ ત્યાગ કરીને મનુષ્ય પરમાત્માને પામે છે. એ ઉપરથી એમ સમજવું કે બુદ્ધ ભગવાને જ અવતાર ધારણ કરી મોહ ઉત્પન્ન કરેલો છે. ભગવાન્ ધર્મના સ્થાપનને માટે અવતરે છે, તો તેમના અવતારથી મોહ કરવો કેમ સમ્ભવે? એમ પણ ધારવાનું કારણ નથી, કેમકે ધર્મના અધિકારી દૈવીસમ્પતના પુરુષો છે; તેઓ

ધર્મના શુભ ફલથી બીજાનું મન, વચન અને કર્મ થી શુભ ઈચ્છે છે. પણ આસુરીસમ્પતના પુરુષો ધર્મના અધિકારી નથી, તે કારણથી તેમને મોહ કરવાને બુધ્ધ ભગવાન્ અવતરેલા છે, કેમકે જો તે આસુરોએ કરેલા ધર્મનું તેમને જલદીથી ફળ મળે, તો તેઓ તે ફલનું અવલમ્બન કરી બીજાને ઉપદ્રવ કરવાને તત્પર થાય. ભાગવતસ્કન્ધ ૧૧ અધ્યાય, ૪ શ્લોક, ૨૨ મામાં અને સ્કન્ધ ૨, અધ્યાય ૭, શ્લોક ૩૭ મામાં લખેલાં વાક્યોથી જણાય છે કે દૈત્યાંશવાળાને મોહ કરવાને માટે જ ભગવાને વેદ દૂષિત કરેલા છે. તેજ પ્રમાણે તેમને આધીન રહેલા બીજા દેવતાઓએ પુરાણો વગેરેને દૂષિત કર્યા છે. આ વિષે પદ્મ પુરાણના ઉત્તરખણ્ડમાં શિવે પાર્વતી પ્રત્યે કહેલું છે કે

**શૃણુદેવિપ્રવક્ષ્યામિ તામસાનિ યથાક્રમમ્ ।।**
**ઈષાંશ્રવણમાત્રેણ પાતિત્યં જ્ઞાનિનામપિ ।।**
**પ્રથમં હિ મયૈવોક્તં શૈવં પાશુપતાદિકમ્ ।।**
**મચ્છક્ત્યાવેશિતૈર્વિભૈઃ સમ્પ્રોક્તાનિ તતઃ પરમ્।।**
**કણાદેન તુ સમ્પ્રોક્તં શાસ્ત્રં વૈશેષિકં મહત્ ।।**
**ગૌતમેન તથા ન્યાયં સાઙ્ખ્યન્તુ કપિલેનવૈ ।।**
**ધિષણેન તથાપ્રોક્તં ચાર્વાક મતિગર્હિતં ।।**
**દૈત્યાનાં નાશનાર્થાય વિષ્ણુના બુધ્ધરૂપિણા ।।**
**બૌધ્ધશાસ્ત્રસમત્પ્રોક્તં નગ્ન નીલ પટાદિકં ।।**
**માયાવાદમસચ્છાસ્ત્રં પ્રચ્છન્નમ્બૌધમુચ્યતે ।।**
**મયૈવ વક્ષ્યતે દેવિ કલૌ બ્રાહ્મણ રૂપિણા ।।**
**અપાર્થં શ્રુતિવાકયાનાં દર્શર્યલ્લોકગર્હિતં ।**
**કર્મ સ્વરૂપ ત્યજયત્વમત્રૈવપ્રતિપાદ્યતે ।**
**સર્વ કર્મ પરિભ્રષ્ટં વિકર્મત્વં તદુચ્યતે ।।**
**પરેશ જીવયોરૈકયં મયાત્ર પ્રતિપાદ્યતે ।।**
**બ્રાહ્મણશ્ચ પરંરૂપં નિર્ગુણં વક્ષ્યતે મયા ।।**
**સર્વસ્ય જગતોપ્યત્ર મોહનાર્થં કલૌ યુગે ।।**
**વેદાર્થવન્મહાશાસ્ત્ર માયાવાદમવૈદિકં ।**
**મયૈવ વક્ષ્યતેદેવિ જગતાં નાશકારણાત્ ।।**

**દ્વિજન્મના જૈમિનિનાં પૂર્વં વેદમપાર્થ઼ઃ ।**
**નિરીશ્વરેણ વાદેન કૃતં શાસ્ત્રં મહત્તરં ।।**
**શાસ્ત્રાણિચૈવં ગિરિજે તામસાનિનિબોધમે ।।**

**અર્થ :** હે દેવી! ક્રમ થકી તામસશાસ્ત્રને હું કહું છું તે સાંભળ. એ શાસ્ત્રનું શ્રવણ કરવાથી જ્ઞાની પણ પતિત થાય છે. પ્રથમમેં શૈવ પાશુપતશાસ્ત્ર કર્યું, ત્યાર પછી મારી શક્તિથી આવેશિત બ્રાહ્મણોએ બીજાં શાસ્ત્રો કર્યાં. કણાદઋષિએ મોટું વૈશેષિકશાસ્ત્ર કર્યું. ગૌતમે ન્યાયશાસ્ત્ર કર્યુ. કપિલે સાઙ્ખ્યશાસ્ત્ર કર્યું, બૃહસ્પતિએ અતિ નિન્દિત ચાર્વાકશાસ્ત્ર દૈત્યોના નાશને માટે કર્યું. તેમજ બુદ્ધરૂપ વિષ્ણુએ દૈત્યોના નાશને માટે અસત્ બૌદ્ધશાસ્ત્ર કર્યુ. અસત્ શાસ્ત્ર માયાવાદ પ્રચ્છન્નબૌદ્ધ કહેવાય છે. હે દેવી! કલિયુગમાં બ્રાહ્મણરૂપ ધારણ કરી મારાથી એ માયાવાદશાસ્ત્ર કહેવાશે તેમાં શ્રુતિ વાક્યોનો લોક નિન્દિત ખોટો અર્થ થશે. (જ્યારે ગીતાજીમાં કર્મ કરવાનું કહેલું છે, ત્યારે) આ શાસ્ત્રમાં કર્મનો ત્યાગ કરવાનું કહેવાશે. આવા પ્રકારના ત્યાગને વિકર્મ કહે છે. એ શાસ્ત્રમાં પરમેશ્વર અને જીવ નું ઐક્ય પ્રતિપાદન થશે અને બ્રહ્મનું પરમરૂપ નિર્ગુણ કહેવાશે. સર્વ જાતના મોહ અને નાશ ને માટે કલિયુગને વિષે અવૈદિક માયાવાદરૂપ વેદાર્થના જેવું મોટું શાસ્ત્ર મારાથી થશે. જૈમિનિએ નિરીશ્વરવાદથી મહત્શાસ્ત્ર કરેલું છે. આ બધાં શાસ્ત્રો તામસ છે.

ઉપર પ્રમાણેનાં વાક્યો બીજાં પુરાણોમાં પણ મળી આવે છે.

**અયમેવ મહામોહો હીદમેવ પ્રતારણમ્ ।।**
**યત્કૃષ્ણં ન ભજેત્પ્રાજ્ઞઃ શાસ્ત્રાભ્યાસ પરઃ કૃતી ।।**
**તેષાં કર્મવશાનાં હિ ભવ એવ ફલિષ્યતિ ।।૧૬।।**

**અર્થ :** એજ મોટા મોહની અને ઠગાવાની વાત છે કે (કેટલાએક) બુદ્ધિશાળી અને શાસ્ત્રાભ્યાસી લોકો શુભ કર્મ કરનાર છતાં શ્રીકૃષ્ણને ભજતા નથી. આવા કર્માધીન પુરુષોને હમેશ જન્મ-મરણના ફેરા જારી રહેશે.

**પ્રકાશ :** કદાપિ એમ શઙ્કા થાય કે લોકો જો મોહ પામેલા હોય તો સંસારમાં પણ ભ્રાન્ત પુરુષોની પેઠે પશુ પુત્રાદિમાં અજ્ઞ કેમ જણાતા નથી? એ શઙ્કાના ખુલાસામાં કહેવામાં આવે છે કે રુદ્ર વગેરે દેવતાઓએ અલ્પ અર્થમાં મોહ થાય એવાં શાસ્ત્રો રચ્યાં નથી, પણ મહા મોહને માટે એ શાસ્ત્રો રચેલાં છે. મહામોહ એજ કહેવાય કે ક્રિયા અને જ્ઞાનશક્તિ વિદ્યમાન છતાં કૃષ્ણને ભજે નહિ. એજ

મહાપ્રતારણા (ઠગાવું) કહેવાય. લોકો તેમને મોટા માનીને તેઓને વિષે ભજનનો અભાવ જોઈ, પોતે પણ ભજનથી વિમુખ રહે. શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, જાતે બુદ્ધિમાન હોય અને પ્રબલ જ્ઞાનશક્તિવાળા હોય, તેવાઓને મિથ્યા જ્ઞાનમાં અભિનિવેશ (પ્રીતિ, આસક્તિ) થાય, એજ મહામોહ સિવાય બનતું નથી. ક્રિયાશક્તિનું સામર્થ્ય છતાં ભજનનો અભાવ એ પ્રતારણા વિના સમ્ભવતું નથી.

આ પ્રકારે માયાવાદાદિ શાસ્ત્રો થવાથી ઘણા લોકો વિમુખ થયા, એમ નિરૂપણ કરવામાં આવ્યું, તો પણ ભગવત્સેવકોએ કહેલા પ્રકારથી પ્રવૃત્ત થવાને લીધે સત્ફલ થશે, એવી શઙ્કા દૂર થવાને માટે કહે છે કે કોઈ પણ શાસ્ત્રકારો બળ થકી કોઈને પ્રવૃત્ત કરતા નથી, તેમજ આ મહત્પુરુષો પણ કોઈને બળાત્કારે પ્રવર્તાવતા નથી. પરન્તુ ખોટા અદષ્ટને આધીન થવાથી તેમણે કહેલા અર્થમાં શ્રદ્ધા થાય છે. જો એમ ન હોય તો સર્વ સમ્મતવેદનો ત્યાગ કરીને તેમ શા માટે પ્રવૃત્ત થાય? માટે પ્રારબ્ધ વશ થકી તેમાં પ્રવૃત્ત થઈ આવા લોકો પ્રલયપર્યન્ત દુખાત્મક સંસારને જ પામે છે. ભગવત્વિરુદ્ધ આચરણ કરવાથી નર્કમાં પાત થાય છે.

**જ્ઞાનનિષ્ઠા તદા જ્ઞેયા સર્વજ્ઞો હિ યદા ભવેત્ ।।**
**કર્મનિષ્ઠા તદા જ્ઞેયા યદા ચિત્તં પ્રસીદતિ ।।**
**ભક્તિનિષ્ઠા તદા જ્ઞેયા યદા કૃષ્ણઃ પ્રસીદતિ ।।૧૭।।**
**નિષ્ઠાભાવે ફલં તસ્માન્નાસ્ત્યેવેતિ વિનિશ્ચયઃ ।।**
**નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા ।।૧૮।।**

**અર્થ :** જ્યારે સર્વજ્ઞ થવાય, ત્યારે જ્ઞાનનિષ્ઠા થઈ એમ ગણાય. જ્યારે ચિત્ત પ્રસન્ન રહે, ત્યારે કર્મનિષ્ઠા થઈ એમ જાણવું. અને જ્યારે ભગવાન્ પ્રસન્ન થાય, ત્યારે ભક્તિનિષ્ઠા થઈ એમ જાણવું.

નિષ્ઠા થયા વગર કોઈ પણ જાતનું ફળ મળતું નથી અને નિષ્ઠામાત્ર વાતો કરવાથી કે ખાલી તરઙ્ગો કરવાથી થતી નથી, પણ વેદમાં રહેલાં સાધનોથી થાય છે.

**પ્રકાશ :** એમ શઙ્કા થાય કે માયાવાદાદિશાસ્ત્રો જ્ઞાન પ્રતિપાદક છે અને કોઈ ઠેકાણે ચિત્ત શુદ્ધિને માટે કર્મ અને ભક્તિ નું પણ પ્રતિપાદન કરે છે, તો તે શાસ્ત્રો મોહ કરનારાં છે એમ કેમ કહી શકાય?

એ શઙ્કા દૂર કરવાને માટે કહેવામાં આવે છે કે ''તત્ત્વમસ્યાદિ''

વાક્યોથી અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ જ્ઞાન દુર્બલોને મોહ કરવાને માટે તે શાસ્ત્રોમાં કહેલું છે. પણ તે જ્ઞાન નથી, કેમકે જ્ઞાન થયું હોય તો સર્વજ્ઞતા પ્રાપ્ત થાય. ''યસ્મિન્ વિદિતે સર્વમિદં વિદિતમ્'' એ શ્રુતિથી જણાય છે કે બ્રહ્મને જાણવાથી આ નામ રૂપાત્મક બધું જગત્ જાણવામાં આવે છે, ગીતામાં કહેલું છે કે

**જ્ઞાનં તેઽહંસવિજ્ઞાનમ્મિદં વક્ષ્યામ્યશેષતઃ ।**
**યજ્જ્ઞાત્વાનેહભૂયોઽન્યત્ જ્ઞાતવ્યમવશિષ્યતે ।।**

(ગી.૭।૨)

**અર્થ :** હું તને આ વિજ્ઞાનસહિત જ્ઞાન કાંઈપણ બાકી ન રહે તેવી રીતે કહીશ કે જેને જાણીને અહીં બીજું ફરીથી જાણવા યોગ્ય પછવાડે કાંઈ રહેતું નથી.

અપરોક્ષ જ્ઞાન થવાથી અલૌકિક તેજની પ્રાપ્તિ થાય છે, પણ તત્ત્વમસ્યાદિ વાક્યના ઉપદેશ માત્રથી સર્વજ્ઞપણાની કે અલૌકિક તેજની પ્રાપ્તિ થતી નથી તેથી તે ઉપદેશથી અપરોક્ષ જ્ઞાન થતું નથી એ સ્પષ્ટ છે.

તેમજ કર્મ પણ તે શાસ્ત્રમાં કહેલા પ્રકારથી ફલ આપતાં નથી, કેમકે ભગવત્પૂજાર્થક 'યજ્' ધાતુના સ્વરૂપના અજ્ઞાનથી વૃથા પણું બતાવેલું છે, અર્થાત્ માયાવાદાદિશાસ્ત્રોમાં યજન અથવા યજ્ઞો ને અજ્ઞાન કલ્પિત કહેલા છે અને તેથી યજ્ઞોની ભાવના પણ અનિત્ય અને મિથ્યા ઠરે છે. શ્રુતિમાં કહેલા પ્રકારથી પદાર્થ જ્ઞાનનો તેમાં નિરાસ કરેલો છે, એટલે શ્રુતિમાં યજ્ઞનાં સાધન અને યજ્ઞ ને બ્રહ્મરૂપ કહેલાં છે તેને તે શાસ્ત્રમાં અજ્ઞાન કલ્પિત કહેલાં છે. આ હેતુથી યાગાદિ કરવાથી લુબ્ધ (વધારે તૃષ્ણાવાળા) થવાય છે, પણ ચિત્તની પ્રસન્નતા થતી નથી.

તેમજ ભક્તિમાર્ગનો પણ જ્ઞાનાઙ્ગથી તે શાસ્ત્રો ઉપદેશ કરે છે અને જ્ઞાન પ્રાપ્ત થતા સુધી જ ભક્તિ કરવી એમ કહે છે. જેની ભક્તિ કરવાની છે તે ભગવાન્‌ને તે શાસ્ત્રોમાં ભાવનાથી કલ્પિત થયેલા કહે છે. વળી ભગવાન્‌ને માટે ભગવાન્‌ની સેવા કહેલી નથી માટે ભગવાન્ તેથી પ્રસન્ન થતા નથી. જો તે શાસ્ત્રમાં ખરી ભક્તિનો ઉપદેશ હોય તો તે ભક્તિથી ભગવાન્ પ્રસન્ન થાય. પણ તે શાસ્ત્રમાં કહેલા પ્રકાર વ્યર્થ છે અને તેમાં જ્ઞાન કે ભક્તિ નથી તેમ કર્મ પણ નથી, પણ તેઓનો માત્ર આભાસ છે. કદાપિ એમ શઙ્કા થાય કે મૂલ ફલ ન થાય તો પણ એ શાસ્ત્રમાં કહેલા પ્રકારની ગૌણ ફલ તો થશે જ એ શઙ્કા દૂર થવા માટે કહે છે કે પૂર્ણ સ્થિતિ વગર જ્ઞાન, કર્મ કે ભક્તિ નું ફલ થતું નથી. મોટા ઘરનો આરમ્ભ

માત્ર કરવાથી તે આરમ્ભ માત્રથી જેમ ઘરનું ફલ થતું નથી, નદી તરવાને માટે પ્રવૃત્ત થયેલા પુરુષને સામા કિનારાથી માત્ર એક હાથ છેટેના જળમાં ડુબવાથી પારગમનનું ફલ પ્રાપ્ત થતું નથી, તેવી રીતે તેવા આભાસથી જ્ઞાનનું ફલ સર્વજ્ઞતા, કર્મનું ફલ, ચિત્તની પ્રસન્નતા અને ભક્તિનું ફલ ભગવાન્‌ની પ્રસન્નતા સમ્પાદન કરવાનો પ્રસઙ્ગ નથી.

કદાપિ એમ શઙ્કા થાય કે આગળ ઉપર નિષ્ઠા થશે તો તેના ખુલાસામાટે કહે છે કે ઉપર કહેલી નિષ્ઠાઓ વેદમાં કહેલા સાધનથી જ થાય છે, પણ પ્રતિષ્ઠાને માટે વ્યાખ્યાન કરવાથી કે મનોરથ (તરઙ્ગો) કરવાથી થતી નથી.

કદાપિ એમ શઙ્કા થાય કે કાંઈક અનુષ્ઠાન કરવાથી ફલ થશે. એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે શાસ્ત્રમાં કહેલા માર્ગ પ્રમાણે ચાલવાથી જ તેનો આરમ્ભ કર્યાનું કહેવાય છે, અન્યથા કરેલો આરમ્ભ આરમ્ભાભાસ કહેવાય છે. તેનાથી ગીતામાં કહેલા પૂર્વાભ્યાસનું જન્માન્તરે પણ ફલ થવાનો સમ્ભવ નથી, કેમકે યથોક્ત સાધન સહિત માર્ગફલ આપનારા થાય છે, નહિ તો પ્રકરણ ભેદવડે જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેનું પ્રતિપાદન ઘટે નહિ, કારણ કે એ ત્રણેના અધિકારી જુદા-જુદા છે.

**સ્વાધિકારાનુસારેણ માર્ગસ્ત્રેધા ફલાય હિ ।।**
**અધુના હ્યધિકારાસ્તુ સર્વ એવ ગતાઃ કલૌ ।।**
**કૃષ્ણશ્ચેત્સેવ્યતે ભક્ત્યા કલિસ્તસ્ય ફલાય હિ ।।૧૯।।**

**અર્થ :** પોત-પોતાના અધિકાર અનુસાર ત્રણ પ્રકારના માર્ગ ફલ આપનાર થાય છે, પરન્તુ આ કલિયુગમાં સર્વ અધિકાર જતા રહ્યા છે. તેથી કરીને જો શ્રીકૃષ્ણની સેવા કરવામાં આવે તો કલિયુગ નિશ્ચય ફલીભૂત થઈ જાય.

**પ્રકાશ :** જેને વૈરાગ્ય હોય તે જ્ઞાનના અધિકારી ગણાય છે. જેઓને કર્મને વિષે વૈરાગ્ય નથી, પણ કામનાવાળા છે, તેમનો કર્મને વિષે અધિકાર છે અને જેઓને ભગવત્કથાને વિષે શ્રદ્ધા છે અને જેઓને વૈરાગ્ય નથી તેમ આસક્તિ પણ નથી તેઓને ભક્તિ યોગ સિદ્ધિ આપે છે તેથી તેઓ ભક્તિમાર્ગના અધિકારી છે, આ અધિકારો સાધનથી સમ્પાદન થાય છે. હાલ કલિયુગમાં સાધન સમ્પત્તિ નહિ રહેવાથી સર્વે અધિકાર નિવૃત્ત થઈ ગયા છે. કોઈ એમ શઙ્કા કરે કે ભક્તિમાર્ગને વિષે પણ તેમજ કેમ ન હોય? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે ભગવાન્

શ્રીકૃષ્ણ સર્વની મુક્તિને માટે અવતરેલા છે તેથી અધિકારના અભાવમાં પણ પ્રમેય બળથી ફળ થશે પણ સેવાને વિષે સ્થિતિ થવી દુર્લભ છે. આ સેવા ભક્તિથી કરવાની છે. પણ વિહિતસાધનથી કરવાની નથી, કેમકે વિહિતસાધનને કાળબાધક છે, પણ ભક્તિમાં કાળ અનુકૂળ છે.

શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે

**કૃતે યદ્‌ધ્યાયતોવિષ્ણું ત્રેતાયાં યજતોમખૈઃ ।।**
**દ્વાપરે પરિચર્યાયાં કલૌ તદ્ધરિકીર્તનાત્‌ ।।**

(ભા.૧૨।૩।૫૨)

**અર્થ :** સત્યયુગમાં શ્રીવિષ્ણુનું ધ્યાન કરવાથી જે ફલ થાય છે, ત્રેતાયુગમાં યજ્ઞથી યજન કરનારને જે ફલ પ્રાપ્ત થાય છે. દ્વાપરમાં વિહિત્‌પૂજાથી જે ફલ પ્રાપ્ત થાય છે, તે ફલ કલિયુગમાં શ્રીહરિના કીર્તનથી પ્રાપ્ત થાય છે.

આ વાક્યથી જણાય છે કે કલિયુગમાં શ્રીહરિની ભક્તિને કાલ અનુકૂલ છે. આ ઠેકાણે કીર્તનભક્તિ એ નવધાભક્તિની ઉપલક્ષક છે માટે અધિકારીએ તેમજ અનધિકારીએ કૃષ્ણ ભજન કરવું એ સિદ્ધ થાય છે.

**સર્વેષાં વેદવાકયનાં ભગવદ્વચસામપિ ।।**
**શ્રૌતોર્થો હ્યયમેવ સ્યાદન્યઃ કલ્પ્યો મતાન્તરૈઃ ।।૨૦।।**

**અર્થ :** વેદ, ગીતા અને શ્રુતિ નો મુખ્ય અર્થ તો આજ (૧૭।૧૯ માં શ્લોકમાં કહ્યા પ્રમાણે) છે. બાકી બીજા અર્થ તો મતાન્તરવડે કલ્પિત છે.

**પ્રકાશ :** હવે સર્વ પ્રમાણોની એકવાક્યતા કહેવામાં આવે છે. સર્વ પ્રમાણોની એકવાક્યતા કરી શબ્દના વાચ્યાર્થથી આ સઙ્‌ક્ષેપથી કહેલો અર્થ સિદ્ધ થાય છે, બીજા અર્થ મતાન્તર અનુસાર સ્વબુદ્ધિ કલ્પિત છે, પણ તે શબ્દોનો ખરો અર્થ બતાવતા નથી.

**કૃષ્ણવાક્યાનુસારેણ શાસ્ત્રાર્થં યે વદન્તિ હિ ।।**
**તે હિ ભાગવતાઃ પ્રોક્તાઃ શુદ્ધાસ્તે બ્રહ્મવાદિનઃ ।।૨૧।।**

**અર્થ :** ગીતાનાં વાક્યોને અનુસરીને જેઓ વેદનો અર્થ કહે છે તેઓ જ બ્રહ્મવાદી (જ્ઞાની), શુદ્ધ (કર્મ કરનાર) અને ભગવદ્‌ ભક્તો કહેવાય છે.

**પ્રકાશ :** વીસમા શ્લોકમાં વેદ અને ભગવદ્‌વાક્ય બન્ને કહેવામાં આવ્યાં છે. જ્યારે એકલા વેદથી જ શાસ્ત્રાર્થ સિદ્ધ થતો હોય તો બીજા પ્રમાણની જરૂર નથી, એમ

કહેવામાં આવે તો તેના ખુલાસામાં કહે છે કે વેદના અર્થમાં જ્યારે સન્દેહ થાય ત્યારે ભગવદ્વાક્યથી તે સન્દેહ દૂર કરી શકાય છે. આ પ્રકારે શ્રીકૃષ્ણના વાક્યને અનુસારે નિઃસન્દિગ્ધ વેદાર્થવક્તાઓ ભાગવત્ એટલે ભગવદ્ ભક્તો છે અને તેઓ યથોક્ત કર્મના જ્ઞાનથી શુદ્ધ કર્મ કરનારા અને વેદમાં કહેલા બ્રહ્મસ્વરૂપનો સ્વીકાર કરવાથી તેઓ જ જ્ઞાની અથવા બ્રહ્મચારી છે એમ સમજવું.

**એતન્મતમવિજ્ઞાય સાત્ત્વિકા અપિ વૈ હરિમ્ ।।**
**મતાન્તરૈર્ન સેવન્તે તદર્થે હ્યેષ ઉદ્યમઃ ।।૨૨।।**

**અર્થ :** આ મતને ન જાણવાથી સાત્ત્વિક પુરુષો પણ મતાન્તરમાં ગુંચવાઈને ભગવાન્‌ને સેવતા નથી એ પ્રમાણે થતું અટકાવવાને માટે આ (મારો) ઉદ્યમ છે.

**પ્રકાશ :** કોઈ એમ શઙ્કા કરે કે વેદ અને ગીતા પ્રથમથી જ વિદ્યમાન છે તો તમારે (ગ્રન્થકારે) આ ગ્રન્થ રચવાનું પ્રયાસ કરવાની શી જરૂર છે? એના ખુલાસામાં કહેવામાં આવે છે કે સાત્ત્વિક પુરુષો ભગવદ્ભક્તિમાં મુખ્ય અધિકારી છે. બીજાં મોહક શાસ્ત્રોનું જ્ઞાન જ તેમને ભજનમાં પ્રતિબન્ધરૂપ થાય છે પણ તેમનો સ્વભાવ ભજનમાં પ્રવૃત્ત હોય છે, તેથી સિદ્ધાન્તથી મતાન્તરનું નિરાકરણ કરીને તેમની ભજનમાં પ્રવૃત્તિ કરાવવાને માટે આ ગ્રન્થ કરવાની આવશ્યકતા છે.

## (સત્ પ્રકરણ)

**પ્રપઞ્ચો ભગવત્કાર્યસ્તદ્રૂપો માયયાઽભવત્ ।।**
**તચ્છક્ત્યાઽવિદ્યયા ત્વસ્ય જીવસંસાર ઉચ્યતે ।।૨૩।।**

**અર્થ :** આ જગત્ ભગવત્કાર્ય છે અને ભગવદ્રૂપ છે. તે ભગવાન્‌ની માયા (સામર્થ્ય) વડે થયું છે. ભગવાન્‌ની અવિદ્યા શક્તિવડે જીવને સંસાર કહેવાય છે.

**પ્રકાશ :** આ પ્રકારે ગ્રન્થ કરવામાં પોતાની પ્રવૃત્તિનું કારણ પ્રતિપાદન કરીને, બાધકશાસ્ત્રોની નિવૃત્તિને માટે બ્રહ્મવાદરૂપશાસ્ત્રનો આરમ્ભ કરવામાં આવે છે. કેટલાક પ્રપઞ્ચને મિથ્યા કહી શુદ્ધ ભજનનું વારણ કરે છે. કેટલાક જીવને વ્યાપક કહે છે. આ બન્નેના નિરાકરણને માટે જીવ અને જડ ના સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે.

આ પ્રપઞ્ચ પ્રકૃતિનું કાર્ય નથી તેમજ તે પરમાણુમાંથી ઉત્પન્ન થયેલ નથી તેમજ તે વિવર્ત (ભ્રાન્તિ) રૂપ નથી તેમજ તે અદષ્ટથી ઉત્પન્ન થયેલ નથી.

તેમજ તે અસત્‌ની સત્તા રૂપ નથી, પણ તે ભગવત્કાર્ય છે, એટલે તે ભગવાન્‌ની કૃતિથી ઉત્પન્ન થયેલ અને ભગવદ્રૂપ છે. આ પ્રપઞ્ચ અસત્‌ની સત્તાથી થયેલ નથી એ વાતનું વિશેષે કરીને સર્વ નિર્ણય પ્રકરણમાં વિવેચન કરવામાં આવશે.

વૈદિક સિદ્ધાન્ત બ્રહ્મવાદ એવો છે કે પ્રપઞ્ચ ભગવત્કાર્ય અને ભગવદ્રૂપ છે, આના સમ્બન્ધના વૈષ્ણવ સિદ્ધાન્તને આધારે સૃષ્ટિ રચવામાં કાંઈક અધિક સાધન કહેવામાં આવે છે.

મૂળમાં ''માયયાઽભવત્'' વાક્ય છે. આ વાક્યનો અર્થ એવો છે કે માયા એ ભગવાન્‌ની શક્તિ છે. તે સર્વભવનસામર્થ્યરૂપ છે અને તે ભગવાન્‌માં જ રહેલી છે. જેમ પુરુષને કર્મ કરવામાં પોતાનું સામર્થ્ય છે તેમ ભગવાન્ સ્વસામર્થ્યરૂપ માયાશક્તિથી સ્વાત્મરૂપ પ્રપઞ્ચ કરે છે. આ વૈષ્ણવસિદ્ધાન્ત છે.

આ કાળમાં સંસાર અને પ્રપઞ્ચ (જગત્)ના ભેદના અજ્ઞાન થકી કેટલાક મોહ પામે છે. એ મોહનું નિરાકરણ કરવાને માટે ભેદનું નિરૂપણ કરવામાં આવે છે.

પૂર્વે કહ્યા પ્રમાણે પ્રપઞ્ચ ભગવદ્રૂપ અને ભગવત્કાર્ય છે અને સંસાર જીવને અવિદ્યાથી કહેવાય છે, પણ તે ઉત્પન્ન થતો નથી, એટલે સત્ય અને અસત્ય જેમ જુદા પદાર્થ છે, તેમ પ્રપઞ્ચ અને સંસાર એ બે જુદા પદાર્થો છે.

અવિદ્યા ભગવાન્‌ની એક શક્તિ છે.

**શ્રીયા પુષ્ટ્યા ગિરા કાન્ત્યા કીર્ત્યા તુષ્ટ્યેલયોર્જયા ।**
**વિદ્યયાવિદ્યયા શક્ત્યા માયયા ચ નિષેવિતમ્ ।।**

(ભા.૧૦।૩૯।૫૫)

**અર્થ :** શ્રી, પુષ્ટિ, ગિરા, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા.

ઉપરના શ્લોકમાં ભગવાન્‌ની મુખ્ય બાર શક્તિઓ ગણાવેલી છે તે પૈકીની અવિદ્યા એક શક્તિ છે, શ્રુતિમાં કહ્યું છે કે

**સ વૈ નૈવ રેમે તસ્માદેકાકી ન રમતેસદ્વિતીયમૈચ્છત્ સહૈતાવાનાસ**

**અર્થ :** ભગવાન્ એકાકીરમણ કરતા નથી. જે ભગવાન્ બીજા પદાર્થની ઈચ્છા કરતા હતા તે આ જગતરૂપ થયા. આ શ્રુતિમાં રમણને માટે પ્રપઞ્ચ રૂપવડે ભગવાન્‌નો આવિર્ભાવ કહેલો છે અને વિચિત્રપણા વગર તે પ્રપઞ્ચના આવિર્ભાવનો સમ્ભવ નથી. આ વિચિત્રપણું ભગવત્સામર્થ્યથી છે અને તે સામર્થ્ય

બ્રહ્મરૂપ છે અને સંસાર અવિદ્યાનું કાર્ય છે. એ કારણથી ભગવાન્‌ની અવિદ્યાશક્તિથી જીવને સંસાર કહેવાય છે, પણ તે અભિમાનરૂપ હોવાથી ઉત્પન્ન થતો નથી, માત્ર વચનથી જ કહેવાય છે. શ્રુતિમાં તેને અસત્ ગણેલો છે. અજ્ઞાન, ભ્રમ, અસત્ એ શબ્દો અહન્તા-મમતારૂપ સંસાર માત્રને વિષે વર્તે છે, પણ પ્રપઞ્ચમાં તેમની પ્રવૃત્તિ નથી, કેમકે પ્રપઞ્ચ બ્રહ્મરૂપ છે.

ભગવાન્ રમણને માટે પ્રપઞ્ચરૂપથી પ્રકટ થઈ, તેમાં અન્તઃપાતી જીવરૂપથી તેના સાધનરૂપથી અને ફલરૂપથી પ્રકટ થઈ ક્રીડા કરે છે, તેમાં હું આ કર્મનો કર્તા છું અને એ થકી ઉત્પન્ન થયેલું ફળ માને છે, હું આનો ભોક્તા છું, આવું જ્ઞાન થાય છે, તે ભ્રમરૂપ છે એમ જાણવું. અને તે અહન્તા-મમતાત્મક સંસાર અવિદ્યાથી ઉત્પન્ન થાય છે. તત્ત્વજ્ઞાન થવાથી, સ્વરૂપ ક્રિયા અને ફલ ના યથાર્થ જ્ઞાન થકી તે સંસાર નિવર્ત થાય છે; પણ પ્રપઞ્ચ નિવર્ત થતો નથી, કેમકે તે બ્રહ્મરૂપ છે.

કોઈ શઙ્કા કરે કે પ્રપઞ્ચરૂપ ઘટાદિનો પ્રપઞ્ચરૂપ દણ્ડથી જેમ તિરોભાવ થાય છે એટલે લાકડી મારવાથી ઘડો ફુટી જાય છે તેમ તત્ત્વજ્ઞાનથી સંસારનો તિરોભાવ થાય છે માટે સંસાર અવિદ્યાનું કાર્ય નથી. તેમજ સંસારને અસત્પણું પણ નથી, કેમકે પ્રપઞ્ચના મધ્યમાં સંસાર છે, તેથી સંસારનું પણ બ્રહ્મરૂપત્વજ હોવું જોઈએ. આમ થવાથી સંસારની નિત્યતાથી મુક્તિનો ઉચ્છેદ થશે એમ પણ સમજવું નહિ, કેમકે જેટલા કાલમાં જે પુરુષમાં સંસારનો આવિર્ભાવ છે, તેટલા કાલમાં તેનું સાંસારીત્વ કહેવાય છે અને મુક્તિનો આવિર્ભાવ થવાથી મુક્તત્વ કહેવાય છે. જેમ ઘડામાં અપક્વદશામાં શ્યામરૂપનો આવિર્ભાવ છે તેથી શ્યામ કહેવાય છે, પક્વઘટમાં રક્તત્વના આવિર્ભાવથી રાતો કહેવાય છે તેમજ બન્ધમુક્તિ પણ ઘટે છે. અવિદ્યાથી બન્ધ છે, એ શ્રુતિ પ્રસિદ્ધ છે તેથી ઉપર પ્રમાણે ન સમ્ભવે એમ કહેવું નહિ; કેમકે દણ્ડ અને ઘટાદિ ની સમાનસ્થિતિથી બન્ધ અને મુક્ત નું રહેવું પ્રસિદ્ધ છે. આ પ્રકારે કહેવાથી શુદ્ધ બ્રહ્મવાદ સત્પુરુષના મનમાં સિદ્ધ થાય છે, બ્રહ્મ સિવાય બીજી વસ્તુ જરા પણ લઈએ, તો માયાપક્ષ ઘટે.

ઉપરની શઙ્કાના ખુલાસામાં કહેવામાં આવે છે કે શ્રુતિમાં પ્રપઞ્ચની બ્રહ્મતા કહેલી છે અને યુક્તિથી પણ આવિર્ભાવ-તિરોભાવ નિત્ય વસ્તુનો જ

સમ્ભવે છે, અનિત્ય વસ્તુનો આવિર્ભાવ-તિરોભાવ સમ્ભવતો નથી. સત્ય વસ્તુનું મિથ્યાત્વ હોઈ શકતું નથી, તેથી પ્રપઞ્ચને સંસાર એક સ્વરૂપ સમ્ભવે નહિ. શ્રુતિ સંસારમાં અવિદ્યાનું હેતુત્વ કહે છે, પણ બ્રહ્મરૂપતાનું હેતુત્વ કહેતી નથી. પ્રપઞ્ચરૂપથી આવિર્ભાવ કહીને, અવિદ્યાથી સંસાર કહે છે અને વિદ્યાથી, તે સંસારનો અભાવ કહે છે માટે પ્રપઞ્ચ થકી સંસારભિન્ન છે, તે કારણથી તેનું અસત્વ પણ ઘટે છે. અવિદ્યાકૃત બન્ધ-મોક્ષને દણ્ડમુદગર ઘટાદિની પેઠે સમાન યોગક્ષેમત્વ કહ્યું છે, તે પણ દણ્ડ અને ઘટ નું પઞ્ચ મહાભૂતરૂપ એક કારણ છે. આ યૌક્તિકશાસ્ત્ર નથી, પણ શ્રૌતશાસ્ત્ર છે માટે આસ્તિકોએ શ્રુતિ અનુસાર જ માનવું જોઈએ.

**આવરણભઙ્ગ :** આ શાસ્ત્ર બ્રહ્મવાદરૂપ છે. એકાદશસ્કન્ધમાં ભગવાને બ્રહ્મવાદનું સ્વરૂપ બતાવેલું છે.

**એષ તેઽભિહિતઃ કૃત્સ્નો બ્રહ્મવાદસ્ય સઙ્ગ્રહઃ ।।**
**સમાસવ્યાસવિધિના દેવાનામપિ દુર્ગમઃ ।।**

અર્થઃએ સમગ્ર બ્રહ્મવાદનો સઙગ્રહ સઙ્ક્ષેપ અને વિસ્તાર વિધિવડે તને કહેલો છે, આ બ્રહ્મવાદ દેવતાઓને પણ દુર્લભ છે.

એકાદશસ્કન્ધમાં કહેલા વિષય (બ્રહ્મવાદ)નું સ્વરૂપ ભગવાને કહેલું છે અને આ શાસ્ત્ર તદનુસાર હોવાથી બ્રહ્મવાદરૂપ છે.

આ બ્રહ્મવાદમાં પ્રપઞ્ચ બ્રહ્મનું કાર્ય છે એમ બતાવી જીવ અને અન્તર્યામી બ્રહ્મના અંશ છે માટે બ્રહ્મ થકી તેઓનો અભેદ છે એમ બતાવવું જોઈએ અને બીજા સાધનની અપેક્ષાએ ભક્તિનું મુખ્યત્વ બતાવવું જોઈએ તેમજ તેના પ્રાકટ્યનું ફલત્વ બતાવવું જોઈએ, તેને માટે પ્રથમ મતાન્તરનું નિરાકરણ કરવાની જરૂર છે તેમાં પ્રપઞ્ચનું મિથ્યાત્વ એક દેશી માયાવાદી માને છે, તો તેનું નિરાકરણ પ્રથમ કરવું જોઈએ. જેમ ઘરમાં પેઠેલા ચોરનું નિરાકરણ કરીને પછી ઘરની વસ્તુઓ સંભળાય છે તેમજ સિદ્ધાન્તમાં પ્રવિષ્ટ એક દેશી મતનું નિરાકરણ કરી, બીજાં શાસ્ત્રોનું બરાબર તપાસવું યોગ્ય છે.

સાઙ્ખ્ય, પાતઞ્જલ અને વૈદ્યકમત માં પ્રપઞ્ચને પ્રકૃતિનું કાર્ય કહેવામાં આવે છે. કણાદ, ગૌતમ અને જૈમિનિ પ્રપઞ્ચને પરમાણુ જન્ય માને છે, માયાવાદી વિવર્ત આત્મા માને છે. આ પ્રકારે ઉપાદાન કારણ ભિન્ન-ભિન્ન માને

છે. કેટલાક અદૃષ્ટને પ્રપઞ્ચનું નિમિત્ત કારણ માને છે. કેટલાક સ્વભાવ અને વાસના ને નિમિત્ત કારણ માને છે, તેમાં સ્વભાવ સાઙ્ખ્ય મતમાં છે અને વાસના માયાવાદીના મતમાં છે અને અદૃષ્ટ કણાદ્ ગૌતમ અને જૈમિની ના મતમાં છે અને અસત્‌ની સત્તા વૈનાશિકના મતમાં છે. આ બધા વાદીઓ ભ્રાન્ત છે, કેમકે આ જગતનું અભિન્ન નિમિત્ત ઉપાદાનકારણ એક જ બ્રહ્મ છે. તે વિષે શ્રુતિ-સ્મૃતિમાં પ્રસિદ્ધ પ્રમાણ છે. ''તદાત્માનં સ્વયમકુરુત'' (તે બ્રહ્મ પોતેજ પોતાના સ્વરૂપને કરે છે). આ શ્રુતિમાં અભિન્ન નિમિત્ત ઉપાદાનકારણ બ્રહ્મને કહેલું છે. કોઈને એમ શઙ્કા થાય કે તમે માયાવાદનો સ્વીકાર કરતા નથી, પણ મૂળ શ્લોકમાં તો તમે ''માયયાડભવત્'' કહેલું છે. એ શઙ્કા દૂર કરવાને માટે પ્રકાશમાં દૃષ્ટાન્તસહિત સમજાવેલું છે કે પુરુષ અને પુરુષનું સામર્થ્ય પૃથક્ નથી, તેથી કર્તા કરણરૂપ કહેવાય છે. તેમજ આ ઠેકાણે ભગવાન્ અને ભગવત્‌શક્તિ માયા એકજ સ્વરૂપ છે તેથી કર્તાને કરણરૂપે કહેવામાં આવે છે. કર્તા ભગવાન્ છે અને કરણ પોતાની શક્તિ માયા છે તેથી બ્રહ્મવાદમાં માયાવાદનો પ્રવેશ નથી.

કેટલાકને એમ શઙ્કા થાય કે એકાદશસ્કન્ધના ૧૨માં અધ્યાયના ૨૩ મા શ્લોકમાં ''માયામયં વેદ સ વેદ વેદમ્'' અર્થાત્ સંસારને જે માયામય જાણે છે, તે વેદના તત્ત્વને જાણે છે. આ વાક્યમાં સંસારનું મિથ્યાત્વ કહેલું છે, વિચાર નહિ કરનારા સંસાર અને પ્રપઞ્ચ નું ઐક્ય માનીને પ્રપઞ્ચને પણ મિથ્યા સમજે છે. આ ભ્રાન્તિ દૂર કરવાને માટે સંસાર અને પ્રપઞ્ચ નો કારણ ભેદથી ભેદ સમજાવવામાં આવે છે. તેમ કર્યાથી અજ્ઞાત પુરુષો (મુગ્ધ) ઉપરના વાક્યમાં સંસારને મિથ્યા કહેલો હોય તે ઠેકાણે પ્રપઞ્ચને મિથ્યા માને નહિ. તે માટે પ્રથમ માયા અને અવિદ્યા નો ભેદ જણાવવો જોઈએ.

ભગવાન્‌ની વિદ્યા, અવિદ્યા વગેરેની જુદી-જુદી ૧૨ શક્તિઓ છે. માયાવાદી અવિદ્યા અને માયા ને એક ગણે છે તે ભ્રાન્તિ છે, માયાનું કાર્ય પ્રપઞ્ચ છે અને અવિદ્યાનું કાર્ય સંસાર છે માટે કારણભેદથી પણ બન્ને પૃથક્ છે. જેમ મનોરથ બુદ્ધિવાળાને વિષયનો અનુભવ ખોટો છે. જેમ સ્વપ્નમાં દેખાવો જોનારને તે દેખાવો ખોટો લાગે છે. તેમજ આત્માને સંસાર ખોટો છે આવી રીતે એકાદશસ્કન્ધમાં ઉદ્ધવજીને ભગવાને સંસાર ખોટો છે એમ કહેલું છે, પ્રપઞ્ચનું ઉપાદાનકરણ બ્રહ્મ છે અને માયા તેનું કરણ છે અને સંસાર નિરૂપાદન છે, અર્થાત્

તે કોઈ વસ્તુનો બનેલો નથી. તેનું કારણ અવિદ્યા છે. એ રીતે બન્નેના કારણભેદથી સંસાર અને જગત ની વચ્ચે મહાનભેદ છે, પુરાણમાં કોઈ-કોઈ સ્થળે શ્લિષ્ટ પ્રયોગો છે તે પ્રયોગોના અજ્ઞાન થકી વ્યામોહ થાય છે, પણ ખરો શ્રૌત અર્થ ઉપર કહ્યા પ્રમાણે છે. ''આત્મૈવેદમગ્ર આસીત્''. **અર્થ :** આ નામ રૂપાત્મક જગત્ પહેલાં આત્મા જ હતો''. આવો ઉપક્રમ કરીને સૃષ્ટિની આદિમાં અન્ય નહિ હતું એમ કહ્યું છે અને આગળ સૃષ્ટિ રચના પછી પણ બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ નથી અને આગળની અદ્વૈત જ્ઞાનવડે ભયની નિવૃત્તિ કહેલી છે અને દ્વૈતથી ભય કહેલું છે. એ દ્વૈત જ્ઞાન વિદ્યાથી નિવૃત્ત કહેલી છે અને દ્વૈતથી ભય કહેલું છે. એ દ્વૈત જ્ઞાન વિદ્યાથી નિવૃત્ત થાય છે માટે વિદ્યાથી નિવૃત્ત થતો સંસાર મિથ્યા છે. પ્રપઞ્ચ નિવૃત્ત થતો નથી, પણ ભેદ ભાવના દૂર થતાં તે બ્રહ્મરૂપ જણાય છે.

**સંસારસ્ય લયો મુક્તૌ ન પ્રપઞ્ચસ્ય કહિર્ચિત્ ।।**
**કૃષ્ણસ્યાઽઽત્મરતૌ ત્વસ્ય લયઃ સર્વસુખાવહઃ ।।**
**પઞ્ચપર્વા ત્વવિદ્યા હિ જીવગા માયયા કૃતા ।।૨૪।।**

**અર્થ :** સંસારનો મુક્તિમાં લય થાય છે, પણ પ્રપઞ્ચનો લય થતો નથી. કૃષ્ણની પોતામાં રમણ કરવાની ઈચ્છા થાય ત્યારે પ્રલય થાય છે, તે જીવોના સુખને માટે છે. માયાથી ઉત્પન્ન થયેલી પઞ્ચપર્વા અવિદ્યા જીવને વળગેલી છે.

**પ્રકાશ :** સંસાર અને પ્રપઞ્ચ નાં ઉત્પત્તિ અને પ્રલય જુદાં-જુદાં છે, તેથી સંસાર અને પ્રપઞ્ચ માં તફાવત (ભેદ) છે. જ્યારે ભગવાન્‌ને પ્રપઞ્ચના સ્વરૂપની પોતાને વિષે લય કરવાની ઈચ્છા થાય છે, ત્યારે પ્રપઞ્ચનો લય થાય છે. પણ સંસારની પેઠે મુક્તિ થતી વખતે તેનો લય થતો નથી, આ પ્રપઞ્ચનો લય રાત્રિની પેઠે જીવના સુખને માટે છે. રાત્રિમાં સર્વ પદાર્થ વિદ્યમાન રહે છે, છતાં કારણ (ઈન્દ્રિયો, અન્તઃકરણ વગેરે) ને અભાવે જણાતા નથી. જે અવિદ્યાથી જીવને સંસાર થાય છે તે પાંચ પ્રકારની છે, એ અવિદ્યા સર્વાંશે નિવૃત્ત કરવાથી સંસાર નિવૃત્ત થાય છે. એ પાંચે પ્રકારની અવિદ્યાની નિવૃત્તિને માટે ભજન કરવું જોઈએ. અવિદ્યા માત્ર જીવને જ છે પણ અન્તર્યામીને હોતી નથી તેમજ જડને પણ હોતી નથી. એ અવિદ્યા માયાશક્તિને આધીન છે તેથી તે માયાના આગળ દુર્બળ છે.

પઞ્ચપર્વા અવિદ્યાનાં નામ આગળ ૩૧ માં શ્લોકમાં આવે છે.

**આવરણભઙ્ગ :** જો પ્રપઞ્ચ અને સંસાર નો ભેદ ન હોય તો જે વખતે અવિદ્યા નિવૃત્ત થાય તે વખતે સંસાર સાથે દેહની પણ નિવૃત્તિ થવી જોઈએ, પણ તેમ થતું નથી, અવિદ્યાનો નાશ થતાં સંસારનો નાશ થાય છે, પણ દેહ જે પ્રપઞ્ચરૂપ છે તેનો નાશ થતો નથી.

**અદાપ્લુતં વિશ્વમિદં તદાસીદ્યન્નિદ્રયા મીલિતદઙ્ન્યમીલયત્ ।।**
**અહીન્દ્રતલ્પેડધિશયાન એકઃ કૃતક્ષણઃ સ્વાત્મરતાવનૂહ ।।**

**અર્થ :** જે વખતે ભગવાન્‌ને સ્વાત્મરતિ થાય છે તે વખત એક જ શેષશૈયામાં પોતે શયન કરે છે અને જેની જ્ઞાનશક્તિ નિદ્રાથી લય પામતી નથી એવા ભગવાન્ નેત્ર બીડી દે છે તે વખતે આ બધું વિશ્વ લય પામે છે.

ભાગવતના આ શ્લોકમાં પ્રપઞ્ચના લયની ઈચ્છા કહેલી છે. શ્રુતિમાં પ્રલય કહેલો છે, પણ તેની ઈચ્છા સ્ફુટ કહેલી નથી, પણ ''યત્પ્રયન્ત્યભિ સંવિશન્તિ'' (તૈત્તિરીયોપનિષદ પૃષ્ટ ૫૧) **અર્થઃ** પ્રલયકાળમાં બધાં ભૂતો જે ભગવાન્‌માં પ્રવેશ કરે છે. એ શ્રુતિમાં પ્રલયનું વર્ણન કરેલું છે. તેથી સૃષ્ટિની ઈચ્છાની પેઠે પ્રલયની ઈચ્છા પણ હોવી જોઈએ. પણ તે ઈચ્છાનું શ્રુતિમાં માત્ર સૂચન કરેલું છે. કદાપિ એમ શઙ્કા થાય કે પ્રલયકાળમાં જીવ અને બ્રહ્મ નો સમ્બન્ધ થવાથી જીવોની મુક્તિ એ જ પ્રલય સમજવો એમ કોઈ કહે તો તેના ખુલાસામાં કહે છે કે રાત્રિમાં અધ્યાસ એટલે અહન્તા-મમતાનો અભિભવ (દબાઈ જવું) છે, પણ અભાવ નથી; મુક્તિમાં તો સંસારનો અભાવ છે પણ અભિભવ નથી; એવી જ રીતે પ્રપઞ્ચ લયમાં પણ સમજવું. પ્રલય વખતે પ્રપઞ્ચ ભગવાન્‌માં સૂક્ષ્મ રીતે સ્થિતિ કરે છે અને સંસારનો અભિભવ (દબાઈ જવું) થાય છે. તેથી પ્રપઞ્ચ લય વખતે જીવોની મુક્તિ થતી નથી.

**એકસ્યૈવ મમાંશસ્ય જીવસ્યૈવ મહામતે ।।**
**બન્ધોડસ્યાવિદ્યયાનાદિર્વિદ્યયા ચ તથેતરઃ ।।**

(ભા.૧૧।૧૧।૪)

આ શ્લોકમાં કહે છે કે મારા એક જ અંશ જીવને અવિદ્યાવડે બન્ધ અને વિદ્યા વડે મોક્ષ છે.

આથી બ્રહ્મને વિષે અવિદ્યાનું સામર્થ્ય છે જ નહિ, જ્યાં માયાનું સામર્થ્ય નથી, ત્યાં તેને આધીન રહેનાર અવિદ્યાના સામર્થ્યનો સમ્ભવ જ નથી. આ

વાક્યથી માયા અને અવિદ્યા ના અભેદનો અને વિદ્યાના અનાદિત્વનો નિરાસ થાય છે.

**જીવ ઈશો વિશુદ્ધાચિદ્ધિભાગસ્ત્વનયોર્હિયોઃ ।**
**અવિદ્યા તત્કૃતોબન્ધઃ ષડસ્માકમનાદયઃ ।।**

**અર્થ :** જીવ; ઈશ્વર, શુદ્ધ ચૈતન્ય, ઈશ્વર અને શુદ્ધ ચૈતન્યમાં ભેદ, અવિદ્યા અને તેનો કરેલો બન્ધ એ છ પદાર્થો અમારા મતમાં અનાદિ છે. આ પ્રમાણે માયાવાદવાળા કહે છે. આ કહેવું ભ્રાન્તિયુક્ત છે. કેમકે ભગવાને એકાદશસ્કન્ધમાં કહ્યું છે કે વિદ્યા અને અવિદ્યા એ બન્ને મારી શક્તિઓ છે અને તે શરીરી જીવના પહેલાંની છે અને મોક્ષ ને બન્ધ કરનારી છે અને તે મારી માયાથી નિર્માણ કરેલી છે. આ વાક્યમાં અવિદ્યાનું સાદિત્વ બતાવેલું છે તેમજ ''એકોડહમ્ બહુસ્યામ્'' એ શ્રુતિમાં એક બ્રહ્મને અનાદિ કહ્યું છે.

ઈશ્વર અને શુદ્ધ બ્રહ્મનો ભેદ શ્રુતિમાં કોઈ ઠેકાણે બતાવેલો નથી, વ્યુચ્ચરણ શ્રુતિમાં સૃષ્ટિ સમયે જીવનું વ્યુચ્ચરણ કહેલું છે. ''પરાભિષ્યાનાત્'' એ સૂત્રમાં સૃષ્ટિ ઈચ્છા પછી જ જીવને જ્ઞાનાદિનો તિરોભાવ છે અને ત્યાર પછી બન્ધ છે એમ કહેલું છે માટે જે બન્ધને માયાવાદીઓ અનાદિ કહે છે, તે શ્રુતિ સૂત્રથી વિરુદ્ધ છે. વળી એક અન્નત અનાદિ અને પાંચ-સાંત અનાદિ આ કલ્પના આધારવિનાની છે. ભાગવતના એકાદશસ્કન્દમાં ''બન્ધોડસ્ય વિદ્યાયાનાદી'' એમ લખેલું છે. આ ઠેકાણે બન્ધને અનાદિ કહ્યો છે તે દેવતાને મનુષ્યની અપેક્ષાએ અમર કહ્યા છે તેના જેવું છે, કેમકે તેમ ન હોય તો''અવિદ્યયા બન્ધ'' એ વચનમાં ત્રીજી વિભક્તિ કરણમાં છે તેથી કરણ કાર્ય પહેલાં હોવું જોઈએ, તે કારણથી કહેવામાં આવતા અનાદિત્વનો ભઙ્ગ થાય છે. આ વાત આગળ વધારે સ્ફુટ થશે.

**આકાશવદ્વ્યાપકં હિ બ્રહ્મ માયાંશવેષ્ટિતમ્ ।।**
**સર્વતઃપાણિપાદાન્તં સર્વતોક્ષિશિરોમુખમ્ ।।૨૫।।**
**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ।।**
**અનન્તમૂર્તિ તદ્બ્રહ્મ હ્યવિભક્તં વિભક્તિમત્ ।।૨૬।।**

**અર્થ :** બ્રહ્મ એ આકાશની માફક વ્યાપક અને માયા થી વેષ્ટિત છે. બ્રહ્મને સર્વ ઠેકાણે હાથ, પગ, પર્યવસાન (છેડા, ટેરવાં) આંખો, માથુ અને મુખ છે.

બ્રહ્મને સર્વ ઠેકાણે કાન છે, બ્રહ્મ સર્વમાં વ્યાપીને સ્થિતિ કરે છે, તે અનન્ત મૂર્તિ છે, વિભાગરહિત છે (અને ઈચ્છા માત્રથી પ્રકટ થવાને માટે) વિભાગવાળું છે.

**પ્રકાશ :** જીવના સ્વરૂપનું નિરૂપણ કરવાને માટે બ્રહ્મ થકી અગ્નિ વિસ્ફુલિઙ્ગ ન્યાયથી તેનો ઉદ્‌ભવ કહેવાને માટે કારણભૂત બ્રહ્મનું સ્વરૂપ બે શ્લોકથી કહેવામાં આવે છે. બ્રહ્મ આકાશના જેવું વ્યાપક છે. આ દષ્ટાન્ત લોકદષ્ટિથી છે. બ્રહ્મનું વ્યાપકત્વ છે, કેમકે તે 'બૃહત્' એટલે મોટું છે. જો એમ ન હોય તો યૌગિક બ્રહ્મપદ પ્રયોગ ઘટે નહિ. તે વ્યાપકત્વ સૃષ્ટિની પ્રારમ્ભદશામાં તિરોહિત હોય એમ માયાથી દેખાય છે, કેમકે તેનાથી બ્રહ્મ વિંટાયેલું છે. ગીતા અધ્યાય ૧૩ ના શ્લોક ૧૩ (''સર્વતઃ પાણિપાદાન્તમ્) માં કહેલું છે કે તે સર્વ ઠેકાણે હાથ-પગવાળું , સર્વ ઠેકાણે આંખો, માથુ અને મુખવાળું છે તેને સર્વ ઠેકાણે કાન છે અને તે સર્વમાં વ્યાપીને રહેલું છે.

સર્વ ઠેકાણે હાથ, પગ અને અન્ત (છેડા ટેરવાં) છે તેથી બ્રહ્મથી કૃતિ, ગતિ અને ક્રિયા સર્વ ઠેકાણે થઈ શકે છે. બ્રહ્મ પોતાની ઈચ્છાથી પરિચ્છેદથી (અમુક રૂપમાં) દેખાય છે. બ્રહ્મને સર્વ ઠેકાણે નેત્ર, શરીર અને મુખ છે, એટલે સર્વ ઠેકાણે જ્ઞાન પ્રાધાન્ય છે અને ભોગ બ્રહ્મને સર્વત્ર છે. બ્રહ્મ સર્વ ઠેકાણે શ્રવણ કરે છે. સર્વને વ્યાપિને તે સ્થિતિ કરે છે. આ ધર્મો પ્રપઞ્ચ ઉત્પન્ન થયા પછી સ્પષ્ટ થાય છે તો પણ એ ધર્મો નિત્ય છે. માટે પ્રથમ કહેલા છે.

હવે સર્વ ઠેકાણે પરિચ્છેદનું પ્રયોજન કહેવામાં આવે છે. એ બ્રહ્મ અનન્ત મૂર્તિવાળું છે અને અનન્ત મૂર્તિમાં પણ પરસ્પર ભેદ રહિત છે, કેવળ ઈચ્છાથી તે વિભાગવાળું જણાય છે.

**આવરણભઙ્ગ :** વિશુદ્ધ ચૈતન્ય અને ઈશ્વર એક જ છે અને તેનો આકાર માયિક નથી, પણ આનન્દમય છે. ભજનની સિદ્ધિને માટે જીવની વ્યાપકતા નથી, પણ અણુતા છે, આ સર્વ બતાવવાને માટે બ્રહ્મસ્વરૂપ અને તેના થકી સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવે છે. શ્રુતિમાં કહેલું છે કે પરમાત્માથી કોઈ અધિક નથી, તેમજ તેની તુલ્ય નથી, તો પરમાત્માને આકાશની ઉપમા ઘટે નહિ. તે કારણથી એ દષ્ટાન્ત લોક દષ્ટિથી છે, એમ જાણવું. ''નતદશ્નોતીતિ'' (તે બ્રહ્મ વ્યાપક થતું નથી) આ શ્રુતિથી વ્યાપકત્વ વિરુદ્ધ છે, એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે એ

શ્રુતિમાં બ્રહ્મપદ પ્રયોગ છે તે વ્યાપકત્વ બતાવનાર છે, પરન્તુ વ્યાપક છતાં સર્વ કાર્યથી પૃથક્ છે અને એક દેશમાં પણ સ્થિતિ કરી શકે છે. આવી રીતે એ શ્રુતિ વિરુદ્ધધર્માશ્રયપણું બતાવે છે. એ વ્યાપકત્વ સૃષ્ટિની પ્રારમ્ભદશામાં તિરોહિત હોય એમ અજ્ઞાનીની દૃષ્ટિથી જણાય છે, કેમકે બ્રહ્મવિત્‌ની દૃષ્ટિમાં સર્વ બ્રહ્મરૂપ છે. માયાવડે તેવો પરિચ્છિન્નભાવ જણાય છે જીવનું વ્યુચ્ચરણ ક્યા દેશમાં થાય એ બાબતની શઙ્કા પણ દૂર થાય છે.

વ્યાસસૂત્રમાં ત્રિજા પાદમાં વિશેષ નિરૂપણ કરેલું છે કે બ્રહ્મનો પૂર્વે ધર્મરૂપથી અને તદનન્તર ક્રિયા અને પ્રપઞ્ચ આદિરૂપથી આવિર્ભાવ થાય છે. પૂર્વે ઈચ્છારૂપ થાય છે, તે પછી માયારૂપ થાય છે તે પછી વ્યાપકત્વનો તિરોભાવ કરી દેશ પ્રકટ કરે છે અને માયાથી અંશોનો પરિચ્છેદ કરી તેનાથી વ્યાપ્ત થાય છે, માટે દેશાન્તર સમ્ભવે છે. આ ઠેકાણે માયાનો સમ્બન્ધ કહેવાથી માયાવાદીના મતમાં પ્રવેશ થાય છે એમ સમજવું નહિ.

''પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞા દૃષ્ટાન્તાનુરોધાત્'' (બ્ર.સૂ.૧/૪/૨૩) એ સૂત્રમાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્ત અનુસારે ઉપાદાન અને નિમિત્તકારણ બન્ને બ્રહ્મ છે અને માયા એ બ્રહ્મ થકી અભિન્ન શક્તિ છે માટે તેમણે (માયાવાદીઓએ) માનેલી માયાનો આ સ્થળે અઙ્ગીકાર કરેલો નથી.

**સર્વતઃ પાણિપાદાન્તમ્ સર્વતોઽક્ષિ શિરોમુખમ્**

(ગીતા ૧૩।૧૩)

આ વાક્ય શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કાંઈક પાઠાન્તરથી છે. જુઓ અધ્યાય ત્રીજાનો મન્ત્ર ૧૬ મો (પૃષ્ટ ૨૪૮) તો પણ સન્દેહની નિવૃત્તિને માટે ગીતાનું વાક્ય કહેલું છે. બ્રહ્મને શ્રુતિમાં અનન્તમૂર્તિ કહેલું છે. (''યદેકમવ્યક્તમનન્તરૂપમ્'') ભગવાન્‌ના નામને માટે બ્રહ્મપદ શ્રુતિ બોધિત છે, ''વિજ્ઞાનમાનન્દં બ્રહ્મેતિ'' એ શ્રુતિમાં બ્રહ્મપદ આવે છે અને એમાં બ્રહ્મને સચ્ચિદાનન્દપણું કહેલું છે. ''અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્'' (ભ.ગી.૧૩/૧૬) એ ગીતાનું વાક્ય છે એ વડે શ્રૌત સિદ્ધાન્તમાં સ્વતઃ બ્રહ્મ વિભક્તિવાળું હોવાથી અને દેશનું પણ વિદ્યમાનપણું હોવાથી તેને માટે માયાની અપેક્ષા નથી એમ જાણવું. માત્ર વૈષ્ણવ સિદ્ધાન્ત (નારદ પઞ્ચરાત્ર) માં માયા છે, પરન્તુ તે માયા માયાવાદીના જેવી સ્વીકારેલી નથી, પણ ભગવાન્‌ની શક્તિરૂપે

સ્વીકારવાથી, શક્તિ અને શક્તિમાનનો અભેદ છે એમ પૂર્વે કહેલું ધ્યાનમાં રાખવું.

"ઉભયવ્યપદેશાત્ત્વહિકુણ્ડલવત્" "પ્રકાશાશ્રયવત્"(બ્ર.સૂ. ૩/૨/૨૭-૨૮) એ બે સૂત્રોમાં કહેલી રીતિથી વિરુદ્ધ ધર્માધાર ભગવત્સ્વરૂપ સૃષ્ટિનું કારણભૂત છે માટે માયા શબલ (મલીન) બ્રહ્મ બુદ્ધિમાં પ્રતિબિમ્બિત જીવના નિર્માણને માટે શરીર પ્રત્યે સ્થિતિ કરે છે ત્યારે સર્વત્ર પાણિપાદાન્ત થાય છે. આમ કહેનારા માયાવાદી, સાઙ્ખ્ય અને પાતન્જલાદિ એ બધાના મત ગીતા તથા શ્રુતિ થી વિરુદ્ધ છે એમ સમજવું, કેમકે ગીતામાં મોક્ષને માટે બ્રહ્મના સ્વરૂપનો બોધ કરવાને ઉપરનું વાક્ય કહ્યું છે, ત્યાં માયા સબળ નથી, તેમ જ ઉપર કહેલા ઉપનિષદ વાક્યમાં પણ માયાનું નામ નથી.

**બહુસ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હ્યભૂત્સતિ ।।**
**તદિચ્છામાત્રતસ્તસ્માદ્ બ્રહ્મભૂતાંશ ચેતનાઃ ।।૨૭।।**
**સૃષ્ટ્યાદૌ નિર્ગતાઃ સર્વે નિરાકારાસ્તદિચ્છયા ।।**
**વિસ્ફુલિઙ્ગા ઈવાગ્નેસ્તુ સદંશેન જડા અપિ ।।૨૮।।**

**અર્થ :** "હું એક છું તે અનેક રૂપ ધારણ કરું" એવી બ્રહ્મને સત્ય સઙ્કલ્પવાળી ઈચ્છા થવાથી તે ઈચ્છા માત્રથી તે (બ્રહ્મ) માંથી બ્રહ્મભૂત અંશરૂપ જીવો થયા.

સૃષ્ટિના આદિકાલમાં ભગવાન્ની ઈચ્છાથી જેમ અગ્નિમાંથી તણખા (વિસ્ફુલિઙ્ગ) નિકળે તેમ અસઙ્ખ્ય નિરાકાર જીવ નિકળ્યા. અને બ્રહ્મના સદંશમાંથી જડ પદાર્થો નિકળ્યા.

**પ્રકાશ :** આ પ્રકારે બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરીને તે થકી સૃષ્ટિનું વર્ણન કરવાને માટે એ બ્રહ્મની ઈચ્છાને કારણરૂપ કહે છે.

જ્યારે બ્રહ્મને બહુ થવાની એટલે અનેક રૂપ થવાની ઈચ્છા થઈ, ત્યારે તેણે અનેકત્વ અને ઉંચ-નીચત્વનો સઙ્કલ્પ કર્યો. આ સઙ્કલ્પ તેનો સત્ય છે, તેથી તેવું કાર્ય તત્કાલ થાય છે. એ બ્રહ્મ થકી પ્રથમ સૃષ્ટિનો બ્રહ્મભૂત સૂક્ષ્મ અસઙ્ખ્ય સાકાર (આનન્દસહિત) જીવો નિકળ્યા અને પછી તેઓ ઊંચ-નીચ ભાવની ઈચ્છાથી નિરાનન્દ થયા તેથી તેમનામાં ફક્ત ચિદાંશ પ્રકટ રહ્યો અને આનન્દાંશનો તિરોભાવ થયો. અગ્નિ થકી વિસ્ફુલિઙ્ગ થાય, તેમ વ્યુચ્ચરણનું દષ્ટાન્ત શ્રુતિમાં આપેલું છે. (જુઓ બૃહદારણ્યકોપનિષત્ પૃષ્ટ ૧૭૦)

**સ યથોર્ણનાભિ સ્તન્તુનોચ્ચરેદ્યથાગ્નેઃ ક્ષુદ્રા વિસ્ફુલિઙ્ગા વ્યુચ્ચરન્ત્યેવમેવાસ્માદાત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે લોકાઃ સર્વે દેવાઃ સર્વાણિ ભૂતાનિ વ્યુચ્ચરન્તિ તસ્યોપનિષત્સત્ય-સત્યમિતિ પ્રાણા વૈ સત્યં તેષામેષ સત્યમ્.**

**અર્થ :** જેમ કરોળિયો તન્તુવડે બહાર જાળ બાંધે છે, જેમ અગ્નિ થકી ક્ષુદ્ર વિસ્ફુલિઙ્ગ નિકળે છે તેમજ આ શ્રુતિમાં બતાવેલા ભગવાન્ થકી સર્વ પ્રાણો, સર્વ લોક, સર્વભૂત વ્યુચ્ચરણ પામે છે, તે સત્યને પ્રતિપાદન કરનારી આ ઉપનિષદ્ છે. પ્રાણો સત્ય છે અને બધા નિકળેલા પદાર્થો સત્ય છે અને તેના મૂળભૂત પરમાત્મા પણ સત્ય છે.

**યથા સુદીપ્તાત્પાવકાદ્વિસ્ફુલિઙ્ગાઃ સહસ્રશઃ પ્રભવન્તે સ્વરૂપાઃ**

ઈત્યાદિ (મુણ્ડકોપનિષદ્ પૃષ્ટ ૩૦)

**અર્થ :** જેમ દીપ્ત થયેલા પાવક થકી અપરિમિત્ વિસ્ફુલિઙ્ગો નિકળે છે, તેમ અક્ષર થકી વિવિધ પ્રકારના પદાર્થો ઉત્પન્ન થાય છે અને તેમાં જ તેઓનો લય થાય છે.

જે પ્રમાણે બ્રહ્મના ચિદંશથી જીવો થયા તેજ પ્રમાણે સત્ અંશ થકી જડ પદાર્થો ઉત્પન્ન થયા.

**આવરણભઙ્ગ :** મૂલમાં 'બહુસ્યામ્' કહેલું છે તેનો પર્યાય પ્રકાશમાં અનેકત્વ કહેલો છે અને 'પ્રજાયેય' એ વચનથી પ્રકર્ષથી ઉંચ-નીચ ભાવવડે પ્રાદુર્ભાવ જણાવવામાં આવે છે. આથી પૂર્વે જે વૈદિક સિદ્ધાન્ત કહેલો છે, તે જણાવ્યો એમ સમજવું. પરમાત્માની ઈચ્છા માત્ર થકી આ જગત્ થયું એમ મૂલમાં કહેલું છે એથી અદષ્ટાદિ સહાયભૂત છે એમ પણ સમજવું નહિ. ઈચ્છા નિમિત્ત છે, પણ કારણ નથી. જીવનું સ્વરૂપ ચિત્ પ્રધાન છે, એટલે ચૈતન્ય એ જીવનું સ્વરૂપ અને ધર્મ છે. આનન્દાંશ તિરોહિત થવામાં ''હન્તતિરોડસાનિ'' ઈત્યાદિ શ્રુતિનું પ્રમાણ સમજવું. ''યથાગ્નેઃ ક્ષુદ્રા ઈતિ'' બૃહદારણ્યક પૃષ્ટ ૧૭૦ એ શ્રુતિનું ભગવત્પરત્વ ''જગદ્વાચિત્વાત્'' અધિકરણમાં પહેલા સૂત્રના ચોથા પદમાં સ્થાપન કરેલું છે, કેમકે સર્વ જીવોનું વ્યુચ્ચરણ કહેલું છે તે જીવ થકી સમ્ભવતું નથી.

**આનન્દાંશસ્વરૂપેણ સર્વાન્તર્યામિરૂપિણઃ ।।**
**સચ્ચિદાનન્દરૂપેષુ પૂર્વયોરન્યલીનતા ।।૨૯।।**

**અર્થ :** આનન્દાંશ સ્વરૂપવડે સર્વ અન્તર્યામી રૂપો નિકળ્યાં, અન્તર્યામીમાં સત્, ચિત્ અને આનન્દ એ ત્રણે અંશ છે, જીવમાં સત્ અને ચિત્ છે પણ આનન્દનો તિરોભાવ છે. જડમાં સત્ છે પણ ચિત્ અને આનન્દ નો તિરોભાવ છે.

**પ્રકાશ :** આનન્દાંશ સ્વરૂપવડે અન્તર્યામીનું ઉદ્‌ગમ છે. જેમ જીવોનું બહુત્વ છે, તેમ અન્તર્યામીનું પણ બહુત્વ છે, કેમકે એક હ્રદયમાં હંસરૂપથી બન્નેનો પ્રવેશ છે, એટલે દરેક જીવની સાથે અન્તર્યામી છે. ભેદ તો જીવમાં પણ નથી, કેમકે સર્વ પરમાત્માના અંશ છે. સદંશને વિષે ચિત્ અને આનન્દ અંશનો તિરોભાવ છે અને ચિત્‌ને વિષે આનન્દનો તિરોભાવ છે.

**આવરણભઙ્ગ :** ''ગુહામ્પ્રવિષ્ટૌ પરમેપરાર્ધે'' (કઠોપનિષદ્ પૃષ્ટ ૧૨)

**અર્થ :** જીવ અને અન્તર્યામી બન્ને નાભિ થકી ઉપરના ભાગમાં હ્રદયગુહામાં પ્રવિષ્ટ છે. કઠોપનિષત્‌ની ઉપરની શ્રુતિમાં જીવ અને અન્તર્યામી બન્નેનો હ્રદયગુહામાં પ્રવેશ કહેલો છે. ગીતામાં ''ઈશ્વરઃ સર્વ ભૂતાનામ્ હૃદ્દેશેઽર્જુનતિષ્ઠિતિ (ગી.૧૮।૬૧) એ વાક્યમાં એક હ્રદયના અભિપ્રાયથી એક ઈશ્વર કહેલો છે, કેમકે તેમાં 'હૃદ્દેશે' એ શબ્દ એક વચનમાં છે અને એક હ્રદયનું જ ત્યાં સૂચન કરેલું છે તેથી પરસ્પર વિરોધ સમજવો નહિ.

''એકમેવાદ્વિતીયમિતિ''. બ્રહ્મ એક અને અદ્વિતીય છે. એ શ્રુતિના વિરોધના પરિહારને માટે તે-તે અંશનો બ્રહ્મની સાથે અભેદ છે. આ ઠેકાણે તે-તે અંશ થકી જીવ જડ અને અન્તર્યામી નો ઉદ્‌ભવ કહેવાથી, પૂર્વે સત્, ચિત્ અને આનન્દ ના પૃથ્થક્કરણનું સૂચન થયેલું છે. એ વાત દ્વિતીયસ્કન્ધની સુબોધિનીમાં સ્ફુટ કરેલી છે.

**અતએવ નિરાકારૌ પૂર્વાવાનન્દલોપતઃ ।।**
**જડોજીવોન્તરાત્મેતિ વ્યવહારસ્ત્રિધા મતઃ ।।૩૦।।**

**અર્થ :** એટલા માટે આનન્દના લોપ થકી જડ અને જીવ આનન્દરહિત છે. આ બધું જગત્ બ્રહ્મરૂપ છે, છતાં જડ, જીવ અને અન્તર્યામી એ પ્રમાણે ત્રણ પ્રકારનો વ્યવહાર માનેલો છે.

**પ્રકાશ :** હવે આનન્દ અંશના તિરોભાવનું જ્ઞાપક (જણાવનારું ચિન્હ) બતાવવામાં આવે છે. આનન્દ તિરોહિત થવાથી જડ અને જીવ નિરાનન્દ છે. આ ઠેકાણે આનન્દને આકારના અર્થમાં વાપર્યો છે માટે ઈશ્વરનો આકાર માયાથી છે

અને શુદ્ધ ચૈતન્ય થકી તે ભિન્ન છે એમ માયાવાદીનું કહેવું શ્રુતિ થકી વિરુદ્ધ છે. કેમકે શ્રુતિમાં કોઈ ઠેકાણે માયાથી પરમાત્માનો આકાર કહેલો નથી.

આ પ્રમાણે જડ, જીવ અને અન્તર્યામી ના સ્વરૂપનું વૈજાત્ય કહીને, નામ થકી વૈજાત્ય કહેવામાં આવે છે. સર્વનું ભગવત્ રૂપત્વ છે, તો પણ વ્યવહારમાં, જડ જીવ અને અન્તર્યામી એ ત્રણ નામ પૃથક્ કહેવાય છે.

**આવરણભઙ્ગ :** સર્વનો બ્રહ્માંશ સરખો હોવાથી ત્રિવિધપણું કેમ ઘટે? એ શઙ્કાના ખુલાસામાં કહેવામાં આવે છે કે જડ, જીવ અને અન્તર્યામી માં પૂર્વાંશમાં એક-એક અંશની લીનતા છે, એટલે સદંશમાં બે અંશ એટલે ચિદંશ અને આનન્દ અંશની લીનતા છે અને ચિદંશમાં એક અંશની એટલે આનન્દ અંશની લીનતા છે અને અન્તર્યામીમાં એ ત્રણે અંશો છે એટલે ત્રણ બે અને એક અંશના પ્રાકટ્યથી એક જ બ્રહ્મના ત્રણે અંશ છતાં ત્રિવિધપણું છે.

જીવને અમુક પદાર્થ પ્રિય લાગે છે, તેનું કારણ આનન્દની માત્ર સત્તા છે. પણ જીવમાં પ્રકટ આનન્દ નથી. પ્રકટ આનન્દ હોય તો દુઃખી થવાનો સમ્ભવ રહે નહિ.

**વિદ્યાવિદ્યે હરેઃ શક્તિ માયયૈવ વિનિર્મિતે ।।**
**તે જીવસ્યૈવ નાન્યસ્ય દુઃખિત્વં ચાઽપ્યનીશતા ।।૩૧।।**

**અર્થ :** વિદ્યા અને અવિદ્યા એ માયાવડે નિર્માણ થયેલી શ્રીહરિની શક્તિઓ છે, તે જીવને લાગુ થયેલી છે એથી જીવ દુઃખીપણું અને અનીશ્વરપણું ભોગવે છે. એ વિદ્યા અને અવિદ્યા અન્તર્યામીને અને જડને લાગુ થતી નથી.

**પ્રકાશ :** આ પ્રમાણે જીવ, જડ અને અન્તર્યામી ના સ્વરૂપનું નિરૂપણ કરીને, ચિદંશ જીવોને સંસાર કેવી રીતે થાય છે, તે કહે છે. મોક્ષ પણ એક સર્ગ છે માટે વિદ્યાનું પણ નિરૂપણ કરવું આવશ્યક છે. આત્માને સ્વરૂપ લાભ (પ્રાપ્તિ) વિદ્યાથી છે. દેહનો લાભ અવિદ્યાથી છે. આ વિદ્યા અને અવિદ્યા જીવના ધર્મ નથી, પણ એ બન્ને ભગવાન્ની શક્તિઓ છે અને એ બન્નેનો આવિર્ભાવ અને તિરોભાવ ભગવદિચ્છાથી જ થાય છે. આ બન્ને શક્તિઓ માયા શક્તિને આધીન છે, એટલા જ માટે ગીતાજીમાં કહ્યું છે કે ‘‘મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે’’ (ગી. ૭૧૪) ‘‘જેઓ મને જ શરણ થાય છે, તેઓ એ માયાને તરે છે’’. આ વાક્યથી જણાય છે કે ભક્તિ થવાથી અવિદ્યા દૂર થાય છે અને વિદ્યાની પ્રાપ્તિ થાય છે.

ભગવાન્‌ના શરણ વગર જીવને નિત્ય મુક્તતા થતી નથી. આ વિદ્યા અને અવિદ્યા જીવને જ છે, પણ અન્તર્યામી કે જડને નથી તેથી જીવને દુઃખીત્વ અને અનીશત્વ પણ અવિદ્યાથી જ છે.

**આવરણભઙ્ગ :** આ પ્રકારે ત્રિવિધ વ્યવહાર, જડ, જીવ અને અન્તર્યામી પણું ભગવાન્‌ની ઈચ્છા માત્રથી છે, પણ માયાના સમ્બન્ધથી નથી. કદાપિ એમ શઙ્કા થાય કે સંસાર નિરૂપણમાં વિદ્યાનું નિરૂપણ કરવાની શી જરૂર છે? એના ખુલાસામાં કહે છે કે મોક્ષ પણ એક સર્ગ છે. જીવને પોતાના ચિત્ પ્રધાન સ્વરૂપથી સ્થિતિ વિદ્યાથી છે અને અન્યથારૂપ સ્થિતિ એ જ દેહ લાભ અવિદ્યાથી છે. એ બન્નેનો વિચાર કરીએ તો તે સર્ગ (સૃષ્ટિ) છે. માટે સંસારના નિરૂપણમાં વિદ્યાનું નિરૂપણ વ્યર્થ નથી, વળી એમ શઙ્કા થાય કે મોક્ષ સર્ગ (સૃષ્ટિ) હોવાથી દેહ લાભ ઉત્પન્ન કરનારી અવિદ્યાનો જેમ જીવને સમ્બન્ધ છે તેમ વિદ્યાનો પણ સમ્બન્ધ થશે અને વિદ્યાનો ઉદ્‌ભવ પ્રવાહ થકી સ્વતઃ થાય ત્યારે વિદ્યાને માટે સાધનની જરૂર રહે નહિ. એ શઙ્કા દૂર કરવાને માટે કહેવામાં આવે છે કે વિદ્યા અને અવિદ્યા બન્ને ભગવાન્‌ની શક્તિ છે માટે બન્નેનો ઉદ્‌ભવ ભગવદિચ્છા આધીન સાધનથી છે.

**એષ ઉ એવ સાધુ કર્મ કારયતિતંયમેભ્યો લોકેભ્ય ઉન્નિનીષતિ**

**અર્થ :** જેને ભગવાન્ આ લોકથી ઉત્કૃષ્ટ કરવાને ઈચ્છે છે તેની પાસે સત્કર્મ કરાવે છે અને જેને અધોગતિ પમાડવાને ઈચ્છે છે તેની પાસે અસત્કર્મ કરાવે છે. આ શ્રુતિથી જણાય છે કે ભગવાન્‌ની ઈચ્છાને વિષે પ્રકારભેદ છે તેથી ઉપર કહેલો દોષ આવતો નથી, જેમ અવિદ્યાથી દુઃખીત્વ અને અનિશત્વ છે તેમ વિદ્યાથી સુખીત્વ અને ઈશત્વ છે.

**સ્વરૂપાજ્ઞાનમેકં હિ પર્વ દેહેન્દ્રિયાસવઃ ।।**
**અન્તઃકરણમેષાં હિ ચતુર્દ્ધાઽધ્યાસ ઉચ્યતે ।।૩૨।।**
**પઞ્ચપર્વાત્વવિદ્યેયં યદ્‌બદ્ધો યાતિ સંસૃતિમ્ ।।**
**વિદ્યયાઽવિદ્યાનાશે તુ જીવો મુક્તો ભવિષ્યતિ ।।૩૩।।**

**અર્થ :** સ્વરૂપનું અજ્ઞાન અને ચાર પ્રકારનો અધ્યાસ, ૧ ઈન્દ્રિયોનો, ૨ પ્રાણનો, ૩ અન્તઃકરણનો અને ૪ દેહનો એ રીતે પાંચ પ્રકારની (પઞ્ચપર્વા) અવિદ્યા છે. એ અવિદ્યાથી બંધાઈને સૃષ્ટિમાં જીવ જન્મ-મરણને પામે છે તે અવિદ્યા વિદ્યાવડે નાશ પામે છે, ત્યારે જીવ જીવન્મુક્ત થાય છે.

**પ્રકાશ :** સ્વરૂપવિસ્મરણ, અન્તઃકરણનો અધ્યાસ, પ્રાણનો અધ્યાસ, ઈન્દ્રિયોના અધ્યાસ અને દેહનો અધ્યાસ એ પાંચ અવિદ્યાનાં પર્વ એટલે ભાગ અથવા વિભાગ કહેવાય છે. એ પાંચે પ્રકારની અવિદ્યા સમ્પૂર્ણ થવાથી અન્ય ધર્મવડે (અન્તઃકરણ, પ્રાણ, ઈન્દ્રિય અને દેહ ના ધર્મ.) બંધાઈને જીવ જન્મ-મરણ પામે છે.

જેમ જાગરણથી નિદ્રા દૂર થઈ જાય છે તેમ જ્યારે વિદ્યાથી અવિદ્યા દૂર થાય છે, ત્યારે જીવ જન્મ-મરણ પામતો નથી.

**આવરણભઙ્ગ :** પાતઞ્જલ સૂત્રો ઉપર વેદવ્યાસજીએ કરેલા ભાષ્યમાં ''વિપર્યયો મિથ્યાજ્ઞાનમતદ્રૂપપ્રતિષ્ઠમ્'' (જુઓ પાતઞ્જલ સૂત્ર ૮ મું, પાદ ૧ લો, પૃષ્ટ ૩જું) એ સૂત્રના વ્યાખ્યાનમાં ''સેયં પઞ્ચપર્વા'' વગેરેથી કહેલું છે કે આ પાંચપર્વા અવિદ્યા થાય છે. તેઓનાં નામ, ૧.અવિદ્યા, ૨.અસ્મિતા, ૩.રાગ, ૪.દ્વેષ અને ૫.અભિનિવેશ. એ પાંચે ક્લેશરૂપ છે અને એ ૧.તમ, ૨.મોહ, ૩.મહામોહ, ૪.તામિસ્ત્ર અને ૫.અન્ધતામિસ્ત્ર એ સંજ્ઞાથી ચિત્તના મળરૂપ કહેવાય છે.

બીજા પાદમાં (જુઓ પાતઞ્જલ સૂત્ર ૪ પાદ, ૨જો પૃષ્ટ ૧૯ મું) પઞ્ચપર્વામાંની પ્રથમ કહેલી અવિદ્યા એ તે પછીના ચારનું ઉત્પત્તિનું સ્થાન કહેલું છે, અર્થાત્ અસ્મિતા, મોહ વગેરે અવિદ્યામાંથી ઉત્પન્ન થાય છે. તે પછીના પાંચમા સૂત્રમાં અનિત્ય, અશૂચિ, દુઃખ અને અનાત્મ ને વિષે નિત્ય, શૂચિ, સુખ અને આત્મબુદ્ધિ એ અવિદ્યા છે એમ કહેલું છે. ભાષ્યમાં ક્લેશના વિસ્તારરૂપ કર્માશયનું મૂલ અવિદ્યા છે એમ કહીને આગળ વિદ્યા થકી વિપરીત બીજું જ્ઞાન અવિદ્યા છે એમ કહે છે. વાચસ્પતિએ મૂલ સૂત્રના ભાષ્યમાં કહેલું છે કે અવિદ્યાનાં અન્ય નામ પણ છે, પણ સંસાર બીજ તો આ ચતુષ્પદ અવિદ્યા છે, તે પછીના સૂત્રોમાં અસ્મિતા, રાગદ્વેષ અને અભિનિવેશ બતાવેલાં છે. શ્રીધરે શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કન્ધની ટીકામાં કહ્યું છે કે તમ એટલે સ્વરૂપનો અપ્રકાશ, મોહ એટલે દેહમાં અહંબુદ્ધિ, મહામોહ એટલે ભોગની ઈચ્છા. એ ભોગની ઈચ્છા વિરુદ્ધ જે કાંઈ અન્તરાયરૂપ થાય તેના ઉપર જે ક્રોધ થાય તેને તામિસ્ત્ર કહે છે. ભોગની વસ્તુના નાશથી હું મરી ગયો એમ ધારવું એનું નામ અન્ધતામિસ્ત્ર. આ વિષે વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે આત્મસ્વરૂપને નહિ જાણવું એનું નામ તમ,

અન્તઃકરણનો વિશેષ ભ્રમ તેનું નામ મોહ, ઈન્દ્રિય વિષયભોગજન્ય સુખ ઈચ્છા એ મહામોહ છે, મરણ એ અન્ધતામિસ્ર છે અને ક્રોધ તામિસ્ર છે. એ રીતે વિષ્ણુપુરાણમાં અવિદ્યાનાં પાંચપર્વ કહેલાં છે. વિષ્ણુસ્વામીએ અજ્ઞાન, વિપર્યાસ, ભેદ, ભય અને શોક એ પઞ્ચપર્વા અવિદ્યા કહેલી છે. શ્રીધરે શ્રીમદ્‌ભાગવતના પ્રથમસ્કન્ધના સાતમા અધ્યાયમાં વિષ્ણુસ્વામીનો કરેલો શ્લોક લખેલો છે. તેમાં અવિદ્યાનાં ઉપર કહેલાં પાંચપર્વો બતાવેલાં છે. તૃતીયસ્કન્ધના બારમા અધ્યાયની સુબોધિનીમાં શ્રીમદાચાર્યજી કહે છે કે જ્ઞાનની બે કોટિ છે એક પોતાના સ્વરૂપનું જ્ઞાન અને બીજું વિષયનું જ્ઞાન. પુરુષમાં સ્વરૂપનું જ્ઞાન સ્વરૂપનું બોધક છે અને તે જ્ઞાનની જ પ્રભા વિષયને પ્રકાશ કરનાર હોવાથી વિષયની યથાર્થબોધક છે. આગળ એ બન્નેનો અભાવ થવાથી એટલે સ્વરૂપજ્ઞાનના અભાવથી અન્ધત્વ અને વિષય ના યથાર્થ જ્ઞાનના અભાવથી તામિસ્ર થાય છે. આ બન્ને અજ્ઞાનને અન્ધતામિસ્ર કહે છે. વિષયને વિષે મોહ એ તામિસ્ર છે. 'દેહોઽહસ્' હું દેહ છું, એવી રીતની પોતાની વિષયમાં ઐક્યબુદ્ધિ એ મહામોહ છે અને આ મારું એ બુદ્ધિમોહ છે. હું કોણ છું તે ન જાણવું એનું નામ તમ છે જુઓ સુબોધિની ૩।૧૨।૨. એ જ સ્કન્ધના ૨૦માં અધ્યાયના શ્લોક ૧૮ ની સુબોધિનીમાં શ્રીમદાચાર્યજી કહે છે કે જ્યારે ભગવદ્‌વૈમુખ્ય થાય છે, ત્યારે મહાભોગની ઈચ્છા થાય છે. આ ઈચ્છાને તામિસ્ર કહે છે અને ત્યાર પછી વારંવાર ભોગની ઈચ્છા થાય તેને અન્ધતામિસ્ર કહે છે. અજ્ઞાનને તમ કહેલું છે. પુત્રાદિવિકલ થવાથી હું વિકલ છું એવી બુદ્ધિનું નામ મોહ. દેહનો અહઙ્કાર એ મહામોહ છે.

પઞ્ચશિખાચાર્યે કહેલી સાઙ્ખ્યશાસ્ત્રની વ્યાખ્યા પ્રમાણે તમ આઠ પ્રકારનો છે. મોહ પણ આઠ પ્રકારનો છે. મહામોહ દશ પ્રકારનો છે. તામિસ્ર અઢાર પ્રકારનો છે અને અન્ધતામિસ્ર પણ ૧૮ પ્રકારનો કહેલો છે. એ રીતે પઞ્ચપર્વા અવિદ્યાના ૬૨ પ્રકાર બતાવવામાં આવ્યા છે. શ્રીમદ્ ભાગવતના ૧૧ મા સ્કન્ધમાં વિદ્યા અને અવિદ્યા નું એક-એક રૂપ બતાવ્યું છે. જેમ ઘણાં વૃક્ષના સમૂહને વન કહે છે અને પૃથક્ કહેવાતા ભાગને વૃક્ષ કહે છે તેમ બધાં પર્વ મળી એક થાય તેને અવિદ્યા કહે છે અને દરેક પૃથક્ ભાગને પર્વ કહે છે તેમજ વિદ્યાનું પણ સમજવું.

વિદ્યા અથવા અવિદ્યા નું એક રૂપ એ ભગવત્‌શક્તિ છે અને પર્વરૂપ એ

જીવના ધર્મ છે. પાતઞ્જલ, વિષ્ણુપુરાણાદિમાં અવિદ્યાને જીવની શક્તિરૂપ કહેલી છે તેનું સ્વરૂપ જાણાવવાને માટે પર્વો કહેવાં જોઈએ. એ અવિદ્યાનાં પર્વ શી રીતે થયાં તે હવે કહેવામાં આવે છે. માયાના ત્રણ ગુણ છે સત્ત્વ, રજ અને તમ. અવિદ્યા રજ અને તમ થી ઉત્પન્ન થયેલી છે તેથી પૂર્વકાલિનમાયાનો અધ્યાસ થતો નથી, કેમકે માયાનું રૂપ અવ્યક્ત છે. અધ્યાસ સમકાલીન અથવા ઉત્તરકાલીન પદાર્થનો થાય છે. માયા થકી પ્રથમ મહત્‌તત્ત્વની ઉત્પત્તિ છે અને મહત્‌તત્ત્વથી અહઙ્કારની ઉત્પત્તિ છે. મહત્‌તત્ત્વ અને અહઙ્કાર એ બન્ને અન્તઃકરણરૂપ છે. તેથી પ્રથમ અન્તઃકરણનો અધ્યાસ થાય છે તેથી જીવ અન્તઃકરણને પોતારૂપ માને છે. પ્રાણ, અહઙ્કારનું જ રૂપાન્તર છે તેથી તેનો અધ્યાસ થાય છે અને હું ભુખ્યો થયો તરશ્યો થયો એમ માનવામાં આવે છે. અહઙ્કાર પછી પઞ્ચ મહાભૂત થાય છે તેથી દેહ જે પઞ્ચ મહાભૂતનો બનેલો છે તેનો અધ્યાસ થાય છે. ઇન્દ્રિયો રાજસ અહઙ્કારથી ઉત્પન્ન થાય છે તેથી ઇન્દ્રિયોનો અધ્યાસ થાય છે. એ રીતના ચારે અધ્યાસથી સ્વરૂપનું વિસ્મરણ થાય છે. આ પરિણામ જાણાવવાને માટે મૂલ થકી બીજા ક્રમથી પ્રકાશમાં વર્ણન કરવામાં આવ્યું છે.

જે પદાર્થ વસ્તુતઃ નથી તે પ્રતીત થાય અને આત્મા પ્રતીત ન થાય એને અવિદ્યા કહે છે. જીવ અને અન્તઃકરણ એ બન્ને એક છે એવું જે જ્ઞાન થાય તેને અન્તઃકરણનો અધ્યાસ કહે છે તેવી જ રીતે પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ અને દેહાધ્યાસ નું સમજવું. આવી રીતે અધ્યાસ થવાથી તેના ધર્મો જીવમાં સ્ફુરે છે, જ્યારે દેહના ધર્મો જીવમાં સ્ફુરે છે, ત્યારે હું દુબળો છું, પુષ્ટ છું વગેરે કહેવામાં આવે છે.

જ્યારે ઇન્દ્રિયોનો અધ્યાસ થાય છે, ત્યારે હું કાણો છું, બહેરો છું ઇત્યાદિ કહેવામાં આવે છે. ત્યારે પ્રાણનો અધ્યાસ થાય છે ત્યારે હું ભુખ્યો છું, તૃપ્ત છું વગેરે કહેવામાં આવે છે. અન્તઃકરણના અધ્યાસથી હું જાણું છું, હું નથી જાણતો, મને હર્ષ થાય છે, શોક થાય છે એમ કહેવામાં આવે છે.

આ પ્રકારે અધ્યાસ થવાથી સ્વરૂપ વિસ્મરણ થવાને લીધે જીવ જન્મ અને મરણ પામે છે. અધ્યાસથી માની લીધેલા અભેદથી પોતાના સ્વરૂપવડે દેહનો સ્વીકાર કરવો, એનું નામ જન્મ કહેવાય છે અને વિદ્યમાન દેહના અભિનિવેશથી (અહઙ્કારથી) કોઈ પણ કારણથી દેહને ભૂલી જવો અને તેની અત્યન્ત વિસ્મૃતિ

થઈ જવી, એનું નામ મરણ કહેવાય છે. એ પ્રકારે મૂલ અવિદ્યાથી થયેલા દેહાધ્યાસાદિવડે બન્ધ છે અને તે બન્ધથી જન્મમરણાદિ પરમ્પરાજનક દેહાદિ ધર્માધ્યાસ એ સંસાર કહેવાય છે. આથી બન્ધ અનાદિ નથી એ વાત સિદ્ધ થાય છે.

આ પ્રકારે કાર્યસહિત અવિદ્યાનું નિરૂપણ કરી, કાર્યદ્વારા વિદ્યાનું નિરૂપણ કરવામાં આવે છે, કદાપિ એમ શઙ્કા થાય કે વિદ્યાથી મોક્ષ થાય, ત્યારે ભજનની શી જરૂર છે? આ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે અવિદ્યાનો વિદ્યાથી સર્વ પ્રકારે નાશ થતો નથી, તેમ મોક્ષ પણ તે પ્રમાણે થતો નથી. કાર્યનો સર્વ પ્રકારે નાશ સમવાયી (ઉપાદાન) (ઘડાનું માટી એ ઉપાદાનકારણ છે.) કારણનો નાશ થવાથી થાય છે. વિદ્યા સાત્ત્વિક હોવાથી પોતાને ઉત્પન્ન કરનાર માયાનો નાશ કરી શકતી નથી અને માયા વિદ્યમાન હોવાથી સૂક્ષ્મરૂપથી અવિદ્યા પણ વિદ્યમાન રહે છે. તે વખતે જેમ જાગૃત અવસ્થાથી નિદ્રાનું ઉપમર્દન થાય છે, પણ નાશ થતો નથી, તેમ વિદ્યાથી અવિદ્યાનું ઉપમર્દન છે, પણ નાશ નથી, તેથી અવિદ્યા વિદ્યમાન હોવાથી, દેહાદિ ધર્માધ્યાસ પણ સૂક્ષ્મરૂપે વિદ્યમાન છે. તેથી જન્મ-મરણાભાવરૂપ મોક્ષ પણ સમગ્રમાયાનિવૃત્તરૂપ મોક્ષ નથી. આથી એમ સિદ્ધ થાય છે કે કારણ અને કાર્ય સહિત બન્ધનું ઉપમર્દન થવું એજ વિદ્યાકૃત મોક્ષ છે તેથી સમગ્ર માયાની નિવૃત્તિ કરવાને માટે ભજન કરવાની આવશ્યકતા છે.

**દેહેન્દ્રિયાસવઃ સર્વે નિરધ્યસ્તા ભવન્તિ હિ ।।**
**તથાપિ ન પ્રલીયન્તે જીવન્મુક્તગતાઃ સ્ફુટમ્ ।।૩૪।।**

**અર્થ :** દેહ, ઈન્દ્રિય અને પ્રાણ એ બધાં અધ્યાસરહિત થાય છે, તો પણ જીવનમુક્તમાં રહેલાં તે દેહ, ઈન્દ્રિયો અને પ્રાણ સ્પષ્ટ રીતે લય પામતાં નથી.

**પ્રકાશ :** જ્યારે વિદ્યાથી અવિદ્યાની નિવૃત્તિ થાય છે, ત્યારે તે જન્મને વિષે ગ્રહણ કરેલો દેહાદિનો અધ્યાસ નિવૃત્ત થાય છે, પણ દેહ, ઈન્દ્રિયો અને પ્રાણ નો લય થતો નથી. જ્ઞાનીને પોતાની દષ્ટિથી લય ભાસે છે, પણ સર્વની બુદ્ધિથી તે પ્રમાણે લય ભાસતો નથી, પણ દેહ, ઈન્દ્રિયો અને પ્રાણ સર્વ દેખાય છે.

**આવરણભઙ્ગ :** આ ઠેકાણે દેહ, ઈન્દ્રિય, પ્રાણના અધ્યાસની નિવૃત્તિ કહેલી છે, પણ અન્તઃકરણના અધ્યાસની નિવૃત્તિ કહેલી નથી. તેથી અન્તઃકરણના અધ્યાસની કાંઈક સ્થિતિ છે એમ જણાય છે. નિદ્રાના દષ્ટાન્તથી, જેમ નિદ્રા,

જાગૃત અવસ્થાથી દબાઈને, બુદ્ધિની વૃત્તિરૂપ હોવાથી બુદ્ધિમાં સ્થિતિ કરે છે, તેમ વિદ્યાથી ઉપમર્દન થયેલી અવિદ્યા સ્વકારણભૂતમાયામાં સ્થિતિ કરે છે અને અવિદ્યાની સ્થિતિથી કિઞ્ચિત્ અધ્યાસયુક્ત અન્તઃકરણમાં અવિદ્યા વ્યાપ્ત રહે છે, તેથી અન્તઃકરણનો કિઞ્ચિત્ અધ્યાસ રહે છે, પણ દેહ, ઈન્દ્રિય અને પ્રાણ નો અધ્યાસ રહેતો નથી.

કદાપિ એમ શઙ્કા થાય કે દેહ, ઈન્દ્રિય અને પ્રાણ ના અધ્યાસને અભાવે તેઓનું અત્યન્ત વિસ્મરણ થવાથી અને અત્યન્ત વિસ્મરણ મૃત્યુરૂપ હોવાથી, દેહાદિની સ્થિતિ ન થાય, એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે કેવળ વિસ્મરણ મૃત્યુ નથી, કેમકે વિસ્મરણ તો નિદ્રામાં પણ થાય છે, પણ મૂર્ચ્છાદિથી થતા વિસ્મરણથી શરીર ત્યાગ કરવામાં આવ્યું હોય, તેનું નામ મૃત્યુ છે, પણ કેવળ વિસ્મરણ મૃત્યુ નથી. જો અધ્યાસને અભાવે શરીરની સ્થિતિ ન હોય તો, કોઈ જીવનમુક્ત થઈ શકે નહિ માટે અધ્યાસ વગર પણ દેહની સ્થિતિ રહે છે. એટલે અહન્તા–મમતારૂપ સંસારનો નાશ થયા પછી પ્રપઞ્ચ વિદ્યમાન રહેતાં સંસાર અને પ્રપઞ્ચ ભિન્ન છે એમ સિદ્ધ થયું.

**આસન્યસ્ય હરેર્વાપિ સેવયા દેવભાવતઃ ।।**
**ઈન્દ્રિયાણાં તથા સ્વસ્ય બ્રહ્મભાવાલ્લયો ભવેત્ ।।૩૫।।**

**અર્થ :** પ્રાણની અથવા શ્રીહરિની સેવાવડે ઈન્દ્રિયોનો દેવભાવ થવાથી દેહાદિનો લય થાય છે અને જીવનો બ્રહ્મભાવ થવાથી બ્રહ્મમાં લય થાય છે.

**પ્રકાશ :** દેહાદિની સ્થિતિ રહેવાથી સુપ્તપ્રતિબદ્ધન્યાય (ઉંઘેલો જાગે એ ન્યાય) થી કોઈ વખત ફરીથી અધ્યાસ થાય, એટલા માટે તેના લયનો પ્રકાર કહેવામાં આવે છે.

આસન્યની એટલે પ્રાણની ઉપાસનાથી, ઈન્દ્રિયોનો દેવભાવ થાય છે અને એ દેવભાવ થવાથી, દરેક ઈન્દ્રિય તેના દેવમાં લય પામે છે, તેથી દેહ, પ્રાણ, ઈન્દ્રિયાદિનો લય થાય છે. આ વિષય બૃહદારણ્યક ઉપનિષદમાં વર્ણવેલો છે. શ્રીહરિની સેવાથી સર્વફલ થાય છે એમ ભાગવતશાસ્ત્રમાં કહ્યું છે. ભગવાન્નું મુખ અગ્નિ છે, મનુષ્યની વાગેન્દ્રિય જ્યારે અગ્નિ થાય ત્યારે ભગવત્ મુખત્વને પામે છે. આ પ્રકારે જ્યારે સર્વ આધ્યાત્મિકનું આધિદૈવિકત્વ થાય છે, ત્યારે સઙ્ઘાતનો લય થાય છે અને પોતાનો બ્રહ્મભાવ થવાથી બ્રહ્મને લય થાય છે. જીવભાવ રહે તો

કોઈ દહાડો બીજો સઙ્ઘાત ઉત્પન્ન થવાનો સમ્ભવ રહે છે માટે જીવનો પણ બ્રહ્મમાં લય કરવો એ આવશ્યક છે.

**આવરણભઙ્ગ :** વિદ્યાથી અવિદ્યાની નિવૃત્તિ થવામાં અવિદ્યા સૂક્ષ્મરૂપે રહે છે માટે આસન્યની ઉપાસના કરી, સઙ્ઘાતનો લય કરવામાં આવે છે. આસન્યની ઉપાસના બૃહદારણ્યકમાં ઉદ્‌ગીત બ્રાહ્મણમાં છે ‘‘સ વાચમેવ પ્રથમામત્યમુચ્યત’’ એ શ્રુતિનો અર્થ એવો થાય છે કે તે પ્રાણ વાણીને પ્રથમ મૃત્યુનું અતિક્રમણ કરાવીને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરાવે છે, એટલે જ્યારે વાણી મૃત્યુનું અતિક્રમણ કરે છે, ત્યારે તે વાણી અગ્નિરૂપ થાય છે અને તે અગ્નિ મૃત્યુ તરીને પ્રકાશે છે. આવી રીતે સર્વ ઈન્દ્રિયનું દેવતાપણું તે ઉપનિષદમાં બતાવેલું છે. ભાગવત્‌શાસ્ત્રમાં સર્વ ફલ ભગવત્સેવાથી થાય છે, એટલે કર્મથી, તપથી, જ્ઞાનથી, વૈરાગ્યથી, દાનથી, યોગથી અને બીજાં કલ્યાણનાં સાધનોથી જે ફલ પ્રાપ્ત થાય છે તે સર્વ ફલ મારો ભક્ત ભક્તિથી અનાયાસે પ્રાપ્ત કરી શકે છે એમ ભગવાને એકાદશસ્કન્ધમાં કહેલું છે તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાનથી જે ફલ પ્રાપ્ત થાય છે તે ભક્તિથી પણ પ્રાપ્ત થાય છે. માટે પ્રાણની ઉપાસના વગર પણ આધ્યાત્મિક ઈન્દ્રિયોનું આધિદૈવિકત્વ થાય છે, આ પ્રમાણે આસન્યની સેવાથી ઈન્દ્રિયોનું આધિદૈવિકત્વ થાય છે, ત્યારે ભજનની શી જરૂર? એ શઙ્કા દૂર થવાને માટે કહે છે કે આસન્યની સેવા માત્રથી કૃતાર્થ થવાતું નથી, પણ અધિક કર્તવ્ય બાકી રહે છે, જીવ જો જીવભાવમાં જ વિદ્યમાન રહે તો, ફરીથી અન્ય કર્મ કરીને તે કર્મથી બીજા દેહ ઉત્પન્ન કરે છે માટે તે જીવભાવની નિવૃત્તિને સારું બ્રહ્મભાવ કરવો આવશ્યક છે તેથી પોતાનો બ્રહ્મભાવ કરવાને માટે ભગવદ્‌ભજન કરવું જરૂરી છે.

**આનન્દાંશપ્રકાશાદ્ધિ બ્રહ્મભાવો ભવિષ્યતિ ।।**
**સાયુજ્યં વાઽન્યથા તસ્મિન્ ઉભયં હરિસેવયા ।।**
**અવં કદાચિદ્ભગવાન્સાક્ષાત્સર્વં કરોત્યજ : ।।૩૬।।**
**કદાચિત્પુરુષદ્વારા કદાચિત્પુનરન્યથા ।।**
**કદાચિત્સર્વમાત્મૈવ ભવતીહ જનાર્દનઃ ।।૩૭।।**

**અર્થ :** આનન્દ અંશના પ્રકાશથી બ્રહ્મભાવ અથવા સાયુજ્ય થશે. બ્રહ્મભાવ અને સાયુજ્ય એ બન્ને શ્રીહરિની સેવાથી જ થાય છે. જો હરિની સેવા કરવામાં ન આવે તો સંસારમાં જ પાત થાય છે. એ પ્રમાણે ભગવાન્ પોતે જ કોઈ વખત સર્વ કરે

છે.

કોઈ વખત પુરુષદ્વારા કરે છે, કોઈ વખત ચતુમૂર્તિદ્વારા કરે છે, કોઈ વખત આ સૃષ્ટિમાં જ જનાર્દન ભગવાન્ પોતે જ સર્વ જગત્ રૂપ થાય છે.

**પ્રકાશ :** જીવમાં તિરોહિત આનન્દના આવિર્ભાવથી બ્રહ્મભાવ થાય છે તેમજ જડમાં પણ ચિત્ અને આનન્દ નો આવિર્ભાવ થાય છે. આ ફલ થવામાં ભગવાન્ની ઈચ્છા જ પ્રયોજક છે. બ્રહ્મભાવ કરતાં અધિક ફલ આપવાની ભગવાન્ની ઈચ્છા હોય તો, સાયુજ્ય પ્રાપ્ત થાય. આ બે માંથી એક્કે પ્રકારનો મોક્ષ આપવાની ભગવાન્ની ઈચ્છા ન હોય તો, સઙ્ઘાતમાં પાત થાય છે. સાયુજ્ય અને બ્રહ્મભાવ બન્ને ભગવત્સેવાથી પ્રાપ્ત થાય છે, પણ આસન્યની ઉપાસનાથી થતાં નથી.

શ્લોક ૨૭ થી શ્લોક ૩૬ સુધીમાં સૃષ્ટિનો પ્રકાર બતાવવામાં આવ્યો. એ સૃષ્ટિ સાક્ષાત્ ભગવાન્ થકી ઉપર કહ્યા પ્રમાણે થાય છે.

શ્રુતિમાં નાના પ્રકારના સૃષ્ટિભેદો કહ્યા છે. કોઈ સૃષ્ટિ સાક્ષાત ભગવાન્ થકી જ હોય છે અને કોઈ સૃષ્ટિ ભગવાને પરમ્પરાથી કરેલી હોય છે. સર્વનો સઙ્ગ્રહ કરવાને માટે સૃષ્ટિના બીજા પ્રકાર પણ બતાવવામાં આવે છે. ભગવાન્ કોઈ વખત પુરુષદ્વારા અને કોઈ વખત ચતુમૂર્તિ પ્રકારવડે સૃષ્ટિ કરે છે. પુરુષદ્વારા સૃષ્ટિ કર્યાનાં ઉદાહરણ પુરાણમાં છે અને ચતુમૂર્તિદ્વારા સૃષ્ટિ કર્યાનું ઉદાહરણ નારદપઞ્ચરાત્રમાં છે. આ પ્રમાણે શ્રુતિ, પુરાણ અને તન્ત્ર માં કહેલી સૃષ્ટિ બતાવીને પુરુષવિત બ્રાહ્મણમાં કહેલી સૃષ્ટિ બતાવવામાં આવે છે. આ સૃષ્ટિભેદમાં ક્લેશ નહિ સહન કરનાર, અવિદ્યાનાશક, ભગવાન્ સર્વરૂપ પોતે જ થાય છે તેથી તે સૃષ્ટિમાં આનન્દ અંશનો તિરોભાવ હોતો નથી.

**આવરણભઙ્ગ :** વ્યાસસૂત્રમાં "પુંસ્ત્વાદિવત્ત્વસ્ય સતોઽભિ વ્યક્તિયોગાત્" (બ્ર.સૂ.૨/૩/૩૧) એ સૂત્રમાં તિરોહિત આનન્દનો આવિર્ભાવ પ્રતિપાદન કરેલો છે. એ આનન્દ પ્રકટ થવાથી જીવની સચ્ચિદાનન્દતા થતાં બ્રહ્મભાવ થાય છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ વ્યાપ્ત થવાથી લોહત્વ તિરોહિત થઈ અગ્નિત્વ જણાય છે તેમ બ્રહ્મભાવ પામતા જીવના દેહમાં પણ ચિદાનન્દનો આવિર્ભાવ થાય છે અને જડત્વનો લય થાય છે.

ત્રિગુણાત્મકત્વ નિવૃત્ત થવાથી બ્રહ્માત્મકત્વ થાય છે; આ સ્થિતિ

ભગવાન્‌ને જ્ઞાનિત્વવડે સ્થાપન કરવાની ઈચ્છા હોય તો જ થાય છે. ભગવદિચ્છા સિવાય આ સ્થિતિ થવી દુર્લભ છે. જો બ્રહ્મત્વથી બીજા પ્રકારનો મોક્ષ આપવાની ભગવાન્‌ની ઈચ્છા હોય તો, સાયુજ્ય થાય છે. જ્ઞાનથી બ્રહ્મભાવ થાય છે અને ભક્તિથી સાયુજ્ય થાય છે. આ વિષે શ્રીમદ્‌ભાગવતના ચતુર્થસ્કન્ધમાં પણ બતાવેલું છે કે મુક્તિ બે પ્રકારની છે એક બ્રહ્મભાવ અને બીજી સાયુજ્ય. સાયુજ્યમાં રસનું આધિક્ય છે. ભગવાન્‌ની સેવા કરવાથી આ બે ફલમાંથી એક ફલ પ્રાપ્ત થાય છે. નહિ તો ગર્ભસ્તુતિમાં કહ્યા પ્રમાણે આ સંસારમાં પાત થાય છે. (જુઓ શ્રીકૃષ્ણ લીલામૃત પૃષ્ટ ૪૮) (૧૦।૧૨।૩૨) આ કારણ માટે આસન્યની ઉપાસના પણ છોડીને ભગવદ્‌ભજન કરવું. તેમ કરવાથી ગીતાજીના ૧૪ મા અધ્યાયમાં કહ્યા પ્રમાણે (જુઓ શ્લોક ૨૬ મો) અને ભાગવતના ત્રીજાસ્કન્ધમાં કહ્યા પ્રમાણે (જુઓ અધ્યાય ૨૫ શ્લોક ૩૬મો) બ્રહ્મભાવ અથવા સાયુજ્ય પ્રાપ્ત થાય છે. આ બધા સન્દર્ભથી સિદ્ધ થાય છે કે જીવને સંસાર અવિદ્યાથી જ છે. તે સંસાર મિથ્યા છે, પણ ભગવત્‌સ્વરૂપ પ્રપઞ્ચ મિથ્યા નથી, સંસારની નિઃશેષ નિવૃત્તિમાં વિદ્યાનું સામર્થ્ય નથી, પણ ભગવદ્‌ભક્તિનું જ સામર્થ્ય છે માટે અવિદ્યાની સમગ્ર નિવૃત્તિને માટે ભગવાન્ જ સેવ્ય છે એમ સિદ્ધ થયું.

ઉપર કહેવામાં આવ્યું કે પ્રપઞ્ચ સત્ય છે અને સંસાર મિથ્યા છે. અવિદ્યાની નિઃશેષ નિવૃત્તિ વિદ્યાથી થતી નથી, પણ ભગવાન્‌ની ભક્તિથી થાય છે. આ શાસ્ત્ર પ્રતિપાદિત છે. પરન્તુ બીજા સૃષ્ટિપ્રકારો કહેલા છે તેથી પૂર્વાપરનો વિચાર નહિ કરનારને શઙ્કાનો ઉદય થાય તે દૂર કરવાને માટે પૂર્વે કહેલી રીતિથી, સર્વ શ્રુતિની એક વાક્યતા સિદ્ધ થઈ શકે છે એ બતાવવાને માટે પૂર્વે ૨૭ માં શ્લોકથી કહેલા વિષયની સમાપ્તિ કરે છે અને બીજા સૃષ્ટિના પ્રકારો પણ કહે છે.

શ્રુતિમાં કહેલા સૃષ્ટિપ્રકારોમાં જ્યારે ભગવાન્ થકી સાક્ષાત્ સૃષ્ટિ થાય છે, ત્યારે ઉપર કહેલા પ્રકારથી જ થાય છે તેમાં સાક્ષાત્‌પ્રકાર મુણ્ડક ઉપનિષદ્‌માં કહેલો છે.

**એતસ્માજ્જાયતે પ્રાણોમનઃ સર્વોન્દ્રિયાણિચ ઈ.**

એ પુરુષોત્તમ થકી પ્રાણ, મન, સર્વ ઈન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જલ અને સમગ્ર ને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે. એ રીતે મુણ્ડક ઉપનિષદ્‌માં સાક્ષાત્ પ્રકાર કહેલો છે. તેમજ ઐતરેય ઉપનિષદ્‌માં ‘‘આત્મા વા ઈદમેક એવાગ્ર

આસીત્''. તેમજ મહોપનિષદ્માં ''એકોહવૈ નારાયણ આસીત્''. એ પ્રમાણે કહેલો છે. છાન્દોગ્ય ઉપનિષદ્માં ''સદેવ સૌમ્યેદમગ્ર આસીત્'' તેમજ તૈત્તિરીય ઉપનિષદ્માં ''આત્મનઃ સકાશાદાકાશાદિ ક્રમેણ સૃષ્ટિશ્ચ''. પરમ્પરા પ્રકાર કહેલો છે. પરમ્પરા પ્રકારોના પુરાણો અને તન્ત્ર માં નિરૂપણ કરેલી રીતિનો સઙ્ગ્રહ થાય છે. પુરાણમાં ભગવાન્ પોતે, પુરુષદ્વારા સૃષ્ટિ કરે છે. તેમાં કર્તા ભગવાન્ છે અને પુરુષ દ્વાર છે. તે વિષે ભાગવતના તૃતીયસ્કન્ધમાં કહેલું છે કે અધોક્ષજ ભગવાન્ ગુણમય માયામાં પોતાની કાળશક્તિની પુરુષદ્વારા વીર્ય ધારણ કરે છે અને તે માયા થકી મહત્તત્વ ઉત્પન્ન થાય છે આવી રીતે પુરુષદ્વારા સૃષ્ટિ કહેલી છે. પઞ્ચરાત્રમાં ભગવાન્ વાસુદેવ સર્વનું કારણ છે અને તે થકી સઙ્કર્ષણ નામનો જીવ થાય છે અને તેના થકી પ્રદ્યુમ્ન મન થાય છે અને અનિરુદ્ધ અહઙ્કાર થાય છે. જે સૃષ્ટિમાં ભગવાન્ સાક્ષાત્ પોતે જ થાય છે અને જેમાં આનન્દાંશ તિરોહિત થતો નથી તે પુષ્ટિસૃષ્ટિ.

**મહેન્દ્રજાલવત્સર્વં કદાચિન્માયયાऽસૃજત્ ।।**
**તદા જ્ઞાનાદયઃ સર્વે વાર્તામાત્રં ન વસ્તુતઃ ।।૩૮।।**
**વિયદાદિજગત્સૃષ્ટ્વા તદાવિશ્યાદ્વિરૂપતઃ ।।**
**જીવાન્તર્યામિભેદેન ક્રીડતિ સ્મ હરિઃ ક્વચિત્ ।।૩૯।।**

**અર્થ :** કોઈ વખત ભગવાન્ મહેન્દ્ર જાળની પેઠે સર્વ (સૃષ્ટિ) માયાવડે રચે છે તે વખતે જ્ઞાનાદિ સર્વે વાર્તા માત્ર છે. પણ વસ્તુતઃ નથી.

કોઈ વખત આકાશાદિ જગત્ ઉત્પન્ન કરીને બે રૂપવડે તેમાં પ્રવેશ કરીને, હરિ, જીવ અને અન્તર્યામી ભેદવડે ક્રીડા કરે છે.

**પ્રકાશ :** સ્વપ્નાદિ સૃષ્ટિના જેવી કેવળ માયાથી ભગવત્પ્રવેશ વગર જે સૃષ્ટિ થાય છે તે મહેન્દ્ર જાલવત્ છે. તે સૃષ્ટિમાં કોઈ પ્રકારનો પુરુષાર્થ થતો નથી. તે સૃષ્ટિમાં જ્ઞાનાદિ કહેવા માત્ર છે, પણ તે ફલ સાધક નથી. છઠ્ઠી સૃષ્ટિ વૈદિકી છે તેમાં પ્રથમ આકાશ ઉત્પન્ન કરી તેમાં આકાશદ્વારા વાયુ ઈત્યાદિ સર્વ જગત્ ઉત્પન્ન કરી તેમાં પ્રવિષ્ટ થઈ, ભગવાન્ જીવ અને અન્તર્યામી રૂપ થાય છે. પૂર્વકલ્પમાં અન્તર્યામી અને જીવ બન્નેનો પ્રવેશ હૃદયમાં છે અને આ કલ્પમાં ભગવાન્નો હૃદયમાં પ્રવેશ થયા પછી જીવ અને અન્તર્યામી ભાવ થાય છે. આ પ્રકારે સૃષ્ટિના છ ભેદથી ભગવાન્ની છ ગુણથી લીલા છે એટલે પ્રથમ સૃષ્ટિ ઐશ્વર્યથી, બીજી સૃષ્ટિ વીર્યથી,

ત્રીજી યશથી, ચોથી શ્રીથી, પાંચમી વૈરાગ્યથી અને છઠ્ઠી જ્ઞાનથી છે.

**આવરણભઙ્ગ :** પાંચમી સૃષ્ટિ (મહેન્દ્ર જાલવત્)નું નામ સ્વપ્ન સૃષ્ટિ અથવા અન્તરા સૃષ્ટિ છે. એ સૃષ્ટિનાં નામ આભાસ, પ્રતિબિમ્બ, તમ, પ્રતિધ્વનિ, દેષાવરણ, માયા, ગન્ધર્વાદિ અનેક છે. તે-તે વાક્યોમાં તે-તે પ્રતીત થાય છે.

"ઋતેર્થં યત્પ્રતીયેત્". (ભાગવત) એ શ્લોકમાં આ સૃષ્ટિનાં આભાસ, પ્રતિબિમ્બ, તમ અને પ્રતિધ્વનિ એ ચાર નામ કહેલાં છે. અને "ન તં વિદાય ય ઈમા જજાનાન્યદ્યુષ્માકમન્તરં બભૂવ". એ શ્રુતિમાં પણ 'અન્યત્' શબ્દથી અન્તરાસૃષ્ટિ જ કહેલી છે. વેદસ્તુતિમાં પણ એ અન્તરાસૃષ્ટિ કહેલી છે. ત્યાં એમ શઙ્કા થાય કે આવી રીતે મિથ્યાસૃષ્ટિ શ્રુતિપુરાણમાં કહેલી છે. ત્યારે પ્રપઞ્ચને મિથ્યા કહેવામાં કાંઈ દોષ નથી. એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે સ્વપ્નમાં દીઠેલા પુરુષો જુવે છે એમ પ્રતીત થાય છે, પરન્તુ તે જોવું સાચું નથી અથવા તે દર્શન થકી કાંઈપણ સત્ય ફલનો અનુભવ થતો નથી, તેમજ સ્વપ્નમાં શરીરાદિ પણ નથી, કેમકે સ્વપ્નામાં જે-જે દીઠેલું, વા સાંભળેલું, તે મિથ્યારૂપ છે. એ પ્રમાણે મિથ્યા સૃષ્ટિમાં પણ સર્વ બાહ્ય વસ્તુનું મિથ્યાત્વ હોવાથી જ્ઞાન આદિ સાધન અને તેના ફલરૂપ સ્વર્ગ, મોક્ષ આદિ એ સર્વનું મિથ્યાત્વ થાય છે તેથી મિથ્યા જ્ઞાનથી અને મિથ્યા સાધનથી સત્ય મોક્ષ કે સત્ય ફલ થવાનો સમ્ભવ નથી.

આ પ્રમાણે પ્રપઞ્ચ મિથ્યા કહેવાથી સત્ય ફલના અભાવરૂપ મહાન દોષ છે. ક્રમસૃષ્ટિ તૈત્તરીય ઉપનિષદ્‌માં કહેલી છે. તેમાં પણ જડમાં આનન્દાંશનો તિરોભાવ નથી, પરન્તુ પૂર્વ પ્રકારથી વિલક્ષણતા એટલી જ છે કે ભગવાન્ એ સૃષ્ટિમાં પ્રવિષ્ટ થાય છે તે પછી જીવ અને અન્તર્યામીભાવ થાય છે.

સૃષ્ટિના છ ભેદ કહેવાનું તાત્પર્ય છે કે ભગવાન્ પોતાના છ ધર્મથી સૃષ્ટિ કરે છે.

**અચિન્ત્યાનન્તશક્તેસ્તદ્યદેતદુપપદ્યતે ।।**
**અતએવ શ્રુતૌ ભેદાઃ સૃષ્ટેરુક્તાહ્યનેકધા ।।૪૦।।**
**યથાકથઞ્ચિન્માહાત્મ્યં તસ્ય સર્વત્ર વર્ણ્યતે ।।**
**ભજનસ્યૈવ સિદ્ધ્યર્થં તત્ત્વમસ્યાદિકન્તથા ।।૪૧।।**

**અર્થ :** અચિન્ત્ય અને અનન્ત શક્તિવાળા ભગવાન્‌ને ઉપર કહ્યું તે સર્વ સમ્ભવે છે તે કારણથી શ્રુતિમાં સૃષ્ટિ રચનાના અનેક ભેદ કહેલા છે.

શ્રુતિમાં કહેલી જુદા-જુદા પ્રકારની સૃષ્ટિમાં ભજનની સિદ્ધિને માટે ભગવાન્‌ના માહાત્મ્યનું વર્ણન કરાય છે તેમજ 'તત્ત્વમસિ'આદિ વાક્ય પણ ભજનની સિદ્ધિને માટે જ છે.

**પ્રકાશ :** જે પરમેશ્વરની અચિન્ત્ય અને અનન્ત શક્તિઓ છે તે પરમેશ્વરની સર્વ જુદી-જુદી કૃતિઓ સમ્ભવે છે. આ કારણથી શ્રુતિમાં નાના પ્રકરણમાં સૃષ્ટિના હજારો ભેદ નિરૂપણ થયેલા છે. અનેક પ્રકારે સૃષ્ટિ કરવાનું પ્રયોજન એ છે કે ગમે તે પ્રકારના સૃષ્ટિભેદથી વેદ ભગવન્માહાત્મ્ય પ્રતિપાદન કરે છે. એ વિષે ભાગવતના વેદસ્તુતિના અધ્યાયમાં કહેલું છે કે જેમ સુતેલા ચક્રવર્તીરાજાને બન્દીજનો તેનાં પરાક્રમ ગાઈને જગાડે છે તેમ પોતે ઉત્પન્ન કરેલું જગત્ પોતાને વિષે લય કરીને, પોતાની શક્તિઓની સાથે શયન કરતા ભગવાન્‌ને પ્રલયકાળને અન્તે, શ્રુતિઓ ભગવદ્‌ગુણ ગાઈને સૃષ્ટિ રચવાનો સમય વિદિત કરે છે. એ વાક્યમાં ભગવન્માહાત્મ્ય પ્રતિપાદન કરે છે એમ કહેલું છે. એ માહાત્મ્યનું પ્રતિપાદન સૃષ્ટિના કથનથી થાય છે માટે સૃષ્ટિના ભેદો કહેલા છે. જેમ માહારાજાધિરાજના હૃદયના અભિપ્રાયનું જ્ઞાન બીજાને દુર્જ્ઞેય છે, તેમ વસ્તુતાથી ભગવાન્ સૃષ્ટિ કરતા છતાં પણ એમનું માહાત્મ્ય દુર્જ્ઞેય છે, તો પણ લોક પ્રતીતિથી એ માહાત્મ્ય સમ્ભવે છે. માટે ગમે તે પ્રકારથી શ્રુતિ ભગવન્માહાત્મ્ય વર્ણન કરે છે. આ માહાત્મ્યનો ઉપયોગ ભક્તિની સિદ્ધિને માટે છે.

ભક્તિના બે અંશ છે. પ્રથમ અંશ માહાત્મ્ય જ્ઞાન અને બીજો અંશ સ્નેહ છે. 'તત્ત્વમસિ'વિ. વાક્ય સ્નેહ અંશને પ્રતિપાદન કરે છે, પહેલા અંશને (માહાત્મ્ય જ્ઞાનને) સૃષ્ટિની ઉત્પત્તિ સમ્બન્ધી વાક્યો પ્રતિપાદન કરે છે.

**આવરણભઙ્ગ :** શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ''પરાસ્ય શક્તિર્વિવિધૈવ શ્રૂયતે સ્વાભાવિકી જ્ઞાન બલ ક્રિયા ચ'' આ શ્રુતિમાં ભગવાન્‌ની શક્તિ અચિન્ત્ય અને અનન્ત કહી છે. જો ભગવાન્‌નું અચિન્ત્ય અને અનન્ત શક્તિમાનપણું શ્રુતિ પ્રતિપાદિત ન હોય તો નાના પ્રકારની સૃષ્ટિનું કથન કરવામાં આવે નહિ, કારણ કે કર્તાપણું તો એક પ્રકારથી પણ કહી શકાય. અચિન્ત્ય અને અનન્ત શક્તિ જાણાવવાને માટે અનેક પ્રકારે સૃષ્ટિ રચ્યાની વાત કહેવાનું પ્રયોજન શું? એ જાણવાની આકાઙ્ક્ષા થાય તો કહેવામાં આવે છે કે ભક્તિને માટે માહાત્મ્યજ્ઞાન એજ પ્રયોજન છે. તેમજ ''તત્ત્વમસિ''આદિ વાક્ય પણ ભક્તિને જ માટે છે.

આગલા શ્લોકમાં ભક્તિના બે અંશ કહેવામાં આવ્યા. હવે ભક્તિનું સ્વરૂપ કહેવામાં આવે છે.

**માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ ।।**
**સ્નેહો ભક્તિરિતિપ્રોક્તસ્તયા મુક્તિર્ન ચાન્યથા ।।૪૨।।**

**અર્થ :** માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક ભગવાન્ પ્રત્યેના સ્નેહને ભક્તિ કહેલી છે અને ભક્તિથી જ મુક્તિ થાય છે, બીજા કોઈ પણ પ્રકારે મુક્તિ થતી નથી.

**પ્રકાશ :** સ્નેહ એ ભક્તિ છે. દેવાદિ સમ્બન્ધી જે રતિ અથવા પ્રીતિ એને ભાવ કહે છે. રતિ એટલે સ્નેહ. દેવત્વ એટલે માહાત્મ્ય. સ્નેહ અને માહાત્મ્ય એ બન્ને ભક્તિમાં હોવાં જોઈએ. ભગવાન્‌ને આત્મત્વથી જાણવાથી એમનામાં નિરૂપધિ પ્રેમ થાય છે. તત્ત્વમસ્યાદિ વાક્યોમાં સ્નેહને માટે આત્મત્વથી નિરૂપણ કરવામાં આવ્યું છે અને સૃષ્ટિવાક્યોમાં માહાત્મ્ય કહેલું છે. એમ ન હોય તો બ્રહ્મ પ્રકરણમાં બે વાક્ય (સ્વરૂપ પ્રતિપાદક વાક્ય અને સૃષ્ટિ પ્રતિપાદક વાક્ય) વ્યર્થ છે, કેમકે બ્રહ્મજ્ઞાનથી પુરુષાર્થ સિદ્ધ થાય છે તેમાં શબ્દથી થયેલું જ્ઞાન કાંઈપણ કામનું નથી અર્થાત્ માત્ર શબ્દજ્ઞાનથી બ્રહ્મજ્ઞાન થતું નથી. 'અહંબ્રહ્માસ્મિ' કે 'તત્ત્વમસિ' આવા શબ્દોથી થયેલું જ્ઞાન ઘણાને છે, પરન્તુ તેમને તેથી બ્રહ્મજ્ઞાન થયેલું જોવામાં આવતું નથી માટે પ્રત્યક્ષ બાધથી સિદ્ધ થાય છે કે સાક્ષાત્કાર બ્રહ્મને આધીન છે. તે પ્રસન્ન થઈને પ્રકટ થાય તો જ જ્ઞાન થાય છે. જેમ લોક રીતિમાં પણ લૌકિક રાજા પ્રસન્ન થાય તો જ તેને મળવું થાય છે તેમજ બ્રહ્મજ્ઞાન પણ ભગવત્પ્રસન્નતા સિવાય થતું નથી. શ્રુતિ પુરુષાર્થ પર્યવસાન કહે છે માટે સ્વરૂપ જ્ઞાન બતાવી તેનું પુરુષાર્થત્વ કહીને તે જ્ઞાનરૂપી ફલ ભગવદાર્વિભાવથી જ થાય છે એમ કહે છે. આવિર્ભાવને માટે શ્રુતિ પ્રેમસેવા નિરૂપણ કરે છે અને અવજ્ઞાનાદિ દોષના પરિહારને માટે માહાત્મ્ય નિરૂપણ કરે છે. સૃષ્ટિવાક્યોમાં માહાત્મ્ય પ્રતિપાદન કરે છે અને સુદૃઢસ્નેહને માટે ''તત્ત્વમસિ''આદિ વાક્યોમાં આત્મત્વ કહે છે. તત્ત્વમસિ વાક્યથી જ જ્ઞાન થતું નથી એ વાતનું આ પ્રકરણના ૬૧ માં શ્લોકમાં નિરાકરણ કરવામાં આવશે.

**આવરણભઙ્ગ :** ભક્તિના બે અંશ ક્યા? તે જાણવાની આકાઙ્ક્ષા થાય એને માટે આ શ્લોકમાં ભક્તિના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

“કેવલેન હિ ભાવેન” ઈત્યાદિ વાકયમાં ભાવપદથી ભક્તિ કહેવાય છે. શાણ્ડિલ્યસૂત્રમાં પણ “સાપરાનુરક્તિરીશ્વરે” એમાં પરમ નિરૂપધિ સ્નેહને ભક્તિ કહેલી છે. કદાપિ એમ શઙ્કા થાય કે ભાવપદ ભક્તિનું વાચક ભલે હોય, પરન્તુ તત્ત્વમસ્યાદિ વાક્યસ્નેહને પ્રતિપાદન કરે છે એ કહેવું અશક્ય છે. આ શઙ્કા દૂર થવામાટે કહેવામાં આવે છે કે નિરૂપધિપ્રેમ ભગવાન્‌ને આત્મત્વથી જાણે ત્યારે જ થાય છે. તત્ત્વમસિ વાક્યમાં જે આત્મત્વ બતાવ્યું છે તે સ્નેહને માટે જ છે. ‘તત્ત્વમસિ’ એ વચનમાં ‘તત્’ (તે) પદ ઈશ્વરવાચક છે અને ‘ત્વમ્’ (તુ) પદ જીવવાચક છે. ‘અસિ’ (છે) એ ક્રિયાપદ છે. આખા વાક્યનો અર્થ “તે તું છે” એવો થાય છે. આ વાક્યથી જીવ અને ઈશ્વર નું ઐક્ય બતાવવામાં આવ્યું છે. એ ઐક્ય ભાગવત્યાગ લક્ષણાથી સિદ્ધ કરવાનું નથી, પણ બીજી શ્રુતિને અનુસાર, તેમજ ગીતાજી અનુસાર કરવાનું છે. ભાગવત્યાગલક્ષણા કપોલ કલ્પિત છે. શ્રુત્યર્થમાં બીજી શ્રુતિઓની એક વાક્યતાથી નિર્ણય કરવો એજ ઉત્તમ છે. બૃહાદરણ્યક ઉપનિષદ્‌માં “અગ્નિ વિસ્ફુલિઙ્ગ” નું દષ્ટાન્ત આપી જીવને ઈશ્વરનો અંશ કહેલો છે, તેમજ ગીતાજીમાં પણ “મમૈવાંશો જીવ લોકે” એ વાક્યમાં જીવને બ્રહ્મનો અંશ કહેલો છે. આ પ્રમાણે જીવ અંશ અને પરમાત્મા અંશી છે તે કારણથી અંશાંશીભાવને લીધે બન્નેનું ઐક્ય સમ્ભવે છે. પોતાના સ્વરૂપમાં બધાને સ્નેહ હોય છે. દેહમાં સ્નેહ છે, તે આત્માને લઈને છે. મુખ્ય સ્નેહસ્થાન પોતાનું સ્વરૂપ છે, માટે મુખ્યસ્વરૂપભૂત ભગવાન્ મુખ્યસ્નેહસ્થાન હોવા જોઈએ તે કારણથી “તત્ત્વમસ્યાદિ” વાક્યો સ્નેહનું પ્રતિપાદન કરે છે એમ કહેવામાં આવે છે.

કોઈ એમ શઙ્કા કરે કે છાન્દોગ્યઉપનિષદ્‌માં સમગ્ર “તત્ત્વમસ્યાદિ” વાક્યને અન્તે ‘વિજજ્ઞૌ’ શબ્દથી ઉપસંહાર કરેલો છે, (પૃષ્ટ ૧૨૫) તેથી બ્રહ્મજ્ઞાનથી જ મુક્તિ છે અને બધાં વાક્યો જ્ઞાનનાં અઙ્ગભૂત છે, પણ ભક્તિને માટે નથી. આ વિષયતર્કબાધિત છે એમ શ્રીમદાચાર્યજી કહે છે.

ઉપર કહેલા “તત્ત્વમસ્યાદિ” વાક્યમાં જો જ્ઞાન માત્ર જ કહેવાને ઈચ્છિત હોત, તો ફક્ત આત્મત્વનો જ બોધ કરત પણ જગત્ રૂપી કાર્યનું નિરૂપણ કરવાની જરૂર રહેત નહિ. તૈત્તિરીય ઉપનિષદ્‌માં પણ સ્વરૂપનું લક્ષણ જ કહેત, પણ જગતરૂપી કાર્ય કહેત નહિ. માટે શ્રુતિમાં કાર્ય અને આત્મબોધ એ બન્ને

હોવાથી એ વાક્ય માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહને પ્રતિપાદન કરનાર છે એ વાત સિદ્ધ થાય છે. માટે શબ્દાર્થથી અને યુક્તિથી પણ તેજ સિદ્ધ થાય છે. જો સર્વ વાક્યોને જ્ઞાનાઙ્ગભૂત કહીએ તો ઉપક્રમ ઉપસંહારમાં બાધ આવે છે માટે તે વાક્ય ભજનની સિદ્ધિને માટે જ છે. કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે બે વાક્ય (કાર્ય અને બ્રહ્મ)ને અનુસારે તેવા માહાત્મ્ય વિશિષ્ટ આત્મત્વથી બ્રહ્મજ્ઞાન પુરુષાર્થની સિદ્ધિ થાય છે તેથી મુક્તિ જ્ઞાનથી થાય છે એના નિવારણને માટે કહે છે કે માત્ર શબ્દ જ્ઞાનથી બ્રહ્મજ્ઞાન થતું નથી; જો શબ્દથી જ સાક્ષાત્કાર થતો હોય તો ''યમેવૈષવૃણુતે તેનલભ્યઃ'' (પૃષ્ટ ૧૨૮) એ શ્રુતિનો વિરોધ આવે. તેમજ ''તત્ત્વમસિ'' અથવા ''અહંબ્રહ્માસ્મિ'' એ વાક્યથી પરોક્ષજ્ઞાન દેખાય છે, કોઈને સાક્ષાત્કાર થયેલો જણાતો નથી, કેમકે કઠોપનિષદમાં કહેલું છે કે તે પરમાત્માને જાણ્યા પછી ધીર પુરુષ શોક કરતો નથી. આ પ્રમાણે જ્ઞાનનું ફલ કહીને જ્ઞાન શી રીતે થાય એ જાણવાની ઈચ્છા થાય, ત્યાં એજ ઉપનિષદ્‌ની બીજી શ્રુતિ ''નાયમાત્મા પ્રવચનેનલભ્યઃ'' થી વરણવડે જ્ઞાનપ્રાપ્તિ બતાવી આગળ દુરાચારીને તેનું અજ્ઞાન બતાવી સદાચારીને પણ જ્ઞાનનું દુર્લભ્ય કહેલું છે. જો શબ્દથી જ અપરોક્ષજ્ઞાન થતું હોય તો શ્રુતિ એ પ્રમાણે કહેત નહિ માટે શબ્દથી અપરોક્ષજ્ઞાન થતું નથી એ કારણથી એ વાક્યવડે જ્ઞાનથી પુરુષાર્થસિદ્ધ છે એમ બતાવ્યું નથી, પણ કાર્ય અને બ્રહ્મ થી માહાત્મ્ય અને આત્મત્વ બતાવી, માહાત્મ્ય જ્ઞાનપૂર્વક દૃઢ સ્નેહરૂપ ભક્તિનું પ્રતિપાદન કરેલું છે.

''આસ્ય જાનન્તો નામચિત્ વિષ્ણોસુમતિ ભજામહે'' (તમારા નામનું માહાત્મ્ય કોઈ વખત અમે જાણતા છતાં સુન્દરબુદ્ધિથી તમારું ભજન કરીએ છીએ). આ વિષ્ણુસૂક્તના મન્ત્રમાં ભક્તિ કહી છે અને તે ભક્તિથી થતા પ્રસાદને જ કઠોપનિષદમાં ''તમક્રતુમ્પશ્યતિ'' એ શ્રુતિથી વર્ણવ્યો છે.

ભગવાન્ જ્યારે ભક્તિથી પ્રસન્ન થાય છે ત્યારે એમનો આવિર્ભાવ થાય છે. શ્વેતાવેતર ઉપનિષદમાં ''યસ્યદેવે પરાભક્તિ'' એ શ્રુતિથી સર્વ પુરુષાર્થો ભક્તિથી સિદ્ધ થાય છે એમ બતાવેલું છે, કઠોપનિષદની શ્રુતિમાં ભગવાન્‌ના પ્રસાદ અથવા કૃપા થકી જ એમનું દર્શન થાય છે એમ કહેલું છે. છાન્દોગ્ય ઉપનિષદમાં પણ સનત્કુમાર અને નારદ ના સંવાદમાં ભગવાન્‌ના આવિર્ભાવથી પુરુષાર્થની સિદ્ધિ કહેલી છે એટલા માટે શ્રુતિ સ્વરૂપજ્ઞાન બતાવે છે તે

સ્વરૂપજ્ઞાનરૂપી ફલ ભગવાન્‌ના આવિર્ભાવથી જ થાય છે અને આવિર્ભાવ થવાને માટે શ્રુતિ પ્રેમસેવા નિરૂપણ કરે છે તેમાં અવજ્ઞાદિ દોષ ન થાય તેને માટે માહાત્મ્ય કહેલું છે અને સુદઢ સ્નેહને માટે આત્મત્વ છે એમ બે વાક્યોનાં સાર્થક્ય થકી નિશ્ચય થાય છે.

શ્વેતકેતુ વિદ્યામાં જીવ બ્રહ્મનું ઐક્ય પ્રતિપાદન કરીને તેજ ઠેકાણે શાસ્ત્રનું પર્યવસાન માનેલું છે એ કહેવું અયુક્ત છે. એ વાત આગળ બતાવવામાં આવશે. અત્રે માત્ર તેનું સૂચન કરવામાં આવે છે.

મુણ્ડક ઉપનિષદમાં 'દ્વાસુપર્ણા' એ શ્રુતિના ઉપક્રમ પછી બે મન્ત્રોથી જીવ ઈશ્વરના જ્ઞાનથી શોક રહિત્વ અને સામ્યભાવ કહીને તે જાણવારને શ્રેષ્ઠ બ્રહ્મવિત્ કહેલો છે. પછી તે આત્મા શી રીતે પ્રાપ્ત થાય છે એવી આકાઙ્ક્ષા થાય માટે ''સત્યેન લભ્યસ્તપસા'' એ શ્રુતિથી કહે છે કે આત્મા શરીરની અંદર સત્ય અને તપ થી લભ્ય છે અને પછી બીજી શ્રુતિમાં કહે છે કે જોનારને તે આત્મા સત્યવડે અંદર લભ્ય છે. આ જોવું તેજ દર્શન છે. અને તે દર્શન શી રીતે થાય તે બતાવવાને માટે આગળ ''ચક્ષુ અને વાણીથી તે દેખાતો નથી'' એ વાક્યથી તપ કર્માદિ સાધનથી ભગવાન્ દેખાતા નથી એમ કહીને તે જ્ઞાનથી જ જાણવાને યોગ્ય છે એમ પ્રતિપાદન કરી શુદ્ધ સત્ત્વજ્ઞાનીનું માહાત્મ્ય કહીને આગળ બીજા મન્ત્રથી 'નાયમાત્મા' એ વચનથી સર્વ સાધનનો નિષેધ કરીને વરણથી આત્મા લભ્ય છે એમ બતાવી સ્વીકાર કરેલા પુરુષને અર્થે ભગવત્પ્રાકટ્ય થાય છે એમ શ્રુતિ કહે છે. ''નાયમાત્મા બલહીનેન લભ્યઃ'' એ શ્રુતિમાં બલ શબ્દવડે ભક્તિ કહી છે. આગળ જેને આત્મા પ્રાપ્ત થયેલો છે તેની પ્રશંસા કહીને ઉપસંહાર કરેલો છે તેથી એમ સિદ્ધ થાય છે કે જ્ઞાન થયા પછી સત્યાદિ ગુણોવડે આત્માલભ્ય છે અને અનુગ્રહ અથવા ભક્તિ થી આવિર્ભાવ થાય ત્યારે જ સાક્ષાત્કાર થાય છે. ભક્તિ સિવાય થયેલું જ્ઞાન તિરોહિત થઈ જાય છે. એ પ્રમાણે કાર્યનિરૂપક અને આત્મનિરૂપક શ્રુતિઓનું પ્રયોજન એક હોવાથી તેઓનું ભક્તિમાં તાત્પર્ય છે અને ભગવદ્ ભક્તિથી એક વાક્યત્વ પ્રકાર બતાવેલો છે.

**પઞ્ચાત્મકઃ સ ભગવાન્દ્વિષડાત્મકોઽભૂત્પઞ્ચદ્વયીશતસહસ્રપરામિતશ્ચ ।। એકઃ સમોઽપ્યખિલદોષસમુજ્ઝિતોપિ સર્વત્ર પૂર્ણગુણકોપિ બહૂપમોભૂત્ ।।૪૩।।**

**અર્થ :** તે ભગવાન્ પાંચરૂપ છે, તેમજ બારરૂપ છે, દશરૂપ પણ પોતે જ છે, તેમજ શત, સહસ્ર અને અસઙ્ખ્ય વિભૂતિરૂપ પણ પોતે જ છે. તે સર્વમાં એક જ છે, સમ છે, સર્વ દોષરહિત છે, સર્વ ઠેકાણે પૂર્ણ ગુણવાન છે તો પણ બહુ ઉપમાયુક્ત છે.

**પ્રકાશ :** અગ્નિ હોત્રાદિકરૂપથી ભગવાન્ પઞ્ચાત્મક છે, તેમજ તેના (અગ્નિ હોત્રાદિના) સાધનરૂપ દેશ, કાલ, દ્રવ્ય, મન્ત્ર અને કર્તા રૂપથી પણ ભગવાન્ પઞ્ચાત્મક છે તેમજ ઋક્, યજુસ, સામ અને બ્રાહ્મણ તથા ઉપનિષદ્ રૂપથી પણ ભગવાન્ પઞ્ચાત્મક છે, તેમજ પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન રૂપથી પણ ભગવાન્ પઞ્ચાત્મક છે. આથી આ પદાર્થોનું નિરૂપણ કરનારી શ્રુતિઓની એકવાક્યતા સિદ્ધ થાય છે. દેહમાં પણ ભગવાન્ પઞ્ચાત્મક છે. ધ્યાનને માટે પ્રાદેશ (પ્રાદેશ-અંગુઠા અને તર્જની એ બેને પહોળાં કરતાં એ બેની વચ્ચે જે અન્તર રહે તેને પ્રાદેશ કહે છે. હૃદયનો ભાગ પ્રાદેશ જેટલો જ છે તેમજ બે સ્તનની વચ્ચેનું અન્તર પણ તેટલું જ છે.) માત્ર છે અને આશ્રયને માટે અઙ્ગુષ્ટમાત્ર છે. સ્વામિત્વ (નિયન્તાપણા)ને માટે એ ભગવાન્ આંખમાં રહેલા છે. ફળને માટે સર્વ દેહમાં રહેલા ભગવાન્ આનન્દમય છે અને સર્વ કાર્યને માટે શિરને વિષે સ્થિતિ કરતા વૈશ્વાનર છે, તેમજ પઞ્ચકોશરૂપ ભગવાન્ ઉપાસનાને માટે છે. સર્વ શ્રુતિઓની એક વાક્યતા થતી નથી એમ કોઈ શઙ્કા કરે, તો તેના ખુલાસામાં કહે છે કે ભગવાન્ દ્વાદશ સૂર્યાત્મકપણ છે, માસાત્મકપણ છે, પુરુષાત્મકપણ છે અને અગ્ન્યાત્મકપણ છે. તેમજ દશ દિશાત્મકપણ છે. દેવાત્મક, ઈન્દ્રિયાત્મક, લીલાત્મકપણ છે. આ સિવાય બીજાં દશાત્મકસ્વરૂપ છે તેનો વિચાર કરી લેવો. તેમજ ભગવાન્નાં શતશઃ સહસ્રશારૂપ, અયુતરૂપ અને અમિતરૂપ ઘણાં છે. આ બધાં રૂપ વિભૂતિરૂપ જાણવાં. સાત પ્રકારે ભગવાન્ના રૂપભેદ કહ્યા. તેમાં ભગવાન્ સર્વ રૂપમાં એક સમ દોષરહિત છે, પણ ઘણી ઉપમાઓને લીધે તથા રૂપભેદને લીધે તેમજ દ્રષ્ટાના દોષને લીધે તારતમ્ય ભાસે છે. નરની પેઠે પ્રાદેશમાત્ર, શાન્ત, ક્રૂર એવાં ઘણાં તારતમ્ય ભાસે છે તો પણ ભગવાન્ સર્વ વિભૂતિમાં એકરૂપ છે. એ સ્થાનના દોષથી લેપાતા નથી.

**આવરણભઙ્ગ :** ધ્યાનને માટે પ્રાદેશમાત્રનું વર્ણન ભાગવતના દ્વિતીયસ્કન્ધમાં કરેલું છે. કેટલાક પુરુષો પોતાના હૃદયરૂપ અવકાશમાં પ્રાદેશમાત્ર વસતા ચારભુજ,

શઙ્ખ, ચક્ર, ગદાયુક્ત પુરૂષનું ધારણવડે સ્મરણ કરે છે. આશ્રયમાટે કઠ તથા તૈત્તિરીય ઉપનિષદમાં ભગવાનનું રૂપ અઙ્ગુષ્ઠમાત્ર કહેલું છે. ''અઙ્ગુષ્ઠમાત્રઃ પુરુષોઽન્તરાત્મા''. નેત્રમાં રહેલા પુરુષનું નિરૂપણ છાન્દોગ્ય ઉપનિષદ્માં ઉપકોસળ વિદ્યામાં કર્યું છે. તેમાં ભગવાનનું કર્મફળનિયામકત્વ બતાવેલું છે માટે એમને તેના (ફલના) સ્વામી કહેવામાં આવે છે. ફલને માટે સર્વ દેહસ્થિત આનન્દમયનું નિરૂપણ તૈત્તિરીય ઉપનિષદ્માં કરેલું છે. સર્વ દેહસુખ તે થકી હોવાથી તે આનન્દમય રૂપ ફલને માટે છે. વૈશ્વાનરનું સ્વરૂપ છાન્દોગ્યમાં તેમ વ્યાસ સૂત્રમાં સમન્વય અધ્યાયમાં બતાવેલું છે અને તેની સ્થિતિ ભ્રુ અને ઘ્રાણ ની વચ્ચેની સન્ધીમાં છે એમ જાબાલ શ્રુતિમાં કહેલું છે. અન્નમય, પ્રાણમય, મનોમય, આનન્દમય અને વિજ્ઞાનમય એવા પાંચ કોશ છે. આ કોશને વિષે પુરુષોત્તમત્વથી ચિન્તન કરવું એનું નામ ઉપાસના છે. ભગવાન્ એક દેહમાં અનેકરૂપથી સ્થિતિ કરે છે તેમાં તે-તે નિયમિત કાર્ય કરે છે. શ્રુતિમાં દ્વાદશાત્મક પુરુષ કહેલો છે. અહીન યાગ બાર દિવસથી સાધ્ય છે તેથી તે યાગનું દ્વાદશાત્મકત્વ છે. દ્રવ્યની કામનાવાળા પુરુષો બાર દિવસ સુધી યજ્ઞ કરે તેમાં પુરુષનાં બાર અઙ્ગને અગ્નિનું પણ દ્વાદશરૂપત્વ કહેલું છે. આ પ્રમાણે સર્વ રૂપમાં ભગવાનની નિયામકતાવડે સ્થિતિ છે. ગીતાજીમાં જે અનન્તપણું બતાવેલું છે તેજ અનન્તત્વ આ સ્થળે અસઙ્ખ્ય શબ્દથી બતાવ્યું છે. જેમ યોગી જુદાં-જુદાં શરીર કરીને તેમાં પ્રવેશ કરે છે અને તેમાં ભેદ દેખાય છે તેમ છતાં યોગીના સામર્થ્યથી તેઓનો અભેદ છે તેમ ભગવાન્ સર્વ વિભૂતિમાં અભેદથી સ્થિતિ કરીને રહે છે. વિભૂતિમાં તારતમ્ય દેખાતા છતાં પણ વસ્તુ એક હોવાથી ભેદ નથી. શ્રુતિમાં મશક (મચ્છર)ની તુલ્ય, હાથીની તુલ્ય, અગ્નિની તુલ્ય, ત્રણ લોકની તુલ્ય, આવી ઉપમાઓ અનેક સ્થળે કહેલી છે તો પણ તે સર્વ વિભૂતિઓમાં ભગવાન્ દોષરહિત છે. ઉપાસ્યાદિ નિરૂપક શ્રુતિઓનું તાત્પર્ય ભક્તિમાં છે તેથી તેઓની એકવાક્યતા આ શ્લોકમાં બતાવી છે.

**નિર્દોષપૂર્ણગુણવિગ્રહ આત્મતન્ત્રો નિશ્ચેતનાત્મક શરીર ગુણૈશ્ચહીનઃ ।।**
**આનન્દમાત્રકરપાદમુખોદરાદિઃ સર્વત્ર ચ ત્રિવિધભેદવિવર્જિતાત્મા ।।૪૪।।**

**અર્થ :** દોષરહિત, સર્વગુણોથી સમ્પૂર્ણ, સ્વતન્ત્ર, જડ શરીરના ગુણોથી રહિત, કર, પાદ, મુખ, ઉદર વગેરે અવયવો જેનાં આનન્દમાત્ર છે, ત્રિવિધ ભેદરહિત,

એવું બ્રહ્મનું સ્વરૂપ છે.

**પ્રકાશ :** આ પ્રકારે વિભૂતિરૂપ પ્રતિપાદન કરી હવે મૂળ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. જેવું મૂળ સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ સર્વ વિભૂતિઓમાં ચિન્તન કરવા યોગ્ય છે.

લોકોમાં શાન્તિ, જ્ઞાન વગેરે ગુણો દોષવાળા જોવામાં આવે છે. જ્યાં જ્ઞાન હોય છે ત્યાં સઙ્ગ રહિતપણું હોતું નથી. જ્યાં તપ હોય છે ત્યાં ક્રોધ હોય છે. જ્યાં ધર્મ છે ત્યાં દયા નથી. ભગવાન્‌ને વિષે તેમ નથી, પણ એમના સર્વ ગુણ નિર્દોષ છે અને પૂર્ણ છે, છતાં જુદે-જુદે રૂપે દેખાય છે. લોકદષ્ટિથી એ ગુણ વિરુદ્ધ ભાસે છે. ભગવાન્ ગુણોને આધીન નથી પણ સ્વતન્ત્ર છે. ભગવાન્‌ને દેહ હોય તો ઈન્દ્રિયો હોવી જોઈએ અને દેહ અને ઈન્દ્રિયોનું કાર્ય ભગવાન્‌માં દેખાય છે તો એ દેહ લોકના જેવો હશે એ શઙ્કા દૂર કરવાને માટે દેહ છે તે ભગવાન્ જડ શરીર અને સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણથી રહિત છે તેમજ શરીરના ધર્મોથી પણ રહિત છે. ત્યારે શઙ્કા થાય કે ભગવાન્‌ના આકારની પ્રતીતિ શી રીતે થાય? એ શઙ્કાના સમાધાનને માટે કહે છે કે ભગવાન્‌ના કર, પાદ વગેરે આનન્દાકાર છે. બ્રહ્મવાદમાં આનન્દ, આકારસમર્પક છે, એટલા માટે પુરુષોને વિષે સર્વાન્તર આનન્દમય પરમાત્માનું નિરૂપણ કરેલું છે. ભગવાન્ સર્વાત્મક છે માટે ત્રિવિધ ભેદરહિત, જડ, જીવ અને અન્તર્યામી માં સર્વ ઠેકાણે અનુસ્યૂત છે, કેમકે સર્વના કારણભૂત ભગવાન્ આનન્દમય છે.

**આવરણભઙ્ગ :** એ પ્રકારે વિભૂતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓની એકવાક્યતા કરવાને માટે વિભૂતિરૂપ પ્રતિપાદન કરીને, તેમાં ઉપમેય તુલ્યતા થવાથી, તેની પેઠે દોષ સમ્ભવ થાય તેના નિરાસને માટે મૂલ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. મૂલસ્વરૂપ પૂર્વે શ્લોક ૨૫ માં કહેલું છે, તો પણ સર્વ વિભૂતિમાં ભગવાન્‌ના મૂલ રૂપનું ચિન્તન છે માટે વિભૂતિરૂપ કહીને મૂલરૂપનું ફરીથી વર્ણન કરવામાં આવે છે. એટલા માટે પૂર્વ શ્લોકમાં કહેલાં બે વિશેષણ આ શ્લોકમાં ફરીથી કહેલાં છે.

નિર્દોષ પૂર્ણગુણ અને આનન્દાય કર, પાદ, મુખ, ઉદર વગેરે અવયવવાળા પરમાત્મા છે. બ્રહ્મવાદમાં આનન્દ એજ આકારનો પ્રવેશક છે માટે એક દેશીના મતમાં અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ પાંચ પુરુષની મધ્યે અન્નમયના પુરુષત્વથી બીજાનું પુરુષત્વ છે, પણ સિદ્ધાન્તમાં આનન્દમયના જ પુરુષત્વને લઈને બીજાનું પુરુષત્વ છે એમ જાણવું. એટલા માટે

આનન્દ એજ આકારનો પ્રકાશક છે. તેની કારણતાનું નિરૂપણ ૨૫માં શ્લોકમાં કરેલું છે માટે આકાર નિરૂપક જેટલી શ્રુતિઓ છે તે જુદા-જુદા પ્રકારના આકારને નિરૂપણ કરતી હતી, એક જ આનન્દમયને પ્રતિપાદન કરે છે માટે સર્વ શ્રુતિની એકવાક્યતા સિદ્ધ થઈ. આ સઘળા નિરૂપણથી અખણ્ડ બ્રહ્મવાદના સ્વરૂપનું નિરૂપણ થાય છે.

આ બ્રહ્મવાદનું કરેલું નિરૂપણ શ્રીમદ્ભાગવતના ૧૦ માં સ્કન્ધમાં વસુદેવ અને ભગવાન્ ના સંવાદમાં સ્ફુટ છે.

**તસ્ય જ્ઞાનાદ્ધિ કૈવલ્યમવિદ્યાવિનિવૃત્તિતઃ ।।**
**વૈરાગ્યં સાઙ્ખ્યયોગૌ ચ તપોભક્તિશ્ચ કેશવે ।।૪૫।।**
**પઞ્ચપર્વેતિ વિદ્યેયં યયા વિદ્વાન્ હરિં વિશેત્ ।।**
**સત્ત્વસૃષ્ટિપ્રવૃત્તાનાં દૈવાનાં મુક્તિ યોગ્યતા ।।૪૬।।**

**અર્થ :** તે પરમેશ્વરના જ્ઞાનવડે અવિદ્યાની નિવૃત્તિ થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. વૈરાગ્ય, સાઙ્ખ્ય, યોગ, તપ અને ભગવાન્ ને વિષે ભક્તિ આ પઞ્ચપર્વા વિદ્યા છે. તે વિદ્યાવડે (ભગવત્સાક્ષાત્કાર થતાં) વિદ્વાન્ શ્રીહરિમાં પ્રવેશ કરે છે. દૈવિ સમ્પત્તિયુક્ત સાત્ત્વિક પુરુષો ભક્તિના અધિકારી છે.

**પ્રકાશ :** હવે મૂલ સ્વરૂપના નિરૂપણનું પ્રયોજન કહેવામાં આવે છે. ગુણોપસંહારન્યાયવડે પૂર્વે કહેલા છેલ્લા બે શ્લોકમાં બતાવેલા ધર્મયુક્ત બ્રહ્મને જાણે, ત્યારે બ્રહ્મવિત્ થવાય છે અને તેથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. પૂર્વે કહેલા બ્રહ્મનું જ્ઞાન અવિદ્યાની નિવૃત્તિ કરી મોક્ષ પ્રાપ્ત કરાવે છે. તે જ્ઞાન અપરોક્ષ જ્ઞાન સમજવું. તે અપરોક્ષજ્ઞાનનું સાધન પઞ્ચપર્વા વિદ્યા છે. તેમાં પ્રથમ પર્વ વૈરાગ્ય એટલે વિષયતૃષ્ણારહિતપણું છે. બીજું પર્વ સાઙ્ખ્ય છે. એનો અર્થ નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકપૂર્વક સર્વ અનિત્ય વસ્તુનો આન્તરત્યાગ, એટલે અહન્તા-મમતા છોડી દેવી તે. તપ એટલે વિચારપૂર્વક આલોચન (જોવું) તે. દશ ઈન્દ્રિય અને ૧૧મું મન એ સઘળાની એકાગ્રતાવડે સ્થિતિ એ વિદ્યાનું ચોથું પર્વ છે. આવી રીતની નિરન્તર ભાવનાવડે પરમપ્રેમ થાય છે. એ પ્રેમને ભક્તિ કહે છે અને તે વિદ્યાનું પાંચમું પર્વ છે.

આ પ્રમાણે સાધનસમ્પત્તિ થવાથી પઞ્ચપર્વાવિદ્યા પ્રાપ્ત થાય છે. વિદ્યાવડે થયેલા સાક્ષાત્કારથી વિદ્વાન્ શ્રીહરિમાં પ્રવેશ કરે છે. આ વિદ્યા પ્રાપ્તિને

વિષે દૈવિસમ્પત્માં ઉત્પન્ન થયેલા જીવોનો અધિકાર છે. ગીતાજીમાં કહેલા ૨૬ ગુણોથી જે જીવો સર્વદાયુક્ત છે તેઓની મુક્તિ થાય છે બીજાઓની થતી નથી.

**આવરણભઙ્ગ :** જ્ઞાનમાર્ગમાં મુક્તિનો પ્રકાર આ બ્રહ્મસ્વરૂપના નિરૂપણની બતાવવામાં આવે છે. ગુણોપસંહારન્યાય વ્યાસ સૂત્રના ત્રીજા અધ્યાયના ત્રીજા પાદમાં કહેલો છે. તેમાં સર્વ શ્રુતિની એકવાક્યતાથી વિદ્યાનું એકત્વ પ્રતિપાદન કરેલું છે. આથી શ્રુતિ વિષયનિર્ધારિણમાં બ્રહ્મ કેવળ નિષ્કલ (કલા અથવા અંશરહિત) છે એમ જાણે તે બ્રહ્મવિત નથી, પરન્તુ શ્રુત્યુક્ત સર્વ ધર્મયુક્ત બ્રહ્મ છે એમ જે જાણે તેજ બ્રહ્મવિત્ છે અને તેને જ શ્રુતિમાં કહેલા ફલની સિદ્ધિ થાય છે. મોક્ષ ભગવાન્ની સ્વતન્ત્ર ઈચ્છાથી થાય છે. કોઈને ભગવાન્ સઙ્ઘાત થકી પૃથક્ભાવ (જીવનમુક્તિ) આપે છે અને કોઈને સાક્ષાત્મોક્ષ આપે છે. સાઙ્ખ્યશાસ્ત્રમાં કહેલા સાધનથી મોક્ષ નથી; પરન્તુ ભક્તિથી જ મોક્ષ છે તે બતાવવાને માટે વિદ્યાનાં સાધન બતાવવામાં આવે છે. તેમાં પ્રથમ પર્વ અથવા સાધન વૈરાગ્ય છે. સાઙ્ખ્ય, યોગ, તપ અને ભગવાન્ ને વિષે ભક્તિ એ બાકીનાં ચાર સાધન અથવા પર્વ છે. ગીતાજીના ૧૩ માં અધ્યાયમાં કહેલા ''અમાનિત્વં, અદમ્ભિત્વં'' વગેરે વીસ ગુણો છે તે આ પાંચપર્વમાં અન્તર્નિહિત છે અને સમુદાયરૂપવિદ્યા જીવશક્તિરૂપ છે. આ ઠેકાણે વિદ્યાના પર્વરૂપ ભક્તિ પ્રવાહી ભક્તિ કહેવાય, પણ તે સ્વતન્ત્ર નિરૂપધિ પ્રેમરૂપ ભક્તિ નહિ, કેમકે એ ભક્તિમોક્ષની ઈચ્છાથી કરેલી છે. આ પ્રમાણે ઉપાસ્ય નિરૂપણ કરનારી શ્રુતિઓ ભજનીય સ્વરૂપને જણાવનાર છે અને વૈરાગ્યાદિ નિરૂપણ કરનારી શ્રુતિઓ ભક્તિના સાધનરૂપ છે. આ પ્રકારના નિરૂપણથી સર્વ શ્રુતિઓનું તાત્પર્ય ભક્તિમાં થઈને એકવાક્યતા થઈ.

**તીર્થાદાવપિ યા મુક્તિઃ કદાચિત્કસ્યચિદ્ભવેત્ ।।**
**કૃષ્ણપ્રસાદયુક્તસ્ય નાઽન્યસ્યેતિ વિનિશ્ચયઃ ।।૪૭।।**

**અર્થ :** કોઈક વખત કોઈકને તીર્થમાં રહેવાથી મુક્તિ મળે, પરન્તુ તે પણ શ્રીકૃષ્ણની કૃપા હોય તેને જ, બીજાને નહિ. એમ વિનિશ્ચય છે.

**પ્રકાશ :** ઉપર કહેલા પ્રકારથી જ મુક્તિ મળે છે, બીજા કોઈ પ્રકારથી મુક્તિ મળતી નથી, દેશાદિષટકમાં મુક્તિ નથી, અર્થાત્ અમુક દેશમાં જવાથી કે અમુકકાલમાં અમુક કાર્ય કરવાથી કે અમુક દ્રવ્યનો ઉપયોગ કરવાથી મુક્તિ મળતી નથી. (દેશ,

કાલ, દ્રવ્ય, મન્ત્ર, કર્તા અને કર્મ એ છ દેશાદિષટક કહેવાય છે.) કાશી આદિ તીર્થમાં મરણ સમયે મુક્તિ મળે છે કેમકે શ્રીમહાદેવજીતારક (ૐકાર) પ્રતિપાદ્ય બ્રહ્મનો કાશીમાં ઉપદેશ કરે છે એમ એ સમ્બન્ધી વાક્યોમાં કહેવામાં આવે છે. એ સ્થળે પણ કોઈ વખત ભગવત્પ્રસાદયુક્ત પુરુષ હોય તેને જ ભગવાન્ તીર્થના માહાત્મ્યને માટે મુક્તિ આપે છે. અજામિલ નામથી મુક્ત થયો કહેવાય છે, પણ તે કેવળ નામથી મુક્ત થયો નથી, પરન્તુ ભગવત્પ્રસાદથી જ મુક્ત થયેલો છે. તેથી ભગવાન્‌ની પ્રસન્નતાને માટે પ્રેમાન્ત સાધન કરવાં. જેને શ્રીકૃષ્ણની પ્રસન્નતા નથી તેને તીર્થાદિકમાં પણ મુક્તિ મળતી નથી. પૂર્વે કરેલી સાધનસમ્પત્તિ વિદ્યમાન છતાં કોઈકમાં મરણપ્રસઙ્ગે ભગવાન્‌ની ઈચ્છાથી પ્રેમરહિતપણું જણાય છે; પરન્તુ પૂર્વે કરેલી સાધનસમ્પત્તિથી ભગવાન્ પ્રસન્ન થતાં ભગવત્ જ્ઞાન પ્રાપ્ત થવાથી મુક્તિ મળે છે.

**આવરણભઙ્ગ :** "તત્રાન્તે તારકં બ્રહ્મ વ્યાચષ્ટે" આ વાક્ય જાબાલશ્રુતિનું નથી, કેમકે જાબાલ શ્રુતિમાં અવિમુક્તનું સ્થાન ઘ્રાણ અને ભ્રુ ની સન્ધીમાં બતાવેલું છે. કાશીનું બીજું નામ અવિમુક્ત પણ છે. ઉપર લખેલું વાક્ય પુરાણનું છે. જો કે કાશીમાં બ્રહ્મનો ઉપદેશ કહેલો છે તો પણ કાશી માહાત્મ્યમાં પાપીઓને ભૈરવનો દણ્ડ કહેલો છે તેથી કરીને દેહને અન્તે ઉપદેશ અને મુક્તિ સિદ્ધ થતાં નથી. દણ્ડથી શુદ્ધ થયા પછી કોઈકને જ બ્રહ્મનો ઉપદેશ થાય છે. એ કારણથી તીર્થાદિકમાં સર્વની મુક્તિ થતી નથી. કદાપિ કોઈ એમ શઙ્કા કરે કે ભૈરવીયાતના થયા પછી કાલાન્તરે મુક્તિ મળવાનો સમ્ભવ છે. છતાં તમે કોઈકને જ ઉપદેશથી મોક્ષ મળે એમ શા માટે કહો છો? આ શઙ્કાના ઉત્તરમાં કહેવામાં આવે છે કે સાધનથી પ્રસન્ન થયેલા ભગવાન્ તે દ્વારાએ તીર્થના માહાત્મ્યને માટે મુક્તિ આપે છે. જો એમ ન હોય તો 'યમેવૈષ' (જેનો ભગવાન્ સ્વીકાર કરે છે તેજ ભગવાન્‌ને પ્રાપ્ત કરી શકે છે.) વગેરે શ્રુતિનો વિરોધ આવે તેમજ સાધનબોધન બીજાં શાસ્ત્રો પણ વ્યર્થ થાય. જો કાશીમાં સર્વની મુક્તિ થતી હોય તો ત્યાં પ્રેતાદિનું દર્શન ન થવું જોઈએ, પણ ત્યાં પ્રેતાદિનું દર્શન થાય છે.

પુણ્યક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપરૂપ થાય છે તેથી તે કોઈ દહાડો જતું નથી. જો કાશીમાં સર્વની મુક્તિ થતી હોય તો આ વાક્ય પણ વ્યર્થ થાય. એ ઉપરથી સિદ્ધ થાય છે કે વિદ્યાના અધિકારીને જ ભગવાન્‌ની પ્રાપ્તિ થાય છે.

**સેવકં કૃપયા કૃષ્ણઃ કદાચિન્મોચયેત્ક્વચિત્ ।।**
**તન્મૂલત્વાત્સ્તુતિસ્તસ્ય ક્ષેત્રસ્ય વિનિરૂપ્યતે ।।૪૮।।**

**અર્થ :** કોઈ કાળમાં અથવા કોઈ દેશમાં શ્રીકૃષ્ણ પોતાના સેવકને મુક્ત કરે છે તેથી તે કાળ કે ક્ષેત્ર નું મૂલ ભગવાન્ હોવાથી તે કાલ કે ક્ષેત્ર ની સ્તુતિ (ભગવદઙ્ગ તરીકે) નિરૂપણ કરાય છે.

**પ્રકાશ :** જ્યારે તીર્થ મુક્તિ આપી શકતું નથી, ત્યારે તેનો ઉપયોગ શો? આ શઙ્કાના સમાધાનમાં કહે છે કે પૂર્વે ભગવત્સેવક હોય, પણ સાધનથી ખસી જવાથી પ્રેમરહિત થયો હોય, ત્યારે ભગવાન્ કૃપાથી તેને કોઈ દેશ કે કોઈ કાલમાં મુક્તિ આપે છે, આથી એમ સમજવું કે મુક્ત કરનાર ભગવાન્ જ છે, કોઈ દેશ કે કાલ નથી. સેવક હોવાથી તેનું સેવારૂપ સાધન હતું જ પરન્તુ અમુક દેશ કે અમુક કાલમાં ભગવાને તેને મુક્ત કર્યો તે કારણથી તે દેશ કે કાલ ની પ્રશંસા થાય છે. આ પ્રશંસા ગૌણ છે. શાસ્ત્રમાં ગૌણ પ્રશંસા કરવાનું કારણ એ છે કે તીર્થ અને કાલ ભગવદઙ્ગ હોવાથી સાધનમાં થતાં વિઘ્નોને અટકાવે છે તેથી તેમાં લોકની પ્રવૃત્તિ થાય છે, એટલા જ કારણથી તીર્થને મુક્તિસાધક કહેલાં છે. રુચિ ઉત્પન્ન થતાં તીર્થમાં સ્થિતિ કરી શુદ્ધ કાલમાં વૈરાગ્ય, સાઙ્ખ્ય, યોગ, તપ અને ભક્તિ રૂપ સાધનો સમ્પાદન કરવામાં આવે, એટલા માટે શાસ્ત્રમાં તીર્થોની સ્તુતિ કરવામાં આવે છે.

**આવરણભઙ્ગ :** મોક્ષમિચ્છેજ્જનાર્દનાત્। વરં વૃણીષ્વભદ્રન્તે ઋત્તે કૈવલ્યમદ્ય નઃ। એકએવેશ્વરસ્તસ્ય ભગવાન્ વિષ્ણુરવ્યયઃ। ઈત્યાદિ વાક્યો ઉપરથી જણાય છે કે મોક્ષ જનાર્દન તરફથી જ મળે છે. દેવતાઓએ મુચુકુન્દ પ્રત્યે કહ્યું હતું કે તારું કલ્યાણ થાઓ, તુ આજ મોક્ષ સિવાયનું વરદાન અમારી પાસેથી માગ, કેમકે મોક્ષના નિયામક અથવા દાતા એક જ ભગવાન્ વિષ્ણુ છે. આ વાક્યથી સિદ્ધ થાય છે કે તીર્થાધિષ્ઠાતા દેવ મોક્ષ આપવાને સમર્થ નથી, પણ તેઓ સાધનમાં થતાં વિઘ્નોને માત્ર અટકાવે છે.

**તસ્માત્સર્વં પરિત્યજ્ય દ્ઢવિશ્વાસતો હરિમ્ ।।**
**ભજેત શ્રવણાદિભ્યો યદ્વિદ્યાતો વિમુચ્યતે ।।૪૯।।**

**અર્થ :** તેટલા માટે તીર્થાદિ આશ્રય વગેરે સર્વ વિષયોને છોડી દઈને દઢ વિશ્વાસથી શ્રવણાદિ સાધનવડે શ્રીહરિને ભજવા, તેમ કરવાથી વિદ્યા પ્રાપ્ત થતાં આ

સંસારથી છૂટી શકાય છે.

**પ્રકાશ :** કેવળ તીર્થાદિના આશ્રયનો ત્યાગ કરીને જેમ ભગવાન્‌ને વિષે સ્નેહની વૃદ્ધિ થાય તેમ યત્ન કરવો. ભગવદ્‌ભજનથી કદાપિ મોક્ષ ન થાય, એવી શઙ્કા છોડી દઈને દઢ વિશ્વાસથી શ્રવણાદિસાધનથી ભગવાન્‌ને ભજવા, તે થકી મુક્ત થવામાં કોઈપણ પ્રકારનો સન્દેહ નથી.

**આવરણભઙ્ગ :** આ ઠેકાણે દઢ વિશ્વાસમાં શ્રુતિમાં કહેલા શ્રવણ, મનનાદિ સાધનભૂત છે અને ભજનમાં ભાગવતશાસ્ત્રમાં કહેલાં શ્રવણ, કીર્તનાદિ નવ સાધનો છે એમ સમજવું. ભગવદ્‌ભજન કરવાથી વિદ્યા અને અવિદ્યા બન્નેની નિવૃત્તિ થાય છે અને તેથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

**બ્રહ્માનન્દે પ્રવિષ્ટાનામાત્મનૈવ સુખપ્રમા ।।**
**સઙ્‌ઘાતસ્ય વિલીનત્વાદ્ભક્તાનાં તુ વિશેષતઃ ।।૫૦।।**
**સર્વેન્દ્રિયૈસ્તથાચાન્તઃકરણૈરાત્મનાડપિ હિ ।।**
**બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે ।।૫૧।।**

**અર્થ :** બ્રહ્માનન્દમાં પ્રવિષ્ટ થયેલાઓને આત્માવડે જ સુખનો અનુભવ થાય છે કારણ કે તેમને ઈન્દ્રિયો વગેરેનો સઙ્‌ઘાત વિલીન થયેલો હોય છે, પરન્તુ ભક્તોને તો સર્વ ઈન્દ્રિયો, અન્તઃકરણ અને આત્મા વડે સ્વરૂપાનન્દનો અનુભવ થાય છે અને તેટલા જ માટે ભગવત્કૃપાપાત્ર ભક્તોનો ગૃહસ્થાશ્રમ (જીવનમુક્તિથી) ઉત્તમ છે.

**પ્રકાશ :** હવે કૈમુતિક ન્યાયથી પ્રેમભક્તિનું ફલ કહેવામાં આવે છે, સાધન ભક્તિ છે અને સાધ્ય મોક્ષ છે, તો પણ સાધન દશા જ ઉત્તમ છે તેથી મોક્ષ કરતાં ભક્તિ ઉત્તમ છે. તેનું કારણ એ છે કે જે મુક્ત થાય છે તે જ્યારે સઙ્‌ઘાતને છોડીને બ્રહ્મમાં લય પામે છે અથવા બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે, ત્યારે તેને સ્વરૂપાનન્દ થાય છે અથવા સ્વરૂપથી આનન્દનો અનુભવ થાય છે. સ્વતન્ત્ર યશોદા ગોપિકાદિકતુલ્ય ભક્તોને સર્વ ઈન્દ્રિયોથી, અન્તઃકરણથી અને સ્વરૂપથી આનન્દનો અનુભવ થાય છે માટે સ્વતન્ત્ર ભક્તોને જીવન મુક્તિ કરતાં ભગવત્કૃપાસહિત ગૃહસ્થાશ્રમ જ અધિક છે.

**આવરણભઙ્ગ :** જો ઉપર કહેલી પ્રણાલિકા પ્રમાણે મુક્તિ હોય તો

સ્વતન્ત્રભક્તિમાં શું વિશેષ છે? એ જણાવવવાને માટે કહેવામાં આવે છે કે પ્રેમભક્તિ એ જ સ્વતન્ત્ર ભક્તિ છે. વિદ્યાનાં પાંચ પર્વમાં જે ભક્તિ કહી તે જ્ઞાનના અઙ્ગભૂત ભક્તિ છે. સ્વતન્ત્રભક્તિના સજાતીયપણાથી મર્યાદામાર્ગીય સાધનદશા મોક્ષ કરતાં ઉત્તમ છે, ત્યારે પુષ્ટિમાર્ગીય સ્વતન્ત્રભક્તિના ફલમાં અને સ્વરૂપમાં આધિક્ય હોય એમાં શું કહેવું? જે મુક્ત થાય છે તે સઙ્ઘાત (અન્તઃકરણ, ઇન્દ્રિયો વગેરે) ને છોડીને મરણ સમયે બ્રહ્મમાં લય થતાં સ્વરૂપાનન્દની પ્રાપ્તિ કરે છે અથવા જીવનમુક્તિમાં બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે. બ્રહ્મભાવ પ્રાપ્ત થતાં જીવનમુક્ત માત્ર આત્માથી સ્વરૂપનાન્દને અનુભવે છે, કારણ કે તેના સઙ્ઘાતનો લય થઈ ગયેલો હોય છે. ભક્તો તો સર્વ ઇન્દ્રિયો, અન્તઃકરણ અને સ્વરૂપ થી આવિર્ભૂત થયેલા આનન્દનો અનુભવ કરે છે. એ રીતે ભજનાનન્દનું આધિક્ય છે.

**મોહાર્થશાસ્ત્રકલિલં યદા બુદ્ધેર્વિભિદ્યતે ।।**
**તદા ભાગવતે શાસ્ત્રે વિશ્વાસસ્તેન સત્ફલમ્ ।।૫૨।।**

**અર્થ :** મોહ ઉત્પન્ન કરનારાં શાસ્ત્રોનો કચરો જ્યારે બુદ્ધિથી જુદો પડી જાય છે, ત્યારે મનુષ્યને ભગવત્પ્રતિપાદકશાસ્ત્રો (ગીતા, ભાગવત વગેરે) ઉપર વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તે વિશ્વાસથી સારું ફલ થાય છે.

**પ્રકાશ :** આ પ્રકારે સ્વતન્ત્ર ભક્તિમાર્ગમાં સાધન અને ફલ બન્ને ઉત્કૃષ્ટ હોવાથી સર્વ પુરુષો તેમાં કેમ પ્રવેશ નથી કરતા? એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે ભગવતશાસ્ત્ર વિના તમામ શાસ્ત્ર મોહને ઉત્પન્ન કરવાવાળાં છે અને તે શાસ્ત્રો કલિયુગને વિષે માનને યોગ્ય થાય છે. તેથી તે શાસ્ત્રોના જ્ઞાનથી બુદ્ધિમાં મોહરૂપી કચરો ઉત્પન્ન થાય છે. તે મોહ ભગવત્કૃપાથી નાશ પામે તો જ ભાગવતશાસ્ત્રમાં વિશ્વાસ થાય છે અને જ્યારે વિશ્વાસ થાય છે, ત્યારે તદનુસાર પ્રવૃત્ત થયેલો પુરુષ સ્વતન્ત્ર ભક્તિનું ફલ પામે છે.

**આવરણભઙ્ગ :** સ્વતન્ત્ર ભક્તિમાર્ગમાં સદંશ, ઇન્દ્રિય અને અન્તઃકરણ એ સર્વેને આનન્દાર્વિભાવરૂપ ફલ પ્રાપ્ત થાય છે તેજ સત્ફલ છે. જ્ઞાનમાર્ગમાં પૂર્વે કહ્યા પ્રમાણે (જુઓ શ્લોક ૧૪ નો પ્રકાશ) જ્ઞાનીઓને ઇન્દ્રિયોનો લય કરવો પડે છે તેથી તેઓને ઇન્દ્રિય અને અન્તઃકરણ નું સત્ફલ નહિ થતાં વૈફલ્ય પ્રાપ્ત થાય છે. પ્રપઞ્ચને મિથ્યા કહેવાથી પ્રપઞ્ચ મધ્યપાતિ ભગવદ્ભજન પણ મિથ્યા થાય

અને તેથી કરીને તે શુદ્ધ થાય નહિ. આ વાતનો પ્રતિકાર કરવાને માટે આ સત્પ્રકરણમાં ૩૧ શ્લોકથી પ્રપઞ્ચનું સત્યત્વ પ્રતિપાદન કરી શુદ્ધ ભક્તિનું પ્રતિપાદન કરવામાં આવ્યું.

## (ચિત્પ્રકરણ)

**જીવસ્ત્વારાગ્રમાત્રો હિ ગન્ધવદ્વ્યતિરેકવાન્ ।।**
**વ્યાપકત્વશ્રુતિસ્તસ્ય ભગવત્ત્વેન યુજ્યતે ।।૫૩।।**

**અર્થ :** જીવ એ માત્ર ડાંગરની અણી જેવડો છે પણ ગન્ધની માફક તેનો પ્રકાશ આખા દેહમાં ફેલાય છે. શ્રુતિમાં તેનું વ્યાપકત્વ કહેલું છે. તે ભગવદાવેશ થાય ત્યારે ઘટે છે.

**પ્રકાશ :** આ પ્રમાણે સત્પ્રકરણ પ્રતિપાદન કરી, હવે ચિત્ પ્રકરણનું વર્ણન કરવામાં આવે છે. મૂલમાં ‘તુ’ શબ્દ પ્રકરણનો ભેદ બતાવે છે. પ્રથમ જીવનું પરિમાણ કહેવામાં આવે છે. જીવ આરાગ્રમાત્ર છે. વ્રીહિ (ડાંગેર)ના અગ્રભાગ (અણી)ને આર કહે છે. ત્યાં એમ શઙ્કા થાય કે જો જીવ તેટલો જ હોય, તો સર્વ દેહ વ્યાપિ ચૈતન્યનું જ્ઞાન કેમ થાય? અથવા દેહના સર્વ ભાગમાં ચૈતન્ય છે એમ કેમ જણાય? એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે જેમ ગન્ધ પુષ્પ કરતાં અધિક દેશમાં વ્યાપે છે તેમ જીવનો ચૈતન્યગુણ પણ એક દેશમાં છતાં સર્વ દેહ વ્યાપિ છે. જેમ ગન્ધવાન કમલાદિ એક દેશમાં હોય છે તો પણ સર્વ સ્થાન ગન્ધયુક્ત થાય છે તેમ જીવ આરાગ્રમાત્ર હોવાથી પણ સર્વ શરીર વ્યાપિ થઈ શકે છે. સર્વ દેહવ્યાપિની અન્યથા અનુપપત્તિથી (એટલે જો જીવ દેહ જેવડો ન હોય તો જે જગામાં એ રહેતો ન હોય તે જગામાં સુખ-દુઃખ થાય તો માલમ ન પડે) જીવ દેહ જેટલા પરિમાણવાળો છે એમ સમજવું નહિ. વૈદિકશાસ્ત્રમાં વાચ્યાર્થ જ ગ્રહણ કરવો જોઈએ. અવાન્તર પરિણામથી (આરાગ્રમાત્ર છે તેથી) અનિત્યતા પ્રાપ્ત થતી નથી. જેમ ભગવાન્ પ્રાદેશમાત્ર અને અઙ્ગુષ્ટ માત્રથી હંસાકૃતિ થાય છે તેમ જીવનું આરાગ્રમાત્રથી હંસત્વ છે. ત્યાં કોઈ શઙ્કા કરે કે ગીતામાં જીવને ‘‘નિત્યઃ સર્વગતઃ સ્થાણુઃ’’ એ વાક્યથી વ્યાપક કહેલો છે માટે તેને આરાગ્રમાત્ર કહેવો યોગ્ય નથી. એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે ભગવદાવેશથી વ્યાપકત્વાદિ ભગવદ્ધર્મ તેમાં કહેલા છે પણ જીવ પોતે વ્યાપક નથી.

**આવરણભઙ્ગ :** હવે જીવના વ્યાપકત્વવડે જે ભજનનું નિરાકરણ કરે છે તેનો મત દુષિત્ બતાવવાને માટે સાડાબાર શ્લોકથી ચિત્ પ્રકરણનો આરમ્ભ કરાય છે. શ્રુતિ પુરાણોક્ત પ્રકારથી જગતના મિથ્યાત્વનું નિરાકરણ કર્યું. નશ્વરત્વાદિયુક્તિવડે પ્રપઞ્ચનું જે મિથ્યાત્વ કહેવામાં આવે છે. તેનું આગળ યુક્તિથી નિરાકરણ કરવામાં આવશે.

જીવનાં સ્વરૂપ અને ઉત્પત્તિ નું નિરૂપણ પૂર્વે કરવામાં આવ્યું છે. હવે તેના ધર્મ કહેવા જોઈએ. મતાન્તર દોષયુક્ત છે એમ બતાવવાને માટે પ્રથમ જીવના પરિમાણનું નિરૂપણ કરવામાં આવે છે, શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કહ્યું છે કે

**અઙ્ગુષ્ટ માત્રો રવિ તુલ્યરૂપઃ સઙ્કલ્પાહઙ્કાર સમન્વિતો યઃ ।।**
**બુદ્ધેર્ગુણેનાત્મ ગુણેન ચૈવ આરાગ્રમાત્રો હ્યપરોઽપિ દૃષ્ટઃ ।।**

**અર્થ :** જે જીવ સઙ્કલ્પ અને અહઙ્કાર યુક્ત છે અને સૂર્યના જેવો પ્રકાશવાળો છે અને બુદ્ધિના ગુણથી અઙ્ગુષ્ઠ જેવડો છે અને પોતાના ગુણથી આરાગ્રમાત્ર છે તે જીવ જ્ઞાન ચક્ષુવાળા પુરુષોએ દેહ થકી ભિન્ન પણ જોયેલો છે.

એ રીતની શ્રુતિ હોવાથી જીવ પોતાના સ્વરૂપથી આરાગ્રમાત્ર છે. આ ઠેકાણે આરાગ્રમાત્રથી સમગ્ર દેહવ્યાપિ કેમ થઈ શકે? એ શઙ્કાની નિવૃત્તિ કરવાને માટે પૂર્વે કહેલી શ્રુતિ તેમજ નીચે લખેલી શ્રુતિપ્રમાણ છે.

**બાલાગ્રશતભાગસ્ય શતધા કલ્પિતસ્ય તુ ।।**
**ભાગો જીવઃ સવિજ્ઞેયઃ સચાનન્ત્યાય કલ્પતે ।।**

(શ્વેતાશ્વતર).

**અર્થ :** વાળના સોમા ભાગના સોમા ભાગ જેવડો અર્થાત્ એક વાળના છેડાના દશ હજારમાં ભાગ જેવડો જીવ જાણવા યોગ્ય છે અને તે જીવ અનન્તપણાને માટે સમર્થ થાય છે.

ઉપરની શ્રુતિમાં જીવને આનન્ત્યકલ્પન (અનન્તપણું પ્રાપ્ત કરવાનું સામર્થ્ય) કહેલું છે અને તેજ પ્રમાણે ''વ્યતિરેકો ગન્ધવત્'' (બ્ર.સૂ.૨/૩/૨૬) એ સૂત્રમાં જીવ અણું છતાં પણ સમગ્ર દેહવ્યાપિ ચૈતન્ય ગુણનો વ્યાસે અઙ્ગીકાર કરવાથી ઉપર કહેલો દોષ આવતો નથી. તેમજ એમ પણ ન સમજવું કે વ્યતિરેક શબ્દ અભાવમાં પ્રસિદ્ધ છે. ઉપરના સૂત્રમાં વ્યતિરેક શબ્દનો અર્થ, અધિકદેશવર્તીકરવામાં આવ્યો છે તે વધારે સબળ છે. આ ઠેકાણે જીવને વિષે

ગન્ધતુલ્યત્વ કહેવાથી જીવ પ્રકૃત હોવાથી ચૈતન્યગુણ સમગ્ર દેહવ્યાપિ છે એમ કહેવું પડે છે. એ પક્ષ અરુચિયુક્ત જણાવાથી હવે બીજો પક્ષ કહેવામાં આવે છે.

જેમ ગન્ધવાન દ્રવ્ય જે દેશમાં રહેલું હોય તે કરતાં તે અધિક દેશવર્તીછે તેમ જીવ પણ તેવો જ છે એટલે તેની સ્થિતિ કરતાં તેનું ચૈતન્ય દીવાના પ્રકાશની માફક અધિક દેશવર્તીછે.

ક્ષપણકાદિ (બૌદ્ધ અને જૈન મતના સાધુઓ) કહે છે કે જો જીવ દેહ જેવડો ન હોય તો સમગ્ર દેહમાં ચૈતન્યનું જ્ઞાન થાય નહિ. આ યુક્તિ નિર્બળ છે. જીવ એક સ્થળમાં હોવા છતાં તેનું ચૈતન્ય આખા શરીરમાં વ્યાપિ રહે છે તેથી જીવનું પરિમાણ દેહના જેવડું નથી. જીવને શરીર જેવડો કલ્પવામાં આવે તો શરીરની અનિત્યતાને લીધે જીવની પણ અનિત્યતા થાય, પણ જીવની અનિત્યતા સમ્ભવતી નથી.

તરત જન્મેલા બાળકને ભુખથી સ્તનપાનાદિમાં પ્રવૃત્તિ દેખાય છે. આ પ્રવૃતિ પૂર્વાનુભવજન્યસ્મૃતિ વગર હોતી નથી. માટે પૂર્વ દેહ અને આ દેહમાં જન્મેલો જીવ એક હોવાથી જીવનું નિત્યત્વ સિદ્ધ થાય છે. જો જીવ શરીર જેવડો હોય, તો શરીરની ભિન્ન-ભિન્ન અવસ્થામાં તેનો સંકોચવિકાસ થવો જોઈએ. જો તેમ થાય તો દેહના નાશની સાથે તેનો પણ નાશ થાય અને અનિત્યતાને દોષ આવે. જીવને ઘણાં પરિમાણ પણ ઘટતાં નથી. લોકમાં તેવું દૃષ્ટાન્ત પણ જોવામાં આવતું નથી તેથી ક્ષપણકનું કહેલું પરિમાણ ઘટતું નથી.

નૈયાયિકો તો પૂર્વે કહેલી યુક્તિથી બીજા પરિમાણનો નિરાસ કરીને વ્યાપકત્વનો અઙ્ગીકાર કરતાં બીજી યુક્તિઓ પણ કહે છે. તેઓ કહે છે કે દેશાન્તરમાં જે દ્રવ્ય અમારા ભોગ સમ્બન્ધને માટે ઉત્પન્ન થાય છે તેમાં અમારું અદષ્ટ કારણવડે કહેવું જોઈએ માટે ઉત્પત્તિ દેશમાં અદષ્ટની પેઠે આત્મસંયોગ કારણ રહે છે તેથી જીવવિભુ (વ્યાપક) છે. જો જીવનું અણુત્વ સ્વીકારીએ તો જ્ઞાન ઈચ્છાદિક અતીન્દ્રિય (ઈન્દ્રિયથી ન દેખાય એવાં) થઈ જાય. અણું અપ્રત્યક્ષ છે તેથી તેના ગુણ પણ અતીન્દ્રિય થાય એવો નિયમ છે. આત્મા અપ્રત્યક્ષ નથી, કેમકે હું છું એ જ્ઞાનથી અપ્રત્યક્ષતાનો નાશ થાય છે. મનનું પણ અણુત્વ સ્વીકારીએ તો જીવ અને મન ના સંયોગથી બીજા કોઈ દ્રવ્યનો આરમ્ભ થવાનો પ્રસઙ્ગ આવે. ઈન્દ્રિય અને મન ની સંયોગદશામાં આત્માને મનનો સંયોગ

થવાથી જ્ઞાનની અનુત્પત્તિનો પ્રસઙ્ગ આવે માટે નૈયાયિકો કહે છે કે જીવ વ્યાપક છે. આ યુક્તિઓ વિચારને અભાવે સુન્દર દેખાય છે પણ તે ખરી નથી. દરેક જીવાત્માને નિયમિતભોગની અનુપપત્તિરૂપ દૂષણથી તે યુક્તિ ગ્રસિત છે કેમકે સર્વનું વ્યાપકત્વ સ્વીકારવાથી સર્વે મૂર્તિમાન દ્રવ્યોની સાથે સંયોગ થવાને લીધે તમામનાં ઇન્દ્રિય, મન અને શરીરાદિ નો સંયોગ સર્વ વસ્તુને અવશ્ય હોવો જોઈએ અને તેમ હોવાથી સર્વ વસ્તુનો સર્વ જીવોને ભોગમાં બાધ ન આવવો જોઈએ, પરન્તુ જગતમાં તો દરેક જીવને નિયમિત ભોગ થાય છે પણ સરખા થતા નથી.

વ્યાપકના વિશેષ ગુણોનું અસમવાયીકારણ પ્રાદેશિક નિયમવાળું છે તેથી જેટલા દેશના અવચ્છેદથી આત્માને મનનો સંયોગ છે, તેટલા દેશના અવચ્છેદથી ભોગ છે. માટે વ્યાપકત્વ હોવાથી પણ નિયમિતભોગનો બોધ આવતો નથી એમ સમજવું નહિ. આ કહેવું નિરર્થક છે કેમકે એક જણ કેરીનું ભક્ષણ કરે, ત્યારે મુખદેશથી હું આમ્ર ભક્ષણ કરું છું, તેની પેઠે દેવદત્તના શરીર અવચ્છેદથી પણ હું ભોજન કરું છું આમ પ્રત્યેકને સર્વનો અનુભવ વ્યાપક હોવાથી થવો જોઈએ. પરન્તુ તેમ થતું નથી. વળી મારા પગમાં સુખ છે, મસ્તકમાં મને વેદના છે, એ પ્રમાણે દેવદત્તના શરીરમાં મને સુખ છે અને યજ્ઞદત્તના શરીરમાં મને દુઃખ છે આવું જ્ઞાન થવું જોઈએ. વળી એક આત્મા સર્વ શરીરમાં વિદ્યમાન થવાથી તેને મનના સંયોગાદિ દેશના ઉત્પન્ન થયેલાં જ્ઞાન અવશ્ય થવાં જોઈએ તેથી તે-તે મનવડે તે-તે જ્ઞાનનો નિશ્ચય થવામાં બાધકનો અભાવ હોવાથી સર્વને સર્વજ્ઞતા થવી જોઈએ. જો આમ થાય તો સર્વ શરીરમાં એક જ આત્મા થવાથી નૈયાયિક સિધ્ધાન્તમાં હાનિ પણ આવે; કારણ કે તેઓના મતમાં આત્માનું વિભૂત્વ (વ્યાપકત્વ) અને પ્રતિશરીર ભિન્નત્વ છે.

જો અદષ્ટાદિને પ્રતિબન્ધકપણાથી કલ્પના કરીને સ્વશરીર માત્રાચ્છેદથી ભોગ અઙ્ગીકાર કરે તો, આત્માનું દેહપરિમાણત્વ થઈ જાય અને તેમ થવાથી વ્યાપકત્વ અને નિત્યતા એ બન્નેનો નાશ થાય માટે બીજા શરીરમાં રહેલો ભોગ પણ અવશ્ય સ્વીકાર કરવો જોઈએ. તેમ થવાથી પ્રત્યક્ષ વિરોધ થાય છે. સર્વને સર્વજ્ઞતાની પ્રાપ્તિ થાય અને ત્રૈલોક્યનું સાઙ્કર્ય થાય. આમ થવાથી બન્ને પક્ષમાં બન્ધન આવે છે. વળી દેવદત્ત શરીરાવચ્છેદથી આમ્રભક્ષણ કરવાથી યજ્ઞદત્ત શરીરાચ્છેદથી હું આમ્રનું ભક્ષણ કરું છું એ સ્મૃતિ હોવી જોઈએ અને અનુભવ

અને સ્મરણ નું એક પ્રદેશાચ્છિન્નનિયમના અભાવે નેત્રવડે હું જોઉં છું, હાથવડે સ્પર્શ કરું છું ઈત્યાદિ સ્મરણો સ્વજનકઅનુભવદેશ વગર હૃદયમાં જ ઉત્પન્ન થવાં જોઈએ. પરન્તુ નિયમ એવો છે કે જેને હું દેખું છું તેનું હું અંદરથી સ્મરણ કરું છું, એટલે ઈન્દ્રિયોદ્વારાજ હૃદયમાં સ્મરણ થાય છે. વળી અનુભવ અને સ્મરણ નો એક શરીરાવચ્છેદત્વ નિયમ પણ રહે નહિ તેમજ પૂર્વજન્મમાં કરેલા અનુભવનું પૂર્વ શરીરના સ્મરણ વગર સ્મરણ થાય. આ સઘળા દોષો જીવને વ્યાપક માનવાથી આવે છે. ત્યાં વાદી એમ કહે છે કે આતિવાહિકના વિદ્યમાનપણાથી જે દેશનો આતિવાહિતને અનુભવ હોય તેજ દેશનું સ્મરણ થાય છે તેથી નિયમનો ભઙ્ગ થતો નથી, તો વાદીનું કહેવું વ્યર્થ છે. વાદીના કહેવા પ્રમાણે હોય તો પ્રયાગમાં મરેલા ભલે ઈન્દ્રપ્રસ્થમાં પછીથી જન્મેલા જાતિસ્મરને અને બીજા દેશમાં મરેલા અને સ્વસ્થાનમાં પ્રેતભાવથી વસતા પુરુષને પણ પૂર્વજન્મનું સ્મરણ ન થવું જોઈએ, કેમકે આતિવાહિકાવચ્છિન્ન તે પ્રદેશનો ઈન્દ્રપ્રસ્થમાં અથવા પ્રેતના સ્થાનમાં અભાવ છે અને આત્માને તે પ્રદેશનો અનાદર કરીને આતિવાહિકાવચ્છિન્ન કોઈ પ્રદેશમાં સ્મરણનો અઙ્ગિકાર કરો તો આતિવાહિકને તે સ્મરણ થવું જોઈએ, પણ તે આત્મસંવેત્ થાય નહિ. અદષ્ટ પણ તેવું જ થાય. એમ જો ન હોય તો ભૂમિમાં કરેલા યજ્ઞથી સર્વે જીવોને વિષે અદષ્ટ ઉત્પન્ન થવાથી બીજા આતિવાહિકથી સ્વર્ગાદિભોગ જીવતાને પણ નિરાબાધ થાય.

મુક્ત પુરુષોએ ત્યાગ કરેલાં આતિવાહિક (લિઙ્ગશરીર) બહુ જ વિદ્યમાન છે. બે ત્રણ પ્રકારે છેદ થયેલા ગોધાશરીરના જુદા-જુદા ભાગોમાં ચાઞ્ચલ્યાદિક હોવાથી તેમાં આત્મસંયોગ આવશ્યક છે તેમજ જીવને બીજા આતિવાહિકનો પણ સમ્બન્ધ થઈ શકે. એમ પણ ન કહેવાય કે આતિવાહિક (લિઙ્ગશરીર)નું અનિત્યત્વ હોવાથી તેનું દુર્લભપણું છે. દેવાદિકના દષ્ટ અને અદષ્ટ કર્મ આતિવાહિકથી પણ ભોગની સિદ્ધિ થઈ શકે છે. આ ઠેકાણે અદષ્ટની પણ અનુપપત્તિ આવે એમ સમજવું નહિ, કેમકે અદષ્ટ કર્મ આધીન હોવાથી અને સંયોગ સર્વે જીવાત્માનો સર્વના મનને વિષે વિદ્યમાન હોવાથી તેજ પ્રણાલિકાથી સર્વ જીવોને વિષે સર્વ અદષ્ટનું વિદ્યમાનપણું થઈ શકે. વિલક્ષણ મનના સંયોગાદિવડે તે દોષ આવતો નથી એમ પણ સમજવું નહિ, કેમકે કારણના વૈલક્ષણ્ય વગર મનસંયોગ વૈલક્ષણ્યનું અસમ્ભવિતપણું છે.

જો જુદા-જુદા ભોગરૂપ કાર્યથી વૈલક્ષણ્ય હોય તો ભલે હો, તો પણ એ વૈલક્ષણ્ય આકસ્મિક ન હોવાથી ત્યાં કાંઈ કારણ હોવું જોઈએ. અન્ય કારણ ન હોવાથી ઈશ્વરની ઈચ્છા જ વૈલક્ષણ્યનું કારણ હોવી જોઈએ. આ કર્મથી આ જીવનું અદષ્ટ ઉત્પન્ન થાઓ, બીજાનું નહિ અને તે અદષ્ટ એક જ જીવ ભોગવો બીજા નહિ. તેમ દેશાન્તરસ્થ વસ્તુ આ જીવ આ પ્રકારે ભોગવો, એ પ્રકારે નિર્માણ કરનાર ઈશ્વર ઈચ્છાથી અણુઆત્મવાદમાં પણ ભોગસિદ્ધ થાય છે માટે દેશાન્તરમાં અદષ્ટસંયોગની પેઠે આત્મસંયોગના અઙ્ગિકારથી વ્યાપકત્વ સાધવું એ અતિ તુચ્છ છે કેમકે જીવનું વ્યાપકત્વ હોવાથી ઈશ્વર નિયમ્ય થાય નહિ અને મહત્વ અને નિત્યત્વ થી અભિમાનનો સમ્ભવ છે. ચેતનત્યાદિ ગુણવડે તુલ્ય પ્રતિ સન્ધાનથી ભગવાન્‌ને વિષે સર્વોત્કૃષ્ટત્વ અઙ્ગીકારનો પણ અસમ્ભવ છે માટે જીવનું અણુત્વ સ્વીકારવું તેજ યોગ્ય છે. સકળ શરીરવ્યાપી ચૈતન્યજ્ઞાન વિસર્પિ ગુણથી ઘટી શકે છે. આનું વિશેષ નિરૂપણ અમે પ્રસ્થાન રત્નાકરમાં અને ભાષ્યપ્રકાશમાં (એટલે ''વ્યતિરેકો ગન્ધવત્''(બ્ર.સૂ.૨/૩/૨૬) એ સૂત્રના ભાષ્યના પ્રકાશમાં) કરેલું છે.

જીવને અણુ કહેવાથી સુખાદિની અપ્રત્યક્ષ આપત્તિ થશે, કેમકે જે વસ્તુ ગુણવડે પ્રત્યક્ષ છે તેનું મહત્વ હોવું જોઈએ એમ ન હોય તો પરમાણુનુ રૂપ પણ પ્રત્યક્ષ થાય. આવી રીતની શઙ્કા વજનદાર નથી, કેમકે વસ્તુનું પ્રત્યક્ષત્વ યોગ્યતાને આધીન છે. જો એમ ન હોય તો વ્યાપક આત્મવાદમાં અદષ્યાદિની પણ પ્રત્યક્ષાપત્તિ આવશે, કેમકે મહત્વ સામાન્યાધિકરણનું વિદ્યમાનપણું છે. પરમાણુના રૂપાદિની પ્રત્યક્ષ આપત્તિ આવે નહિ કેમકે પરમાણુનું રૂપ અનુદભૂત હોવાથી પ્રત્યક્ષતાને યોગ્ય નથી. વસ્તુતા થકી જન્યસુખાદિ આત્મધર્મ નથી કેમકે

**કામઃ સઙ્કલ્પો વિચિકિત્સા**

**શ્રદ્ધાઽશ્રદ્ધાધૃતિરધૃતિર્હ્રીર્ધીર્ભીરિત્યેતત્સર્વં મનએવેતિ**

એ શ્રુતિમાં સર્વનો મનમાં જ સઙ્ગ્રહ છે તેથી જન્ય સુખ-દુઃખાદિ સર્વ મનના જ ધર્મ છે માટે પ્રત્યક્ષતા યોગ્યતાને આધીન છે તેથી અણુ ગુણોનો અતીન્દ્રિય નિયમ પણ સમ્ભવતો નથી તેમજ હું છું એ પ્રત્યક્ષ આત્માનું જોવું નથી કેમકે તે જ્ઞાન દેહ, ઈન્દ્રિય યુક્ત આત્માનું છે. દેહ, ઈન્દ્રિય અને આત્મા ના એક જ્ઞાનથી તે જ્ઞાન ભ્રમરૂપ છે. શરીરરહિત આત્માનું અયોગીને પ્રત્યક્ષજ્ઞાન થાય

એવું કોઈ ઠેકાણે પ્રમાણ નથી. યોગીને યોગજન્યધર્મસિદ્ધિથી અલૌકિક પ્રત્યક્ષ થવાથી અતીન્દ્રિય વસ્તુ પણ જણાય છે તેથી આત્મા અણુ છતાં પણ દુષ્ટ થવામાં બાધ આવતો નથી.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે

**અનાગતમતીતં ચ વર્તમાનમતીન્દ્રિયમ્ ।।**
**વિપ્રકૃષ્ટં વ્યવહિતં સમ્યક્ પશ્યન્તિ યોગિનઃ ।।**

**અર્થ :** ભવિષ્ય, ભૂત, વર્તમાન, અતીન્દ્રિય, દૂર અને વ્યવધાન વાળી વસ્તુને પણ યોગીઓ સારી રીતે જોઈ શકે છે. તેમજ અણુ એવા આત્મા અને અણુ મનના સંયોગથી દવ્યાન્તરનો આરમ્ભ થતો નથી, કેમકે બન્ને વિજાતીય છે તેમજ બે અણુના સંયોગથી દ્રવ્યનો આરમ્ભપક્ષ શ્રુતિ વિરુદ્ધ હોવાથી આદર કરવા યોગ્ય નથી તેમજ ઈન્દ્રિય અને મન ની સંયોગદશામાં આત્માનો અને મનનો સંયોગ થવાથી જ્ઞાનની અનુપપત્તિનો પણ પ્રસઙ્ગ આવે નહિ; કેમકે મનવડે આત્મા વિષયની સાથે જોડાય છે. એ પ્રક્રિયાનો અમે સ્વીકાર કરતા નથી, કારણ કે ''અધિષ્ઠાનં તથા કર્તા'' ઈ. વાક્યથી અન્તર્યામીની સહાયતાથી જીવથી મન પ્રેરાય છે અને મનથી ઈન્દ્રિય પ્રેરાય છે અને ઈન્દ્રિયોના દેવતા તે વખતે અનુકૂલ થાય છે તેથી બહાર વિષય સન્નિધાન થકી જ્ઞાનની ઉત્પત્તિનો સમ્ભવ થાય છે. આ પ્રકારે પ્રસ્થાન રત્નાકરમાં પણ અમે પ્રતિપાદન કરેલું છે. વળી અણુત્વ બોધકશ્રુતિથી આત્મા દુર્જ્ઞેય અથવા અપ્રત્યક્ષ થઈ જાય એમ કહી શકાતું નથી કેમકે

**વાલાગ્ર શતભાગસ્ય શતધા કલ્પિતસ્યતુ ।**
**ભાગોજીવઃ સવિજ્ઞેયઃ સચાનન્ત્યાય કલ્પતે ।।**

એ શ્રુતિમાં વિશેષ નિર્દેશથી આત્માને જ્ઞેય બતાવેલો છે. જો એમ ન હોય તો આત્માને અણું જ કહેત, પણ વાળનું સામ્ય બતાવત નહિ. જો આત્માને વ્યાપક કહેવામાં આવે તો 'ઉત્ક્રાન્તિ' એ શ્રુતિનો પણ વિરોધ આવે.

લિઙ્ગશરીરની ક્રિયા ગ્રહણ કરીને આત્માને વિષે તે ક્રિયાનો ઉપચાર કરાય છે તે સમ્ભવતું નથી, કેમકે ઈન્દ્રિયો લિઙ્ગશરીર અન્તઃપાતિ છે અને ''તમુત્ક્રામન્તં પ્રાણોનૂત્ક્રામતિ'' એ શ્રુતિમાં જીવ શરીર બહાર નિકળ્યા પછી પ્રાણ, ચક્ષુ ઈત્યાદિ સર્વ ઈન્દ્રિયોનું ઉત્ક્રમણ કહેલું છે. આ બધા વિરોધ દૂષ્પરિહાર હોવાથી અણ્વાત્મવાદ સિદ્ધ થાય છે. આ પ્રમાણે યુક્તિથી દૂષણ

કરીને અલૌકિક પ્રમેયમાં શ્રુતિપ્રમાણ જ વધારે આદર કરવાને યોગ્ય છે તે વાત બતાવવામાં આવે છે. એટલા માટે વ્યાસે વેદાનુસારથી જ સૂત્રમાં સર્વ ઠેકાણે નિર્ણય કરેલો છે.

આરાગ્ર પરિમાણથી અનિત્યતા આવશે એ દોષ યૌક્તિક શાસ્ત્રમાં જ છે પણ શ્રૌતમાં નથી જ. કદાપિ એમ શઙ્કા થાય કે આત્મા પોતાની કૃતિથી દ્વિપદચતુષ્પદપુર (શરીર) કરે છે જીવ પક્ષી થઈને તે પુરમાં પ્રવેશ કરે છે. આ પ્રકારે પુરમાં પ્રવેશને માટે હંસરૂપ કહેલું છે અને પુર બહુ પ્રકારનું હોવાથી અત્યન્ત અલ્પ પુરને વિષે અઙ્ગુષ્ઠ માત્રનો પ્રવેશ કેમ થઈ શકે એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે આરાગ્રમાત્રની જ હંસાકૃતિ છે તેથી અત્યન્ત અલ્પપુરમાં પણ પ્રવેશ સમ્ભવે છે. ત્યાં કહે છે કે અણુત્વ હો તો પણ ''આકાશવત્સર્વગતશ્ચ નિત્યઃ'' ઈત્યાદિ શ્રુતિમાં વ્યાપકત્વનું શ્રવણ હોવાથી બે શ્રુતિનો વિરોધ આવે. આવી બાબતમાં ગીતાથી નિર્ણય કરવો ઉચિત છે અને ગીતામાં ''નિત્યઃ સર્વગતઃ સ્થાણુઃ'' એ સ્થળે વ્યાપકત્વ હોવાથી અણુત્વ કહેવું એ વ્યર્થ છે. એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે ભગવદ્ધર્મના આવેશથી ભગવદ્ધર્મ વ્યાપકત્વાદિ જીવમાં જણાય છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિનો પ્રવેશ થવાથી તેમાં દાહકત્વ જણાય છે તે દાહકત્વ લોહનું નથી પણ અગ્નિનું છે તેમજ વ્યાપકત્વ જીવ ધર્મ નથી પણ ભગવદાનન્દ પ્રવિષ્ટ હોવાથી એ ભગવદાવેશનું જ વ્યાપકત્વ છે એટલા માટે અણુત્વ કહેવું વ્યર્થ નથી.

**આનન્દાંશાભિવ્યક્તૌ તુ તત્ર બ્રહ્માણ્ડકોટયઃ ।।**
**પ્રતીયેરન્ પરિચ્છેદો વ્યાપકત્વં ચ તસ્ય તત્ ।।૫૪।।**

**અર્થ :** જીવમાં જ્યારે આનન્દાંશ પ્રકટ થાય છે ત્યારે તેમાં કરોડો બ્રહ્માણ્ડપ્રતીત થાય છે (દેખાય છે). આ પ્રમાણે જીવ પરિચ્છિન્ન પણ છે અને વ્યાપક પણ છે.

**પ્રકાશ :** વેદમાં કહેલું છે કે ''બ્રહ્મવિદ્ બ્રહ્મૈવભવતિ'' અર્થાત્ જીવ બ્રહ્મને જાણે ત્યારે બ્રહ્મ જ થાય છે તેથી જીવને આરાગ્રમાત્ર કહેવો એ ખરું નથી. આ શઙ્કાના ખુલાસાને માટે કહે છે કે બ્રહ્મ જાણવાથી જીવનું બ્રહ્મત્વ થાય છે પણ તેની અધિક પરિમાણતા થતી નથી. અણુબ્રહ્મ પણ વ્યાપક થાય છે. જેમ કૃષ્ણ યશોદાજીના ખોળામાં રહ્યા હતા તો પણ સર્વ જગદાધાર મટ્યા નહોતા તેમ જીવને પણ આનન્દાંશ અભિવ્યક્ત થાય ત્યારે કોટી બ્રહ્માણ્ડો તેમાં જણાય છે. એ રીતે જીવ

પરિચ્છિન્ન છતાં તેનું વ્યાપકત્વ સિદ્ધ થાય છે એટલા માટે અધિક પરિમાણનો અઙ્ગીકાર કરી શકાતો નથી. પરિચ્છેદ અને વ્યાપકત્વ એ બ્રહ્મના પરસ્પર વિરુદ્ધ ધર્મો છે. અલૌકિક વિષયમાં પ્રમાણ જ અનુસરવા યોગ્ય છે પણ લૌકિક યુક્તિ આધાર રાખવા લાયક નથી તેથી કરીને વ્યાપકત્વને વિષે આરાગ્ર પરિમાણ દોષરૂપ નથી.

**આવરણભઙ્ગ :** જ્ઞાન થવાથી જીવને વિષે શ્રુતિ બ્રહ્મત્વ કહે છે. તે બ્રહ્મત્વ આનન્દાંશની અભિવ્યક્તિથી થાય છે. વ્યાપકત્વ એ આનન્દાંશનો જ ધર્મ છે, પણ તે ચિદંશનો ધર્મ નથી તેથી અણુત્વ કહેવું એ ખોટું નથી પણ સત્ય છે.

એમ શઙ્કા કરવામાં આવે કે વ્યાપકત્વ થવાથી તદ્‌વિરુદ્ધ અણુત્વ જતું રહે છે તેથી અણુત્વ ખોટું છે એ સિદ્ધ થાય છે. એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે બ્રહ્મત્વમાં પણ અધિક પરિમાણતા કહેવાને યોગ્ય નથી. આનન્દાંશનો વિરુદ્ધધર્માશ્રયત્વ ધર્મ છે તેથી આનન્દાંશ અભિવ્યક્તિ થવાથી પરિચ્છેદ અને વ્યાપકત્વ એ બન્ને ધર્મ હોઈ શકે છે તેથી વ્યાપકત્વ થવાથી અણુત્વ જતું નથી. આ પ્રમાણે જીવના એક અણુત્વધર્મનો વિચાર કર્યો હવે તેના પ્રકાશત્વ ધર્મનો વિચાર કરવામાં આવે છે.

**પ્રકાશકં તચ્ચૈતન્યં તેજોવત્તેન ભાસતે ।।**
**ન પ્રાકૃતેન્દ્રિયૈર્ગ્રાહ્યં ન પ્રકાશ્યં ચ કેનચિત્ ।।૫૫।।**

**અર્થ :** જીવનો ચૈતન્યગુણ પ્રકાશક છે અને જીવના ચૈતન્ય ગુણને લીધે જ જીવને તેજોવત્ (તેજોમય) કહેવામાં આવે છે. જીવનું ગ્રહણ પ્રાકૃત ઈન્દ્રિયોથી થઈ શકતું નથી તેમ બીજા પ્રકાશથી તે (જીવ) પ્રકાશ્ય પણ નથી.

**પ્રકાશ :** હવે જીવનો બીજો ધર્મ કહેવામાં આવે છે. તે જીવ સ્વરૂપ પ્રકાશક હોવાથી તેજવત્ જણાય છે તે કારણથી તેને શાસ્ત્રમાં 'જ્યોતિ' કહેલો છે "વૃત્રસ્ય દેહોત્થિતઞ્જ્યોતિઃ" તથા "ચૈદ્યદેહોસ્થિતં જ્યોતિઃ" (વૃત્રના દેહમાંથી નિકળેલું આત્મજ્યોતિ, શિશુપાલના દેહમાંથી નિકળેલું આત્મજ્યોતિ) એ રીતે જીવને શાસ્ત્રમાં જ્યોતિ કહેલો છે પણ તેથી તે તેજ છે એમ સમજવું નહિ. તેજનું પણ બ્રહ્મકારણ છે તેથી જીવાત્માનું જ્યોતિત્વ છે. આ કારણથી જીવમાં રૂપત્વાદિક નથી, તેથી જીવપ્રાકૃત ઈન્દ્રિયોથી ગ્રહણ થઈ શકતો નથી, કેમકે રૂપાદિના અભાવથી ઈન્દ્રિય સન્નિકર્ષ (સંયોગ) નો અભાવ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે

જેમ પરમાત્માને મન, બુદ્ધિ, ઈન્દ્રિય અને પ્રાણ સ્પર્શ કરી શકતા નથી કે જાણી શકતા નથી તેમ પરમાત્માના અંશ જીવને પણ મન બુદ્ધિ, ઈન્દ્રિય અને પ્રાણ જાણી શકતાં નથી. જેમ સૂર્યથી પ્રકાશ કરેલો ઘટ ચક્ષુથી ગ્રહણ થાય છે તેમ ઈન્દ્રિયના ગ્રહણને માટે જીવાત્માને કોઈપણ તેજ પ્રકાશ કરી શકતું નથી.

**આવરણભઙ્ગ :** જીવનું પ્રકાશત્વ શાસ્ત્ર વાક્યોથી જણાતાં તેનું તેજત્વ માનવામાં આવે છે તેને દૂષિત કરવાને માટે પ્રકાશત્વનો વિચાર કરવો યોગ્ય છે. જીવનો ચૈતન્યગુણ પ્રકાશક છે તેથી તે તેજવત્ જણાય છે પણ તે તેજ નથી. ત્યાં કોઈ એમ શઙ્કા કરે કે ચૈતન્યસ્વરૂપ અને ચૈતન્યગુણ આ બન્ને પક્ષ કેમ ઘટે? એના ખુલાસામાં કહે છે કે 'સ્વયઞ્જ્યોતિઃ' એ શ્રુતિથી અને ''ગુણાદ્વા લોકવત્'' એ સૂત્રથી ચૈતન્યસ્વરૂપ અને ગુણ એ બન્ને સમ્ભવે છે. સન્દેહની નિવૃત્તિને માટે કહે છે કે તેજનું પણ બ્રહ્મકારણ છે અને તે બ્રહ્મના પ્રકાશથી જ તેજ ભાસે છે તેથી શ્રુતિ વિરોધવડે જીવ પ્રકાશ છતાં તેજ નથી. ત્યાં કોઈને એમ શઙ્કા થાય કે યુક્તિ વિરોધ હોવાથી કેવળ શ્રૌતનો આદર શી રીતે કરી શકાય? એ શઙ્કાની નિવૃત્તિને માટે યુક્તિ બતાવે છે કે જો જીવ તેજ હોય તો રૂપગુણ તેજની સાથે હોવો જોઈએ અને રૂપ હોય તો લૌકિક ઈન્દ્રિયથી ગ્રહણ થવું જોઈએ તેમ નહિ હોવાથી અલૌકિકપ્રમેયમાં શ્રૌતનો જ આદર કરવો યોગ્ય છે. લૌકિક ઈન્દ્રિયથી જીવ અગ્રાહ્ય કેમ? એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે રૂપ અને ઈન્દ્રિય સંન્નિકર્ષના અભાવે જીવ ઈન્દ્રિયોથી ગ્રહણ કરી શકાતો નથી. જો આ બન્ને હોય તો જીવ પ્રત્યક્ષ થાય. 'પરાઞ્ચિખાનિ' એ શ્રુતિમાં કહેલું છે કે ઈન્દ્રિયો બહારગમન કરનારી હોવાથી બહારના વિષયોને જોઈ શકે છે પરન્તુ અન્તરાત્માને જોઈ શકતી નથી. પ્રકાશમાં 'આદિ' શબ્દથી આત્મામાં શબ્દ, રસ, ગન્ધ, સ્પર્શ એ સર્વનો અભાવ છે. તેમજ ભાગવતના ષષ્ઠસ્કન્ધમાં પણ કહેલું છે કે ભગવાન્‌ને મન, બુદ્ધિ, ઈન્દ્રિય અને પ્રાણ સ્પર્શ કરી શકતાં નથી. ભગવાન્‌ને મનાદિના સ્પર્શનો નિષેધ હોવાથી અને જીવ તદંશ હોવાથી તેને પણ સંન્નિકર્ષનો અભાવ યુક્ત જ છે. આ પ્રકારે જીવને વિષે પરિમાણ, સઙ્ખ્યા, પ્રથકત્વ, દૈશિક પરત્વાપરત્વ (ઉંચ-નીચત્વ) પરિવર્તનાદિક્રિયા, સ્વપ્નમાં, પ્રકાશત્વ, લૌકિક ઈન્દ્રિયાગ્રાહ્યત્વ, સત્તા, વિસર્પિચૈતન્ય એ ગુણો ભગવદિચ્છાથી સૃષ્ટિમાં થાય છે. મોક્ષમાં આનન્દાંશની અભિવ્યક્તિ થવાથી વ્યાપકત્વ પણ પ્રાદુર્ભૂત થાય છે. પરમમુક્તિમાં ભગવાન્‌ની

સંગાથે ઐક્ય થવાથી પરિમાણાદિ પ્રયત્નાન્ત છ ગુણો નિર્વત થાય છે એમ જાણવું. દ્વિતીય સ્કન્ધની "વસ્તુનો લઘુ કાઠિન્યમ્" એ શ્લોકની સુબોધિનીમાં સંયોગનો સ્પર્શમાં અન્તર્ભાવ પ્રતિપાદન કરેલો છે અને તે અમે પ્રસ્થાન રત્નાકરના તત્ત્વ વિવેકમાં જણાવેલો છે. હું એ પ્રકારે પ્રત્યક્વિત્તિ (જ્ઞાન)ના જનકપણાથી આત્માને મનનો સંયોગ વૈશેષિકાદિએ અઙ્ગીકાર કરેલો છે. તે શ્રુતિ-સ્મૃતિના વિરોધ થકી જ્ઞાનરૂપ નથી કેમકે 'અહં' એ પ્રકારે લૌકિક પ્રત્યક્જ્ઞાનમાં દેહ અને તેથી વિંટાયેલા આત્માનું વિદ્યમાનપણું હોવાથી એ જ્ઞાન વિવિક્ત આત્મવિષય નહિ હોવાથી મનને આત્માનો સંયોગ વિવિક્ત આત્મબોધક નથી. તેનો તેવી રીતે અઙ્ગીકાર કરવાથી યોગાદિ સાધનની વ્યર્થતા આવે અને અનુભવવિરોધ પણ થાય. હવે કેટલાક બાહ્ય પુરુષો જ્ઞાનરૂપ પ્રકાશનો મદ (મદિરા) શક્તિની પેઠે પરમાણુંપુઞ્જધર્મત્વનો સ્વીકાર કરે છે એઓનો મત દૂષિત કરવાને માટે કહે છે કે જ્ઞાન જેનો ધર્મ છે તે પુઞ્જ જો બહાર હોય તો મૃત શરીરમાં પણ જ્ઞાન જણાય, પણ તેમ થતું નથી, માટે તે અંદર છે એમ કહેવું જોઈએ. તે પુઞ્જ કેશાણુકન્યાયથી દશ્ય હોય તો કોઈ પણ વખતે પ્રકાશ્ય થાય; અને તેમ થવાથી તેની પ્રસિદ્ધિ પણ થાય, પરન્તુ તેમ નથી, માટે જ્ઞાનધર્મવાન્ ઈતર પદાર્થથી નહિ પ્રકાશ્ય આત્મા ભિન્ન જ છે, પણ પરમાણુ પુઞ્જ ધર્મવાન્ નથી.

**યોગેનભગવદ્દષ્ટ્યા દિવ્યયા વા પ્રકાશતે ।।**
**આભાસ પ્રતિબિમ્બત્વમેવં તસ્યનચાઽન્યથા ।।૫૬।।**
**આનન્દાંશ તિરોધાનાત્તત્તદ્ધત્તેન ભાસતે ।।**
**માયાજવનિકાચ્છન્નંનાઽન્યથા પ્રતિબિમ્બતે ।।૫૭।।**

**અર્થ :** જીવ ત્રણ પ્રકારથી જોઈ શકાય છે, ૧.યોગવડે સાધિત્ થયેલા મનથી ૨.જે દૃષ્ટિવડે ભગવાન્ જોઈ શકાય છે તે દૃષ્ટિથી અને ૩.દિવ્ય જ્ઞાનદૃષ્ટિથી.

આનન્દાંશ તિરોહિત થવાથી જીવત્વ જણાય છે, અને તેથી જ તેનું (જીવનું) આભાસત્વ અથવા પ્રતિબિમ્બત્વ છે, બીજે પ્રકારે નથી. આનન્દાંશ આવિર્ભૂત થવાથી જીવસ્વરૂપ બ્રહ્મવત્ ભાસે છે. જો એમ ન હોય તો માયારૂપી પડદાથી ઢંકાયેલા ચૈતન્યનું પ્રતિબિમ્બ હોઈ શકે નહિ.

**પ્રકાશ :** ભાગવતમાં કહેલું છેકે શિશુપાળના દેહમાંથી નિકળેલું તેજ ભગવાન્માં

પ્રવિષ્ટ થયું તે સર્વ લોકોએ જોયું. આ ઠેકાણે તેજ નું દર્શન કહેવામાં આવ્યું છે. જો જીવ દેખાતો ન હોય તો આવા પ્રકારનું દર્શન શી રીતે ઘટે? આ શઙ્કાના ખુલાસામાં કહે છે કે જીવનું દર્શન ત્રણ પ્રકારે થઈ શકે છે ૧.યોગથી સાધિત્ થયેલા મનથી. ૨.જે દષ્ટિથી ભગવાન્ જોઈ શકાય છે તે દષ્ટિથી અને ૩.દિવ્ય જ્ઞાનદષ્ટિથી. જે લોકો ભગવાન્‌ને જોઈ શકતા હતા તે લોકોએ શિશુપાલના શરીરમાંથી નિકળેલું તેજ ભગવાન્‌માં પ્રવિષ્ટ થતાં જોયું.

આ પ્રકારે બ્રહ્મવાદમાં જીવના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું.

બ્રહ્મબિન્દુ ઉપનિષદ્‌માં કહ્યું છે કે ''એકધા દશધા ચૈવ દશ્યતે જલચન્દ્રવત્'' આ શ્રુતિ ઉપરથી કેટલાક માને છે કે જીવ એ બ્રહ્મનું પ્રતિબિમ્બ અથવા આભાસ છે. એ મતનું હવે નિરાકરણ કરવામાં આવે છે.

ઉપર કહેલું વાક્ય બ્રહ્મને પ્રતિપાદન કરનાર છે. તે જીવને પ્રતિપાદન કરતું નથી.

એ વાક્યનો અર્થ એવો થાય છે કે જેમ જળમાં પ્રતિબિમ્બિત ચન્દ્ર ઘણે રૂપે જણાય છે તેમ એક જ બ્રહ્મ ઘણેરૂપે જણાય છે. આ ઠેકાણે દષ્ટાન્તનો અર્થ એકનું બહુ જણાવું એ જ છે, પણ પ્રતિબિમ્બ નથી. શ્રીમદ્‌ભાગવતના સપ્તસ્કન્ધના પ્રહલાદજીના ''પ્રતિ મુખસ્ય યથા મુખશ્રીઃ'' એ વાક્યમાં પણ એવો જ અર્થ રહેલો છે. પ્રતિબિમ્બમાં રૂપસ્પર્શાદિયુકતપદાર્થનું રૂપ માત્ર જણાય છે, અથવા ક્રિયા પણ જણાય છે, પરન્તુ ધર્મનો સ્પર્શ જણાતો નથી. જો ધર્મનો સ્પર્શ થાય તો જલનો ચન્દ્ર પોતાનો ધર્મ છોડીને બિમ્બ (મૂલચન્દ્ર)ના ધર્મને ગ્રહણ કરે. શાસ્ત્રમાં કોઈ વાક્યમાં જીવને આભાસ અથવા પ્રતિબિમ્બ કહેલો છે, તેનું કારણ હવે કહેવામાં આવે છે. આનન્દાંશ તિરોહિત થવાથી જીવરૂપ થાય છે અને આવિર્ભૂત થયેલા આનન્દાશથી જીવ બ્રહ્મવત્ જણાય છે. જીવમાં બે અંશ (સત્ અને ચિત્) વિદ્યમાન હોવાથી કેવળ સદંશની સ્ફૂર્તિથી જીવ બ્રહ્મના અભાસરૂપ છે અને ચિદંશ અને સદંશ થી સ્ફૂર્તિથી તે પ્રતિબિમ્બ કહેવાય છે, અને ત્રણે અંશની સ્ફૂર્તિથી જીવનું બ્રહ્મત્વ કહેવાય છે, પણ જીવ લૌકિક આભાસ અથવા પ્રતિબિમ્બરૂપ નથી. તેમ હોય તો જીવસ્વરૂપ મિથ્યા થઈ જાય. આ કારણથી માયાવાદી સિવાયના તમામ મતવાળા જીવને ઉપર કહ્યા પ્રમાણે સત્ય માને છે. મિથ્યાવાદ યુક્તિબાધિત હોવાથી તે દૂષિત્ છે.

પ્રતિબિમ્બની સિદ્ધિને માટે વ્યવધાનની કલ્પના કરવી જોઈએ. તે વ્યવધાન માયાદિક જ હોઈ શકે. કોઈ પદાર્થની સામે આડો પડદો હોય તો તેનું પ્રતિબિમ્બ પડી શકતું નથી. તેજ પ્રમાણે બ્રહ્મ માયાથી ઢંકાયેલું હોવાથી તેનું પ્રતિબિમ્બ પડી શકતું નથી.

**આવરણભઙ્ગ :** રૂપ અને ઈન્દ્રિયસંન્નિકર્ષના અભાવથી ભાગવતમાં શિશુપાલના દેહમાંથી નિકળેલા જ્યોતિનું દર્શન શી રીતે સમ્ભવે? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કેઃબ્રહ્મવાદમાં પ્રપઞ્ચનું બ્રહ્મસ્વરૂપ હોવાથી પ્રપઞ્ચ સચ્ચિદાનન્દાત્મક છે. તેમ હોવાથી ''ઘ્રાણેનગન્ધ ઈ''. ઘ્રાણથી ગન્ધ, જીવ્હાથી રસ ઈત્યાદિ વાક્યાનુસારે સજાતીય ગ્રાહકત્વ નિયમિત છે તેથી જ લૌકિક ઈન્દ્રિયથી જે લૌકિક ગ્રહણ થાય છે તે સદંશથી સદંશનું ગ્રહણ છે અને તે સદંશ બાહ્ય છે.

જીવ ચિદંશ હોવાથી સદંશ ચક્ષુ તેને જોઈ શકતાં નથી; પણ ચક્ષુ આનન્દરૂપ થાય છે ત્યારે તે આનન્દ અંશને ગ્રહણ કરી શકે છે. યોગવડે મન સાધિત્ થાય છે ત્યારે તેમાં જ્ઞાનાંશ પ્રકટ થાય છે તેથી તેવું મન હૃદયની અંદર જ જીવાત્માને જોઈ શકે છે. બહાર જોઈ શકતું નથી. ભગવાન્‌ની એમ ઈચ્છા થાય કે મને બધા જુઓ ત્યારે દૃષ્ટિમાં જ્ઞાનાંશ આવિર્ભૂત થાય છે અથવા ભક્તિથી આનન્દાંશ પ્રકટ થવાથી તે દૃષ્ટિ ભગવાન્‌ને જોઈ શકે છે અને તેવી દૃષ્ટિ જીવને પણ જોઈ શકે છે. આનન્દાંશ પ્રકટ થવાથી જ્ઞાનનું પણ પ્રાકટ્ય થાય છે. એ પ્રકારે દિવ્ય જ્ઞાનદૃષ્ટિ પણ જીવને જોઈ શકે છે. વૃત્રાસુરના વધમાં દિવ્ય દૃષ્ટિવાળા દેવતાઓને વૃત્રાસુરના દેહમાંથી નિકળેલા જ્યોતિનું દર્શન થયું હતું અને શિશુપાલના વધમાં મનુષ્યોને ભગવદ્દર્શન હોવાથી શિશુપાલના દેહમાંથી નિકળેલા જ્યોતિનું દર્શન થયું. યોગસાધિત્ મનથી પોતાના જીવને હૃદયમાં જોઈ શકાય છે અને ભગવદ્દષ્ટિથી અને દિવ્યદષ્ટિથી બહાર દર્શન થાય છે તેમજ આન્તરદર્શન પણ થાય છે. આ પ્રકારે દર્શનસાધનના કથનથી પૂર્વે કહેલા બ્રહ્માંશનું દઢિકરણ કર્યું.

હવે પરમતને દૂષિત બતાવવામાં આવે છે, માયાવાદી જીવને પ્રતિબિમ્બ માને છે, બ્રહ્મબિન્દુ ઉપનિષદ્‌માં કહ્યું છે કે

**એક એવહિભૂતાત્મા ભૂતે-ભૂતે વ્યવસ્થિતઃ ।।**
**એકધા બહુધા ચૈવ દશ્યતે જલ ચન્દ્રવત્ ।।**

આ શ્રુતિનો અર્થ એવો થાય છે કે એક જ પરમેશ્વર દરેક શરીરમાં અંશથી રહેલા છતાં એક પ્રકારે અને બહુ પ્રકારે જણાય છે. જેમ ચન્દ્રમાં જલમાં ચન્દ્રરૂપથી એકધા છે અને સઙ્ખ્યા, કમ્પાદિરૂપથી બહુ પ્રકારે જણાય છે તેમ બ્રહ્મ પણ એક રૂપ છતાં અંશથી બહુ રૂપે જણાય છે. આ બ્રહ્મબિન્દુ ઉપનિષદ્‌માંનું દૃષ્ટાન્ત ગ્રહણ કરીને માયાવાદી જીવને બ્રહ્મનું પ્રતિબિમ્બ કહે છે માટે તે વાક્યનો આશય કહેવામાં આવે છે.

ઉપર કહેલું વાક્ય બ્રહ્મપ્રતિપાદક છે. તેથી બ્રહ્મ જ નાનારૂપે જણાવાનું શ્રુતિમાં દૃષ્ટાન્તથી બતાવ્યું છે પણ જીવ પ્રતિબિમ્બ છે તેમ બતાવ્યું નથી. જો શ્રુતિ જીવને પ્રતિબિમ્બરૂપ બતાવત તો એક દેશી મુખનું જ દૃષ્ટાન્ત મુક્ત, પણ સર્વદેશીય ચન્દ્રનું દૃષ્ટાન્ત મુક્ત નહિ. આ ઉપનિષદ્‌માં મનનું સ્વરૂપ બે પ્રકારનું કહેલું છે અને શુદ્ધ મનને વિષે બ્રહ્મ સમ્પત્તિરૂપ ફલ કહીને તેવા મનની સિદ્ધિને માટે પોતાને બ્રહ્માત્મભાવનારૂપ સાધનનો ઉપદેશ કરે છે અને ત્રણ મન્ત્રથી તે સાધન કહી જ્ઞેય બ્રહ્મનું સ્વરૂપ બતાવે છે એ રીતે શ્રુતિમાં બ્રહ્મનું સ્વરૂપ બતાવેલું છે તેથી અંશ અને અંશી ના અભેદ થકી જીવને બ્રહ્મઅભેદ ભાવના બતાવેલી છે. એ કારણથી એકનું નાનાત્વજ દૃષ્ટાન્તાર્થ થઈ શકે છે કારણ તે થકી આગલા મન્ત્રમાં જીવનું આકાશ તુલ્યત્વ કહેલું છે તે પ્રતિબિમ્બરૂપતામાં ઘટતું નથી, કેમકે પ્રતિબિમ્બ ખોટું છે. તેથી જ એકનું નાનાત્વ જ દૃષ્ટાન્તાર્થ સિદ્ધ થાય છે.

કદાપિ વાદી એમ શઙ્કા કરે કે અંશનો પ્રવેશ થાય તો પણ મણ્ડલ અને કલંકાદિ તેમાં પ્રવિષ્ટ થતાં નથી અને પ્રતીતિથી જણાતા એ ગુણોની તો અલીકતાજ છે માટે અલીકતાજ દૃષ્ટાન્તાર્થ છે. આમ જો કહે તો તેના ખુલાસામાં કહે છે કે તું બુદ્ધિમાન છે તેથી આયુષવાન થા. યુક્તિવડે વ્યવસ્થાપ્યમાન વ્યાપકાદિ કેટલાક ગુણોનું તથાત્વ સિદ્ધ થશે, પણ જીવસ્વરૂપનું તે પ્રમાણે થશે નહિ.

''યથાહ્યયં જ્યોતિરાત્મા વિવસ્વાનપો ભિન્નાબહુ ધૈકોનુગચ્છન્'' (જેમ આ જ્યોતિરૂપ સૂર્ય બહુ ભિન્નરૂપ જળમાં એક બહુ પ્રકારે ગમન કરતો જણાય છે.) એ શ્રુતિ અને ''ઉપમા સૂર્યકાદિવત્'' (આ હેતુને માટે સૂર્ય અને જળ ની ઉપમા બતાવી છે.) એ સૂત્ર એ બન્નેનો અર્થ ઉપર કહેલી શ્રુતિના વ્યાખ્યાનાનુસાર સમજી લેવો. એ બન્ને દૃષ્ટાન્ત એકના બહુત્વને માટે છે એમ

જાણવું.

કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે આ વ્યાખ્યાન અસઙ્ગત છે, કેમકે ભાગવતમાં મુખનું દૃષ્ટાન્ત પણ કહેલું છે અને પુરાણ શ્રુત્યર્થ નિર્ણાયક હોવાથી તેને અનુસરીને શ્રુતિ તાત્પર્ય કથન ઉચિત છે. એ શઙ્કાના ખુલાસાને માટે કહે છે કે એ વાક્યમાં પણ એજ પ્રકારનો અર્થ છે એટલે પ્રતિબિમ્બિત્ મુખની શોભા જેમ મુખ શોભાને આધીન છે તેમ ભગવદર્પિતક્રિયાને આધીન જીવક્રિયા છે પણ તે ઠેકાણે પ્રતિબિમ્બત્વમાં દૃષ્ટાન્ત નથી ત્યારે પ્રતિબિમ્બ શું? એમ શઙ્કા થાય ત્યાં કહે છે કે રૂપસ્પર્શાદિક્રિયાને આધીન જીવક્રિયા છે. રૂપસ્પર્શાદિયુક્ત પદાર્થના રૂપાંશ માત્રના જ્ઞાનને પ્રતિબિમ્બ કહે છે અને તેમાં ક્રિયાનું પણ જ્ઞાન રહેલું છે. 'ચ'કારથી સઙ્ખ્યા, પરિમાણ, પ્રથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વાપરત્વ, સમુચ્ચાયક એ પણ રૂપની સાથે સમજી લેવાં. તેમ હોવાથી ધર્મીસમ્બન્ધી દર્પણ આદિ સમ્બન્ધવડે રૂપક્રિયા સઙ્ખ્યાદિનું જ્ઞાન તેને પ્રતિબિમ્બ કહે છે. આથી પ્રતિબિમ્બ કાંઈ વસ્તુ છે એમ સિદ્ધ થતું નથી. ત્યાં વાદી એમ શઙ્કા કરે છે જો તમે જીવની બ્રહ્મરૂપતા જ કહો છો તો ''આભાસ એવચ'' (બ્ર.સૂ.૨/૩/૫૦) એ સૂત્રમાં આભાસરૂપત્વ કહેલું છે તે શી રીતે ઘટે? ત્યાં કહે છે કે જ્યારે હું ગૌર છું એવી દેહવિશિષ્ટ આધિભૌતિકની જીવને સ્ફુર્તિ થાય ત્યારે તે જીવ આભાસ કહેવાય છે દેહ વ્યતિરિક્ત હું ચેતન છું એવી રીતની આધ્યાત્મિકની સ્ફુર્તિ થાય ત્યારે તે જીવ પ્રતિબિમ્બરૂપ છે અને હું બ્રહ્મ છું એવી આધિદૈવિક સ્ફુર્તિ થાય ત્યારે તે જીવ બ્રહ્મરૂપ છે. જેમ બ્રાહ્મણત્વ ધર્મરહિતને બ્રાહ્મણાભાસ કહેવામાં આવે છે તેમ બ્રહ્મધર્મની સ્ફુર્તિ ન હોય ત્યારે જીવને બ્રહ્માભાસ કહેવામાં આવે છે, પરન્તુ લોકપ્રસિદ્ધ આભાસ પ્રતિબિમ્બ જીવ નથી. જીવને આભાસ કે પ્રતિબિમ્બ કહેવાથી જીવનું સ્વરૂપ જ મિથ્યા થઈ જાય છે. તેથી આભાસ, પ્રતિબિમ્બ અને બ્રહ્મત્વબોધક વાક્યોનો કોઈ પણ પ્રકારે વિરોધ નથી. એ પ્રમાણે પોતાનો મત સ્થાપન કરીને માતાન્તરીય પ્રતિબિમ્બ પક્ષમાં જીવના સ્વરૂપનું મિથ્યાત્વ થઈ જાય એ મહાન દોષ છે એમ બતાવ્યું. બીજાં પણ દૂષણોનું સૂચન કરવામાં આવે છે.

પ્રતિબિમ્બવાદને વિષે છ પક્ષ છે તેમાં પહેલો પક્ષ એવો છે કે અનાદિ અનિર્વાચ્ય ભૂતપ્રકૃતિચિન્હમાત્રસમ્બન્ધિની માયા છે તેમાં પડેલું ચૈતન્યનું

પ્રતિબિમ્બ ઈશ્વર કહેવાય છે અને તેજ માયાના પરિચ્છિન્ન અનન્ત પ્રદેશરૂપ આવરણવિક્ષેપશક્તિવાળી અવિદ્યાઓને વિષે પડેલાં પ્રતિબિમ્બ જીવ છે.

બીજો પક્ષ ત્રિગુણાત્મક મૂળ પ્રકૃતિનાં અવિદ્યા અને માયા એ બે રૂપ શ્રુતિ સિદ્ધ છે તેમાં રજો અને તમો ગુણથી નહિ પરાભવ થયેલ શુદ્ધસત્ત્વ પ્રધાનમાયા છે. તેમાં પડેલું ચૈતન્યનું પ્રતિબિમ્બ ઈશ્વર છે. રજ અને તમો ગુણથી પરાભવ થયેલી મલિન સત્ત્વપ્રધાન અવિદ્યા છે તેમાં પડેલું ચૈતન્યનું પ્રતિબિમ્બ જીવ છે.

ત્રીજો પક્ષ એવો છે કે વિક્ષેપશક્તિ પ્રાધાન્યવડે માયા શબ્દ વાચ્ય મૂળપ્રકૃતિમાં ચૈતન્યનું પ્રતિબિમ્બ ઈશ્વર છે અને આવરણ શક્તિ પ્રાધાન્યથી અવિદ્યા શબ્દવાચ્ય પ્રકૃતિમાં જ પડેલું ચૈતન્યનું પ્રતિબિમ્બ જીવ છે.

ચોથો પક્ષ એવો છે કે અવિદ્યામાં ચૈતન્યનું પડેલું પ્રતિબિમ્બ એજ ઈશ્વર છે અને અન્તઃકરણને વિષે ચૈતન્યનું પડેલું પ્રતિબિમ્બ એ જીવ છે.

પાંચમો પક્ષ એવો છે કે ઘટાકાશ, જલાકાશ, માહાકાશ અને મેઘાકાશ ની પેઠે કૂટસ્થ, જીવ, બ્રહ્મ, ઈશ્વર ભેદવડે ચાર પ્રકારનું ચૈતન્ય છે; સર્વ પ્રાણીની બુદ્ધિની વાસના વિદ્યમાન છતાં બ્રહ્માશ્રિત માયા તમ ને વિષે ચૈતન્યનું પડેલું પ્રતિબિમ્બ એ ઈશ્વર છે. સ્થૂલ, સૂક્ષ્મદેહાવચ્છિન્ન ચૈતન્યસ્થિતિથી માયાકલ્પિત અન્તઃકરણમાં ચૈતન્યનું પડેલું પ્રતિબિમ્બ જીવ છે. આ પ્રકારે પ્રતિબિમ્બેશ્વરવાદીના પાંચ પક્ષ છે.

છઠ્ઠા બિમ્બેશ્વર વાદી મતમાં જીવોપાધિ અન્તઃકરણવડે અવચ્છિન્ન ચૈતન્ય બિમ્બભૂતઈશ્વર છે અને અજ્ઞાનમાં પડેલું તેનું પ્રતિબિમ્બ જીવ છે. તેમાં પણ અજ્ઞાનના પરિણામભૂત અન્તઃકરણ જીવનું વિશેષ અભિવ્યક્તિસ્થાન છે. આ છ પક્ષોને અને બીજાઓને મનમાં ધારણ કરીને અનાયાસે દૂષિત કરવાને માટે દૂષણ આપવામાં આવે છે.

આવરણવિક્ષેપરહિત પ્રકૃતિને વિષે જે પ્રતિબિમ્બનો સ્વીકાર કરે છે તેના મતમાં ઈશ્વરસિદ્ધ થતો નથી. અતિ સ્વચ્છ વસ્તુને વિષે પ્રતિબિમ્બ પડતું નથી (કાચને પણ પાછળ પારો ચડાવી અસ્વચ્છ કરવામાં આવે છે ત્યારે તેમાં પ્રતિબિમ્બ દેખાય છે.) સ્ફાટિકાદિમાં તેવો નિશ્ચય થાય છે કંઈક દૂર થકી મલિનશક્તિના સમ્બન્ધથી વક્તિ ઉપનેત્ર (ચશ્માં)ની પેઠે પ્રતિબિમ્બ પ્રતિપાદન

કરાય, તો પણ સૃષ્ટિની પૂર્વે આકાશાદિ નહિ ઉત્પન્ન થવાથી (તે કારણમાં વિદ્યમાન હોવાથી) બહાર અવકાશનો અભાવ હોય છે તેથી વ્યવધાનને અભાવે પ્રતિબિમ્બ પડવાનો અસમ્ભવ છે. કદાપિ ગૃહિલપણા (હઠ) થી બહાર અવકાશ સ્વીકારવામાં આવે ત્યારે ઈશ્વર અને ચૈતન્ય પ્રાદેશિક થવાથી વ્યાપકત્વની હાનિ આવે અને આકાશસમ્ભવ શ્રુતિનો વિરોધ આવે. વળી આવરણાદિશક્તિમાન માયા પ્રદેશમાં જીવનો જે પ્રતિબિમ્બ સ્વીકારે છે તે આવરણશક્તિનું આન્તરાલિકત્વ હોવાથી જીવ પ્રતિબિમ્બ ઘટી શકે એમ નથી. વળી અનાન્તરાલિક માને તો તેના અસમ્બન્ધથી જીવને અજ્ઞત્વનો અનુભવ પ્રતિપાદન થઈ શકે એમ નથી. આ પ્રકારે પ્રથમપક્ષ સમ્ભવતો નથી.

એટલા જ કારણથી બીજો પક્ષ પણ તેવો જ છે, કેમકે માયા અને અવિદ્યા બન્નેના વ્યાપકત્વને લીધે અને રજ તમથી અનભિભૂતત્વ અને અભિભૂતત્વ સર્વત્ર હોવાથી માયા અને અવિદ્યા ના વિવેકનો અસમ્ભવ થાય છે તેથી બે પ્રતિબિમ્બનો પણ અવિવેક થતાં જીવ ઈશ્વરવિભાગ જ ઘટતો નથી. માયા અને અવિદ્યા ને અવ્યાપક ગણે તો જીવ અને ઈશ્વર ની વ્યાપકતાની હાનિનો પ્રસઙ્ગ આવે.

જો માયાનું વ્યાપકત્વ અને બહાર સર્વત્ર સ્વચ્છત્વ ગણે અને માયામાં રહેલી અવિદ્યાનું મલિન સ્વચ્છત્વ સ્વીકારે, તો પછી વ્યાપકને વિશે પ્રતિબિમ્બનું અદર્શન હોવાથી ઈશ્વર ઘટી શકે નહી અને બહાર રહેલા ચૈતન્યને માયાના અંશ રજ અને તમો ગુણથી અવિદ્યાનું વ્યવધાન હોવાથી તેનું પ્રતિબિમ્બ પડવાનો અસમ્ભવ છે તેથી જીવ પણ ઘટતો નથી. કાંઈક દૂરત્વના અવકાશની કલ્પના કરવામાં આવે તો પૂર્વે કહેલું દૂષણ (વ્યાપકત્વ હાનિ) આવે માટે બીજો પક્ષ પણ ઘટતો નથી.

ત્રીજા પક્ષમાં પણ ઉપર કહેલા દોષ આવે છે.

ચોથો પક્ષ અવિદ્યાને બુદ્ધિ શુદ્ધ નહિ હોવાથી એમાં પ્રતિબિમ્બ પડી શકતું નથી. આ વાત સર્વનિર્ણયમાં વિસ્તારથી બતાવી છે એમાં પૂર્વે કહેલાં દૂષણ પણ આવે છે.

પાંચમાં પક્ષમાં આકાશ દષ્ટાન્તવડે ચૈતન્ય દ્વિગુણિત પ્રકારથી બે રીતે કહેવામાં આવ્યું છે, તો પણ દષ્ટાન્તાનુસાર ઉપાધિરહિતનું જ પ્રતિબિમ્બ પડે છે

તેથી અને આન્તરાલિક માયા તમ ઘાડ અવયવવાળું હોવાથી તથા બુદ્ધિવાસના વ્યવધાનરૂપ હોવાથી ઈશ્વરનો અસમ્ભવ છે. વિરલ અવયવાદિરૂપનો સ્વીકાર કરવામાં આવે તો માયાનો હેતુ રહે નહિ અથવા આ પક્ષને સ્વભાવવાદની આપત્તિ આવે, પ્રતિબિમ્બ સિદ્ધિને માટે તેવા સ્વભાવની સિદ્ધિ હોવી જોઈએ અને સ્વભાવ સિદ્ધિ થવાને માટે પ્રતિબિમ્બની સિદ્ધિ હોવી જોઈએ. એ પ્રકારે અન્યોઅન્યાશ્રય આવે છે. એ જ પ્રમાણે અન્તઃકરણના પ્રતિબિમ્બમાં પણ માયા વગર અન્તઃકરણની સ્થિતિ નહિ હોવાને લીધે પૂર્વે કહેલા દોષ આવે છે. માયામાં પડેલા ચૈતન્યના પ્રતિબિમ્બને ઈશ્વરની કલ્પના કરીને મલિન સત્વ અવિદ્યામાં અથવા તેવા અન્તઃકરણમાં ઈશ્વરના પ્રતિબિમ્બને જેઓ જીવ માને છે તેઓના મતમાં પણ માયાનું વ્યવધાન હોવાથી ઈશ્વરનું પ્રતિબિમ્બ જીવ સિદ્ધ થઈ શકે એમ નથી. માયાનું બહારથી સર્વ પ્રકારે સ્વચ્છત્વ સ્વીકારવામાં આવે તો અસ્વછાંશનો અન્તઃકરણ અને અવિદ્યા ને વિષે સમ્ભવ થઈ શકે નહિ, એ દોષ આવે છે જો માયાનું શુદ્ધસત્વ અને અંદર અશુદ્ધસત્વ અવિદ્યાનો અઙ્ગીકાર કરીને અવિદ્યાની અંદર રજ અને તમો ગુણનો સ્વીકાર કરીએ તો પ્રથમ પક્ષમાં કહેલો દોષ આવે છે.

છઠ્ઠા બિમ્બેશ્વરવાદમાં જીવ ઉપાધિ અવચ્છિન્ન ઈશ્વરને ઉપાધિ સમ્બન્ધથી અન્તરાળના અભાવથી પ્રતિબિમ્બનો અસમ્ભવ છે અને ઈશ્વરના બિમ્બત્વનો પણ અસમ્ભવ છે. આ બધા પક્ષો ધ્યાનમાં લઈને આચાર્યે કહેલું છે કે બીજે પ્રકારે એટલે આનન્દાંશ તિરોધાન વગર માયાવાદમાં કહ્યા પ્રમાણે પ્રતિબિમ્બની સિદ્ધિ થતી નથી.

**તત્રવૃત્તેર્દ્વાસુપર્ણાશ્રુતેરપિ વિરુધ્યતે ।।**
**ગુહાં પ્રવિષ્ટાવિત્યુકતેર્ભગવદ્વચનાદપિ ।।૫૮।।**

**અર્થ :** 'દ્વાસુપર્ણા' શ્રુતિ થકી તેમજ 'ગુહાં પ્રવિષ્ટાં' (બ્ર.સૂ.૧/૨/૧૧) એ સૂત્ર થકી જીવ અને ઈશ્વર ની સ્થિતિ એક સ્થળે હોવાથી પ્રતિબિમ્બવાદમાં વિરોધ આવે છે, તેમજ ગીતા વાક્યથી પણ વિરોધ આવે છે.

**પ્રકાશ :** જીવને પ્રતિબિમ્બ સ્વીકારવાથી બીજાં દૂષણ પણ આવે છે. જે જેમાં વ્યાપિ રહ્યું હોય તેમાં તેનું પ્રતિબિમ્બ પડતું નથી. ઉપર રહેલું ભ્રાન્તિથી પ્રતીત થયેલું આકાશ જલમાં પ્રતિબિમ્બિત થાય છે, વસ્તુતાથી પ્રભામણ્ડળનું જ રૂપ થકી

પ્રતિબિમ્બ પડે છે અને તે પ્રકારે ભ્રાન્તિથી પ્રતીત નીલરૂપની પણ ગન્ધર્વનગરની પેઠે વસ્તુ સામર્થ્ય થકી તેવી પ્રતીતિ થાય છે, પણ સર્વ પ્રકારે દર્પણરેખાની પેઠે તેમાં વિદ્યમાન વસ્તુ પ્રતિબિમ્બિત થઈ શકતી નથી.

**દ્વાસુપર્ણા સયુજાસખાયૌ સમાનંવૃક્ષં પરિષસ્વજાતે ।।**

**તયોરન્યઃ પિપ્પલંસ્વાદ્વત્યનશ્નન્નડન્યો અભિચાકશીતિ ।।**

**અર્થ :** બે પક્ષીઓ સાથે રહેનારા અને સખા છે, તે એક વૃક્ષ પ્રતિ આલિઙ્ગન કરતા હતા, તે બેમાંનો એક સ્વાદુ ફલ ખાય છે ને બીજો નહિ ખાતો છતાં જુએ છે. (મુણ્ડકોપનિષદ) ૧

આ શ્રુતિમાં જીવ કર્મ ફલનું ભક્ષણ કરે છે એ વાક્યથી પ્રતિબિમ્બને ક્રિયા અને બિમ્બને મૌનભાવ કહેવામાં આવે છે એ પ્રત્યક્ષ વિરુદ્ધ છે કેમકે પ્રતિબિમ્બની ક્રિયા કેવળ બિમ્બાધીન જ હોય. વળી પ્રતિબિમ્બ અને બિમ્બ ની એક ઠેકાણે સ્થિતિ હોતી નથી, પણ શ્રુતિમાં 'સયુજા' શબ્દથી તેઓની એકત્ર સ્થિતિ બતાવેલી છે. આ કારણથી પ્રતિબિમ્બ કલ્પના શ્રુતિ વિરુદ્ધ છે ''ગુહાં પ્રવિષ્ટા'' એ સૂત્રમાં જીવ અને ઈશ્વર ની એક હૃદયગુહામાં સ્થિતિ કહેલી હોવાથી પ્રતિબિમ્બ કલ્પના સૂત્ર વિરુદ્ધ પણ છે.

ગીતાજીના ''મમૈવાંશો જીવલોકે'' ઈ. ''ઉત્ક્રામન્તંસ્થિતંવાપિ'' ઈ. એ વાક્યોથી પણ પ્રતિબિમ્બ કલ્પના વિરુદ્ધ છે.

**આવરણભઙ્ગ :** જે જેમાં વ્યાપિને રહે છે તેમાં તેનું પ્રતિબિમ્બ પડતું નથી. ત્યાં વાદી એમ શઙ્કા કરે કે તે દૂષણયુક્ત નથી કેમકે આકાશ વ્યાપક હોવા છતાં તેનું પ્રતિબિમ્બ જળમાં પડે છે. આ શઙ્કાના ખુલાસામાં કહે છે કે આકાશનો જલાન્તરગત અસમ્બન્ધ પ્રદેશ જળમાં પ્રતિબિમ્બિત થાય છે, તેમ ઈશ્વરને વિષે બનતુ નથી, કેમકે જીવ અને ઈશ્વર ની સાથે સ્થિતિ છે. વળી પ્રતિબિમ્બ ચક્ષુગ્રાહ્ય હોવાથી અદષ્ટ શ્રુતિનો વિરોધ આવે પ્રદેશભેદનો અઙ્ગીકાર કરવમાં આવે તો અદષ્ટશ્રુતિનો ('તદેતત્ અદશ્ય' મુણ્ડક) વિરોધ તો રહે જ. ત્યાં કદાપિ એમ કહેવામાં આવે કે પ્રતિબિમ્બમાં યોગ્યત્વ નિયામક નથી કેમકે વિભાગ કરેલી બે આંગળીની મધ્યે રહેલા અવકાશનું પણ પ્રતિબિમ્બ દેખાય છે. એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે રૂપવાન વસ્તુનું જ પ્રતિબિમ્બ પડે છે. ચક્ષુ ગ્રાહ્યત્વ પ્રતિબિમ્બ નિયામક ન હોય તો વાયુ પણ પ્રતિબિમ્બિત થાય, તેમાં અદષ્ટ

પ્રતિબન્ધક છે એમ પણ કહી શકાય નહિ. રૂપવાન વસ્તુ જ પ્રતિબિમ્બ યોગ્ય હોવાથી અન્ય કલ્પના અપ્રામાણિક છે. દૃષ્ટ સામગ્રીની અપેક્ષા પણ પ્રતિબિમ્બમાં રહે છે. એમ ન હોય તો કાર્ય માત્રની અદૃષ્ટથી સિદ્ધિ થવાથી દણ્ડાદિમાં ઘટાદિ કારણતાના ભઙ્ગનો પ્રસઙ્ગ આવે માટે પ્રભામણ્ડળનું જ પ્રતિબિમ્બ છે એ કહેવું યથાર્થ છે. પ્રકાશમાં 'રૂપવતઃ' પદથી ચક્ષુગ્રાહ્યત્વનું પ્રતિબિમ્બપ્રયોજકત્વ કથન વિરુદ્ધ છે એમ સમજવું નહિ. "ગુણાદ્વાલોકવત્" (બ્ર.સૂ.૨/૩/૨૫) એ સૂત્રમાં પ્રભાને ગુણ કહેલો છે. એ જ પ્રકારે બે આંગળીઓ વચ્ચેના અવકાશનું પ્રતિબિમ્બ પણ પ્રભામણ્ડળનું જ પ્રતિબિમ્બ છે અને તેના બાહુલ્યથી અવકાશ બાહુલ્યાદિની પ્રતીતિ થાય છે. એમ ન હોય તો પૂર્વોક્તરીતિથી આકાશ પણ ચક્ષુઈન્દ્રિયગ્રાહ્ય થઈ જાય અને જો તેમાં ઈષ્ટાપત્તિ હોય તો તેના જ દૃષ્ટાન્તવડે બ્રહ્મને વિષે પણ ચાક્ષુષત્વ થવાથી પરાઞ્ચિખાનિ એ શ્રુતિનો વિરોધ આવે અને માયાવાદીના સિદ્ધાન્તને હાનિ થાય.

કદાપિ એમ શઙ્કા થાય કે યોગ્યત્વ પ્રતિબિમ્બ નિયામક હોવાથી આકાશનું નીલત્વપ્રતિબિમ્બિત થાય નહિ કારણ કે આકાશ રૂપ વગરનું હોવાથી તેમાં નીલત્વ ભાસે છે તે ભ્રાન્તપ્રતિપન્ન છે અને નીલત્વ અસત્ હોવાથી તેની યોગ્યતા કહી શકાતી નથી. ત્યાં કહે છે કે ઉપર રહેલ આકાશ વસ્તુ સામર્થ્યથી નીલરૂપતાવડે જેમ ભ્રાન્તિથી પ્રતીત થાય છે તેમ આકાશ નામની વસ્તુના સ્વભાવ થકી ભ્રાન્તિ વિષય નીલરૂપના પ્રતિબિમ્બત્વની પ્રતીતિ ગન્ધર્વનગરની પેઠે થાય છે. તેમ હોવાથી જેમ ચક્ષુ યોગ્યત્વ પ્રતિબિમ્બમાં નિયામક છે તેમ વસ્તુ સ્વભાવ આકાશના યોગ્યત્વમાં નિયામક છે તેથી યોગ્યત્વ હોવાને લીધે બિમ્બ-પ્રતિબિમ્બ બન્નેની પણ વસ્તુ સામર્થ્યવડે પ્રતીતિ અવિરુદ્ધ છે. આ વિષયનો અમે પ્રસ્થાન રત્નાકરમાં વિશેષ વિચાર કરેલો છે. વળી તેના મતમાં પણ નીલત્વનું આકાશપુષ્પની પેઠે સર્વથા સત્યત્વ નથી પણ માયિકત્વ છે. એ પ્રકારે તેવા સ્થળમાં અનિર્વચનીય ખ્યાતિનું અવલમ્બન કરનારના મતમાં પણ વસ્તુ સ્વભાવ જ ગતિ છે, તેથી પ્રકાશમાં ગન્ધર્વનગરની પેઠે પ્રતીત નીલરૂપ કહેલું છે. આ હેતુથી બન્ને મતમાં પ્રતીતિતુલ્ય હોવાને લીધે તેનાથી અયોગ્ય પ્રતિબિમ્બ સિદ્ધિ થતી નથી. એ જ પ્રકારે પોતાની ઈચ્છાથી સામર્થ્યવડે બ્રહ્મદૃષ્ટિ વિષય થવાથી દર્પણાદિકમાં તેનું પ્રતિબિમ્બ પડે તો પણ દોષરૂપ નથી પરન્તુ પરમત રીતિથી

અયોગ્યતાદશામાં પ્રતિબિમ્બ ઘટતો નથી. આ આશય અહીં બતાવેલો છે, માટે કોઈ પણ તર્કનો અવસર નથી. આ પ્રકારે દિશામાત્રથી કહેવામાં આવેલું છે. ત્યાં વાદી કહે છે કે ભલે એ પ્રમાણે હો તો પણ વ્યાપ્યવસ્તુમાં રહેનાર પ્રતિબિમ્બ ન થઈ શકે એમ નથી, કેમકે વ્યાપ્યમાં રહેનાર પ્રભામણ્ડળનું પણ પ્રતિબિમ્બ દેખાય છે. એ શઙ્કાના ખુલાસામાં કહેવામાં આવે છે કે તે સંયુક્ત અતિરિક્ત પ્રભામણ્ડળનું તેમાં પ્રતિબિમ્બ છે તેથી પૂર્વે કહેલું તે જ યથાર્થ છે કેમકે સંયુક્ત વસ્તુનું જ પ્રતિબિમ્બ પડતું નથી, પણ અન્ય સમ્બન્ધવાળી વસ્તુનું પ્રતિબિમ્બ પડવામાં બાધ નથી. જે દર્પણના સમાન દેશમાં લખેલી, ખોદેલી અથવા નિર્માણ કરેલી રેખાનું એક દેશાવચ્છેદથી પ્રતિબિમ્બ પડી શકતું નથી, તેમજ સંયુક્ત વસ્તુનું પ્રતિબિમ્બ પડી શકે નહિ.

વળી વાદી એમ કહે કે બ્રહ્મ અને અવિદ્યા બન્ને વ્યાપક છે એમ અમે સ્વીકાર કરીએ છીએ તેથી તે બન્નેનો સંયોગાદિ સમ્બન્ધ નથી, પરન્તુ સ્વરૂપસમ્બન્ધ છે તેથી પૂર્વે કહેલો દોષ આવતો નથી. આ કહેવું યોગ્ય નથી, કેમકે તેમ કહેવાથી સ્ફાટિકમાં સ્ફાટિકનું અને ઘટાવચ્છિન્ન આકાશમાં ઘટનું પણ પ્રતિબિમ્બ પડવું જોઈએ અને તું પણ પ્રતિબિમ્બ અને આભાસવાદ ને છોડી દઈને અવચ્છિન્ન વાદનો અઙ્ગીકાર કરે છે.

જો આભાસ અને પ્રતિબિમ્બ થી ઈચ્છિત સિદ્ધ થતું હોય તો ત્રીજો વાદ સ્વીકારવાની જરૂર રહે નહિ. પ્રકાશમાં કહ્યું છે કે સર્વ પ્રકારે દર્પણરેખાની પેઠે તેમાં વિદ્યમાન વસ્તુ પ્રતિબિમ્બિત થતી નથી, એટલે એમ સિદ્ધ થયું કે ચક્ષુયોગ્ય અવ્યાપ્યવૃત્તિ પ્રતિબિમ્બિત થાય છે અને તદ્વિરૂદ્ધ પ્રતિબિમ્બિત થતું નથી.

જો વાદી એમ કહે કે વસ્તુ સ્વભાવથકી પ્રતિબિમ્બ પડે છે તો તેના ખુલાસામાં કહે છે કે પ્રતિબિમ્બની કલ્પના કરીએ તો 'દ્વાસુપર્ણા' શ્રુતિનો વિરોધ આવે છે.

જો વાદી એમ કહે કે સ્વભાવવાદના અઙ્ગીકારથી એ દોષ આવતો નથી તો તેના જવાબમાં કહે છે કે શ્રુતિમાં કહ્યા પ્રમાણે એક ઠેકાણે બન્નેની સ્થિતિ અને વિરુદ્ધ ધર્મ, એવો વસ્તુ સ્વભાવ હોતો નથી માટે વસ્તુ સ્વભાવથી પણ પ્રતિબિમ્બ સિદ્ધ થતું નથી.

કદાપિ વાદી એમ શઙ્કા કરે કે શ્રુતિમાં એકત્ર સ્થિતિનો બોધ નથી કેમકે

સમાન વૃક્ષમાં દેશભેદ પણ કહી શકાય છે. તે શઙ્કાના ખુલાસાને માટે કહે છે કે ''ગુહાં પ્રવિષ્ટાવાત્માનૌહિ તત્દર્શનાત્'' એ સૂત્રમાં કહ્યું છે કે એક ગુહાને વિષે બન્ને પ્રવિષ્ટ છે. સૂત્રથી એકત્ર સ્થિતિ બતાવેલી છે તેથી જેમાં સ્થિતિ હોય તેમાં પ્રતિબિમ્બ પડે નહિ.

વળી વાદી એમ શઙ્કા કરે કે 'ગુહાંપ્રવિષ્ટૌ એ શ્રુતિમાં જીવને છાયાત્વ કહેલું છે અને છાયા પ્રતિબિમ્બ તુલ્ય છે તેથી પ્રતિબિમ્બ કહેવામાં બાધ આવતો નથી. ત્યાં કહે છે કે ગીતામાં જીવને અંશત્વ કહેવાથી છાયા પદનો અર્થ કાન્તિ (તેજ, પ્રકાશ) થાય છે. 'ભોગલિઙ્ગાચ્ચ' (બ્ર.સૂ.૪/૪/૨૧) એ સૂત્રથી અંશત્વ જ સમ્ભવે છે એમ ન હોય તો શ્રુતિ, સ્મૃતિ અને સૂત્ર માં લક્ષણ નહિ ઘટવાથી વાક્યવિરોધ આવે.

વાદી એમ કહે કે ઉપાધ્યવચ્છિન્નત્વ ગ્રહણ કરીને સ્મૃતિમાં અંશત્વ કહેલું છે ત્યાં કહે છે કે ''ઉત્ક્રામન્તમ્'' એ ગીતા વાક્યથી અંશત્વને અભાવે વાદીના મતથી ક્રિયા ઘટી શકતી નથી તેમજ ઉપાધિની ક્રિયા ગ્રહણ કરીને જીવની ઉપચારક્રિયા કહેવાય છે એ પણ ઘટતું નથી, કેમકે ''તમુત્ક્રામન્તમ્'' એ શ્રુતિમાં ઉપાધિક્રિયા જીવની ક્રિયા પછી કહેલી છે. અહીં (ગીતાના વાક્યમાં) પણ એ પ્રકારે હોવાથી દેહની ક્રિયાને ઔપાધિકક્રિયા કહેવી તે અશક્ય છે, કેમકે પ્રાણ, ઇન્દ્રિયાદિ સિવાય ક્રિયાવાળી ઉપાધિ બીજી છે જ નહિ. વિશેષ અવિરોધાધ્યાયના ભાષ્ય થકી જાણી લેવું.

વળી અવચ્છિન્નવાદ અને પ્રતિબિમ્બવાદ એ બન્ને વાદો શ્રુતિથી અસઙ્ગત છે. 'શ્વેતાશ્વતર' ઉપનિષદ્માં ''અઙ્ગુષ્ટ માત્રોરવિ તુલ્યરૂપઃ સઙ્કલ્પાહઙ્કારસમન્વિતો યઃ'' એ શ્રુતિમાં જીવને સઙ્કલ્પ અને અહઙ્કાર નો યોગ કહેલો છે, પણ અવચ્છેદ કે પ્રતિબિમ્બ પણ ઉપાધિ યુક્તત્વ પ્રયોગ કહેલો નથી. ઘટયુક્ત, ઘટાકાશ અને દર્પણયુક્ત પ્રતિબિમ્બ એવો કોઈ ઠેકાણે પ્રયોગ હોઈ શકતો નથી, પણ જીવ એવું નામાન્તર શ્રુતિમાં દેખાય છે, માટે અવચ્છિન્નવાદ યુક્ત નથી. ઘટાવચ્છિન્ન આકાશમાં નામાન્તર હોતું નથી. વળી એમ ન સમજવું કે પૂર્વ દિશા ઇત્યાદિ વ્યવહારમાં નામાન્તર હોવાથી ઉપર કહેલો દોષ આવતો નથી, કેમકે પૂર્વાદિદિશાનું બહુત્વ હોવાથી તે દેશાવચ્છેદ્ય નથી. વિશેષ વિદ્વનમણ્ડનમાં અવદ્યોપાધિ પક્ષ દૂષિત કરેલો છે, માટે આ વિષયને વિષે અમે અહીં વિરામ

પામીએ છીએ.

**જીવહાનિસ્તદા મુક્તિર્જીવન્મુક્તિ વિરુધ્યતે ।।**
**લિઙ્ગસ્ય વિદ્યમાનત્વાદવિદ્યાયાં તતોઽપિહિ ।।૫૯।।**

**અર્થ :** જો જીવને પ્રતિબિમ્બ માનીએ તો જીવના સ્વરૂપનો નાશ એ મુક્તિ કહેવાય અને લિઙ્ગ શરીર વિદ્યમાન હોવાથી જીવનમુક્તિ ઘટી શકે નહિ. અવિદ્યામાં પ્રતિબિમ્બ કહેવામાં આવે તોપણ તેમાં તેનો બોધ કાયમ રહે છે.

**પ્રકાશ :** આ પ્રકારે પ્રમાણથી બાધ કરીને બે શ્લોકવડે યુક્તિથી પ્રતિબિમ્બવાદ ખોટો છે એમ બતાવવામાં આવે છે. પ્રતિબિમ્બ પક્ષમાં જીવનો નાશ એ જ મુક્તિ થાય છે. આત્મનાશ અપુરુષાર્થ હોવાથી મોક્ષનું અપુરુષાર્થત્વ થઈ જાય છે, અથવા જીવનું અસત્યત્વ થવાથી આસુર બ્રહ્મવિદ્યામાં પ્રવેશ થાય છે. લિઙ્ગ વિદ્યમાન હોવાથી જીવન મુક્તિ ઘટી શકતી નથી. પ્રતિબિમ્બ કયાં પડે છે એમ પ્રશ્ન થતાં તે અન્તઃકરણ અથવા અવિદ્યામાં પડે છે એમ કહેવું જોઈએ. એ બન્ને અશુદ્ધ હોવાથી પ્રતિબિમ્બ ઘટતું નથી. એમ કરતાં પણ દુરાગ્રહથી પ્રતિબિમ્બ પડે છે એમ માને તો લિઙ્ગ પક્ષમાં ઉપાધિ વિદ્યમાન હોવાથી સંસાર જ ઘટે છે અને તેને અભાવે પરમમુક્તિ ઘટે, પણ કોઈ પ્રકારે જીવનમુક્તિ ઘટી શકતી નથી. અવિદ્યામાં પ્રતિબિમ્બ પડે છે એમ કહેવામાં આવે તો પ્રથમ પક્ષ કરતાં પણ જીવનમુક્તિમાં પ્રતિબિમ્બ વધારે વિરુદ્ધ છે, કેમકે જ્યાં સુધી અવિદ્યા હોય ત્યાં સુધી મુક્તિ કહેવાય નહિ.

**આવરણભઙ્ગ :** એ પ્રકારે પૂર્વે કહેલા વેદાદિ ચતુષ્ટયની એક વાક્યતાથી શાસ્ત્રાર્થ વિચારવડે જીવની મતાન્તરાભિમત પ્રતિબિમ્બરૂપતા જેવી રીતે દૂષિત કરી તે જ પ્રમાણે પરમત પ્રસિદ્ધ યુક્તિથી પ્રતિબિમ્બતા બાધિત છે એમ કહેવામાં આવે છે.

પ્રતિબિમ્બવાદ માનવામાં આવે તો જીવ, ઈશ્વરનું પ્રતિબિમ્બત્વ હોવાથી, તે બ્રહ્મના પ્રતિબિમ્બનો પ્રતિબિમ્બ થયો તેથી મુક્તિમાં પણ એનું પ્રતિબિમ્બત્વ જ થાય. ઉત્પત્તિપ્રલયના એકાધિકરણના નિયમથી બ્રહ્મત્વ સમ્ભવતું નથી અને તેમ થવાથી 'બ્રહ્મવિદ્બ્રહ્મૈવભવતિ' એ શ્રુતિમાં વિરોધ આવે. વળી પ્રતિબિમ્બની અલીકતા હોવાથી તે બાહ્યદષ્ટિવાળા પુરુષને જ સમ્મત છે, પણ આન્તરદષ્ટિવાળા પુરુષને અથવા વૈદિકપ્રમાણને સમ્મત નથી.

અવિદ્યા અથવા લિઙ્ગ શરીરમાં પ્રતિબિમ્બ કહીએ તો જીવનો નાશ એ

જ મુક્તિ હોય, તેથી પરમમુક્તિ દૂષિત છે અને લિઙ્ગ શરીરમાં પ્રતિબિમ્બનો સ્વીકાર કરે તો તેમાં અન્તઃકરણ પ્રાધાન્ય હોવાથી જ્યાં સુધી અન્તઃકરણ હોય ત્યાં સુધી જીવન્મુક્તિ ઘટી શકે નહિ અને અવિદ્યામાં પ્રતિબિમ્બનો સ્વીકાર કરે તો પ્રતિબિમ્બની આધારભૂત અવિદ્યા અપરોક્ષજ્ઞાનથી નિવૃત્તિ થવાથી પ્રતિબિમ્બરૂપ જીવના અભાવને લીધે જીવન્મુક્તિ સમ્ભવતી નથી.

**''અધિષ્ઠાતુર્વિનષ્ટત્વાન્ન દેહઃ સ્પન્દિતું ક્ષમઃ ।।**
**પ્રારબ્ધમાત્રશેષત્વે સુષુપ્તસ્યેવ ન વ્રજેત્ ।।૬૦।।**

**અર્થ :** જેમ સુતેલા પુરુષનો દેહ (અવિદ્યા અથવા લિઙ્ગ શરીરના લયને લીધે) પ્રારબ્ધમાત્રથી ચાલતો નથી, તેમ જીવન્મુક્તિમાં અધિષ્ઠાતા (લિઙ્ગ શરીર અથવા અવિદ્યા)ના નાશને લીધે દેહ ચાલવાને માટે શક્તિમાન થતો નથી।।૬૦।।

**પ્રકાશ :** વાદી એમ કહે કે જીવન્મુક્ત મુક્ત જ છે, ત્યાં કહે છે કે જો જીવને પ્રતિબિમ્બ માનીએ તો અધિષ્ઠાતા (લિઙ્ગ, શરીર કે અવિદ્યા) નો નાશ થવાથી સ્થૂલ દેહ ચાલી શકવાને સમર્થ થતો નથી, પણ મુક્ત પુરુષને ગતિ, કૃત્યાદિ જોવામાં આવે છે. કદાપિ વાદી એમ શઙ્કા કરે કે પ્રારબ્ધમાત્રથી દેહ રહે છે, કેમકે ''દૈવાદુપેતમુત દૈવવશાદપેતમ્'' પ્રારબ્ધ કર્મથી કોઈ વખત દેહ વસ્ત્રાદિયુક્ત હોય છે અને કોઈ વખત વસ્ત્ર વગરનો હોય છે, એ વાક્યમાં પ્રારબ્ધ બતાવેલું છે, તેના ઉત્તરમાં કહે છે કે તે વખતે અધિષ્ઠાતા વિદ્યમાન હોય છે, પણ મુક્ત પુરુષને તેનું (લિઙ્ગ શરીરનું) અનુસન્ધાન હોતું નથી. પ્રારબ્ધ દેહની વિદ્યમાનતા જ સમ્પાદન કરી શકે છે, પણ અધિક ભોજનાદિકાર્ય સમ્પાદન કરી શકતું નથી. સુષુપ્તિમાં લિઙ્ગ શરીરના લયથી તે પ્રમાણે જણાય છે, માટે જીવ આભાસ કે પ્રતિબિમ્બ નથી.

**આવરણભઙ્ગ :** શુક અને વામદેવ મુક્ત છે એમ વચન માત્રથી સ્વીકાર કરનારા પ્રતિબિમ્બવાદીનો મત હૃદયમાં સમજી તેના દૂષણને માટે કહે છે તે પ્રમાણે શ્રુત્યાદિ અવધારણ કરીને જીવન્મુક્તનો મુક્ત તરીકે સ્વીકાર કરો તો પણ પ્રતિબિમ્બવાદની સિદ્ધિ થતી નથી. ત્યાં વાદી શઙ્કા કરે કે ''દૈવાદુપેતમુત'' ઈ. વાક્યથી દેહ સિદ્ધ થાય છે અને તેમાં અનુસન્ધાન ન હોય તો તેમાં શું દોષ આવે છે, ત્યાં કહે છે કે પ્રારબ્ધદેહની વિદ્યમાનતા ને જ સમ્પાદન કરી શકવાથી તેનાં ગત્યાદિ સિદ્ધ થતાં નથી. સિદ્ધાન્તમાં જીવ અંશ છે, પણ પ્રતિબિમ્બ નથી. તેની

સ્થિતિ અવિદ્યાને આધીન નહિ હોવાથી અનાયાસે જીવનમુક્તને દેહનું સર્વ કાર્ય સિદ્ધ થઈ શકે છે અને અવિદ્યાથી નિદ્રાની પેઠે કારણરૂપે સ્થિતિ છે, માટે કોઈપણ પ્રકારે અનુપપત્તિ નથી. આ પ્રકારે પૂર્વે કહેલા સન્દર્ભમાં તર્ક અને અનુમાન પરમતના બાધક છે. બ્રહ્મ જો પ્રતિબિમ્બત થાય તો તે ચક્ષુગ્રાહ્ય અને અવ્યાપક થાય. જો તેમ હોત તો શ્રુતિ તે પ્રમાણે કહેત, પરન્તુ તે વ્યાપક હોવાથી અને ચક્ષુથી અગ્રાહ્ય હોવાથી કાલ અને વાયુ ની પેઠે તે પ્રતિબિમ્બત હોઈ શકતું નથી. જે વ્યાપક નથી હોતું અને ચક્ષુગ્રાહ્ય હોય છે, તેનું ઘટાદિની પેઠે પ્રતિબિમ્બ હોય છે.

વળી જીવ ધર્મના વિચારથી પણ જીવ પ્રતિબિમ્બ હોઈ શકતો નથી, કેમકે તે જો પ્રતિબિમ્બ હોય તો ઘટાદિની પેઠે બિમ્બના સમાન ધર્મવાળો હોવો જોઈએ, પણ જીવ બ્રહ્મના સમાન ધર્મવાળો નથી. દેહેન્દ્રિયાદિ અભિમાનિત્વ અથવા પ્રાણધારણ પ્રયત્નત્વ એ જીવત્વ નું કાર્ય લક્ષણ છે અને ચિત્પ્રધાન ભગવદંશત્વ જીવનું સ્વરૂપ લક્ષણ છે, અર્થાત્ ભગવાન્નો ચિદંશ એ જીવનું સ્વરૂપ છે અને પ્રાણ ધારણ પ્રયત્ન એ જીવનું કાર્ય છે.

**તત્ત્વમસ્યાદિવાક્યસ્ય શોધિતસ્યાપિયુક્તિતઃ ।।**
**ન વિદ્યાજનને શક્તિરન્યાર્થં તચ્ચ કીર્તિતમ્ ।।**
**બ્રહ્મણઃસર્વરૂપત્વમવયુજય નિરૂપિતમ્ ।।૬૧।।**

**અર્થ :** યુકિતમાત્રથી શોધિત 'તત્ત્વમસિ'આદિ વાકયની વિદ્યા ઉત્પન્ન કરવાની શક્તિ નથી, પણ તે વાક્ય અન્ય પ્રયોજનને માટે જ કહેલું છે, એટલે તે વાકયથી જડ અને જીવ નું પ્રથક્ નિરૂપણ કરીને બ્રહ્મનું સર્વરૂપત્વ નિરૂપણ કરેલું છે.

**પ્રકાશ :** જીવ બ્રહ્મના ઐક્યની અન્યથા અનુપપત્તિથી ''તત્ત્વમસિ''આદિ વાક્યાનુસારે બિમ્બને પ્રતિબિમ્બને ઐકયને ઘટે છે માટે બિમ્બ-પ્રતિબિમ્બત્વ કલ્પના કરાય છે, એ શઙ્કાનો અનુદય કરવાને માટે કહે છે કે 'તત્ત્વમસિ' એ વાક્ય મહાવાક્ય નથી. આ વાક્ય છાન્દોગ્ય ઉપનિષદ્માં શ્વેતકેતુ ઉપાખ્યાનને વિષે છે. તેમાં ''અપિ વા તમાદેશમપ્રાક્ષો યેનાઽશ્રુતં શ્રુતં ભવતિ'' ઈ. વાક્યના ઉપક્રમમાં એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાય છે એમ કહેલું છે, તે જો એક જ સર્વ નામ રૂપાત્મક હોય તો સમ્ભવે છે, જેમ સોનાના ખણ્ડ (ટૂકડા) સોનાના ઘાટ, બધું સોનું છે. એ પ્રકારે સોનાના જ્ઞાનથી તેનું જ્ઞાન થાય છે અને તેને માટે જ

(એક જ્ઞાનથી સર્વ વિજ્ઞાનને માટે ''સદૈવ સૌમ્ય'' થી આરમ્ભી ''એતદાત્મ્યમિદં સર્વં'' 'તત્સત્યમ્' 'સઆત્મા' 'તત્ત્વમસિ' એ પ્રમાણેનું સમ્પૂર્ણ મહાવાક્ય છે. એ સઘળા વાક્યથી સર્વ જડ વસ્તુનું બ્રહ્માત્મકત્વ કહેલું છે અને 'તત્સત્યં' એ વાકયથી જડગત્ (નશ્વરાદિ) દોષોનો પરિહાર કરેલો છે અને પૂર્વ અને ઉત્તર જડ અને જીવનું સદાત્મકત્વ હોવામાં 'સઆત્મા' તે આત્મા છે એમ મધ્યમાં હેતુ બતાવેલો છે. આ પ્રકારે જડનું સદાત્મકત્વ કહીને 'તત્ત્વમસિ' એટલા વાકયથી જીવનું પણ શ્રુતિ સદાત્મકત્વ કહે છે. આ ઉપદેશ છે એ વાત ''આવૃત્તિરસ કૃદુપદેશાત્'' એ સૂત્રથી સિદ્ધ થાય છે. ''એતદાત્મ્યમ્'' એ વાક્યમાં જેમ સદંશમાં ભાગત્યાગ લક્ષણા નથી તેમ ચિદંશમાં પણ ભાગત્યાગલક્ષણા નથી એમ જાણવું. શ્વેતકેતુ ભગવદવતાર છે એમ પણ જાણવું નહિ. તે ભગવદવતાર છે એમ કહીએ તો પૂર્વે સ્તબ્ધત્વ આદિ દોષ કહેલા છે તેનો વિરોધ આવે. સમગ્રવાક્ય બ્રહ્મવાક્ય હોવાથી તેનો 'તત્ત્વમસિ' એટલો એકદેશ જીવબ્રહ્મના ઐક્યનો બોધ કરતો નથી. બોધ કરે છે એમ કહેવાથી વાક્યભેદ થાય અને ઉપક્રમનો વિરોધ આવે. કેટલાક 'તત્સત્યથી' આરમ્ભીને આઠ પદનું મહાવાક્ય કહે છે માટે એ કહેવું પણ ઉપર પ્રમાણે દૂષિત છે.

'અતત્ત્વમસિ' એ પ્રકારનો અર્થ તો વૈદિકને સમ્મત નથી. આ વાક્ય અન્ય પ્રયોજનને માટે કહેવાથી તેમાં વિદ્યા ઉત્પન્ન કરવાની શક્તિ નથી. જડ અને જીવ ને પૃથક્ બતાવીને સર્વ બ્રહ્મ છે એ પ્રકારે કહેવાને માટે જીવની બ્રહ્મરૂપતા નિરૂપણ કરેલી છે. ત્યાં વાદી એમ કહે કે ભલે વાક્યભેદ હો, તેમ હોવાથી એટલું જ વાક્ય જીવની બ્રહ્મતાનો બોધ કરે છે. જીવની બ્રહ્મતા સાક્ષાત્ નહિ ઘટવાથી ભાગત્યાગલક્ષણાથી અખણ્ડ વાક્યાર્થનો બોધ કરે છે. ત્યાં કહે છે કે બહુ સારું કર્યું કે બુદ્ધિમાન પુરુષમાં બગલાને બાંધવાનો પ્રયાસ માગ્યો. ઉપદેશનું ફલ શું એનો વિચાર કરવો જોઈએ. એ વાક્યવડે થયેલ બ્રહ્મભાવથી અધિક ધર્મ થઈ શકતો નથી. દેહાદિભેદબોધક સાઙ્ખ્યાદિસ્મૃતિથી દોષ નિરાકરણનો સમ્ભવ હોવાથી પ્રકરણભેદનો પણ અઙ્ગીકાર કરીને મહાવાક્યથી ઉપદેશનો પ્રયાસ વ્યર્થ છે.

**આવરણભઙ્ગ :** આ પ્રકારે શ્રુતિ અને તદનુસાર યુક્તિથી પ્રતિબિમ્બવાદ નિરાસ થતાં પણ પાછો વાદી પ્રતિબિમ્બવાદ 'તત્ત્વમસિ'આદિ વાક્યથી શ્રુત્યનુસારી છે એમ કહે તો એ શઙ્કાનો નિરાસ કરવાને માટે 'તત્ત્વમસિ' વાક્યનો વિચાર કરવામાં

આવે છે. 'તત્ત્વમસિ' એટલું જ મહાવાક્ય નથી. ભગવાન્ ગીતાના સાતમા અધ્યાયના જ્ઞાનથી શરુ થતા શ્લોકમાં કહે છે કે વિજ્ઞાનસહિત હું તને જ્ઞાન કહું છું જે જાણવાથી બીજું કાંઈ જ્ઞાતવ્ય બાકી રહેતું નથી. આ વાક્ય સન્દેહવારક હોવાથી તેમાં કહ્યા પ્રમાણે વાક્યનો એક દેશ મહાવાક્ય હોઈ શકે નહિ.

શ્વેતકેતુ ઉપાખ્યાનમાં એક વિજ્ઞાનવડે સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા પ્રારમ્ભમાં કહેલી છે. પછી કાર્યવડે ભેદ નહિ સિદ્ધ થતાં કાર્યનું બ્રહ્મ થકી અભિન્નત્વ બતાવ્યું છે અને કારણરૂપ દુર્જ્ઞેય બ્રહ્મનું નાના દૃષ્ટાન્તવડે કાર્યજ્ઞાપ્યત્વ નિરૂપણ કરેલું છે તેથી પ્રતિજ્ઞા કરેલા અર્થની એક દેશથી 'તત્ત્વમસિ' થી પૂર્ત્તિ નહિ થવાને લીધે સમગ્ર છઠ્ઠા પ્રપાઠકનું મહાવાક્યત્વ ઉચિત છે, પણ એક દેશનું મહાવાક્યત્વ ઉચિત નથી.

વાદી એમ શઙ્કા કરે કે આખો પ્રપાઠક મહાવાક્ય ગણીએ તો પણ તેનો નિષ્કૃષ્ટાર્થ (નીચોવીને કાઢેલો અર્થ) આ 'તત્ત્વમસિ' વાક્યથી થાય છે માટે તેને મહાવાક્ય કહેવામાં શો દોષ છે? એ શઙ્કાનો ખુલાસો કરવાને માટે વાક્યાર્થ બતાવવામાં આવે છે. દૃષ્ટાન્ત વાક્યમાં સર્વ જડ વસ્તુનું બ્રહ્મરૂપત્વ કહ્યા છતાં પણ દાર્ઢ્યને માટે દૃષ્ટાન્તિક (સિદ્ધાન્ત) વાક્યમાં ''એતદાત્મ્યમ્'' એ વાક્યથી પાછું ફરીથી જડનું બ્રહ્મરૂપત્વ કહેલું છે. ત્યાં વાદી એમ શઙ્કા કરે કે જડવિનાશી દેખાય છે તો તેનું બ્રહ્મરૂપત્વ કેમ સમ્ભવે? એ શઙ્કાના નિરાસને માટે કહે છે કે શ્રુતિએ 'તત્સત્ય' કહેલું છે તેથી ''જાયતે અસ્તિ વર્દ્ધતે''ઇ. ૧.ઉત્પન્ન થવું, ૨.હોવું, ૩.વૃદ્ધિ પામવું, ૪.વિપરિણામ થવું, ૫.ક્ષીણ થવું અને ૬.નાશ થવું એ છએ દોષો પ્રપઞ્ચમાં તમને અજ્ઞાનથી ભાસે છે, પણ વસ્તુ સ્વરૂપનો વિચાર કરતાં શ્રુતિ સત્યત્વ કહે છે તેથી સદા સર્વદા સત્તાબોધનને લીધે એ છએ સ્વરૂપાન્તર છે એ કારણથી જડનું વિનાશિત્વ નથી.

સ્વરૂપાન્તર હોવા છતાં પણ બ્રહ્માત્મકત્વ કેમ ઘટે? એ શઙ્કા કરવામાં આવે તેના ખુલાસામાં કહે છે કે શ્રુતિ જડનું બ્રહ્માત્મકત્વ હેતુપૂર્વક નિરૂપણ કરે છે. જેમ સોનાના ટૂકડા અને સોનાના ઘાટનું સોનું સ્વરૂપભૂત છે તેમ તે પરમેશ્વર સર્વના સ્વરૂપભૂત છે તેથી સર્વનું બ્રહ્મરૂપત્વ હોવાથી સર્વ સત્ય છે એમ જણાવવાને માટે 'સઆત્મા' એ મધ્યમાં મુકેલું છે. જીવનું પણ જડની પેઠે જ બ્રહ્મરૂપત્વ કહેલું છે. તે સમગ્ર મહાવાક્યને અનુસારે એવી રીતે ઘટે છે કે જેમ

'એતદાત્મ્યમ્' એટલે તે આત્માના ભાવ અર્થાત્ સત્તારૂપ આ બધું નામ રૂપાત્મક છે તેમ ''તસ્યભાવસ્ત્વં ભવસિ'' એટલે તેની સત્તારૂપ તું છે. આ ઠેકાણે 'અસિ' એ પ્રકારના મધ્યમ પુરુષના પ્રયોગથી 'ત્વં' પદ સિદ્ધ થવાને લીધે 'તત્ત્વ' એ એક પદ છે. તેથી જીવની બ્રહ્મરૂપતાનો અંશત્વરૂપથી બોધ થાય છે અને જડની બ્રહ્મરૂપતાનો બોધ બ્રહ્મના કાર્યરૂપથી થાય છે. જો 'તત્ત્વમસિ' એ વાક્યના 'તત્', 'ત્વમ્' અને 'અસિ' એમ જુદાં પદ ગણીએ તો પણ ઉપર કહ્યા પ્રમાણે જ અર્થ થાય છે, પરન્તુ ભાગત્યાગલક્ષણા થતી નથી, કેમકે ભગવદિચ્છાથી જીવમાં બ્રહ્મના ધર્મોનો તિરોભાવ થયો છે તેથી ભાગત્યાગલક્ષણાથી તે ધર્મો જતા આવતા નથી.

ઉપર કહ્યા પ્રમાણે સમગ્ર વાક્યાર્થ હોવાથી તે જ અર્થ સમ્ભવે છે. જો પ્રતિબિમ્બ શ્રુતિમાં અભિપ્રેત હોત તો 'નતત્ત્વમસિ' આટલું પદ કહેત પણ 'તત્ત્વમસિ' કહેત નહિ. જો અવચ્છિન્નવાદ અભિપ્રેત હોત તો ''સઆત્માત્વમસિ'' આટલા જ પદવડે અર્થ સિદ્ધ થાય છે તેથી 'તત્' પદ કહેવાની જરૂર રહેત નહિ માટે બે પદ હોવાથી પૂર્વે કહેલો અર્થ જ સદંશના વૈલક્ષણ્યવડે શ્રુતિને અનુસરે છે. આ પ્રકારે વાક્યાર્થ છે તેમ છતાં જેઓ 'તત્ત્વમસિ' એટલા જ ભાગને મહાવાક્ય માને છે તેઓ અદીર્ઘદર્શીછે એમ જણાય છે. આ ઉપદેશ પંદર પદનો છે એમ વ્યાસસૂત્ર ''આવૃત્તિરસકૃદુપદેશાત્''(બ્ર.સૂ.૪/૧/૧) થી સિદ્ધ થાય છે, કેમકે નવવાર આ પંદર પદો કહેલાં છે. તેથી એકલું 'તત્ત્વમસિ' વાક્ય મહાવાક્ય થઈ શકતું નથી. માટે જે પદોમાં સમ્પૂર્ણ ઉપદેશ સમાયેલો છે તે બધાં પદો મળીને (આખો પ્રપાઠક) મહાવાક્ય થાય છે અર્થાત્ જે ઉપદેશ છે તેજ સમ્પૂર્ણ મહાવાક્ય છે.

પ્રકારાન્તરથી વ્યાખ્યાન કરવામાં બીજા પદોની આવૃત્તિ છે તે વ્યર્થ થઈ જાય માટે ઉપર કહેલો અર્થ શ્રૌત છે. અન્ય અર્થ મતાન્તર કલ્પિત છે. માધ્વો અદ્વૈતશ્રુતિઓનો અવતાર પરત્વે સ્વીકાર કરીને પ્રસ્તુત વાક્યમાં શ્વેતકેતુને અવતાર માને છે. તેમના મતમાં પણ પૂર્વાપર વિરોધ આવે છે, કેમકે એ પ્રપાઠકમાં શ્વેતકેતુમાં પણ પૂર્વાપર વિરોધ આવે છે, કેમકે એ પ્રપાઠકમાં શ્વેતકેતુમાં સ્તબ્ધત્વ, અભિમાનિત્વ અને અજ્ઞાન એ દોષ કહેલા છે, તેથી અવતાર સમ્ભવતો નથી. આ પ્રકારે પ્રાસઙ્ગિકનો પરિહાર કરીને પુનઃ વાક્ય વિચાર કરવામાં

આવે છે.

ઉપર કહેલી વેદાનુકૂલ યુક્તિઓવડે આ સમ્પૂર્ણ ઉપદેશનું બ્રહ્મવાક્યત્વ છે (કેમકે વાક્યમાં આકાઙ્ક્ષા, યોગ્યતા અને સંન્નિધિ એ ત્રણ હોવાં જોઈએ). એક અંશનું અભેદબોધકત્વ અને અન્યનું ભેદબોધકત્વ એ પ્રકારે વિભાગ થવાથી સાકાઙ્ક્ષત્વના અભાવથી વાક્યભેદ થઈ જાય. કદાપિ એમ કહે કે બન્ને અંશમાં પ્રકાર ભેદથી અભેદ જ બોધ કરાય છે માટે વાક્યભેદ થતો નથી, તો ઉપક્રમમાં 'સન્મૂલા' એ વાક્યથી મૂલ પદવડે સમવાયિત્વનો બોધ કરેલો છે તેનો વિરોધ આવે.

શ્રીશઙ્કરાચાર્ય 'તત્સત્ય' થી આરમ્ભીને આઠ પદનું મહાવાક્ય માને છે. તે પણ પૂર્વે કહેલા દોષયુક્ત હોવાથી જીવ બ્રહ્મનું ઐક્ય બોધક નથી. માધ્વ એક દેશી મતવાળાઓ 'અતત્ત્વમસિ' એવું વાક્ય કહાડે છે તે અવૈદિક છે. આ કારણથી મતાન્તરીય વ્યાખ્યાન યથાર્થ નહિ હોવાથી આ વાક્યથી અભેદજ્ઞાનને ઉત્પન્ન કરવાની શક્તિ સમ્ભવતી નથી. ત્યારે આ વાક્ય કહેવાનું પ્રયોજન શું છે, ત્યાં અન્ય પ્રયોજન બતાવે છે. જડ અને જીવ નું પરસ્પર વિલક્ષણત્વ જણાવવાને માટે જડ અને જીવ પૃથક્ બતાવીને તે બન્ને પરસ્પર વિલક્ષણ હોવા છતાં પણ બ્રહ્મથકી અભિન્ન છે એમ કહેવાને માટે જીવની બ્રહ્મતા પૂર્વે કહેલી રીતિથી નિરૂપણ કરેલી છે માટે તે વાક્યનું બ્રહ્મના સર્વરૂપત્વમાં પર્યવસાન છે, પણ જીવ બ્રહ્મના ઐક્યબોધનમાત્રમાં નથી તેમ જીવ બ્રહ્મ નિયમ્ય છે એમ કહેવામાં પણ તે વાક્યનું તાત્પર્ય નથી માટે એ વાક્યને અનુસારે પ્રતિબિમ્બવાદની સિદ્ધિ થતી નથી.

વાક્યભેદ દૂષણરૂપ નથી એમ અઙ્ગીકાર કરી, વાદી ફરીથી એમ કહે કે ભાગત્યાગલક્ષણાથી એટલે 'તત્' પદાર્થવાચ્ય ઈશ્વરમાંથી સર્વ કર્તૃત્વાદિ ગુણનો અને જીવમાંથી દુઃખીત્વાદિ ગુણનો ત્યાગ કરી 'તત્' અને 'ત્વમ્' પદનું ચિદ્રૂપથી ઐક્ય કરવું એ જ અખણ્ડ વાક્યાર્થ છે. આ કહેવું દૂષિત છે.

વળી સિદ્ધાન્તિ પુછે છે કે ઉપદેશનું ફળ શું? શબ્દ થકી અપરોક્ષજ્ઞાન માનનારાઓને પ્રતિજ્ઞાનુસાર બ્રહ્મનું અપરોક્ષજ્ઞાન જ ઉપદેશનું ફલ હોવું જોઈએ. પણ તે થતું નથી તેથી ઉપર કહ્યા પ્રમાણે વાક્યાર્થ સમ્ભવતો નથી. વાદી એમ કહે કે સંસાર દોષરૂપ છે અને તેની

નિવૃત્તિ જ ફલ છે. ત્યાં કહેવામાં આવે છે કે સાઙ્ખ્યાદિસ્મૃતિથી તે દોષનો નિરાસ થાય અને તે જો તમને ઈષ્ટ હોય તો પ્રકરણભેદનો સ્વીકાર કરી 'તત્ત્વમસિ' મહાવાક્યવડે ઉપદેશ કરવો એ વૃથા છે.

**અલૌકિકં તત્પ્રમેયં ન યુક્ત્યા પ્રતિપદ્યતે ।।૬૨।।**
**તપસા વેદયુક્ત્યા ચ પ્રસાદાત્પરમાત્મનઃ ।।**
**વિદ્યાં પ્રાપ્નોત્યુરુક્લેશઃ ક્વચિત્ સત્યયુગે પુમાન્ ।।૬૩।।**
**સર્વજ્ઞત્વં ચ તસ્યેષ્ટં લિઙ્ગં તેજોપ્યલૌકિકમ્ ।।**
**તત્પ્રાપ્તાવપિ નો મુક્તિર્જાગ્રત્સ્વપ્નવદુદ્ભવઃ ।।**
**અવિદ્યાવિદ્યયોસ્તસ્માદ્ભજનં સર્વથા મતમ્ ।।૬૪।।**

**અર્થ :** તે પ્રમેય અલૌકિક છે. તે લૌકિકયુક્તિથી જાણી શકાતું નથી.

પણ તપ વેદાનુકૂળયુક્તિ તથા પરમાત્માના પ્રસાદ થકી જાણી શકાય છે. પુરુષ ઘણા ક્લેશથી કોઈ દેશમાં સત્યયુગમાં વિદ્યા પ્રાપ્ત કરે છે.

અને તેનું (વિદ્યાનું) ચિન્હ સર્વજ્ઞત્વ અને અલૌકિક તેજ છે. તે પ્રાપ્ત થવાથી પણ મુક્તિ થતી નથી. જેમ જાગ્રત અને સ્વપ્ન નો પરસ્પર ઉદ્ભવ થાય છે તેમ વિદ્યા અને અવિદ્યા નો ઉદ્ભવ થાય છે માટે મુક્તિને સારું સર્વ પ્રકારે ભજન માનેલું છે.

**પ્રકાશ :** વાદી જો એમ કહે કે એમ ન હોય તો શ્રુતિ અભેદનો કેમ ઉપદેશ કરે છે? એ શઙ્કાના નિરાસને માટે કહે છે કે લૌકિકવસ્તુ લૌકિકયુક્તિથી જણાય છે, બ્રહ્મ તો વૈદિક છે તેથી વેદ પ્રતિપાદન બ્રહ્મનું જ્ઞાન શબ્દના સાધારણ પ્રકારથી થતું નથી, પરન્તુ તે જાણવાને માટે બીજું સાધન છે. તે સાધનમાં પ્રથમ તપ છે અને બીજું સાધન વેદયુક્તિ છે અને ભગવત્પ્રસાદ એ મુખ્ય કારણ છે, તપ અને વેદાનુકૂલયુક્તિથી પણ ભગવત્પ્રસન્નતા વગર પ્રમેય (બ્રહ્મ) જાણી શકાતું નથી. કોઈ દેશમાં સત્યયુગમાં પઞ્ચાઙ્ગસમ્પત્તિ પ્રાપ્ત થાય ત્યારે વાક્યાર્થજ્ઞાનથી વિદ્યા પ્રાપ્ત થાય છે એમ ન હોય તો 'કંબ્રહ્મ, ખંબ્રહ્મ' એ ઉપાખ્યાનમાં ઉપદેશમાત્રથી બોધ કેમ થાય અને હાલના પુરુષોને તેથી કેમ બોધ થતો નથી? એથી સિદ્ધ થાય છે કે પાંચે અઙ્ગ (જેનું વર્ણન પાછળ શ્લોક ૪૫ મામાં કરેલું છે). હોય તો જ વાક્યથી જ્ઞાન થાય છે. આ વખતના પુરુષને પણ જ્ઞાન થાય છે એમ વાદી કહે તો તેના ઉત્તરમાં કહેવામાં આવે છે કે જ્ઞાન થયાનાં બે ચિન્હ છે તેમાંનું એક પોતાને

જણાય છે અને બીજું બીજાઓને જણાય છે. એ બે ચિન્હ સર્વજ્ઞત્વ અને અલૌકિક તેજ છે. સર્વજ્ઞત્વ પોતાને જ માલમ પડે છે અને અલૌકિક તેજ બીજાઓને માલમ પડે છે.

વળી વાદી એમ કહે કે વાક્યાર્થજ્ઞાનમાં જ ભક્તિનો ઉપદેશ કહ્યો તેથી શાસ્ત્ર પર્યવસાન વિદ્યામાં છે, પણ ભક્તિમાં નથી. એના ખુલાસામાં કહે છે કે ઉપનિષદ્ વાક્યવડે મહાવાક્યાર્થરૂપવિદ્યા પ્રાપ્ત કરવાથી પણ બ્રહ્મભાવ કે સાયુજ્ય થતું નથી, કેમકે જેમ જાગરણ અને સ્વપ્ન પરસ્પર કાલે કરીને આવિર્ભાવ અને તિરોભાવ ને પામે છે તેમજ વિદ્યા અને અવિદ્યા બન્ને એક બીજાનું મર્દન કરે છે. વિદ્યાના ઉપમર્દનથી ફરીથી અવિદ્યાનો આવિર્ભાવ થાય છે માટે ભગવદ્ભજનને અભાવે વિદ્યાને માટે કરેલો પ્રયાસ વ્યર્થ છે. તે કારણથી સ્વતન્ત્રભક્તિ અથવા સાયુજ્ય ને માટે સર્વ પ્રકારે ભજન માનેલું છે.

**આવરણભઙ્ગ :** શ્રુતિ અભેદનો ઉપદેશ કરે છે તેથી અભેદ ઉપદેશને અનુસરી 'તત્ત્વમસિ' એ વાક્ય જીવની બ્રહ્મતાનો બોધ કરે છે એમ અઙ્ગીકાર કરવું જોઈએ. એના ખુલાસામાં કહેવામાં આવે છે કે વૈદિકપ્રમેય જાણવામાં લૌકિકયુક્તિ પ્રયોજનરૂપ નથી, પણ છાન્દોગ્ય અને તૈત્તિરીય ઉપનિષદ્માં ''પઞ્ચદશાહાનિમાશીઃ'' અને ''તપસાબ્રહ્મ વિજિજ્ઞાસસ્વ'' એ શ્રુતિઓમાં તપ કહેલું છે તે પૂર્વાઙ્ગ છે અને વેદયુક્તિ શ્વેતકેતુના ઉપાખ્યાનમાં ''ન્યગ્રોધફલમાહર'' ઈત્યાદિવડે કહેલી છે. ''યમેવૈષવૃણુતે તેન લભ્યઃ'' ''તમક્રતું પશ્યતિ વીતશોકો ધાતુપ્રસાદાન્મહિમાનમીશમ્''એ શ્રુતિઓમાં કહ્યા પ્રમાણે ભગવત્પ્રસન્નતા થકી જ તપ અને વેદ માં કહેલી યુક્તિથી બ્રહ્મને જાણી શકાય છે. પુરાણને અનુસરીને દેશકાલ પણ વિદ્યાના હેતુભૂત છે. કોઈ દેશમાં સત્યયુગમાં પઞ્ચાઙ્ગસમ્પત્તિથી વિદ્યા પ્રાપ્ત થાય છે.

વાદી પઞ્ચાઙ્ગ ન માને તેને માટે તર્ક કહે છે. જો એમ ન હોય તો ઉપનિષદ્ ઉપાખ્યાનમાં ઉપદેશમાત્રથી બોધ કેમ થાય? અને આજના પુરુષોને તે કેમ થતો નથી? માટે બ્રહ્મનો ઉપદેશ કરનારી શ્રુતિ કેવળયુક્તિથી બોધ કરતી નથી પણ બીજી શ્રુતિઓમાં કહેલા તપ આદિ પાંચે અઙ્ગોનો ઉપદેશ કરે છે, કેમકે મન્દ અધિકારી તું પણ અઙ્ગીકાર કરે છે અને તેનું મન્દત્વ પાંચ અઙ્ગમાંના કોઈપણ અઙ્ગના અભાવને લીધે જ છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. એ કારણથી

પોતાની યુક્તિથી શોધિતવાક્યના શ્રવણમાત્રથી પઞ્ચાઙ્ગના અભાવે જ્ઞાન થતું નથી.

મૂલમાં ઉરૂક્લેશપદ મુકેલું છે તેથી એમ સમજવું કે ઈન્દ્ર અને પ્રજાપતિના સંવાદમાં એકસોને એક વર્ષ સુધી બ્રહ્મચર્ય કહેલું છે તે ક્લેશરૂપ છે કેમકે આઠ પ્રકારનું બ્રહ્મચર્ય રાખવામાં ઘણો ક્લેશ થાય છે.

ઈશ્વરના પ્રસાદ થકી જ્ઞાન થાય છે એમ પૂર્વશ્લોકમાં કહ્યું તેથી વાદી એમ શઙ્કા કરે કે અભેદબુદ્ધિરૂપ વિદ્યામાં શાસ્ત્રનું તાત્પર્ય છે, પણ વૃત્તિમાં નથી, કેમકે જ્ઞાન થતાં સુધી જ ભક્તિ કર્તવ્ય છે. એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે ''જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ'' એ વાક્ય થકી જન્યભાવનું નશ્વરત્વ હોવાથી અને નષ્ટભાવની ઉત્પત્તિ હોવાથી, વિદ્યારૂપ છેલ્લીવૃત્તિના નાશથી અવિદ્યાની ઉત્પત્તિનો સમ્ભવ છે, કેમકે ગૌડવાર્તિક (શ્રીશઙ્કરાચાર્યના ગુરુના ગુરુગૌડપાદાચાર્યે કરેલું વાર્તિક.) માં કહ્યું છે કે ''અનાદિ માયયા સુપ્તો યદા જીવઃ પ્રબુધ્યતે'' આ વાક્યમાં પ્રબોધનો અઙ્ગીકાર કરેલો છે. જેમ જાગ્રત્ અવસ્થાના નાશથી નિન્દ્રાવસ્થા થાય છે તેમ વિદ્યાનો નાશ કરીને અવિદ્યા પાછી ઉત્પન્ન થાય છે તેથી અવિદ્યાની નિવૃત્તિને માટે ભજન ખોળવા યોગ્ય છે. ભજન પણ તેવું જ છે એમ શઙ્કા કરવી નહિ, કેમકે ''માયામેતાં તરન્તિતે'' એ વાક્યમાં કહ્યા પ્રમાણે કારણની નિવૃત્તિ થવાથી કાર્ય ઉત્પન્ન થતું નથી, અર્થાત્ માયા તરવા પછી ફરીથી અવિદ્યા ઉત્પન્ન થતી નથી. એ પ્રકારે નમનથી સૂચન કરેલી ભક્તિનું આવશ્યકત્વ બીજી રીતે દઢ કર્યું.

## (બ્રહ્મ પ્રકરણ)

**સચ્ચિદાનન્દરૂપં તુ બ્રહ્મ વ્યાપકમવ્યયમ્ ।।**
**સર્વશક્તિ સ્વતન્ત્રં ચ સર્વજ્ઞં ગુણવર્જિતમ્ ।।૬૫।।**

**અર્થ :** બ્રહ્મ સચ્ચિદાનન્દરૂપ, વ્યાપક, નાશરહિત, સર્વશક્તિમાન, સ્વતન્ત્ર, સર્વજ્ઞ, પ્રાકૃત ગુણરહિત છે.

**પ્રકાશ :** એ પ્રકારે જીવ પ્રકરણ સમાપ્ત કરીને હવે બ્રહ્મ પ્રકરણનું નિરૂપણ કરવામાં આવે છે. બ્રહ્મ એ શબ્દ જ્ઞાનક્રિયા ઉભયવિશિષ્ટ પરબ્રહ્મને બતાવનારો છે (તે અક્ષરવાચક નથી પણ પુરુષોત્તમવાચક છે). સર્વ ગુણોનું એક બ્રહ્મને વિષે નિયમન હોવાથી બ્રહ્મપદનો અર્થ વ્યાપક થાય છે. ''અવિનાશી

વારેયમાત્માનુચ્છિત્તિધર્મા''ઇ. (અરે! મૈત્રેયી! નિશ્ચય આ આત્મા અવિનાશી અને નાશ નહિ થાય એવા ધર્મવાળો છે) આ શ્રુતિ થકી બ્રહ્મ અવ્યય છે. તેમાં સ્વરૂપ અને ધર્મ બન્નેનું શ્રુતિમાં અવિનાશીપણું કહેલું છે. ''યઃ સર્વજ્ઞઃ સર્વશક્તિઃ'' એ શ્રુતિથી બ્રહ્મ સર્વજ્ઞ અને સર્વશક્તિવાળું છે. જો બ્રહ્મ ધર્મ વગરનું હોય તો સર્વને અનુપાસ્ય, અપ્રાપ્ય અને અફલ થાય. બ્રહ્મ પૂર્ણજ્ઞાન ક્રિયાશક્તિયુક્ત હોવાથી સ્વતન્ત્ર છે. 'ચકાર' વડે ''સર્વસ્યવશી સર્વ સ્યેશાનઃ'' એ શ્રુતિ થકી બ્રહ્મ સર્વને વશ કરે છે. તે પ્રાકૃત ગુણ થકી રહિત છે. એ પ્રકારે બ્રહ્મના છ ધર્મ, ૧ ઐશ્વર્ય, ૨.વીર્ય, ૩.યશ, ૪.શ્રી, ૫.જ્ઞાન અને ૬.વૈરાગ્ય એ છ ગુણનું વર્ણન કર્યું.

**આવરણભઙ્ગ :** એ પ્રકારે ચિત્પ્રકરણમાં જીવના સ્વરૂપ વિચારથી ભજન કરવાની આવશ્યકતા બતાવી. હવે ભજનીય સ્વરૂપ વિચારથી ભજનનું નિરૂપણ કરવાને માટે બ્રહ્મપ્રકરણનો આરમ્ભ કરવામાં આવે છે.

શ્રુતિમાં કહેલું છે કે ''સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ'' તથા ''સત્યં વિજ્ઞાન માનન્દંબ્રહ્મ'' એ શ્રુતિઓમાં કહેલાં લક્ષણ પ્રમાણે બ્રહ્મ સચ્ચિદાનન્દરૂપ છે તેથી સત્, ચિત્ અને આનન્દ સિવાય બીજા પદાર્થનો અભાવ હોવાથી બ્રહ્માદ્વૈત સિદ્ધ થશે. એ પ્રકારે સર્વ શ્રુતિના સમન્વયને માટે પ્રથમ જ સ્વરૂપલક્ષણ કહેલું છે. મૂલમાં 'તુ' શબ્દ કહેલો છે તેથી પ્રકરણભેદથી શરીરમાં રહેલો જીવ જ બ્રહ્મ છે એ સિવાય બીજું બ્રહ્મ નથી એ શઙ્કાનો નિરાસ કર્યો. ઉપર કહેલો અર્થ સ્ફુટ બતાવવાને માટે કહે છે કે બ્રહ્મ શબ્દથી પરબ્રહ્મ સમજવું. ત્યાં વાદી કહે છે કે ''અયમાત્મા બ્રહ્મ વિજ્ઞાનમયઃ'' એ શ્રુતિ થકી શરીરાભિમાની જીવ જ બ્રહ્મ હોઈ શકે. એ શઙ્કાનો નિરાસ કરવાને માટે કહે છે કે બ્રહ્મપદનો અર્થ વ્યાપક થાય છે. શરીરમાં રહેલા જીવનું અમે અણુત્વ સિદ્ધ કરેલું છે. આ પ્રકારે સ્વરૂપલક્ષણ થકી ભેદ છે. બ્રહ્મ પ્રકટ સચ્ચિદાનન્દ છે અને શરીરાભિમાની જીવ તિરોહિતાનન્દ છે. આ પ્રકારે તિરોહિત ચિદાનન્દવાળા જડ પદાર્થ થકી પણ બ્રહ્મનો ભેદ સમજવો. ગુણોપસંહાર ન્યાયથી બ્રહ્મને વ્યાપક કહેલું છે તેથી તે-તે વાક્યમાં કહેલા ગુણો બ્રહ્મને વિષે વ્યાપકત્વ કહેવાથી સઙ્ક્ષેપમાં આવી જાય છે.

ગુણોપસંહાર ન્યાય સાધનાધ્યાયના ત્રીજા પાદમાં ''સર્વ વેદાન્ત પ્રત્યયાધિકરણમાં'' (બ્ર.સૂ.૩/૩/૧ થી ૧૫) સિદ્ધ કરવામાં આવ્યો છે. એ

અધિકરણમાં બ્રહ્મનું અનેકત્વ છે એવી શઙ્કાને તેમજ ઉપાસના વાક્યના સન્દેહને દૂર કરી, સર્વ વેદાન્તનો વિષય એક જ બ્રહ્મ છે એમ સિદ્ધ કરીને જુદાં-જુદાં વાક્યોમાં કહેલા ધર્મ એક જ બ્રહ્મને વિષે છે એમ બતાવ્યું છે. આને ગુણોપસંહાર ન્યાય કહે છે. તે ન્યાયથી સિદ્ધ થાય છે કે એક જ બ્રહ્મને વિષે સર્વ ધર્મોની સ્થિતિ છે તેમજ ''બૃહત્વાદ્બ્રહણત્વાચ્ચ બ્રહ્મ ઈત્યભિધીયતે'' એ શ્રુતિમાં કહ્યું છે કે બ્રહ્મનું મહત્વ હોવાથી તેમજ વર્ધકત્વ હોવાથી એ બ્રહ્મ કહેવાય છે અને તેમાં ઘણા ગુણો છે. એ શ્રુતિથી અલૌકિક સર્વ ગુણયુક્ત બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે. વ્યાપકપદથી ઐશ્વર્યનો બોધ કરવામાં આવ્યો છે. વીર્યના બોધને માટે અવિનાશી અને અનુચ્છિતિધર્મ એ પદ કહેલાં છે. જેનો કોઈ દહાડો નાશ નથી એવા ધર્મો બ્રહ્મમાં છે. આ ઠેકાણે અનુચ્છિતિ ધર્માપદનો અર્થ અનુચ્છિતિધર્મ થકી અભિન્ન બ્રહ્મ છે એમ કરે છે તે ઘટતો નથી, કેમકે અવિનાશી પદથી જ તે સિદ્ધ થવાથી અનુચ્છિતિપદ વ્યર્થ થાય છે તેમ અનુચ્છિતિ લક્ષણ ધર્મવાન એ અર્થ કરવાથી પણ પૂર્વે કહેલો દોષ જ આવે છે. એક દેશી મતમાં બ્રહ્મને સર્વ ધર્મ થકી રહિત કહેલું છે તેનો આ શ્રુતિ નિરાસ કરે છે. શબ્દાર્થ ઉપર કહ્યા પ્રમાણે જ થાય છે. અન્યથા અર્થ કરવાથી તે પદ વ્યર્થ થાય છે. વળી એમ ન સમજવું કે આ શ્રુતિ ઉપક્રમાનુસારે જીવ પ્રકરણસ્થ હોવાથી જીવના ધર્મની નિત્યતાનો બોધ કરે છે, કેમકે ઉપસંહારના ''એતાવદરે ખલ્વમૃતત્વમ્'' એ શ્રુતિથી અમૃતત્વલક્ષણ બ્રહ્મલિઙ્ગથી બ્રહ્મપરત્વ જ સિદ્ધ થાય છે 'જીવમુખ્યપ્રાણલિઙ્ગ' (બ્ર.સૂ.૧/૪/૧૭) સૂત્રમાં સર્વ શ્રુતિના એક વાક્યત્વને માટે તેઓનું (શ્રુતિઓનું) બ્રહ્મપરત્વજ સિદ્ધ છે માટે કોઈપણ તર્કનો અવકાશ નથી. ''યઃસર્વજ્ઞઃ'' એ શ્રુતિમાં પ્રસિદ્ધિવાચક 'યત્' શબ્દથી યશ બતાવેલો છે. વાદી એમ શઙ્કા કરે કે બ્રહ્મ નિર્ધર્મક હોવાથી ઉપર વર્ણન કર્યા પ્રમાણે તેનું સ્વરૂપ ઘટતું નથી. એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે બ્રહ્મ જો નિર્ધર્મક હોય તો ''યસ્ત્વેતમેવમ્પ્રાદેશમાત્રમ્મભિવિમાનં વૈશ્વાનરમુપાસ્તે'' ઈત્યાદિ શ્રુતિ વાક્યોમાં ધર્મના ઉપદેશ પૂર્વક જ ઉપાસના કહેલી છે તેનો વિરોધ આવે. જો ધર્મ ન હોય તો ઉપાસ્ય હોઈ શકે નહિ. તેમજ ''બ્રહ્મ વિદાપ્નોતિ પરમ્'' એ શ્રુતિની વ્યાખ્યાનભૂત ઋચાના 'વિપશ્ચિત્' પદથી બ્રહ્મની સર્વજ્ઞતા કહી છે તે પણ ઘટે નહિ અને તે પ્રાપ્ય પણ થાય નહિ. ઉપાસના અને પ્રાપ્યત્વને અભાવે તેનાથી

કાંઈ ફલ પણ સમ્ભવે નહિ અને ‘‘ફલમત ઉપપત્તેઃ’’ (બ્ર.સૂ.૩/૨/૩૮) એ સૂત્રનો વિરોધ આવે એ રીતે બ્રહ્મને નિર્ધર્મક કહેવામાં આવે તો ઉપાસના શ્રુતિનો પ્રાપ્યશ્રુતિનો તેમજ ફલબોધક સૂત્રનો વિરોધ આવે તેથી બ્રહ્મ સધર્મક જ છે.

જે નિરવધિજ્ઞાનક્રિયાશક્તિયુક્ત હોય તે સ્વતન્ત્ર હોઈ શકે છે. એ વાક્યથી કતૃત્વ પણ કહેવામાં આવ્યું. સર્વજ્ઞ અને સ્વતન્ત્ર પદથી જ્ઞાન અને શ્રી કહેવામાં આવ્યાં, કેમકે સર્વ શક્તિવાન હોય તેજ સ્વતન્ત્ર હોય અને તેજ શ્રીયુક્ત કહેવાય. સર્વજ્ઞતામાં જ્ઞાનનો સમાસ થાય છે. શ્રુતિમાં કહ્યું છે કે બ્રહ્મ ‘‘સર્વસ્યવશી સર્વસ્યેશાનઃ’’ સર્વને વશ કરનાર અને નિયમમાં રાખનાર છે. એમ હોવાથી સ્વતન્ત્રતા સિદ્ધ થાય છે.

**એકોદેવઃ સર્વભૂતેષુગૂઢઃ સર્વ વ્યાપી સર્વભૂતાં તરાત્મા ।।**
**કર્માધ્યક્ષઃ સર્વભૂતાધિવાસઃ સાક્ષીચેતાઃ કેવલો નિર્ગુણશ્ચ ।।**

એ શ્રુતિમાં દેવ પદથી ‘દિવ્’ ધાતુ બોધિત ૧૦ ગુણો સિદ્ધ થાય છે. તેમ સર્વ પ્રાણીમાત્રને વિષે ગૂઢ, સર્વવ્યાપી, કર્મ ફલ આપનાર, દષ્ટા આ બધા ગુણો કહીને છેવટ નિર્ગુણપદ મુકેલું છે તેથી પ્રાકૃતગુણનો નિષેધ સમજવો. એ રીતે બ્રહ્મ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ માયાના ગુણના સમ્બન્ધરહિત હોવાથી વૈરાગ્ય સિદ્ધ થાય છે. એ પ્રમાણે ૧.ઐશ્વર્ય, ૨.વીર્ય, ૩.યશ, ૪.શ્રી, ૫.જ્ઞાન અને ૬.વૈરાગ્ય એ ગુણો શ્રુતિબોધિત છે.

**સજાતીય વિજાતીય સ્વગતદ્વૈત વર્જિતમ્ ।।**
**સત્યાદિગુણ સાહસ્રૈર્યુકતમૌત્પત્તિકૈઃ સદા ।।૬૬।।**
**સર્વાધારં વશ્યમાયમાનન્દાકારમુત્તમમ્ ।।**
**પ્રાપઞ્ચિકપદાર્થાનાં સર્વેષાં તદ્વિલક્ષણમ્ ।।૬૭।।**

**અર્થ :** તે બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત ભેદરહિત છે. અને નિત્ય સ્વાભાવિક સત્યાદિ હજારો ગુણથી યુક્ત છે.

સર્વના આધારભૂત, માયાને વશ રાખનાર, આનન્દાકાર, ઉત્તમ અને સર્વે પ્રાપઞ્ચિક પદાર્થોના ગુણ થકી વિલક્ષણ છે.

**પ્રકાશ :** વ્યાપક એટલે દેશકાળ અને વસ્તુ થી અપરિચ્છિન્ન. જેનું વસ્તુપરિચ્છેદત્વ હોય તેનું વ્યાપકત્વ સમ્ભવતું નથી માટે ત્રણ પરિચ્છેદનો નિષેધ કરવામાં આવે છે. સજાતીય જીવ, વિજાતીય જડ અને સ્વગત અન્તર્યામી એ

ત્રણેને વિષે ભગવાન્ અનુસ્યૂત છે અને એ ત્રણરૂપ પોતે જ થાય છે તેથી તે વડે થતા ભેદથી રહિત છે. આ ઠેકાણે એ ત્રણેને વિષે અવતારની પેઠે બુદ્ધિ કરવી. આ પ્રકારે ભગવતત્વ પ્રતિપાદન કરીને તન્ત્રમાં કહેલા ભગવાન્ના ગુણો કહેવામાં આવે છે. ''સત્યં શૌચં''ઇ. શ્લોકોમાં ભગવાન્ના સત્યાદિગુણોનું બોધન કરેલું છે. તે ગુણો સ્વાભાવિક છે અને સૃષ્ટિ પ્રલયાદિકમાં પણ વિદ્યમાન જ રહે છે. પૂર્વે કહેલા સત્યાદિ ગુણ વૈદિક છે એમ બતાવવાને માટે ફરીથી શ્રુતિમાં કહેલા ગુણોનું સઙ્ક્ષેપથી વર્ણન કરવામાં આવે છે.

'સેતુર્વિધરણઃ' એ શ્રુતિ થકી બ્રહ્મ સર્વના આધારભૂત છે. ગીતામાં બ્રહ્મને માયાનો સમ્બન્ધ કહેલો છે તેથી બ્રહ્મ માયાને આધીન થાય એ શઙ્કા દૂર કરવાને માટે મૂળમાં 'વશ્યમાયમ્' કહેલું છે. એ વાક્યથી બ્રહ્મને આધીન માયા છે એમ બતાવેલું છે. બ્રહ્મ સાકાર એટલે આનન્દાકાર અને અક્ષર થકી ઉત્તમ છે. કારણના ધર્મો જ કાર્યમાં હોય છે, તો પણ કાર્યગત ગુણોમાં અન્યથા પ્રતીતિ થાય છે તેની વ્યાવૃત્તિ (ભિન્નતા)ને માટે કહે છે કે પ્રાપઞ્ચિક સર્વ પદાર્થ થકી બ્રહ્મ વિલક્ષણ છે.

**આવરણભઙ્ગ :** એ પ્રમાણે આરમ્ભ શ્લોકમાં કહેલું વેદ પ્રસિદ્ધત્વ અને ભાગવતત્વ નું નિરૂપણ કરીને ઐશ્વર્ય જણાવવાને માટે વ્યાપકપદનું તાત્પર્ય કહે છે. પ્રકાશમાં દેશાદિ અપરિચ્છિન્નત્વ કહેલું છે. તેમાં આદિ શબ્દવડે કાલ અને વસ્તુ સમજી લેવાં. સકલ મૂર્ત દ્રવ્યનું સંયોગિત્વ વ્યાપકનું લક્ષણ છે એમ કહેવું અમને સમ્મત નથી પરન્તુ દેશ, કાલ અને વસ્તુ થી અપરિચ્છિન્નપણું જ વ્યાપકત્વ છે. મુણ્ડન ઉપનિષદ્માં ''સહસ્રશઃ પ્રભવન્તે સરૂપાઃ'' એ શ્રુતિમાં ચેતનત્વ અને નિત્યત્વાદિ વડે સમાનરૂપ કહેલું હોવાથી જીવનું સજાતીયત્વ છે અને જડત્વ અને અનિત્ય વડે જડનું વિજાતીયત્વ છે. અન્તર્યામી પ્રકટિત સચ્ચિદાનન્દરૂપ હોવા છતાં પરિચ્છિન્નપણાથી અને નિયતકાર્ય કરવાપણાથી સ્વગત છે. શિંગડાં અને પુંછડાં વગરની ગાયો એક જાતિ હોવા છતાં તેમાં વ્યક્તિભેદ છે. આ ભેદને સજાતીયભેદ કહે છે. ઘડા અને કપડા વચ્ચેનો ભેદ વિજાતીયભેદ છે અને ઝાડ અને તેના પુષ્પ વચ્ચેનો ભેદ સ્વગતભેદ છે. સચ્ચિદાનન્દ ભગવાન્ને વિષે સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદરહિત પણ સમ્ભવે છે કેમકે ચિદ્રૂપથી જીવમાં, સદ્રૂપથી જડમાં અને આનન્દરૂપથી

અન્તર્યામીમાં એ રહેલા છે. કાર્યદશામાં પણ ''આત્મા વા ઈદં સર્વમ્'' ઈત્યાદિ શ્રુતિઓ અને તદનુસારીસૂત્રથી ત્રણ રૂપ કહેલાં છે તેથી બ્રહ્મ ત્રિવિધ ભેદરહિત છે એમ સમજવું. એ પ્રકારે વ્યાપકપદથી ઐશ્વર્યબોધિત કર્યું. જેમ અવતારોમાં ભગવદ્બુદ્ધિ કર્તવ્ય છે તેમજ જડ, જીવ અને અન્તર્યામી એ ત્રણેમાં પણ ઉત્તરોત્તર અધિક અંશથી ભગવદ્બુદ્ધિ કર્તવ્ય છે. મતાન્તરમાં જગતનું અસત્યત્વ કહેલું છે તેનો આગળ નિરાસ કરવામાં આવશે એ પ્રમાણે ''એકમેવાદ્વિતીયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિઞ્ચન।।'' એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે એક જ અદ્વિતીયબ્રહ્મ છે તેમાં કાંઈ ભેદ નથી. ''મૃત્યોઃ સ મૃત્યુમાપ્નોતિ ય ઈહ નાનેવ પશ્યતિ।।'' જે ભેદ જુએ છે તે મૃત્યુ થકી મૃત્યુ પામે છે. તે ભગવાનનું કાર્ય કે કરણ જાણી શકાતું નથી. તે પરમાત્માના તુલ્ય કે તેનાથી અધિક કોઈ નથી.

આ પ્રકારે શ્રુતિમાં કહેલા જુદા-જુદા ગુણોનું બ્રહ્મને વિષે નિરૂપણ કરી, વૈષ્ણવતન્ત્ર જેટલા અંશમાં વેદ થકી અવિરુદ્ધ છે તેટલા અંશનો સઙ્ગ્રહ કરવાને માટે તેમાં કહેલા ગુણોનું વર્ણન કરવામાં આવે છે.

શ્રીમદ્ભાગવતના પ્રથમસ્કન્ધમાં ધર્મપ્રત્યે પૃથ્વીએ ભગવાન્ના ગુણો નીચે પ્રમાણે ગણાવ્યા છે.

**સત્યં શૌચં દયા ક્ષાન્તિસ્ત્યાગઃ સન્તોષ આર્જવત્ ।।**
**શમોદમસ્તપઃ સામ્યં તિતિક્ષોપરતિઃ શ્રુતમ્ ।।**
**જ્ઞાનં વિરક્તિરૈશ્વર્યં શૌર્યં તેજોબલં સ્મૃતિઃ ।।**
**સ્વાતન્ત્ર્યં કૌશલં કાન્તિર્ધૈર્યમાર્દવમેવચ ।।**
**પ્રાગલ્ભ્યં પ્રશ્નયઃ શીલં સહ ઓજોબલં ભગઃ ।।**
**ગામ્ભીર્યં સ્થૈર્યમાસ્તિક્યં કીર્તિર્માનોઽનહઙ્કૃતિઃ ।।**
**એતેચાન્યેચભગવન્નિત્યા યત્ર મહાગુણાઃ ।।**

એ શ્લોકમાં કહેલા ગુણોનો અર્થ નીચે પ્રમાણે છે. 'સત્ય' એટલે યથાર્થ ભાષણ. 'શૌચ' એટલે શુદ્ધત્વ, 'દયા' એટલે પરદુઃખ સહન થવું તે. ક્રોધ થતી વખતે ચિત્તને વશ રાખવું એને 'ક્ષાન્તિ' કહે છે. 'ત્યાગ' એટલે પ્રયોજનવાળા પુરુષને જોઈતી વસ્તુ ખુલ્લા હાથથી આપતી તે. 'સન્તોષ' એટલે પૂર્ણબુદ્ધિ. 'આર્જવ' એટલે અવક્રતા. 'શમ' એટલે મનનું નિશ્ચલપણું. 'દમ' એટલે બાહ્યઈન્દ્રિયનું નિશ્ચલપણું. 'તપ' એટલે સ્વધર્મ. 'શામ્ય' એટલે શત્રુમિત્રાદિનો

અભાવ. 'તિતિક્ષા' એટલે પારકા અપરાધનું સહન કરવું. લાભ પ્રાપ્તિમાં આસક્તિના અભાવને 'ઉપરતિ' કહે છે. શાસ્ત્રવિચારને 'શ્રુત' કહે છે, આત્માને જાણવો એને 'જ્ઞાન' કહે છે. તૃષ્ણારહિતપણાને 'વિરક્તિ' કહે છે. નિયન્તૃપણાને 'એશ્વર્ય' કહે છે. સઙ્ગ્રામમાં ઉત્સાહને 'શૌર્ય' કહે છે. પ્રભાવને 'તેજ' કહે છે. દક્ષત્વ અથવા ચાતુર્યને 'બલ' કહે છે. કર્તવ્ય અર્થનું અનુસન્ધાન રહે તેને 'સ્મૃતિ' કહે છે. અપરાધીનતાને 'સ્વાતન્ત્ર્ય' કહે છે. ક્રિયાની પૂર્ણતાને 'કૌશલ' કહે છે. સૌન્દર્યને 'કાન્તિ' કહે છે. અવ્યાકુળતાને 'ધૈર્ય' કહે છે. ચિત્તના અકાઠિન્યને 'આર્જવ' કહે છે. બીજાના ઉપર જે પ્રતિભા પડે તેને 'પ્રાગલ્ભ્ય' કહે છે. 'પ્રશ્રય' એટલે વિનય. 'શીલ' એટલે સુન્દરસ્વભાવ. 'સહ' એટલે મનનું સામર્થ્ય. 'ઓજ' એટલે ઈન્દ્રિયનું સામર્થ્ય. 'બલ' એટલે શરીરનું સામર્થ્ય. 'ભગ' એટલે સૌભાગ્ય અથવા સુખસ્થાન. ક્ષોભિત ન થવું એને 'ગામ્ભીર્ય' કહે છે. અચઞ્ચળતાને 'સ્થૈર્ય' કહે છે. 'આસ્તિક્ય' એટલે શ્રદ્ધા. 'કીર્તિ' એટલે વર્ણન કરવા યોગ્ય યશ. 'માન' એટલે પૂજ્યત્વ. ઉપરના ગુણો હોવા છતાં ગર્વનો અભાવ હોય તેને 'અનહઙ્કૃતિ' કહે છે. આ અને ભક્તવત્સલત્વાદિગુણો ભગવાન્‌માં નિત્ય છે. અવતારમાં પણ એ ગુણો ભગવાન્‌ની સાથે આવિર્ભૂત થાય છે. તે ગુણો જન્ય અથવા પાછળથી ઉત્પન્ન થયેલા હોતા નથી. આ ગુણોવડે કૃષ્ણત્વનો પ્રકાશ કર્યો.

બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ''એષ લોકપાલઃ સ સેતુર્વિધરણ એષાં લોકાનામસમ્ભેદાય'' એ શ્રુતિમાં બ્રહ્મનું સર્વ આધારત્વ કહેલું છે અને 'દહરાધિકરણમાં' (બ્ર.સૂ.૧/૩/૧૪ થી ૨૧) તે પ્રતિપાદન કરેલું છે. આ પ્રકારે ધર્મનો નિશ્ચય કરવામાં આવ્યો. ગીતામાં કહ્યું છે કે ''નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ।। દૈવી હ્યેષા ગુણમયી મમમાયા ।।'' (ભ.ગી.૭/૨૫) એ વચનોમાં માયાનો સમ્બન્ધ કહેલો છે, તેથી બ્રહ્મમાયાને આધીન છે, એમ કોઈ શઙ્કા કરે તો તે દૂર કરવાને માટે મૂલમાં 'વશ્યમાયમ્' પદ મુકેલું છે. એ પદથી સિદ્ધ થાય છે કે બ્રહ્મમાયાને આધીન નથી પણ માયા બ્રહ્મને આધીન છે. જેમ પાશવાળો પુરુષ પાશને આધીન નથી, જેમ મેઘથી વિંટાયેલો સૂર્ય મેઘને આધીન થતો નથી, તેમ માયાના સમ્બન્ધથી ભગવાન્ માયાને આધીન થતા નથી, પણ ઉપર કહેલી ''સ વા અયમાત્મા સર્વસ્ય વશી સર્વસ્યેશાનઃ સર્વસ્યાધિપતિઃ''

શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વના અધિપતિ, સર્વને વશ કરનાર અને સર્વના નિયન્તા ભગવાન્ છે, તેથી માયા પણ એમને જ આધીન છે, એ વાત સિદ્ધ થાય છે. આ પ્રકારે માયાના પારતન્ત્યનો પરિહાર કર્યા છતાં માયિક આકારની શઙ્કા થાય તેની નિવૃત્તિને માટે 'વિશ્વતશ્ચક્ષુઃ' એ શ્રુતિમાં કહેલા આકારસ્વરૂપનો નિશ્ચય કરવામાં આવે છે.

છાન્દોગ્ય ઉપનિષદ્‌માં સનત્કુમાર અને નારદ ના સંવાદમાં ભૂમાના સુખરૂપત્વનો નિશ્ચય કરીને દહરવિદ્યામાં "એષ આત્માપહત પાપ્મા વિજરો વિમૃત્યુર્વિશોકોવિજિઘિત્સોડપિપાસઃ સત્યસઙ્કલ્પઃ" એ વાક્યમાં શોક, ભૂખ, તરશ વગેરે શારીર ધર્મોનો નિષેધ કરેલો છે, માટે તે ધર્મોરહિત શરીર ઉપર કહેલી શ્રુતિથી સિદ્ધ થાય છે. મુણ્ડક ઉપનિષદ્‌ની "આનન્દરૂપમમૃતં યદ્વિભાતિ" શ્રુતિથી બ્રહ્મનું આનન્દરૂપ સિદ્ધ થાય છે. "સઉત્તમઃ પુરુષઃ" એ છાન્દોગ્યની શ્રુતિથી સિદ્ધ થાય છે કે પરબ્રહ્મ પુરુષોત્તમ અક્ષર થકી પણ ઉત્તમ છે. ગીતામાં પણ કહ્યું છે કે હું અક્ષરથી ઉત્તમ છું. આ પ્રકારે પૂર્વે કહેલું કૃષ્ણત્વ દઢ કર્યું.

પ્રથમ બ્રહ્મને ત્રણ પરિચ્છેદથી રહિત સિદ્ધ કરવાથી જગતનું બ્રહ્મ થકી અભિન્નત્વસિદ્ધ થયું. એમ થવાથી પ્રાપઞ્ચિક જડત્વાદિ ધર્મો બ્રહ્મમાં સિદ્ધ થાય, એ શઙ્કા નિવૃત્ત થવાને માટે કહે છે કે ક્રીડાની ઈચ્છાથી આત્માનન્દ તિરોધાન કર્યાથી ગતિરહિતપણુ અને જડત્વાદિધર્મો પ્રપઞ્ચમાં પ્રતીત થાય છે તે બ્રહ્મમાં નથી, એમ જણાવવાને માટે મૂલમાં પ્રાપઞ્ચિક સર્વ પદાર્થ થકી બ્રહ્મને વિલક્ષણ કહ્યું છે. 'દશ્યતે' અધિકરણમાં આ વાત સિદ્ધ કરેલી છે.

**જગતઃસમવાયિ સ્યાત્તદેવ ચ નિમિત્તકમ્ ।।**
**કદાચિદ્રમતે સ્વસ્મિન્ પ્રપઞ્ચેડપિક્વચિત્ સુખમ્ ।।૬૮।।**

**અર્થ :** તે જ બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે અને તે જ નિમિત્તકારણ છે. એ બ્રહ્મ કોઈ વખત પોતાના સ્વરૂપમાં રમે છે અને કોઈ વખત સુખથી પ્રપઞ્ચમાં રમે છે.

**પ્રકાશ :** આ પ્રકારે બ્રહ્મના ધર્મને કહીને તેનું કાર્ય કહે છે, સર્વ કાર્યરૂપ જગતનું બ્રહ્મ જ સમવાયિકારણ છે. ગાર્ગીયિ બ્રાહ્મણમાં બ્રહ્મને વિષે સર્વ ઓતપ્રોત પ્રસિદ્ધ છે અને સર્વનું નિમિત્તકારણ પણ એ બ્રહ્મ જ કહેલું છે, તેમજ કર્તા પણ બ્રહ્મ છે. પ્રપઞ્ચના નિર્માણનું એ કારણ છે કે જે વખત પ્રપઞ્ચમાં રમણની ઈચ્છા થાય તે

વખત બ્રહ્મપ્રપઞ્ચનો વિસ્તાર કરે છે અને પોતાને વિષે રમણની ઈચ્છા થાય ત્યારે પ્રપઞ્ચને પોતાને વિષે લીન કરે છે.

**આવરણભઙ્ગ :** પૂર્વે કહેવામાં આવ્યું છે કે રૂપ અને નામ ના વિભેદવડે ભગવાન્ જગતરૂપ છે એ વાક્ય વિસ્તારથી કહી સમાપ્તિ કરવાને માટે સમન્વય અને ઈક્ષત્યધિકરણ (બ્ર.સૂ.૧/૧/૩ તથા ૧/૧/૪ થી ૧૦)માં સિદ્ધ કરેલો વિષય હવે કહેવામાં આવે છે.

બૃહદારણ્યક ઉપનિષદ્‌ના ગાર્ગીબ્રાહ્મણમાં ગાર્ગીએ પ્રશ્ન કરેલો છે કે આ ભૂત, ભવિષ્ય અને વર્તમાન કોને વિષે ઓતપ્રોત છે? એ પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્ક્યે કહ્યું છે કે આકાશને વિષે સર્વ ઓતપ્રોત છે, ત્યારે યાજ્ઞવલ્ક્યે જવાબ દીધો કે અક્ષરને વિષે. એ પ્રકારે એ બ્રાહ્મણમાં તન્તુપટન્યાયથી જગતનું સમવાયિકારણ બ્રહ્મ સિદ્ધ થાય છે, અર્થાત્ પોતા થકી અભિન્ન કાર્યરૂપ જગતનું ઉપાદાન બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે; તેમાં બીજા પદાર્થની અપેક્ષા નથી. એ વાત સમન્વય અધિકરણના ભાષ્યમાં પ્રતિપાદન કરેલી છે. વળી ''પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદષ્ટાન્તાનુપરોધાત્'' (બ્ર.સૂ.૧/૪/૨૩) એ સૂત્ર અને છાન્દોગ્ય ઉપનિષદ્‌ની શ્રુતિઓ પણ જગતનું ઉપાદાનકારણ બ્રહ્મ છે એમ સિદ્ધ કરે છે. ''તસ્માદ્વા એતસ્માદાત્મન આકાશઃ સમ્ભૂતઃ'' એ શ્રુતિમાં નિમિત્ત કારણપણ બ્રહ્મને જ કહેલું છે. ''સઆત્માનં સ્વયમકુરુત'' અને ''સવિશ્વકૃદ્વિશ્વ-વિદાત્મયોનિઃ'' એ શ્રુતિમાં કર્તૃત્વ સિદ્ધ કરેલું છે. આ પ્રમાણે સિદ્ધાન્તમાં અભિન્નનિમિત્ત ઉપાદાનવાદ અને કર્તૃત્વ અઙ્ગીકાર કરેલાં છે તેમાં શઙ્કા એવી ઉઠે છે કે કાર્યના ઉત્પન્ન કરવા થકી કર્તૃત્વપણું કહેવાય છે અને જગત્ રૂપ કાર્ય ભગવાન્ પ્રકૃતિની પેઠે અન્યને માટે કરે છે કે પોતાને માટે કરે છે? તેમાં પ્રથમ પક્ષ ઘટતો નથી, કેમકે ઉપર સિદ્ધ કરેલા સ્વતન્ત્ર ઈશ્વરને અન્યને માટે આવા પ્રયાસમાં કાંઈપણ પ્રયોજન હોય નહિ, કેમકે અન્યને માટે આ પ્રયાસ હોય તો પાચકની પેઠે અનીશ્વરતાનો પ્રસઙ્ગ આવે. તેમજ બીજો પક્ષ પણ ઘટતો નથી. બ્રહ્મ આપ્તકામ અને આત્મારામ હોવાથી બ્રહ્મને વિષે સૃષ્ટિ કરવાનું પ્રયોજન ઘટતું નથી માટે આ જગતનું નિમિત્તકારણ જીવ છે એમ કહેવું જોઈએ. એ શઙ્કાના નિરાસને માટે કહે છે કે પ્રપઞ્ચનિર્માણમાં બ્રહ્મને ક્રીડાની ઈચ્છારૂપ પ્રયોજનશ્રુતિ સિદ્ધ છે. ''તસ્માદેકાકી ન રમતે'' (બૃહદારણ્યક) ''સદ્વિતીયમૈચ્છત્'' એ

શ્રુતિમાં સૃષ્ટિ ઉત્પન્ન થવાનું કારણ ક્રીડા જ કહેવામાં આવ્યું છે. ગોડવાર્ત્તિકમાં કહ્યું છે કે "કેટલાક ભોગને માટે સૃષ્ટિ છે એમ કહે છે કેટલાક ક્રીડાને માટે કહે છે. આપ્તકામને સ્પૃહા હોય નહિ, પણ સૃષ્ટિ કરવી એ દેવનો સ્વભાવ છે". એ રીતે પ્રયોજનનો વિકલ્પ કરી સિદ્ધાન્ત કહેલો છે તેમાં પણ ક્રીડા કરવી એજ સ્વભાવસિદ્ધ થાય છે, કેમકે દેવમાં 'દિવ્' ધાતુનો અર્થ ક્રીડાવાચક છે. એવો અર્થ કરવામાં ન આવે તો "સદ્વિતીયમેચ્છત્। ક્રીડાર્થમાત્મન ઈદં ત્રિજગત્કૃતન્તે" એ શ્રુતિ અને સ્મૃતિ નો વિરોધ આવે. ક્રીડાને માટે સૃષ્ટિ કરવામાં આપ્તકામ શ્રુતિનો વિરોધ આવતો નથી કેમકે બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય છે સ્પૃહાનો અર્થ ઈચ્છા થાય છે, પણ પરમાત્માની ઈચ્છા લૌકિક ઈચ્છા તુલ્ય નથી અને સૃષ્ટિ ભગવલ્લીલા છે. "લોકવત્તુ લીલાકૈવલ્યમ્" (બ્ર.સૂ.૨/૧/૩૩) એ સૂત્રમાં વ્યાસે સૃષ્ટિને ભગવાન્‌ની લીલા કહી છે.

શ્રીશઙ્કરાચાર્યજીએ કહ્યું છે કે પરમાર્થચિન્તક પુરુષોને સૃષ્ટિમાં આદર નથી. આ કહેવું આપાતરમ્ય છે કેમકે શુકાદિને તેમાં આદર દેખાય છે. શ્રીમદ્‌ભાગવતમાં સૃષ્ટિનું વર્ણન શુકદેવજીએ કરેલું છે તેથી તેમાં એમનો આદર સિદ્ધ થાય છે નહિ તો મુક્ત પુરુષને તેનું ગાન કરવાની જરૂર નહિ. એ પ્રમાણે સૃષ્ટિ કરવાનું પ્રયોજન ક્રીડા જ છે એ સિદ્ધ થાય છે. એ રીતે "રૂપનામવિભેદેન યઃ ક્રીડતિ" એ વાક્યનું વિસ્તારથી પ્રતિપાદન કર્યું. આગળ પણ એનો વિશેષ વિસ્તાર થશે.

**યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્યદ્યથા યદા ।।**
**સ્યાદિદં ભગવાન્ સાક્ષાત્ પ્રધાન પુરુષેશ્વરઃ ।।૬૯।।**

**અર્થ :** જેને વિષે, જે વડે, જેના થકી, જે સમ્બન્ધી, જેને અર્થે અને જે-જે, જે પ્રકારે જ્યારે થાય છે તે સર્વ પ્રધાન પુરુષના નિયન્તા સાક્ષાત્ ભગવાન્ છે.

**પ્રકાશ :** કાર્યાદિભાવ કોઈ અન્ય પદાર્થ છે એમ શઙ્કા થાય ત્યાં બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરે છે. સાતે વિભક્તિના પ્રકારનો અર્થ ભગવાન્ જ છે. પ્રકૃતિ, પુરુષ અને કાળ પણ તેજ છે.

**આવરણભઙ્ગ :** ઉપર કહેલો શ્લોક ૧૦ માં સ્કન્ધના ૮૨ માં અધ્યાયમાંનો છે. સાધનાધ્યાયના બીજા પાદના "ઉભય વ્યપદેશ" સૂત્રમાં અખણ્ડ બ્રહ્મવાદનું સ્વરૂપ જે સિદ્ધ થાય છે તે આ શ્લોકમાં કહેલા પ્રકારનું જ છે. તેથી શ્રુતિ, સ્મૃતિ

અને ન્યાય થી સિદ્ધ હોવાને લીધે સર્વ બ્રહ્મ જ છે. ભેદનો ગન્ધ પણ નથી.

**યઃસર્વત્રૈવ સન્તિષ્ઠનન્તરઃ સંસ્પૃશેન્ન તત્ ।।**
**શરીરં તં ન વેદેત્થં યોઽનુવિશ્ય પ્રકાશતે ।।**
**સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તત્ ।।૭૦।।**
**અનન્તમૂર્તિ તદ્બ્રહ્મ કૂટસ્થં ચલમેવચ ।।**
**વિરુદ્ધસર્વધર્માણામાશ્રયં યુક્ત્યગોચરમ્ ।।૭૧।।**

**અર્થ :** જે બ્રહ્મ સર્વને વિષે અંદર સ્થિતિ કરતા છતાં પણ સર્વ કાર્યને પોતાના મધ્યમાં સ્થાપન કરે છે, તો પણ તે કાર્યને પોતે સ્પર્શ કરતું નથી. બ્રહ્મ સર્વને પોતાના શરીરરૂપ માની તેમાં પ્રવેશ કરીને પ્રકાશે છે, પણ શરીર એ પ્રકારે તેને જાણતું નથી. તે બ્રહ્મ કોઈપણ વાદનો વિષય નથી. અને તે સર્વવાદને અનુસરે છે.

તે બ્રહ્મ અનન્તમૂર્તિ છે અને કૂટસ્થ અને ચલ છે તે સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે અને યુક્તિનો અવિષય છે.

**પ્રકાશ :** એ પ્રકારે પૂર્વસ્થિતિ કહીને પછીની સ્થિતિ કહેવામાં આવે છે. બ્રહ્મ સર્વ પદાર્થમાં પોતે સ્થિતિ કરે છે અને તેને પોતાના મધ્યમાં સ્થાપન કરે છે. એ પ્રમાણે આધાર અને આધેય ભાવ પોતે થાય છે તો પણ કોઈ પણ પદાર્થને પોતે સ્પર્શ કરતું નથી. કદાપિ એમ શઙ્કા થાય કે તે પ્રમાણે અજ્ઞાનથી એમ થાય છે તો તે શઙ્કા દૂર કરવાનું કહે છે કે બ્રહ્મ સર્વ તેને પદાર્થને પોતાના શરીરપણાથી માને છે તેથી સર્વ તેને જ્ઞાપક થાય છે, તો પણ તેને બ્રહ્મ સ્પર્શ કરતું નથી. ત્યારે એમ શઙ્કા થાય કે ભગવાન્ આનન્દનિધિ હોવાથી શરીર તેનો સ્પર્શ કરે, ત્યાં કહે છે કે જે બ્રહ્મ શરીરમાં પ્રવેશ કરીને પ્રકાશે છે તેને શરીર જાણતું નથી. શ્રુતિમાં પણ કહેલું છે કે

**યઃ પૃથિવ્યાન્તિષ્ટન્પૃથિવીમન્તરો યમયતિ યસ્ય પૃથિવી શરીરં યં પૃથિવી ન વેદ સ આત્મા અન્ર્યામ્યમૃતઃ યઃ પૃથિવ્યાન્તિષ્ટન્।।**

**અર્થ :** જે પરમેશ્વર પૃથ્વીમાં સ્થિતિ કરતા પૃથ્વી થકી ભિન્ન છે જેનું પૃથ્વી શરીર છે તેને પૃથ્વી જાણતી નથી (બૃહદારણ્યક).

શ્રુત્યાદિભેદમાં વિષયનું જુદાં-જુદાં પ્રકારનું પ્રતિપાદન હોવાથી, અન્યોન્ય વિરોધવડે બ્રહ્મને વિષે કાંઈપણ પ્રમાણ થશે નહિ એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે સર્વભવનસામર્થ્યવડે બ્રહ્મ વિરુદ્ધ ધર્માશ્રય હોવાથી

શ્રુતિઓમાં જુદાં-જુદાં વાક્યની એક વાક્યતા નિરૂપણ કરેલી છે. વાદીનાં વાક્યો બ્રહ્મના જુદાં-જુદાં અંશને પ્રતિપાદન કરનારાં નથી, કેમકે વાદીના હૃદયનો અભિપ્રાય તેવો નથી માટે સર્વવાદ સ્વભ્રાન્તિકલ્પિત હોવાથી વસ્તુ સ્પર્શ નહિ કરવાને લીધે બ્રહ્મ તે વાદનો વિષય થતું નથી. કદાપિ એમ શઙ્કા કરે કે વાદીનું હૃદય જે પ્રમાણે હોય તે પ્રમાણે સરસ્વતીરૂપ વાક્યની એક વાક્યતા કેમ ન થાય? એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે નાના પ્રકારના વાદને અનુસરનારું પણ બ્રહ્મ જ છે. એક-એક વાદ બ્રહ્મના એક-એક ધર્મ પ્રતિપાદક એક-એક વાક્યનું અઙ્ગ છે. એ પ્રકારે ભગવાન્ સર્વવાદોને અનુસરે છે.

બ્રહ્મને વિષે વિરુદ્ધ ધર્મો છે તે જણાવવાને માટે કહે છે કે બ્રહ્મ અનન્તમૂર્તિ છે. વ્યાપકત્વ એકત્વ બતાવે છે અને અનન્તમૂર્તિ બહુત્વ બતાવે છે. આ પ્રકારે પરસ્પરવિરુદ્ધ ગુણ કહીને વિરુદ્ધ ક્રિયા કહે છે. બ્રહ્મ કૂટસ્થ (સ્થિર) છે અને ચલાયમાન (ગતિવાળું) પણ છે. મૂલમાં 'એવ'કાર છે તે સગુણાદિભેદને જણાવે છે તેમજ 'ચ'કારથી નહિ કહેલા વિરુદ્ધ ધર્મો સમજી લેવા. વાક્યની પેઠે બ્રહ્મમાં પણ વિરોધની શઙ્કા થાય તેના સમાધાનને માટે સ્પષ્ટ કહે છે કે જેમ પૃથ્વી સહજવિરુદ્ધ જીવોનો (ઉંદર-બિલાડી વગેરેનો) આધાર છે તેમ બ્રહ્મ સર્વ વિરુદ્ધધર્મોનો આધાર છે. પૃથ્વીમાં જે વિરુદ્ધધર્મોનો આધાર જણાય છે તે કારણનો એટલે બ્રહ્મનો જ છે. વિશેષ વડે લૌકિકયુક્તિનો વિષય બ્રહ્મ નથી, કેમકે તે લૌકિકયુક્તિથી જણાતું નથી.

**આવરણભઙ્ગ :** કદાપિ એમ શઙ્કા થાય કે તમે ઉપર કહેલું છે કે સર્વ બ્રહ્મ છે તે આ વખતના વ્યવહારથી વિરુદ્ધ છે તેથી તે સિદ્ધ છે એમ શી રીતે જાણી શકાય? સ્મૃતિવડે જાણી શકાય એમ કહેવામાં આવે તો પણ તે ઘટતું નથી, કેમકે પ્રત્યક્ષની અપેક્ષાએ શબ્દ દુર્બળ છે માટે મુખ જેમ ચન્દ્ર કહેવાય છે તેમ જગતમાં બ્રહ્મનો ઉપચાર ઉચિત છે માટે આ બ્રહ્મવાદ યોગ્ય નથી. એ શઙ્કાનો નિરાસ કરવાને માટે કહે છે કે સૃષ્ટિના પૂર્વકાલમાં બ્રહ્મ પોતાના જ સ્વરૂપમાં રમણ કરે છે અને સૃષ્ટિકાલમાં પોતાનું સર્વાત્મત્વતિરોધાન કરી નામરૂપરહિત પોતે-પોતાની ઈચ્છાથી અનેક નામરૂપથી આવિર્ભૂત થાય છે અને તે પ્રમાણે આવિર્ભૂત થઈને તે-તે રૂપમાં તે-તે નામનો નિયમ કરે છે. આવિર્ભૂત થવામાં ''બહુ સ્યાં પ્રજાયેય'' એ શ્રુતિપ્રમાણ છે. અને ''સર્વાણિ રૂપાણિ વિચિન્ત્ય ધીરો નામાનિ

કૃત્વાભિવદન્યદાસ્તે'' એ શ્રુતિના તે-તે રૂપમાં તે-તે નામના નિયમમાં પ્રમાણ છે. 'દ્વાસુપર્ણા' શ્રુતિમાં કહ્યા પ્રમાણે બ્રહ્મ સર્વ શરીરમાં વિદ્યમાન છે તેમ છતાં ''અગન્ધમસ્પર્શમરૂપમવ્યયમ્'' એ શ્રુતિથી તે કોઈપણ વિષયને સ્પર્શ કરતું નથી. સર્વ બ્રહ્મનું શરીર છે એમ અન્તર્યામી બ્રાહ્મણમાં કહેલું છે. ''તદનુપ્રવિશ્ય સચ્ચ ત્યચ્ચાભવત્'' એ શ્રુતિમાં બ્રહ્મનો સર્વમાં પ્રવેશ કહેલો છે અને ''તમેવભાન્તમ્'' એ શ્રુતિથી બ્રહ્મના પ્રકાશ પછી સર્વનો પ્રકાશ છે. આ પ્રમાણે પ્રમાણભૂત વેદસૃષ્ટિની આરમ્ભદશામાં બ્રહ્મની સ્થિતિ કહે છે તેમ બ્રહ્મવિત્ પુરુષોને પણ તેમ ભાસે છે. ''યા નિશા સર્વભૂતાનામ્'' (ભ.ગી.૨/૬૯) એ વાક્યથી જણાય છે કે અજ્ઞાનીને બ્રહ્મનિષ્ટારાત્રિરૂપ છે તેથી તેને બ્રહ્મવાદ પ્રતીત થતો નથી, પણ પ્રમાણદષ્ટિથી તથા જ્ઞાનીની દષ્ટિથી બ્રહ્મવાદ જ સિદ્ધ થાય છે, એટલે સૃષ્ટિકાલમાં ભગવાન્ ચૈતન્ય અને જડ વસ્તુઓને આવિર્ભૂત કરી તેમાં અન્તર્યામીપણાથી સ્થિતિ કરે છે અને પૂર્વકાલમાં પોતાના સ્વરૂપથી સ્થિતિ કરે છે. આથી વિશિષ્ટાદ્વૈતવાદ પણ એકદેશ છે એમ સમજવું.

હવે બાહ્યાદિમતની શઙ્કા ઉઠાવીને તેનો પરિહાર કરવામાં આવે છે ''નસ્થાનતોડપિ'' (બ્ર.સૂ.૨/૩/૨૧) એ ઉભય લિઙ્ગાધિકરણમાં સિદ્ધાન્તિ અને એકદેશીના મતવડે બે પ્રકારથી સર્વશ્રુતિનો અવિરોધ દેખાડેલો છે. વ્યાસ વેદ સ્થાપનને માટે પ્રવૃત્ત થવાથી, વેદમાં અક્ષર માત્રનો પણ બાધ ન થાય તેને માટે એમણે (વ્યાસે) બ્રહ્મની બન્ને રૂપતાનો સ્વીકાર કરેલો છે. ધર્મનું સ્વરૂપ સિદ્ધ થવાને માટે બ્રહ્મ થકી તેનું વૈલક્ષણ્ય અઙ્ગીકાર કરવું જોઈએ એમ ન કરીએ તો શ્રુતિનો બાધ આવે અને ધર્મનો અઙ્ગીકાર કરીએ તો ''એકમેવાદ્વિતીયમ્'' એ શ્રુતિનો બાધ આવે માટે બન્નેના સમ્ભવને માટે બ્રહ્મ પૂર્વે નિર્ધર્મક જ છે અને ત્યાર પછી ક્રિયાદિરૂપ સ્વધર્મરૂપથી આવિર્ભૂત થાય છે. એ પ્રકારે સર્વભવનસામર્થ્યવડે વિરોધનો પરિહાર એકદેશીના મતમાં થાય છે. ''પૂર્વવદ્વા । વિપ્રતિષેધાચ્ચ''(બ્ર.સૂ.૩/૨/૨૯ તથા ૨/૨/૪૫) એ બે સૂત્ર થકી ઉપર કહ્યા પ્રમાણે વેદવ્યાસે એક દેશી મત બતાવેલો છે. ઉપર કહેલ સૂત્ર પૂર્વ પક્ષરૂપ છે. સિદ્ધાન્તમાં ''ઉભય વ્યપદેશાત્ત્વહિ કુણ્ડલવત્ । પ્રકાશાશ્રયવદ્વા તેજસ્ત્વાત્ ।''(બ્ર.સૂ.૩/૨/૨૭ તથા ૩/૨/૨૮) એ સૂત્રોથી વિરુદ્ધ ધર્માશ્રય બતાવી વિરોધનો પરિહાર કરેલો છે. આ કારણથી પ્રકારભેદથી પ્રતિપાદનવડે સર્વ વાક્યોનું

પ્રમાણ્ય છે, પણ વાદીઓને પ્રકારભેદ બાહ્ય હોવાથી તેઓને જાણતા નથી તે માટે તેમનું કહેલું અપ્રમાણ જ છે. કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે વાદીઓ એક-એક શ્રુતિને અનુસરે છે તેથી તેમનું કહેવું સત્ય કેમ ન કહેવાય? અને તે બ્રહ્મને પ્રતિપાદન કરે છે એમ કેમ ન કહેવાય? ત્યાં કહે છે કે જો તેમણે અન્ધહસ્તિની પેઠે ભગવાન્‌ને જ પ્રતિપાદન કર્યા હોત તો તર્કપાદમાં વેદવ્યાસ તેમનો મત દૂષિત્ કરત નહિ. તેથી ભગવાન્‌ને પ્રતિપાદન કરવાનું તેમનું હૃદય નથી. આમ હોવાથી તે વાદીઓના વાદનો વિષય બ્રહ્મ નથી તેથી તેમના વાદ હણાયેલા જ છે.

ભગવાન્ સર્વવાદને અનુસરે છે એમ વિદ્વન્મણ્ડનની સમાપ્તિમાં અને મધ્વભાષ્યના પ્રથમાધ્યાયની સમાપ્તિમાં કહેલું છે. મહોપનિષદ્‌માં પણ ''એષહ્યેવશૂન્ય એષહ્યેવતુચ્છ એષહ્યેવાવ્યક્તોઽદશ્યોઽચિન્ત્યો નિર્ગુણશ્ચ'' તે શૂન્ય છે, તે તુચ્છ છે, તે અભાવ છે, અવ્યક્ત છે, તે અદશ્ય છે, તે અચિન્ત્ય અને નિર્ગુણ છે એ પ્રમાણે કહેલું છે. મહાકૂર્મપુરાણમાં પણ કહેલું છે કે

**''શમૂનં કુરુતે વિષ્ણુરદશ્યઃ સન્‌પરઃસ્વયમ્ ।।**
**તસ્માચ્છૂન્યામિતિ પ્રોક્તસ્તોદનાત્ તુચ્છમુચ્યતે ।**
**નૈવ ભાવયિતું યોગ્યઃ કેનચિત્પુરુષોત્તમઃ ।**
**અતોઽભાવં વદન્ત્યેનં નાઽશ્યત્વાન્નાશઈત્યપિ ।।**
**સર્વેષાં તદધીનત્વાત્તત્તચ્છદ્‌બાભિધેયતા ।।**
**સર્વેષાં વ્યવહારાથમિષ્યતે વ્યવહર્તૃભિઃ ।।**

**અર્થ :** અદષ્ય અને સર્વ થી ઉત્તમવિષ્ણુ પોતે-પોતાના સુખથી અન્ય સુખને અલ્પ કરે છે તેથી તેને (વિષ્ણુને) શૂન્ય કહે છે. (આ ખરો શબ્દાર્થ છે પણ શૂન્યવાદી તેને શૂન્ય એટલે કાંઈ નથી એમ માને છે), પોતે દુષ્ટને પીડા કરે છે અને ઢંકાયેલા છે તેથી તે તુચ્છ કહેવાય છે. ભગવાન્ કોઈથી ઉત્પન્ન કરાવાને માટે યોગ્ય નથી, તેથી એમને અભાવ કહે છે અને એ કોઈથી દેખી શકાતા નથી તેથી એમને નાશ પણ કહે છે. આ પ્રકારે સર્વ શબ્દો વિષ્ણુને આધીન હોવાથી તે-તે શબ્દોથી તે વાચ્ય થાય છે અને સર્વે વ્યવહારવાળાઓ પોત-પોતાના વ્યવહારને માટે તે-તે શબ્દોનું ગ્રહણ કરે છે.

ઉપર કહ્યા પ્રમાણે અર્થ છે તો પણ શૂન્યવાદીઓ જગતનું કારણ શૂન્ય માને છે, પણ તેમની સરસ્વતી ઉપર કહેલા અર્થને પ્રતિપાદન કરે છે.

તેમજ નૈયાયિક અભાવને કારણ માને છે આ પ્રકારે દુષ્ટ વાદીઓ બ્રહ્મના અદશ્યત્વને લીધે અનેક વાદ કરે છે અને તે-તે વાદને ભગવાન્ અનુસરે છે. ''યદેકમવ્યક્તમનન્તરૂપં વિશ્વં પુરાણં તમસઃ પરસ્તાત્'' એ શ્રુતિમાં બ્રહ્મને એક અને અનન્ત રૂપ કહેલું છે. એ વિરુદ્ધધર્મ શ્રુતિમાં નિરૂપણ કરેલો છે. તેમજ ''તદેજતિ તનૈજતિ'' એ શ્રુતિમાં તે ચાલે છે અને તે ચાલતું નથી એમ પરસ્પર વિરુદ્ધક્રિયા બતાવેલી છે.

બ્રહ્મ સર્વ વાદનો વિષય નથી એમ જે કહ્યું તે બાળબોધને માટે સ્ફુટ કરવામાં આવે છે. મન્દ અધિકારી લૌકિકયુક્તિ જાણી શકે છે માટે યુક્તિ બતાવે છે કે જેમ સહજવિરુદ્ધ સર્પમુષકનો આધાર ભૂમિ છે જેમ પરસ્પર વિરુદ્ધ નિકળવાની અને પેસવાની ક્રિયાનો આશ્રય કર્મ છે જેમ જાગ્રત અને સુષુપ્તિ એ બન્ને વિરુદ્ધ અવસ્થાનો આધાર બુદ્ધિ છે તેમ બ્રહ્મ પરસ્પરવિરુદ્ધ ધર્માધાર છે. ત્યાં એમ શઙ્કા થાય કે લૌકિકયુક્તિનો બ્રહ્મ આધાર થાય ત્યારે બ્રહ્મનું માહાત્મ્ય શું? એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે કારણરૂપ બ્રહ્મમાં જે ગુણો છે તેજ કાર્યમાં પ્રતીત થાય છે. વળી એમ શઙ્કા થાય કે બ્રહ્મ તેવું છે તેમાં શી યુક્તિ? એના ખુલાસામાટે વસ્તુ સ્વભાવવડે વિરુદ્ધ ધર્માધારત્વનું સમર્થન કરવામાં આવે છે. બ્રહ્મ કોઈ યુક્તિનો વિષય નથી એ દૂષણ નથી, પણ દુર્જ્ઞેય માહાત્મ્યરૂપ ભૂષણ છે. આ હેતુ માટે જ શ્રુતિમાં કહેલું છે કે ''એતાવાનસ્ય મહિમા અતોજ્યાયાંશ્ચપુરુષઃ'' આટલું એનું માહાત્મ્ય છે માટે એ પુરુષ મહાન્ છે. શ્રુતિમાં કહેલું અપરિમિત મસ્તકત્વ લૌકિકયુક્તિ ગમ્ય નથી, માટે શબ્દ પ્રામાણ્યવાદી પુરુષોએ બ્રહ્મનું સ્વરૂપ વેદમાં જેવું કહેલું છે તેવું જ માનવું જોઈએ તેમ વાદીએ પણ તેજ પ્રકારે અઙ્ગીકાર કરવું જોઈએ. એમ ન કરે તો જીવને વિષે જન્યજ્ઞાનનું આધારત્વ દેખવાથી પરમાત્માને વિષે નિત્યજ્ઞાનની અસિદ્ધિ આવે નિત્યજ્ઞાન અનુમાનથી સિદ્ધ કરવામાં આવે તો પણ હેતુમાં વિરુદ્ધ ઉપાધિઓનું સ્ફુરણ થયા વગર રહે નહિ માટે બ્રહ્મ યુક્તિનો વિષય નથી, પરન્તુ તે શ્રુતિથી જ જાણવામાં આવે છે. વિરુદ્ધ ધર્માશ્રય કમળની પેઠે જાણવું. જેમ કમળ મૂળમાં મોટું હોવા છતાં અગ્રભાગમાં સૂક્ષ્મ હોય છે તેમ ભગવાન્‌ને વિષે પણ મહત્વ વિદ્યમાન છતાં કાર્યને વિષે અલ્પત્વ થાય છે અને અત્યન્ત હીનકાર્યને વિષે અત્યન્ત અલ્પત્વ થાય છે. આ વાત દ્વિતીયસ્કન્ધમાં પુરુષસૂક્ત અધ્યાયની સુબોધિનીમાં

પ્રતિપાદન કરેલી છે. એ પ્રકારે ભગવાન્‌ના અદ્‌ભુતકર્મનું સમર્થન કર્યું.

**આવિર્ભાવ તિરોભાવૈર્મોહનં બહુરૂપતઃ ।।**
**ઈન્દ્રિયાણાં તુ સામર્થ્યાદદશ્યં સ્વેચ્છયા તુ તત્ ।।૭૨।।**

**અર્થ :** આવિર્ભાવ અને તિરોભાવ વડે બહુરૂપથી બ્રહ્મ મોહ ઉત્પન્ન કરે છે. તે ઈન્દ્રિયોના સામર્થ્યથી અદશ્ય જ છે અને પોતાની ઈચ્છાથી દશ્ય પણ છે.

**પ્રકાશ :** કોઈ એમ શઙ્કા કરે કે અવતારને વિષે શ્રુતિ બ્રહ્મત્વ કહે છે. અવતાર જેમ લૌકિકપ્રમાણનો વિષય થાય છે તેમ બ્રહ્મ લૌકિકયુક્તિનો પણ વિષય થાય. આ શઙ્કાના ખુલાસામાં કહે છે કે આવિર્ભાવ એટલે અવતાર. અર્થાત્ મત્સ્યાદિરૂપવડે પ્રાકટ્ય થવું તે. તિરોભાવ એટલે અવતારની સમાપ્તિ. આવિર્ભાવ બહુ પ્રકારના છે. કોઈ વખત ભગવાન્ સ્થાવર થકી પ્રકટ થાય છે, કોઈ વખત જઙ્ગમ થકી પ્રકટ થાય છે અને કોઈ વખત સ્થાવર-જઙ્ગમ સિવાય સ્વતઃપ્રકટ થાય છે. આ બધા પ્રકાર નટની પેઠે મોહ કરનારા છે તેથી ભગવાન્ લૌકિકયુક્તિનો વિષય થતા નથી કેમકે કોઈપણ લૌકિકમત્સ્ય એક દિવસમાં સો યોજન વધી શકતો નથી તેમ લૌકિકવરાહ ક્ષણવારમાં પર્વત સમાન રૂપવાળો થઈ શકતો નથી, માટે બ્રહ્મને લૌકિકયુક્તિનો વિષયત્વ કહેવું એ ભ્રાન્તિ છે. કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે કૃષ્ણાદિ અવતારો સર્વ મનુષ્યોએ દીઠેલા છે તો તેથી બ્રહ્મ લૌકિકપ્રમાણનો વિષય થયું એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે ચક્ષુ પોતાના સામર્થ્યવડે ભગવાન્‌ને જોઈ શકતું નથી પણ મને સર્વ જુઓ એવી ભગવાન્‌ની ઈચ્છા થાય ત્યારે જોઈ શકે છે.

**આવરણભઙ્ગ :** અવતારદશામાં બ્રહ્મ લૌકિકયુક્તિનો વિષય થાય એ શઙ્કાનો પરિહાર કરવામાં આવે છે. અવતાર એટલે પ્રાકટ્ય. તેમાં બહુ પ્રકાર છે. તે પ્રકારો લૌકિકયુક્તિના વિષય થતા નથી. જેમ સ્તમ્ભથકી નૃસિંહનું પ્રાકટ્ય, જઙ્ગમથકી વામનાદિનું અને પોતાની મેળે હંસનું આ પ્રાકટ્યો લૌકિકયુક્તિના વિષય થઈ શકે એમ નથી, કેમકે લૌકિકમાં કોઈ દહાડો સ્તમ્ભમાંથી સિંહ ઉત્પન્ન થતો નથી, તેમજ હંસ પોતાની મેળે ઉત્પન્ન થતો નથી. જેમ નટને વિષે આ રાજા આ ઘોડો એમ મનુષ્યની બુદ્ધિને મોહ થાય છે તેમ આ મત્સ્ય છે, આ વરાહ છે, આ મનુષ્ય છે એમ મનુષ્યની બુદ્ધિને મોહ ઉત્પન્ન કરનાર તે અવતારના પ્રકારો છે. લૌકિકયુક્તિના ઉલ્લઙ્ઘનનું ઉદાહરણ એ છે કે મત્સ્ય એક દિવસમાં સો યોજન

વૃદ્ધિ પામતો નથી, તેમ લૌકિકમાં વરાહ પર્વતસમાન હોતો નથી તેમજ ઉપર કહ્યા પ્રમાણે સિંહ અને હંસ નું પ્રાકટ્ય લૌકિકમાં હોતું નથી તેમજ અર્ધસિંહ અને અર્ધમનુષ્ય નું પણ હોતું નથી. આ પ્રમાણે બ્રહ્મ લૌકિકયુક્તિનો વિષય નથી એમ સમર્થન કર્યું તેમજ લૌકિકપ્રમાણથી પણ બ્રહ્મ જણાતું નથી. જ્યારે ભગવાન્ પોતાની ઈચ્છાથી આવરણ દૂર કરે છે ત્યારે જ જણાય છે, પણ લૌકિકપ્રમાણના (ચક્ષુના) સામર્થ્યથી જણાતા નથી. આમાં અપ્રામાણિકત્વ સમજવું નહિ. 'યમેવૈષ' એ શ્રુતિમાં આ વાત સિદ્ધ છે તેમજ દેવાદિ તથા લૌકિક વિગ્રહ (શરીર) વાળા યોગીઓ પણ પોતાની ઈચ્છા વડે દેખાય છે.

**આનન્દરૂપે શુદ્ધસ્ય સત્ત્વસ્ય ફલનં યદા ।।**
**તદા મરકતશ્યામમાવિર્ભાવે પ્રકાશતે ।।૭૩।।**

**અર્થ :** આનન્દરૂપ બ્રહ્મને વિષે જ્યારે શુદ્ધ સત્ત્વનું ફલન (પ્રભા પડવી તે) થાય છે ત્યારે આવિર્ભાવમાં એટલે અવતારમાં મર્કત (મણિ)ના સરખું શ્યામબ્રહ્મ પ્રકાશ થાય છે.

**પ્રકાશ :** કોઈ શઙ્કા કરે કે રૂપવાળું દ્રવ્ય ચક્ષુનો વિષય છે. તો બ્રહ્મ મહત્ અને અદ્ભુત રૂપવાળું હોવાથી ચક્ષુનો વિષય કેમ ન થાય? ત્યાં કહે છે કે બ્રહ્મને વિષે આનન્દ જ રૂપસ્થાનીય છે. તેને વિષે (એ આનન્દને વિષે) ભગવાન્ના આસનત્વવડે સ્ફુરિત થયેલા દેવતારૂપ શુદ્ધ સત્ત્વનું પ્રતિફલન (પ્રતિબિમ્બ) થવાથી એ આનન્દનીલ મેઘના જેવો જણાય છે. જેમ સ્ફાટિક શ્વેત પાષાણરૂપ હોવા છતાં પણ જપાકુસુમનું રક્તપણું ગ્રહણ કરીને પાષાણ થકી પોતાનું જુદું રૂપ દેખાડે છે. તેમ બ્રહ્મ પણ જગતને વિષે પ્રકટ હોવા છતાં સત્ત્વગુણની શ્યામતા ગ્રહણ કરીને પોતાનું બ્રહ્મત્વ જણાવે છે. સત્ત્વ, રજ અને તમો ગુણની શ્યામ, રક્ત અને શ્વેતતાનો વિષ્ણુ, બ્રહ્મા અને શિવ ના વર્ણથી નિર્ણય થાય છે.

**આવરણભઙ્ગ :** વાદીનું સામર્થ્ય કુણ્ઠિત થવાથી ફરીથી શઙ્કા કરે છે કે જેમ દેવાદિ પોતાની ઈચ્છાથી પોતાનું રૂપ બીજાને દેખાડે છે અને પોતાની ઈચ્છાથી દૃષ્ટિનો પ્રતિબન્ધ કરે છે, તો પણ તે રૂપને વિષે લૌકિકપ્રમાણ નિરાબાધ પહોંચી શકે છે; કેમ કે તેઓને વિષે રૂપ છે. અવતારદશામાં જ બ્રહ્મ પોતાની ઈચ્છાથી જણાય પણ અવતારમાં રૂપ હોવાથી લૌકિકપ્રમાણનો વિષય બ્રહ્મ હોઈ શકે. એ શઙ્કાનું સમાધાન કરવાને માટે કહે છે કે પોતાની ઈચ્છાથી આનન્દ જ અવતારરૂપે

જણાય છે. લૌકિકરૂપ નહિ હોવાથી ઈન્દ્રિયોના સામર્થ્યથી અવતારકાળમાં પણ બ્રહ્મ અદૃશ્ય જ છે. જો બ્રહ્મમાં લૌકિકરૂપ હોય તો ઈન્દ્રિયોના સામર્થ્યથી જણાય, પણ તે 'અરૂપ' શ્રુતિથી ઘટતું નથી માટે અવતારકાળમાં પણ ચક્ષુ પોતાના સામર્થ્યથી બ્રહ્મને જોઈ શક્તું નથી.

જ્યારે એમ શઙ્કા થાય કે જો રૂપ ન હોય તો જેમ દિશાઓનું રૂપ પ્રતિત થતું નથી, તેમ બ્રહ્મનું રૂપ પ્રતીત થવું જોઈએ નહિ; માટે બ્રહ્મમાં લૌકિકરૂપ છે એમ કહેવું જોઈએ. એ શઙ્કા નિવૃત્ત કરવાને માટે કહે છે કે વાક્યાન્તરાનુસારે બ્રહ્મને વિષે ઔપાધિકરૂપનો સ્વીકાર કરીને પણ અરૂપત્વજ સિદ્ધ કરે છે. અવતાર એટલે વૈકુણ્ઠસ્થાન થકી અહીં આવવું. બ્રહ્મવ્યાપક હોવાથી તેને આવવું ઘટતું નથી, માટે જેમ વ્યાપક આત્મવાદીના મતમાં પ્રદેશભેદવડે ઉપાધિદ્વારા ગમનાદિની વ્યવસ્થા કરાય છે, તેમજ અવતારમાં પણ પોતાની ઈચ્છાથી સત્વાભિમાની દેવતાની આસનત્વવડે પોતામાં સ્ફૂર્તિ થવાથી બ્રહ્મના પણ આગમનાદિવડે અવતારાદિ સિદ્ધ થાય છે, અથવા અનન્તરૂપ હોવાથી, અથવા તે-તે રૂપનું તે-તે સત્વ આસન હોવાથી તે રૂપનું તે પ્રમાણે અવતરવું થાય છે. ભગવાન્ જેમાં સ્થિતિ કરે છે તેને પોતાની અંદર સ્થાપન કરે છે, એ અન્તર્યામી બ્રાહ્મણમાં કહેલું છે. એમ હોવાથી સત્વગુણમાં ભગવાન્‌ની સ્થિતિ હોવાને લીધે, તેમજ સત્વગુણ ભગવાન્‌ની અંદર હોવાથી લોઢાના ગોળામાં રહેલા અગ્નિની માફક આનન્દ જ બહાર રહે છે. એ પ્રકારે ઔપાધિકરૂપના અઙ્ગીકારમાં પણ રૂપ માત્રનું ચક્ષુથી દર્શન છે અને ભગવાન્‌નાં દર્શન તો ઈચ્છા અને આનન્દથી છે. તેથી લૌકિક ઈન્દ્રિયના સામર્થ્યથી અવતારકાળમાં પણ ભગવાન્‌નું દર્શન થતું નથી, કેમકે અવતારમાં મૂલધર્મનું વિદ્યમાનપણુ છે એ કારણથી ભગવાન્ લૌકિક ઈન્દ્રિય તથા યુક્તિ ના વિષય નથી. લૌકિકમાં પ્રબળ તેજ ચક્ષુનું પ્રતિઘાતક છે, પણ વિષય નથી. એ જ અભિપ્રાયથી કહે છે કે બ્રહ્મસત્વગુણની શ્યામતા ગ્રહણ કરતું છતાં પોતાના અત્યન્ત તેજથી પોતાનું બ્રહ્મત્વ પણ જણાવે છે. ગુણની નિયમપૂર્વક શ્યામ, રક્ત અને શ્વેત રૂપતા શી રીતે જાણવી તેને માટે કહે છે કે ગુણાવતાર વિષ્ણુ, બ્રહ્મા અને શિવ સ્વરૂપના ધ્યાનબોધક વાક્યોથી તે-તે ગુણનો પણ તેજવરણ છે એમ સમજવું.

'અજામેકાં' એ શ્રુતિમાં તેમજ ''સત્વં ત્રિલોકસ્થિતયે સ્વમાયયા'' એ

શ્લોકમાં સત્વગુણનું શ્વેતરૂપ કહેલું છે અને તમોગુણનું શ્યામરૂપ કહેલું છે, તે શુદ્ધસત્વ અને શુદ્ધ તમોગુણનું નથી પણ મિશ્રિત થયેલા ગુણોનું છે એમ જો ન હોય તો ધ્યાનવાક્યમાં પણ મહાદેવની નીલકણ્ઠતા ઘટે નહિ. આ જ પ્રકાર શ્રીસુબોધિનીમાં વૈકુણ્ઠના વર્ણનમાં કહેવામાં આવે છે.

**ચતુર્યુગેષુ ચ તથા નાનારૂપવદેવ તત્ ।।**
**ઉપાધિ કાલરૂપં હિ તાદશં પ્રતિબિમ્બતે ।।૭૪।।**

**અર્થ :** જે રીતે ગુણાવતારમાં બ્રહ્મનાં જુદા-જુદા રૂપ છે તે રીતે ચાર યુગમાં પણ બ્રહ્મ જુદા-જુદા રૂપવાળું જ જણાય છે, કારણ કે જુદા-જુદા રૂપવાળું ઉપાધિરૂપ કાળનું સ્વરૂપ બ્રહ્મમાં પ્રતિબિમ્બિત થાય છે.

**પ્રકાશ :** કૃતયુગમાં બ્રહ્મ શુક્લવર્ણનું અને ચતુર્બાહુવાળું જણાય છે. તેમ જણાવવામાં કારણ એ છે કે સત્યાદિયુગાભિમાની દેવતાનું રૂપ બ્રહ્મમાં પ્રતિબિમ્બિત થાય છે તેથી કાળભેદને લીધે રૂપનો ભેદ થાય છે, અર્થાત્ સત્યયુગમાં કાળનું રૂપ શ્વેત હોય છે, તે કારણથી સત્યયુગમાં બ્રહ્મનું રૂપ શ્વેત જણાય છે. તેમજ ત્રેતામાં કાલનો વર્ણ રક્ત, દ્વાપરમાં શ્યામ અને કલિયુગમાં કૃષ્ણ હોય છે, તેથી બ્રહ્મનું રૂપ તે-તે યુગમાં તે-તે વર્ણનું ભજનારને પ્રતીત થાય છે.

**આવરણભઙ્ગ :** ભાગવતના ૧૧મા સ્કન્ધમાં કહ્યું છે કે ભગવાન્ સત્યયુગમાં શુક્લવર્ણ, ત્રેતામાં રક્તવર્ણ, દ્વાપરમાં શ્યામ અને કલિયુગમાં કૃષ્ણવર્ણના હોય છે. વળી દશમસ્કન્ધમાં ગર્ગાચાર્યના વાક્યમાં ''શુક્લો રક્તસ્તથા પીત ઈદાનીં કૃષ્ણતાં ગતઃ'' કહ્યું છે, ત્યાં શુક્લ, રક્ત, પીત અને કૃષ્ણ એ ચાર વર્ણ બતાવેલા છે. દ્વાપરયુગની પીતવર્ણતા કહી છે તે દ્વાપરદેવતાનો રૂપભેદ સમજવો. કાલરૂપ વગરનો છે એમ સમજવું નહિ, કેમકે તૈત્તિરીય ઉપનિષદ્‌માં કાલના અવયવનું વર્ણન કરેલું છે, તેમજ ઋતુઓના વેશ અને વસ્ત્ર નું વર્ણન કરેલું છે અને તે જ પ્રમાણે દરેક યુગનું પણ રૂપ કહી શકાય છે. જો કાળનાં અવયવ રૂપ વગરનાં હોય તો દરેક યુગમાં ભગવાન્‌નું વર્ણન બદલાવું ન જોઈએ, માટે કાળ વિશેષથી જ રૂપવિશેષ છે.

**અથવા શૂન્યવદ્‌ગાઢં વ્યોમવદ્ બ્રહ્મ તાદશમ્ ।।**
**પ્રકાશતે લોકદષ્ટ્યા નાઽન્યથા દક્ સ્પૃશેત્ પરમ્ ।।૭૫।।**

**અર્થ :** અનવગાહ્ય બ્રહ્મ શૂન્ય અને આકાશ ની પેઠે લોકદષ્ટિથી નીલુ પ્રકાશિત થાય છે, બીજે પ્રકારે દષ્ટિ પરબ્રહ્મને સ્પર્શ કરી શકતી નથી.

**પ્રકાશ :** મેઘાદિરહિત આકાશદેશમાં નીલત્વ પ્રતીત થાય છે. ચક્ષુ રૂપવાળા દ્રવ્યને ગ્રહણ કરે છે અને દ્રવ્ય ન હોવાથી દૂર જઈ નીલવર્ણ જેવું જુએ છે, તેટલાથી આકાશ કે અન્ધકારમાં રૂપ છે એમ સમજવું નહિ. તેવી રીતે બ્રહ્મ પણ ગમ્ભીરતાવડે લોકદષ્ટિથી નીલ જેવું પ્રતીત થાય છે. પૂર્વ પક્ષ કરતાં આ પક્ષ શ્રેષ્ઠ છે, કેમકે ઇન્દ્રિયો બહારગમન કરનાર છે, તેથી પરમાત્માને ચક્ષુ સ્પર્શ કરી શકતું નથી. જો ચક્ષુ સ્પર્શ કરી શકે તો બ્રહ્મનું પરત્વ ઘટે નહિ.

**આવરણભઙ્ગ :** સર્વ પ્રકારે બ્રહ્મ ચક્ષુનો વિષય ન હોય તો રૂપ પ્રતીતિની પેઠે આકાર પ્રતીતિ પણ ઉપાધિથી જ હોવી જોઈએ. એ શઙ્કાનું વારણ થવામાટે મુખ્ય પક્ષ કહે છે. બ્રહ્મ ચક્ષુનો વિષય નથી એમ ઉપરના શ્લોકોમાં સિદ્ધ કર્યું અને સ્ફાટિક જપાકુસુમ ન્યાયથી સત્ત્વાદિગુણના ફલન (પ્રતિબિમ્બ) થી પ્રાકૃતરૂપ પણ પ્રતિપાદન કર્યું. હવે આ શ્લોકમાં ''આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્'' અને ''શ્યામાચ્છબલં પ્રપદ્યે શબલાચ્છ્યામં પ્રપદ્યે'' એ શ્રુતિઓ અનુસારે મૂલ રૂપથી જ અક્ષરમાં પ્રકટ પરબ્રહ્મ કૃષ્ણનું અપ્રાકૃતરૂપ સિદ્ધ કરવામાં આવે છે. આકાશમાં નીલિમા પ્રતીત થાય છે તે દેખાવા માત્રથી આકાશનું નીલરૂપ છે એમ સિદ્ધ થતું નથી, પરન્તુ તેનો વસ્તુસ્વભાવ તેવો જ હોવાથી અત્યન્ત દૂર રહેલા પુરુષને તે તેવું ભાસે છે તેમજ બ્રહ્મ પણ ''આદિત્ય વર્ણં'' એ શ્રુતિમાં કહેલા રૂપવાળું હોવા છતાં પણ અતિ દૂર અક્ષરમાં પ્રકટ હોવાથી અનવગાહ્યતાવડે ભૂમિ આદિમાં સ્થિતિ કરનાર મનુષ્યોને બ્રહ્મ નીલરૂપ જેવું ભાસે છે. જ્યાં પોતાને ગામ્ભીર્ય પ્રકટ કરવાની ઇચ્છા ન હોય ત્યાં બીજા પ્રકારથી પણ દર્શન થાય છે. અવતારદશામાં પણ કૃષ્ણની વૈકુણ્ઠમાં જ સ્થિતિ છે એ વાત ભાગવતના તૃતીયસ્કન્ધમાં ''કૃષ્ણદ્યુમણિ'' (કૃષ્ણરૂપી સૂર્ય) એ શ્લોકમાં પ્રતિપાદન કરેલી છે.

ભગવાન્ અપ્રાકૃત રૂપવાન છે એ પક્ષ શ્રેષ્ઠ છે. બ્રહ્મ જો અનવગાહ્ય ન હોય તો લોકદષ્ટિથી નીલરૂપ જણાય નહિ, પરન્તુ યથાર્થરૂપ જણાવું જોઈએ. ચક્ષુ જો બ્રહ્મને સ્પર્શ કરે તો બ્રહ્મ ચક્ષુ પરાઙ કહેવાય નહિ. ચક્ષુ પરાઙ હોવાથી બ્રહ્મને સ્પર્શ કરી શકતું નથી માટે બ્રહ્મ અપ્રાકૃતરૂપ હોવાથી લોકદષ્ટિથી પ્રકાશ થતું નથી, પણ આકાશની પેઠે નીલ જેવું ભાસે છે. આ પ્રમાણે અવતારદશામાં બ્રહ્મ

લૌકિકપ્રમાણ કે યુક્તિનો વિષય નથી એ સમર્થન કર્યું.

**આત્મસૃષ્ટેર્ન વૈષમ્યં નૈર્ઘૃણ્યં ચાપિ વિદ્યતે ।।**
**પક્ષાન્તરેઽપિ કર્મ સ્યાન્નિયતન્તત્પુનર્બૃહત્ ।।૭૬।।**

**અર્થ :** બ્રહ્મના સ્વરૂપની જ સૃષ્ટિ હોવાથી સૃષ્ટિ રચવાથી બ્રહ્મમાં વૈષમ્યનૈર્ઘૃણ્યદોષ પણ આવતો નથી. મતાન્તરમાં કર્મનો સ્વીકાર કરવામાં આવે છે, પણ કર્મના સ્વરૂપનો વિચાર કરીએ તો કર્મ પણ બ્રહ્મ જ છે.

**પ્રકાશ :** આ પ્રકારે લૌકિકદોષનો પરિહાર કરી સૃષ્ટિ કરવાથી વિષયતા અને નિર્દય પણું પ્રાપ્ત થાય તેનો પરિહાર કરે છે. ''સઆત્માનં સ્વયમકુરુત'' એ શ્રુતિમાં પોતાના સ્વરૂપથી સૃષ્ટિ હોવાથી જગતમાં નાના પ્રકારના દેહોને ઉત્પન્ન કરતા છતાં પણ ભગવાન્ પોતે વિષમ થતા નથી તેમ ક્રૂર કર્મ કરવા છતાં પણ નિર્દય થતા નથી. મૂલમાં 'ચ'કાર થકી બીજા દોષનો પણ પરિહાર સમજી લેવો. મતાન્તરમાં વૈશમ્ય નૈર્ઘૃણ્યનો પરિહાર કરવામાટે કર્મનો સ્વીકાર કરવામાં આવે છે. કર્મના સ્વરૂપનો જો વિચાર કરીએ તો કર્મ બ્રહ્મ થકી અભિન્ન છે તેથી તેનો તે દોષ કાયમ રહે છે. કર્મને બ્રહ્મના સ્વરૂપ થકી ભિન્ન ગણીએ તો બ્રહ્મ કર્માધીન થવાથી અસ્વતન્ત્ર થાય છે. કર્મને આધીન જ જો સુખ-દુઃખ થતું હોય તો ઈશ્વરકારણતા સમ્ભવે નહિ અને ગીતાજીમાં ''સુખં-દુખં ભવોભાવો ભયઞ્ચ અભયમેવચ'' (ભ.ગી.૧૦/૪)એ શ્લોકથી કહ્યું છે કે સુખ-દુઃખ વગેરે મારા થકી જ થાય છે એ કહેવું સમ્ભવે નહિ. બ્રહ્મલૌકિક નહિ હોવાથી લોકથી પેઠે તેમાં દૂષણ સ્થાપવું યુક્ત નથી. માટે આત્માસૃષ્ટિથી જ વિષમતા અને નિર્દયતા નો પરિહાર થાય છે. ''વૈષમ્યનૈઘૃણ્યેન સાપેક્ષત્વાત્'' (બ્ર.સૂ.૨/૧/૩૪)એ સૂત્ર તો લોકબુદ્ધિ અનુસારે છે એમ ન હોય તો ''ફલમત ઉપપત્તેઃ'' (બ્ર.સૂ.૩/૨/૩૮) ફલ ઈશ્વર થકી જ ઘટે છે એ અધિકરણનો વિરોધ આવે.

**આવરણભઙ્ગ :** આત્મસૃષ્ટિમાં તૈત્તરીય શ્રુતિનું પ્રમાણ કહેલું છે અને આત્મસૃષ્ટિથી વિષમતા, નિર્દયતા અને મૂલ માં 'ચ'કાર થકી પલાયન, અજ્ઞતા, અનીશ્વરત્વાદિ દેખાવારૂપ દોષનો પણ પરિહાર થાય છે, વૈષમ્યાદિદોષનો પરિહારમાં મતાન્તર એવો છે કે કર્મ જ સુખ-દુઃખનો હેતુ છે તેમાં ઈશ્વરનો અઙ્ગીકાર કરવાની જરૂર નથી.

બીજો મતાન્તર એવો છે કે કર્મ થકી જીવનું અદષ્ટ ઉત્પન્ન થાય છે.

સર્વના ભોગ્ય અદષ્ટનો નાશ થવાથી પ્રલય થાય છે. ઈશ્વર તે-તે કર્માનુસાર સુખ-દુઃખ આપે છે. એમ ન હોય તો કર્મ વિના પણ સુખ-દુઃખ થાય માટે જેવું જેનું કર્મ તેવું તેને ફલ આપે છે. તેથી ઈશ્વર વિષમ કે નિર્દય નથી. આ બીજો મતાન્તર છે. પ્રથમ મતાન્તરનો મૂલથી અનુવાદ કરીને નિરાસ કરે છે. મીમાંસકોએ જે કર્મ સુખ-દુઃખાદિકનું હેતુભૂત માનેલું છે તે જડ હોવાથી તેનો (કર્મનો) નિયન્તા બીજો હોવો જોઈએ, એટલે કર્મ પોતાની મેળે ફલ આપનારું ન હોવું જોઈએ.

જો કર્મ અન્યાધીન ન હોય તો પૂર્વ-પૂર્વ કર્મવડે તે-તે કર્મમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ સિદ્ધ થવાથી વિધિનિષેધનું પ્રવર્તકત્વાદિક હણાય અને કેવળ કર્મબોધકતા માત્ર સમ્ભવે માટે કર્મવિધિનિષેધને આધીન છે એમ અવશ્ય કહેવું જોઈએ. જો કર્મ વિધિનિષેધને આધીન હોય તો વિધિનિષેધ સર્વ સાધારણ હોવાથી સર્વ ધર્મિષ્ટ થવા જોઈએ વિચિત્ર થવા જોઈએ નહિ. કોઈ નરકમાં પણ પડવું ન જોઈએ અને કોઈ પિશાચ પણ થાય નહિ. એમ થવાથી અધર્મના ફલરૂપ દણ્ડનો બોધ કરનાર મન્વાદિસ્મૃતિઓ વૃથા થાય અને ‘‘યદ્વૈ કિઞ્ચ મનુરવદત્તદ્ભેષજમ્’’ એ શ્રુતિનો પણ વિરોધ આવે અને જૈમિનિસૂત્રનો સ્મૃતિપાદ વૃથા થાય માટે કર્મનો નિયામક ઈશ્વર છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. આ પ્રમાણે પ્રથમ પક્ષનો પરિહાર કરી બીજા પક્ષનો પરિહાર કરવામાં આવે છે.

જો કર્મ અનુસારે ઈશ્વર ફલ આપે તો ઈશ્વર કર્મને આધીન કહેવાય અને તેમ થવાથી ઈશ્વરત્વની હાની થાય. કોઈ એમ શઙ્કા કરે કે કર્મ જડ હોવાથી ફલ આપી શકે નહિ. માટે કર્મ અનુસારે ફલ આપવાની ઈશ્વરના સામર્થ્યની હાની કહેવાય નહિ. એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે કર્માધીન સુખ-દુઃખાદિક હોય તો ‘‘સ્મૃત્યનવકાશ’’ (બ્ર.સૂ.૨/૧/૧)સૂત્રમાં તથા ‘‘અહં સર્વસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા’’ (ભ.ગી.૧૦/૮)એ ગીતા વાક્યમાં ઈશ્વરની કારણતા કહેલી છે તે સમ્ભવે નહિ. તેમજ ભગવાને ગીતામાં ‘‘સુખં-દુઃખં ભવોભાવો’’ (ભ.ગી.૧૦/૪) ઈત્યાદિ શ્લોકોમાં પ્રાણીઓને સુખ-દુઃખાદિ પોતાથકી જ થાય છે એમ કહેલું છે તેનો વિરોધ આવે તેમજ ‘‘એષ ઉ એવ સાધુ કર્મ કારયતિ’’ એ શ્રુતિનો પણ વિરોધ આવે.

સાઙ્ખ્યશાસ્ત્રમાં ઈશ્વરનિરાકરણમાં કહેલું છે કે જો ઈશ્વર સ્વતન્ત્ર કર્તા હોય તો કર્મ વિના પણ સૃષ્ટિ કરે. જો કર્મનો ઈશ્વર સહાયભૂત હોય તો ઈશ્વરના

ગૌણત્વને લીધે તે કર્મની શક્તિનો બાધ નહિ કરી શકવાથી કર્મજ કર્તા છે પણ ઈશ્વરકર્તા નથી, એમ ઠરે કેમકે જો ઈશ્વર સ્વાર્થને માટે જગતના કર્તા હોય તો ઈશ્વરના અકામત્વ અને આપ્તકામત્વ નો નાશ થાય અને 'આપ્તકામ' પ્રતિપાદન શ્રુતિનો વિરોધ આવે. અન્યને માટે સૃષ્ટિના કર્તા ઈશ્વર હોય તો ઈશ્વર દયાળુ હોવાથી દુઃખમય સૃષ્ટિ સમ્ભવે નહિ અથવા ઈશ્વરની નિર્દયતા જ સમ્ભવે. ભગવાન્ સુખ અને દુઃખ મય બન્ને પ્રકારની સૃષ્ટિ કરે છે તેથી વિષમતા પણ આવે અને લૌકિક ઈશ્વરની પેઠે સ્વાર્થનો અઙ્ગીકાર કરવામાં આવે તો ઈશ્વરનું અસર્વજ્ઞત્વ અને પ્રાકૃતપણું પણ સમ્ભવે. સર્વ ઠેકાણે નિર્માણ કરવામાં રાગથી પ્રવૃત્તિ જણાય છે માટે ઈશ્વરને જો કર્તા માનીએ તો ઈશ્વરમાં પણ રાગાપત્તિ આવે અને એમ હોવાથી નિત્ય મુક્તતાની હાનિ થાય.

ઉપર કહેલા બધા દોષોના સમ્ભવને લીધે ઈશ્વરથી કર્મ ફલની સમ્પત્તિ નથી, પણ કર્મ સ્વતન્ત્ર ફલ આપનાર છે એમ કપિલે ૧૪ સૂત્રથી કહેલું છે. એ લૌકિકદૂષણ ઈશ્વરમાં ઉચિત નથી, કેમકે વ્યાસે ઈશ્વરની નિર્દોષપૂર્ણગુણતા સિદ્ધ કરેલી છે. ત્યારે કોઈ એમ શઙ્કા કરે કે વ્યાસે 'વૈષમ્ય'. એ સૂત્ર કેમ કર્યું? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહેવામાં આવે છે કે એ સૂત્ર પણ લોકબુદ્ધિ અનુસારે વ્યાસે કરેલું છે. કપિલે કહેલા દોષોનું વ્યાસસૂત્રમાં નિરાકરણ કરેલું છે. પ્રથમ અધ્યાયના આરમ્ભમાં જ ઈશ્વરના કતૃત્વાદિક અને સમવાયાદિકત્વ નું નિરૂપણ કરીને એ જ અધ્યાયની સમાપ્તિમાં ફરીથી ઉપસંહાર કરીને કહ્યું છે કે ''શ્રુતેસ્તુ શબ્દ મૂલત્વાત્'' (બ્ર.સૂ.૨/૧/૨૭) એ સૂત્રથી અમારા દર્શનમાં શ્રુતિ જ પ્રધાન છે, પણ યુક્તિ નથી, કેમકે ''તર્કાપ્રતિષ્ઠાન''(બ્ર.સૂ.૨/૧/૧૧) સૂત્રમાં ઋષિઓ સ્વતન્ત્ર હોવાથી એકે કહેલી યુક્તિનો બીજાએ નહિ સ્વીકાર કરવાથી તર્કની અપ્રતિષ્ઠા છે. શ્રુતિનું પ્રાધાન્ય હોવાથી ''તદૈક્ષત બહુસ્યામ્. સોકામયત્. સઆત્માનં સ્યયમકુરુત'' ઈત્યાદિ શ્રુતિઓ અભિન્નનિમિત્તઉપાદાનતા અને કર્તાપણું ઈશ્વરનું જ કહે છે માટે તે પ્રમાણે અવશ્ય સ્વીકારવું જોઈએ. જો એમ ન સ્વીકારવામાં આવે તો કપિલસૂત્રમાં ધારણ કરેલી શ્રુતિઓથી જ કપિલ મત વિરુદ્ધ આવે છે માટે તેને કહેલી યુક્તિ આદર કરવા યોગ્ય નથી, એમ વ્યાસે ''સ્વપક્ષદોષાચ્ચ'' (બ્ર.સૂ.૨/૧/૨૯) એ સૂત્રમાં કહેલું છે અને ત્યાર પછી ''સર્વોપેતા ચ તદ્દર્શનાત્. સર્વ ધર્મોપપત્તેશ્ચ'' (બ્ર.સૂ.૨/૧/૩૦) એ સૂત્રોવડે

સર્વ શ્રુતિસિદ્ધ, સર્વ સામર્થ્ય અને વિરુદ્ધ ધર્માધારત્વથી ઈશ્વરના માહાત્મ્યનું બોધન કરી, કપિલે કહેલા તમામ દોષોનો નિરાસ કરેલો છે. વૈશેષિકાદિનું પણ ''એતેન શિષ્ટાપરિગ્રહા અપિ વ્યાખ્યાતાઃ'' (બ્ર.સૂ.૨/૧/૧૨) એ સૂત્રથી નિરાકરણ કરેલું છે માટે કોઈપણ તર્કનો અવસર નથી.

**સ એવ હિ જગત્કર્તા તથાપિ સગુણો ન હિ ।।**
**ગુણાભિમાનિનો યે વૈ તદંશાઃ સગુણાઃ સ્મૃતાઃ ।।**
**કર્તા સ્વતન્ત્ર એવ સ્યાત્સગુણત્વે વિરુધ્યતે ।।૭૭।।**

**અર્થ :** તે જ ભગવાન્ જગત્ કર્તા છે તો પણ તે સગુણ નથી. જે દેવતાઓ ગુણાભિમાની કહેલા છે તે ભગવાન્‌ના અંશ છે અને તેઓ સગુણ કહેવાય છે. કર્તા સ્વતન્ત્ર જ થાય છે. સ્વતન્ત્રતામાં સગુણત્વ વિરુદ્ધ છે.

**પ્રકાશ :** વાદી એમ કહે છે કે ઈશ્વર ગુણને આધીન હોવાથી કર્માનુસારે જ કર્તા હોઈ શકે. એ શઙ્કાનો નિરાસ કરવાને માટે કહે છે કે ઉંચ-નીચ સ્વભાવવાળા જગતને જે ઉત્પન્ન કરે છે તે જગત્ કર્તા છે, પણ સગુણ નથી. કર્તા (ભગવાન્) સગુણ નથી એ સિદ્ધ કરવાને માટે ગુણનું લક્ષણ કહેવામાં આવે છે. ગુણ અભિમાનને ઉત્પન્ન કરે છે. જેને દેહ ઈન્દ્રિય વગેરેનું અભિમાન ન હોય પણ ગુણનું અભિમાન હોય તો પણ તે સગુણ કહેવાય છે. ગુણો સૃષ્ટિના, તેના પાલનના અને લયના હેતુભૂત છે. તે ગુણો અધિષ્ઠા દેવતા વગર કાર્ય કરી શકતા નથી, તેથી અધિષ્ઠાતા દેવતાઓ સગુણ કહેવાય છે અને તે દેવતાઓ ભગવાન્‌ના અંશ છે એમ સ્મૃતિપુરાણથી સિદ્ધ થાય છે. નિયન્તા મૂળ કર્તા ભગવાન્ સગુણ નથી કારણ કે કર્તા સ્વતન્ત્ર જ હોઈ શકે.

**આવરણભઙ્ગ :** ''પુણ્યઃ પુણ્યેન કર્મણા ભવતિ'' એ શ્રુતિમાં કહેલું છે કે પવિત્રકર્મ કરવાથી પવિત્ર થવાય છે અને પાપકર્મ કરવાથી પાપી થવાય છે. એ શ્રુતિને અનુસારે કર્માધીનત્વ છે. શ્રીમદ્ ભાગવતના ''સત્વં રજસ્તમ ઈતિ પ્રકૃતેર્ગુણાસ્તૈર્યુક્તઃ। પરઃ પુરુષ એક ઈહાસ્ય ધત્તે. ઈ''. શ્લોકમાં ભગવાન્‌નું સગુણત્વ કહેલું છે તેથી સગુણ અને કર્મ સાપેક્ષ કર્તા હોઈ શકે. આ શઙ્કાનો પરિહાર કરવાને માટે કહે છે કે જે પૂર્વે સ્વતન્ત્ર પ્રતિપાદન કરેલો છે તેજ કર્તા છે. ''કર્તા શાસ્ત્રાર્થવત્ત્વાત્'' (બ્ર.સૂ.૨/૩/૩૩)એ અધિકરણમાં જીવનું કતૃત્વ પ્રતિપાદન કરેલું છે. તે કતૃત્વ પોતા થકી છે કે પ્રકૃતિ થકી છે કે ઈશ્વર થકી છે એમ

સન્દેહ થવાથી ''પરાત્તુતચ્છ્રુતેઃ'' (બ્ર.સૂ.૨/૩/૪૧)એ અધિકરણમાં વ્યાસે સિદ્ધાન્ત કહેલો છે કે કર્તા ઈશ્વર જ છે, જીવનું કતૃત્વ પણ એના થકી જ છે તેમ શ્રુતિ પણ ''નાન્યોતોસ્તિદ્રષ્ટા'' એ થકી બીજાના કર્તૃત્વનો નિષેધ કરે છે અને ''એષ ઉ એવ સાધુ કર્મકારયતિ'' એ શ્રુતિ બ્રહ્મનું કર્તાપણું અને કરાવવાપણું કહે છે માટે સર્વ કર્તા, સર્વ ભોક્તા, સર્વનિયન્તા, ભગવાન્ સગુણ કે કર્માધીન નથી. બ્રહ્માદિ પણ તે ભગવાન્‌ને જ આધીન છે, કેમકે ભાગવતના દ્વિતીયસ્કન્ધમાં ''સૃજામિ તન્નિયુક્તોહં હરો હરતિ તદવશઃ।। વિશ્વં પુરુષરૂપેણ પરિપાતિ ત્રિશક્તિધૃક્'' એ શ્લોકમાં બ્રહ્માએ કહેલું છે કે તે ભગવાન્‌ની આજ્ઞાથી હું ઉત્પન્ન કરું છું અને રુદ્ર તેને જ આધીન સંહાર કરે છે અને પુરુષરૂપથી ત્રણ શક્તિને ધારણ કરનારા પરમેશ્વર રક્ષણ કરે છે. આ શ્લોકમાં ત્રણે દેવતાનું ભગવદાધીનત્વ બતાવેલું છે. પ્રાકૃત પણ જડ હોવાથી ભગવદાધીન જ છે. ''કાલવૃત્ત્યાતુ માયાયાં ગુણમય્યામધોક્ષજઃ।। પુરુષેણાત્મભૃતેન વીર્યમાધત્ત વીર્યવાન્''

અધોક્ષજ ભગવાન્ પોતાની કાલશક્તિવડે ગુણમયી માયાને વિષે વીર્ય ધારણ કરે છે. આ વાક્યથી પુરુષ પણ ભગવદાધીન છે. ''કાલસ્યાપિ સર્વે નિમેષા જજ્ઞિરે'' એ વાક્યથી કાળની પણ ઉત્પત્તિ છે. તેમજ ''કાલં કર્મ સ્વભાવં ચ'' એ શ્લોકમાં તેનું ગ્રહણ કહેવાથી કાલ ભગવાન્‌ને આધીન જ છે એ રીતે સર્વ પરાધીન હોવાથી સ્વતન્ત્ર કતૃત્વ ભગવાન્‌ને જ વિષે સિદ્ધ થાય છે. ગુણોના પણ ઉંચ-નીચ ભાવમાં અને પૌર્વાપર્યમાં હેતુ અવશ્ય હોવો જોઈએ. ગુણના સ્વભાવની હેતુતા કહી શકાતી નથી. જો તેની હેતુતા કહીએ તો તેવા સ્વભાવવિશિષ્ટ ગુણથી સર્વ કાર્ય સાઙ્ખ્યમતની પેઠે સિદ્ધ થાય અને તેથી અનીશ્વરવાદ જણાય અને 'ઈક્ષતિ' અધિકરણનો વિરોધ આવે. ઈક્ષણ ગુણને આધીન કહીએ તો અન્યોઅન્યાશ્રય દોષ આવે. જ્યારે રજોગુણથી ઈક્ષણ થાય ત્યારે જડ રજોગુણ પોતાને ઉત્પન્ન કરવાને માટે અન્યેક્ષણની (બીજા ઈક્ષણની) અપેક્ષા કરે છે. સ્થિતિ પ્રલયમાં પણ આજ પ્રકારે થાય. વળી વાયુની પેઠે રજોગુણનો ચલ સ્વભાવ હોવાથી સદા સર્વદા સર્ગ જ રહે તેથી શ્રુતિ-સ્મૃતિનો વિરોધ આવે માટે મૂળકર્તાનું સગુણત્વ કહેવું અશક્ય છે. જો ઈશ્વર સગુણ ન હોય તો સ્મૃતિપુરાણમાં સગુણ વ્યવહાર કેમ સમ્ભવે? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે ભગવાન્‌ના અંશ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર સગુણ છે અને તેઓનું સ્મૃતિપુરાણમાં વર્ણન

હોવાથી સ્મૃતિપુરાણમાં સગુણવ્યવહાર સમ્ભવે છે. ભગવાન્ ગુણાભિમાનરહિત હોવાથી નિર્ગુણ છે.

એકાદશસ્કન્ધમાં કહ્યું છે કે રજોગુણથી સર્ગને માટે પ્રથમ ભગવાન્નો અવતાર બ્રહ્મા થયો, સત્ત્વગુણથી પાલનને માટે વિષ્ણુ અવતાર થયો, તમોગુણથી લયને માટે રુદ્રાવતાર થયો. એ વાક્યમાં ગુણાવતાર અંશો છે. આ પ્રકારે મન્વાદિસ્મૃતિમાં પણ સમજી લેવું. ભગવાન્ સર્વાત્મા હોવાથી સગુણ નથી, પણ ગુણના પણ એજ આત્મા છે. ગુણ જો એમનાથી ભિન્ન હોય તો ''એતદાત્મ્યમિદં સર્વં'' એ શ્રુતિનો વિરોધ આવે. વળી સર્વના નિયન્તા હોવાથી ગુણાત્મા છતાં ગુણને આધીન નથી. જો ગુણ બલવાન હોય તો ''સર્વમિદમભ્યાતઃ ઈ''. એ શ્રુતિના વિરોધ આવે, પણ મૂલકર્તા હોવાથી પોતે સગુણ નથી, પણ ગુણનાકર્તા પોતે છે, કેમકે શ્રુતિમાં કહેલું છે કે ''એકમેવાદ્વિતીયમ્''

પ્રથમ એક જ બ્રહ્મ હતું. તે વખતે ગુણની સ્થિતિ શ્રુતિમાં કહેલી નથી. એ પ્રમાણે પ્રમાણથી નિશ્ચય કરીને તર્ક કહેવામાં આવે છે.

જો ભગવાન્ સગુણ હોય તો પોતે સ્વતન્ત્ર થઈ શકે નહિ અને જો સ્વતન્ત્ર ન હોય તો કર્તા પણ થઈ શકે નહિ અને જો કર્તા ન થાય તો ગુણને વિષે ઉંચ-નીચતા પૌર્વાપર્યની સમ્પત્તિ ન થઈ શકે. વળી જો તે સમ્પત્તિ સ્વાભાવિક હોત તો કપિલ અને વ્યાસ પોત-પોતાના દર્શનમાં કહેત પણ તેમ નથી, તેથી મૂળ કર્તા નિર્ગુણ જ છે.

## (પરમતનિરાકરણ પ્રકરણ)

**કેચિદત્રાતિવિમલપ્રજ્ઞાઃ શ્રૌતાર્થબાધનમ્ ।।**
**કૃત્વા જગત્કારણતાં દૂષયન્તિ હરૌ પરે ।।૭૮।।**

**અર્થ :** જેની નિર્મલબુદ્ધિ જતી રહેલી છે એવા કેટલાક પુરુષો શબ્દના મુખ્ય અર્થનો બાધ કરીને પરબ્રહ્મને વિષે જગતની કારણતા દૂષિત કરે છે.

**પ્રકાશ :** આ પ્રકારે પોતાનો મત સ્થાપન કરીને પરમતનું નિરાકરણ કરવાને માટે ભગવાન્ને સગુણ માનનારા પુરુષોનો ઉપહાસ કરે છે. શ્રુતિ એ મુખ્ય અથવા અભિધાવૃત્તિથી પ્રકરણાનુસારે જે અર્થ પ્રતિપાદન કરાય તે જ શ્રુત્યર્થ છે, તેમાં

"સદેવ સૌમ્યેદમગ્ર આસીત્।। બ્રહ્મ વિદાપ્નોતિ પરમ્।। ભૃગુર્વૈ વારુણિઃ।।" ઈત્યાદિ સન્દિગ્ધ બ્રહ્મપ્રકરણને વિષે કેવળ બ્રહ્મનું જ જગત્ કારણત્વ પ્રતિપાદન કરેલું છે અને તેની પેઠે બીજાં સન્દિગ્ધ વાક્યોમાં વ્યાસે સૂત્રથી નિર્ણય કરી તેમાં પણ કેવળ બ્રહ્મનું જગત્કારણત્વ પ્રતિપાદન કરેલું છે, પરન્તુ જેના થકી નિર્મળબુદ્ધિ જતી રહેલી છે એવા કેટલાક પુરુષો વાક્યાભાસ અને યુક્ત્યાભાસ ને આગળ કરીને શ્રુતિ અને સૂત્ર નો બાધ કરી બ્રહ્મની જગત્કારણતા દૂષિત કરે છે જે બ્રહ્મ શ્રુતિ, સૂત્રમાં જગતના કારણરૂપ કહેલું છે તે પુરુષોત્તમ છે.

**આવરણભઙ્ગ :** વેદે મુખ્ય વૃત્તિવડે ઉપક્રમ અને ઉપસંહાર ના તાત્પર્ય નિર્ણયથી જે અર્થ પ્રતિપાદન કરાય છે, તે પ્રકરણના અનુસારે કરેલો અર્થશક્તિ દાઢર્ય હેતુભૂત હોવાથી શ્રુતિમાં અભિપ્રેત છે અને તેજ અર્થે જગતનું કારણ શુદ્ધ બ્રહ્મને કહે છે તેમાં છાન્દોગ્યના "સદેવ સૌમ્યેદમગ્ર આસીત્" એ વાક્યથી વ્યાકૃત, નામરૂપ, દેખાતા જગતની ઉત્પત્તિની પૂર્વે અવ્યાકૃત કેવળ એક જ બ્રહ્મ હતું એમ કહેલું છે. એ શ્રુતિમાં અગ્રપદ હોવાથી કાલની સ્થિતિ પૃથક્ હશે એમ શઙ્કા થાય તો તેનો નિરાસ કરવાને માટે બીજી શ્રુતિ "એકમેવાદ્વિતીયં" બતાવી છે.

એ શ્રુતિથી કેવળ એક જ બ્રહ્મની સ્થિતિ દેખાડીને 'એવ' અને 'અદ્વિતીય' પદથી, કાલ, ગુણ, કર્મ સર્વનો નિષેધ કરીને એક જ બ્રહ્મ હતું એમ કહેલું છે. ત્યાર પછી "કથમસતઃ સજ્જાયેત" એ શ્રુતિથી વૈનાશિકાદિ મતનો નિરાસ કરીને 'તદૈક્ષત્' એ શ્રુતિથી ચેતનત્વ બોધનપૂર્વક કેવલ સત્ થકી જ તેજ, જલ અને પૃથ્વી ની સૃષ્ટિ કહેલી છે તેથી જગત્ બીજબ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે. 'એવ' અને 'અદ્વિતીય' પદથી કૈવલ્ય હોવાથી નિમિત્ત ઉપાદાનનું ઐક્ય અને શુદ્ધત્વ સ્ફુટ થાય છે.

બીજું વાક્ય ઐતરેયઉપનિષદ્નું છે. તેમાં પણ "આત્મા વા ઈદમ્" એ શ્રુતિથી આરમ્ભ કરીને ઈક્ષણપૂર્વક જલાદિક્રમથી લોક અને લોકપાળ ની સૃષ્ટિ કહેલી છે. તેથી તેમાં પણ કેવળ આત્મા થકી જ પૂર્વની પેઠે સૃષ્ટિ સિદ્ધ થાય છે. આગળનાં બે વાક્ય તૈત્તરીય ઉપનિષદ્નાં છે. તેમાં પ્રથમ "બ્રહ્મ વિદાપ્નોતિ પરમ્" એ શ્રુતિથી બ્રહ્મનું નામમાત્રથી નિરૂપણ કરી આગળ "સત્યં જ્ઞાનમનન્તંબ્રહ્મ" એ શ્રુતિથી લક્ષણ કહીને તેનું આત્મત્વ કહી "તસ્માદ્વા એતસ્માદાત્મન આકાશઃ સમ્ભૂતઃ" એ વાક્યથી આત્મા થકી આકાશાદિ ક્રમવડે

સૃષ્ટિ કહેલી છે. આગળ ''સોડકામયત।। તદાત્માનં સ્વયમકુરુત'' એ વાક્યથી આત્માથકી જ સૃષ્ટિ કહેલી છે, પણ બીજે પ્રકારે નથી. બીજા તૈત્તિરીય વાક્યમાં ભૃગુએ પોતાના પિતા વરુણને 'બ્રહ્માધીહિ' એટલે મને બ્રહ્મ કહો એમ કહ્યું, ત્યારે વરુણે ''યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે'' આ પ્રકારે બ્રહ્મનું લક્ષણ કહી તેના જ્ઞાનને માટે તપરૂપી સાધનનો ઉપદેશ કર્યો તેથી ભૃગુ પણ તપ કરીને કર્મથી ''આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્'' એ શ્રુતિથી આનન્દબ્રહ્મ છે એમ જાણવા લાગ્યા અને છેવટે એ વિદ્યાને ભાર્ગવી વિદ્યા કહી ઉપસંહાર કર્યો. ઉપર કહેલાં તમામ વાક્યોમાં શબલ શબ્દ નથી તેથી તે વાક્યો નિઃસન્દિગ્ધ છે. જેમ તે વાક્યોમાં ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય કરતા બ્રહ્મ હોવાથી બ્રહ્મનું કારણત્વ પ્રતિપાદન કરેલું છે તેમજ વ્યાસે સન્દિગ્ધ વાક્યોનો સન્દેહ નિવૃત્ત કરી તે વાક્યથી પણ શુદ્ધ બ્રહ્મનું કારણત્વ પ્રતિપાદન કરેલું છે. ઉપનિષદ્ વાક્યોમાં ''અસ્ય લોકસ્ય કાગતિઃ. આકાશ ઈતિ હોવાચ સર્વાણિ હ વા ઈમાનિ ભૂતાનિ આકાશાદેવ સમુત્પદ્યન્તે આકાશં પ્રત્યસ્તં યન્તિ. કતમા સા દેવતા પ્રાણ ઈતિ હોવાચ''. એ શ્રુતિઓમાં જગતની ઉત્પત્તિ આકાશ અને પ્રાણ થકી કહેલી છે. તેમાં એમ સન્દેહ થાય કે આ આકાશ શબ્દ ભૂતવાચક છે. એ સન્દેહની નિવૃત્તિને માટે વ્યાસે ''આકાશ સ્તલ્લિગાત્'' (બ્ર.સૂ.૧/૧/૨૧)એ સૂત્રમાં આકાશને બ્રહ્મવાચક ગણેલું છે, કેમકે જગત્ ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયાદિ ભૂતાકાશ થકી થવાનો સમ્ભવ નથી તેમજ ''અતએવ પ્રાણઃ'' (બ્ર.સૂ.૧/૧/૨૨)એ સૂત્રથી પણ શ્રુતિમાં કહેલા પ્રાણ શબ્દનો વાચ્યાર્થ બ્રહ્મ છે. લૌકિકી રૂઢિથી આકાશ અને પ્રાણ શબ્દો ભૂતવાચક છે, તેમ આશ્રુતિમાં નથી. એવી રીતે શ્રુતિ અને સૂત્ર બન્નેમાં શુદ્ધ બ્રહ્મને જગતનું કારણ કહેલું છે તે બન્નેનો બાધ કરી કેટલાક શુદ્ધ બુદ્ધિ રહિત પુરુષો શ્રુતિ અને સૂત્ર ના અર્થનો બાધ કરી શુદ્ધ બ્રહ્મના કારણત્વને દૂષિત કરે છે.

**અનાદ્યવિદ્યયા બદ્ધં બ્રહ્મ તત્કિલકારણમ્ ।।**
**સ્વાવિદ્યયા સંસરતિ મુક્તિઃ કલ્પિતવાક્યતઃ।।૭૯।।**

**અર્થ :** અનાદિ અવિદ્યાથી બંધાયેલું બ્રહ્મ જગતનું કારણ છે અને તે બ્રહ્મ પોતાની અવિદ્યાથી સંસારને પામે છે. કલ્પિત ગુરુવાક્યો થકી તેઓ મુક્તિ માને છે. આ પ્રમાણે તેઓ સર્વને અલીક માને છે.

**પ્રકાશ :** હું અજ્ઞ છું એવા અનુભવથી સિદ્ધ થતી ભાવરૂપ અનાદિ અવિદ્યા છે

તેનાથી બંધાયેલું ચૈતન્ય તેના અધ્યાસ થકી જગતનું કારણ છે, કારણ કે કારણ કાર્યાનુરૂપ હોવું જોઈએ. કાર્ય જડરૂપ જગત્ હોય અને તુચ્છ સ્વરૂપવાળું છે માટે તેનું કારણ પણ તેવું જ હોવું જોઈએ. આવી રીતના યુકત્યાભાસ માયાવાદીઓ કરે છે. સિદ્ધાન્ત એવો છે કે ''સત્યં ચાડનૃતં ચ સત્યસભવત્।। સ આત્માનં સ્વયમ કુરુત।। પ્રજાયેય''

ઉપરની શ્રુતિઓ કાર્યરૂપ જગતનું બ્રહ્મત્વ નિસન્દિગ્ધ રીતે પ્રતિપાદન કરે છે. બ્રહ્મવિત્ પુરુષોના હૃદયમાં કોઈ વખત જગત્ હોય (ત્યાગ કરવા લાયક) અથવા તુચ્છ છે એવી પ્રતીતિ થતી નથી. પુરુષને પોતાના અઙ્ગમાં પૃથક્ ભાન થવાથી તેવી તુચ્છ પ્રતીતિ થાય છે અર્થાત્ જગતને બ્રહ્મ થકી જુદું જાણવાથી તેવી પ્રતીતિ થાય છે. પરન્તુ શ્રુતિમાં બ્રહ્મ જગત્ થકી અભિન્ન છે એમ ન હોય તો બીજાદિકનું બ્રહ્મત્વ કથન મલ દૃષ્ટાન્તથી બાધિત થાય. એમ થવાથી સર્વ સન્માર્ગનો નાશ થાય. તેઓના વાક્યાભાસો શ્રુતિના એક દેશમાંથી ગ્રહણ કરેલા છે. એ વાક્યો નીચે મુજબ છે.

**ઈન્દ્રો માયાભિઃ પુરુરૂપઈયતે। અનૃતાપિધાનાઃ ।।**
**વાચારમ્ભણં વિકારઃ।। માયાન્તુ પ્રકૃતિં વિદ્યાત્ ઈ.**

તેઓને પદાર્થમાત્ર માયા છે. પરન્તુ વાક્યના વિરોધથી તે વાક્યાભાસો વાક્યાર્થમાં યથાર્થ સમ્ભવતા નથી માટે યથાર્થ અર્થમાં શ્રુતિમાં માયાશબ્દથી કોઈ ઠેકાણે ઈન્દ્રિયોની વૃત્તિ કહેલી છે. કોઈ ઠેકાણે માયાને પ્રથમ અથવા સૂક્ષ્મ કાર્ય કહેલું છે. અનૃતશબ્દથી દેહેન્દ્રિયાદિક કહેલું છે, પણ આ ઠેકાણે આ વાક્યોમાં સ્વપ્નાદિના દૃષ્ટાન્તથી જગતનું મિથ્યાત્વ કહેવું શક્ય નથી. મિથ્યા દૃષ્ટિ નાસ્તિકતા છે. અસુરો જગત્ માયા છે એમ કહે છે. ''અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરં'' આસુર પુરુષો જગતને અસત્ય, (રજ્જુમાં સર્પની પેઠે) પ્રતિષ્ઠા વગરનું અને ઈશ્વરરહિત કહે છે. એ વાક્યોથી જગતના મિથ્યાત્વનો બાધ થાય છે. જગતના સત્યત્વને બતાવનાર હજારો વાક્યો છે. ''સ સભૂતં સ ભવ્યમ્।। હરિરેવ જગત્।।'' એ વાક્યો જગતનું બ્રહ્મત્વ કહે છે.

જેઓ પોતાના ચિત્તના દોષથી જગત્ દુષ્ટ છે એમ જુએ છે તેઓના સમાધિરહિત હૃદયમાં અવિદ્યાવાદ, શાસ્ત્રબાધિત હોવા છતાં પ્રતીત થાય છે. તેઓના મતમાં બન્ધ અને મોક્ષ એવા છે કે ચૈતન્યનિષ્ટ મલ, આવરણ અને

વિક્ષેપ રૂપ અનાદિ અવિદ્યાથી આત્માને સંસાર છે અને કલ્પિત ગુરુના વાક્યથકી તેનો મોક્ષ છે.

**આવરણભઙ્ગ :** હવે માયાવાદના મતનો અનુવાદ કરવામાં આવે છે. માયાવાદીઓ ભાવરૂપ અનાદિ અજ્ઞાન માને છે. જો અવિદ્યાસાદિ (આદિવાળી) હોય તો સકારણ થાય. ત્યારે અન્ય કારણમાં સાદિત્વ અથવા અનાદિત્વ અઙ્ગીકાર કરવાથી અનવસ્થા વિરોધ આવે માટે અવિદ્યા જ અનાદિ છે તે અજ્ઞાનરૂપ છે. તેમાં પ્રમાણ એ છે કે હું અજ્ઞ એ પ્રકારે સહુને અનુભવ છે. એમ ન હોય તો નૌત જ્ઞાનથી સિદ્ધ ચિદ્રૂપ જીવ શરીરમાં રહી પોતાના અજ્ઞાનનો અનુભવ કરે છે તે સમ્ભવે નહિ. તે અવિદ્યા બન્ધક હોવાથી ભાવરૂપ છે. તે અવિદ્યામાં હું એવો અભિમાનરૂપ અધ્યાસ થવાથી ભાવરૂપ અજ્ઞાનથી બન્ધન થયેલું સાકાર ચૈતન્ય આ જગતનું કારણ છે. અવિદ્યા અને માયા ને તેઓ પર્યાય માને છે. કેટલાક શુદ્ધ સત્ત્વપ્રધાન માયા છે એમ કહે છે અને મલીન સત્ત્વપ્રધાન અવિદ્યા એમ કહે છે. તેઓના મતમાં માયા અને અવિદ્યા બન્ને અજ્ઞાનરૂપ છે. શ્રીમદાચાર્ય બન્ને મતને એક કરીને અનુવાદ કરી તેઓના યુકત્યાભાસને સઙ્ક્ષેપથી કહે છે. જેવું આ જગત્ જડ હોય અને તુચ્છ નિષ્ઠાવાળું છે તેવું તેનું કારણ પણ હોવું જોઈએ. આ કહેવું વેદવિરુદ્ધ હોવાથી અસત્ય છે. વ્યાસદર્શનમાં શ્રુતિ જ મુખ્ય પ્રમાણ છે યુક્તિપ્રમાણ નથી. શ્રુતિમાં 'સદેવ સૌમ્ય'' ઈત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મનું કારણત્વ કહેલું છે. તેમજ ''સત્યઞ્ચાનૃતઞ્ચ'' એ શ્રુતિથી કાર્યનું પણ બ્રહ્મત્વ કહેલું છે. માટે પૂર્વે કહેલી યુક્તિ આભાસ રૂપ જ છે. તે યુક્તિથી કારણનું સગુણત્વ થતું નથી. શ્રુતિમાં ''સોડકામયત, બહુસ્યાં પ્રજાયેય'' ઈત્યાદિ શ્રુતિથી સત્યજ્ઞાનાદિ લક્ષણવાળા આકાશાદિ સૃષ્ટિકરતા છે અને તે જ પરમાત્માની સૃષ્ટિની ઈચ્છા કહેલી છે અને ત્યાર પછી ''યસ્ય જ્ઞાનમયં તપઃ'' એ શ્રુતિમાં જગત્ વિષે આલોચનરૂપ જ્ઞાનાત્મક તપ કહેલું છે અને ત્યાર પછી સર્વ સૃષ્ટિ અને તેમાં પ્રવેશ કહીને તે જ જગત્કર્તાનું સર્વરૂપે થવું કહેલું છે અને ઉપસંહારમાં કહેલું છે કે ''યદિદં કિઞ્ચ તત્સત્ય મિત્યાચક્ષતે'' એ ઉપસંહારથી તન્તુપટન્યાયથી જગતમાં બ્રહ્મનો સત્યરૂપે પ્રવેશ છે. વળી બીજી શ્રુતિ ''યસ્મિન્નાકાશ ઓતશ્ચ પ્રોતશ્ચ'' તથા ભાગવતના ''યથા મહાન્તિ ભૂતાનિ ભૂતેષૂચ્ચાવચેષ્વનુ. પ્રવિષ્ટાન્ય પ્રવિષ્ટાનિ તથા તેષુ ન તેષ્વહમ્'' શ્લોકમાં તેમજ ''ઓતપ્રોતમિદં

યસ્મિંસ્તં તુષ્વઙ્ગ યથાપટઃ'' એ સ્મૃતિવાક્યમાં કહેલું છે કે બ્રહ્મ જગતમાં સત્યરૂપે પ્રવેશ કરે છે, ત્યાં જીવરૂપે પ્રવેશ કહેલો નથી, કારણ કે નામરૂપ વ્યાકરણાત્મકકાર્ય આ ઠેકાણે કહેલું નથી. અને કદાપિ જીવનો પ્રવેશ અઙ્ગીકાર કરીએ તો પણ કાર્યના સત્યત્વનો બાધ આવતો નથી. કેમકે શ્રુતિમાં કહેલું છે કે ''સત્યઞ્ચાનૃતં ચ સત્યમભવત્'' બ્રહ્મ કાર્યમાં પ્રવેશ કરીને સત્ય એટલે આત્મરૂપ અને અનૃત એટલે દેહઈન્દ્રિયાદિરૂપ સત્ય થાય છે. જો શ્રુતિ જગતને અસત્ય કહેવા માગતી હોત તો ઉપરની શ્રુતિમાં 'સત્યં' અને 'અનૃત' એ બે જ પદ મુકત પણ ત્રીજું પદ 'સત્ય' મુકત નહિ, તેમજ ઉપર લખેલી ''યદિદં કિઞ્ચ'' એ શ્રુતિમાં સર્વને સત્ય કહેત નહિ માટે પ્રથમ શ્રૃતિ વાકયથી નિઃસન્દિગ્ધ સત્યત્વ સિદ્ધ થાય છે. બીજા વાક્યમાં ''સ આત્મનં સ્વયમ કુરુત'' આત્માનું જ કર્મત્વ કહેલું છે, તેથી આત્મા સત્ય હોવાથી જગતનું સત્યત્વ સિદ્ધ થાય છે. ત્રીજા વાક્યમાં 'પ્રજાયેય' કાર્યદશામાં ઉચ-નીચતા દેખાય છે તો પણ દોષના અભાવના બોધનને માટે ઉપસર્ગથી પ્રકર્ષ બતાવેલો છે. આ પ્રકારે સ્વતઃ પ્રમાણભૂત વેદ જગતનું કારણ શુદ્ધ બ્રહ્મ છે એમ નિઃસન્દિગ્ધ રીતે સિદ્ધ કરે છે, તેથી યુક્ત્યાભાસથી બતાવેલું કારણ સિદ્ધ થઈ શકતું નથી.

વેદનું સ્વતઃ પ્રમાણત્વ ''વેદા શ્રીકૃષ્ણવાક્યાનિ'' એ શ્લોકમાં પ્રતિપાદન કરેલું છે. કાર્યરૂપ જગત્ હોય અને તુચ્છ હોવાથી તેને વિષે કુત્સિત (નીચ) તત્વ જણાય છે અને બ્રહ્મને વિષે તે નહિ હોવાથી જગતનું બ્રહ્મત્વ બતાવનારી શ્રુતિ ઉપચરિતાર્થ છે. એ શઙ્કાના નિરાસને માટે કહે છે કે લોકમાં કુત્સિતત્વ પ્રતીત થવા છતાં પણ જેઓએ અવિદ્યાનો નાશ કરેલો છે જેઓ શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ ને જાણે છે, તેઓના હૃદયમાં જગતના કુત્સિતત્વની પ્રતીતિ થતી નથી. તે પ્રમાણે ભગવાને એકાદશસ્કન્ધમાં કહેલું છે. ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કે માયા માત્ર ભેદનો અનુવાદ કરી તેનો નિષેધ કરીને મારું પ્રતિપાદન કરવાથી વેદ કૃતકૃત્ય થાય છે. એટલો જ સર્વ વેદનો અર્થ છે, તેથી સર્વનું બ્રહ્મત્વવડે સમાનત્વ છે, અને અભેદ છે. આ પ્રમાણે શ્રુતિતાત્પર્ય જાણનારા બ્રહ્મવિદ પુરુષોને પ્રતીત થાય છે. જેમ કમળાવાળાને પીતપ્રતીતિ થાય છે તેમ અવિદ્યાવાળાને કુત્સિતપ્રતીતિ થાય છે. માટે જગતમાં પ્રતીત થતા કુત્સિત તત્વથી તેને હેય અને તુચ્છ માની તેના તેવા જ કારણની કલ્પના કરવી, તે પણ યથાર્થ જ્ઞાનનો અભાવ છે.

આ પ્રકારે શાસ્ત્રાર્થ પ્રતિપાદન કરીને લૌકિક દૃષ્ટાન્ત કહેવામાં આવે છે. જે વખતે અવિદ્યાદશામાં શરીર અને આત્મા ની અભેદ પ્રતીતિ હોય છે ત્યારે પોતાના અઙ્ગમાં કોઈ પણ અઙ્ગ કુત્સિત દેખાતું નથી, તેમજ વિદ્વત્દશામાં અભેદ થવાથી જગતમાં કુત્સિતત્વ ભાસતું નથી, પણ જ્યારે આત્મા અને દેહ માં ભેદની પ્રતીતિ થાય છે ત્યારે આત્મબુદ્ધિ તિરોધાન થવાથી મમતાના વિદ્યમાનપણાના લીધે પોતાના અઙ્ગમાં પણ કુત્સિતત્વ બુદ્ધિ થાય છે.

બ્રહ્મવિત પુરુષના હૃદયમાં કાર્યરૂપનો અભેદ છે અને તેને કુત્સિતત્વ ભાસતું નથી. તેમાં પ્રમાણ શું એમ પુછે તો કહે છે કે જો જગતમાં કુત્સિતત્વ થાય અને તેમના હૃદયમાં ભાસે તો છાન્દોગ્ય ઉપનિષદ્માં બીજાદિનું બ્રહ્મત્વ કહેલું છે તે મલદૃષ્ટાન્તથી બાધિત થાય. એ શ્રુતિના સન્દર્ભ નીચે પ્રમાણે છે. ''તેષાંખલ્વેષાં ભૂતાનાં ત્રીણ્યેવ બીજાનિ ભવન્ત્યાણ્ડજં જીવજમુદ્ભિજ્જમ્'' આ શ્રુતિથી અન્ન થકી ઉત્પન્ન થયેલા ભૂતોના ત્રિવિધ બીજ કહીને તેમાં બ્રહ્મત્વ જાણાવવાને માટે 'સેયંદેવતા' ઈત્યાદિથી નામાદિવ્યાકરણ ત્રિવૃત્કરણાદિવડે ભોજન કરેલા અન્નનો ત્રિધાભાવાદિક કહીને જે સૂક્ષ્મ બીજભૂત સદ્રૂપ છે તેને જાણાવતાં છતાં, પાંચમાં પ્રપાઠકમાં દૃષ્ટાન્તને માટે વડનું ફલ લાવવાનું કહ્યું અને બીજમાં વડ રહે છે એમ સમજાવ્યું. પછી છેવટ સર્વ બીજનું બ્રહ્મત્વ કહ્યું તે મલ દૃષ્ટાન્તથી બાધિત થાય.

ગીતાજીમાં કહ્યું છે કે ''બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્'' (ભ.ગી.૭/૧૦) હે અર્જુન! નિત્ય પ્રાણીમાત્રનું બીજ મને જાણ. અહીં પણ બીજનું બ્રહ્મત્વ કહેલું છે.

એકાદશસ્કન્ધમાં ભગવાને વિભૂતિનું નિરૂપણ કરીને કહ્યું છે કે આ બધી વિભૂતિઓ મનના વિકારરૂપ છે. ગીતામાં કહેલી વિભૂતિઓ તેના તુલ્ય હોવાથી, બીજરૂપી કાર્યનું બ્રહ્મત્વ ઘટતું નથી. આ કહેવું અજ્ઞાન થકી છે, કેમકે મનોવિકારત્વ છતાં પણ બ્રહ્મરૂપતા જતી નથી. દુરાગ્રહવડે બીજોનું બ્રહ્મત્વ બાધ થવાથી જ્ઞાનોપયોગી દેહ સમ્પાદન કરવાને માટે પઞ્ચાગ્નિવિદ્યા 'વિવિદિષન્તિ' એ શ્રુતિમાં કહેલા જ્ઞાનસાધક યજ્ઞાદિ અને સ્મૃતિ માં કહેલા પાવનયજ્ઞાદિ એ સર્વ સન્માર્ગનો નાશ થઈ જાય માટે કુત્સિતત્વ અવિદ્યાવાનના જ હૃદયમાં દેખાય છે. આ પ્રકારે તેઓનો યુક્ત્યાભાસ વૈદિકવાક્ય તથા વેદાનુસારયુક્તિ થી દૂષિત છે. હવે

વાક્યાભાસોનો વિચાર કરવામાં આવે છે. પ્રકાશમાં બતાવેલાં વાક્યોમાં માયાવાદીએ કરેલો અર્થ શ્રુતિને અનુસરતો નથી અને કાર્યકોશમાં માયાના પર્યાયશબ્દો, શામ્બરીક્રિયા, દમ્ભ, બુદ્ધિ ઈત્યાદિ કહેલાં છે. જો તેમણે કહેલો માયાશબ્દનો અર્થ યથાર્થ હોય તો બીજા વાક્યોમાં વિરોધ આવે નહિ, પણ તે અર્થથી સઙ્ગતિ આવે. પ્રથમ વાક્ય એવું છે કે ''ઈન્દ્રોમાયાભિઃ પુરુરૂપઈયતે'' બૃહદારણ્યક ૧૭૯-૫૪૩. એ વાક્યમાં માયાવડે ઘણા રૂપનું દર્શન કહેલું છે, પણ તે વડે ઘણા રૂપનું થવું કહેલું નથી, તેથી આ ઠેકાણે માયા શબ્દનો અર્થ બુદ્ધિની વૃત્તિ છે. એ ઋચાનો પૂર્વાર્ધ ''રૂપં-રૂપં પ્રતિરૂપોબભૂવ તદસ્યરૂપં પ્રતિચક્ષણાય'' છે. તેનો અર્થ એવો થાય છે કે પરમાત્મા દરેક રૂપ પ્રત્યે તે-તે રૂપ થયેલા છે અને પ્રસિદ્ધ પરમાત્માનું રૂપ આ સર્વ રૂપને પ્રકાશ કરવાને માટે છે.

આ ઠેકાણે રૂપ-રૂપ પ્રત્યે થવામાં અથવા પ્રકાશ કરવામાં માયા પદ કહેલું નથી. પરન્તુ ઉત્તરાર્ધમાં દેખાવામાં જ માયાપદ કહેલું છે, તેથી એ ઋચાના ઉત્તરાર્ધનો અર્થ એવો થાય છે કે પરમાત્મા બુદ્ધિની અથવા ઈન્દ્રિયોની વૃત્તિવડે બહુરૂપ જણાય છે. એ રીતે બહુરૂપ જણાવામાં બુદ્ધિની વૃત્તિઓ કારણરૂપ છે. બહુરૂપ થવામાં પરમાત્મા સ્વતન્ત્ર છે એ પૂર્વાર્ધથી સિદ્ધ થાય છે. આ વાક્ય મધુબ્રાહ્મણમાં છે, તેમાં આત્માનું પૃથ્વી આદિમાં વિદ્યમાનત્વ તેમજ અમૃતત્વ, બ્રહ્મત્વ અને સર્વાત્મકત્વ ઉપક્રમમાં પ્રતિપાદન કરીને ત્યાર પછી અને પુરો (દેહ) નું કરવું અને તેમાં પ્રવેશ કહીને તે વડે સર્વનું સંવૃતત્વ કહેલું છે. ઘણાં પુરથી ભેદ પ્રાપ્ત થવાથી સર્વરૂપત્વની હાનિ પ્રાપ્ત થાય, તેટલા માટે ભેદના નિરાસવડે સર્વરૂપત્વ સમર્થન કરવાને માટે 'રૂપં-રૂપં' એ મન્ત્ર કહેલો છે. ''અયં વૈ હરયોયં વૈ દશ ચ સહસ્રાણિ બહુનિ ચાનન્તાનિ ચ'' આ પરમાત્મા જ દશ ઈન્દ્રિયોરૂપ છે અને અપરિમિતરૂપ બહુરૂપ અને અનન્તરૂપ પણ છે. જેની ઈન્દ્રિય (હર્યાદિ) રૂપતા કહેલી છે તેનું જ ''તદેતદ્બ્રહ્માપૂર્વમનપરમનન્તરમબાહ્યમ્'' આ શ્રુતિવડે સ્વરૂપ કહીને ''અયમાત્મા બ્રહ્મ સર્વાનુભૂઃ'' આ પ્રકારે કહી ઉપસંહાર કરેલો છે, તેમાં ઉપક્રમ અને ઉપસંહાર વડે બ્રહ્મની સર્વરૂપતા માયા વગર બોધ કરી છે. અને મન્ત્રના વ્યાખ્યાનમાં હર્યાદિ (ઈન્દ્રિયાદિ) રૂપતા પણ માયા વિના જ બોધન કરેલી છે અને વારંવાર આત્માની સર્વરૂપતા કહેલી છે, છેવટ 'સર્વાનુભૂઃ' વડે સર્વરૂપ હોનાર અથવા સર્વનું ઉત્પત્તિસ્થાન બ્રહ્મને કહેલું હોવાથી માયાવાદીએ

કરેલો માયાશબ્દનો અર્થ વાક્યથી વિરુદ્ધ છે. જે અર્થ શ્રુતિવાક્ય સાથે સઙ્ગતિથી મળે તે જ શ્રુત્યનુસાર કહેવાય, પરન્તુ વિરુદ્ધ અર્થશ્રુત્યનુસાર કહેવાય નહિ.

ચોથું વાક્ય ''માયાં તુ પ્રકૃતિં વિદ્યાત્'' શ્વેતાશ્વતર ઉપનિષદ્માં માયાનું પ્રકૃતિત્વ જણાવે છે, તેનું ભગવાને ભાગવતના એકાદશ સ્કન્ધમાં સત્યત્વ કહેલું છે. પ્રકૃતિ આ જગતનું ઉપાદાન છે અને પરપુરુષ આધાર છે. કાર્યનો અભિવ્યઞ્જક કાળ છે. પ્રકૃતિ, પુરુષ અને કાળ એ ત્રણે રૂપ હું બ્રહ્મ છું એમ ભગવાને કહેલું છે, તેમજ ''પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞા દૃષ્ટાન્તાનુપરોધાત્'' (બ્ર.સૂ.૧/૪/૨૩) એ સૂત્રાનુસાર બ્રહ્મ થકી અભિન્ન જ પ્રકૃતિ પણ હોવી જોઈએ. એ ભિન્ન હોય તો એ સૂત્રનો તેમજ ભગવદ્વાક્યનો વિરોધ આવે, તેમજ ''પુરુષં બ્રહ્મયોનિમ્'' એ શ્રુતિથી માયિત્વનું મિથ્યાત્વ હોવામાં બાધ આવે છે માટે માયા શબ્દને અસત્વાચક કહેવામાં આ શ્રુતિનો પણ વિરોધ આવે છે.

બીજું અને ત્રીજું વાક્ય ''અનૃતાપિધાનાઃ. વાચારમ્ભણંવિકારઃ'' છાન્દોગ્ય ઉપનિષદમાં છે તેમાં પહેલું દહર વિદ્યાનું છે અને બીજું શ્વેતકેતુ વિદ્યાનું છે.

''તએતે સત્યાકામા અનૃતાપિધાના'' એ આખી શ્રુતિ છે. **અર્થ :** તે આ સત્ય કામો છે તે દેહથી ચોતરફથી ઢંકાયેલા છે. આ ઠેકાણે અનૃતશબ્દનો અર્થ દેહ છે, કેમકે તૈત્તિરીય ઉપનિષદ્માં ''સત્યઞ્ચાનૃતઞ્ચ સત્યમભવત્'' એ શ્રુતિમાં સત્ય એટલે આત્મા રૂપ અને અનૃત એટલે દેહરૂપ બ્રહ્મ હોતું હોવું એમ કહેલું છે તેથી અનૃતશબ્દનો આત્મા થકી વિલક્ષણ જડદેહ અર્થ થાય છે, પણ અનૃતશબ્દથી મિથ્યાત્વ થતું નથી. વળી મિથ્યાવસ્તુથી કામો ઢંકાવાનો સમ્ભવ નથી માટે અનૃતશબ્દનો ઉપર કહ્યા પ્રમાણે જ અર્થ છે.

**યથા સૌમ્યૈકેન મૃત્પિણ્ડેન સર્વંમૃન્મયં વિજ્ઞાતં સ્વાદ્વાચારં ભણં વિકારો નામધેયં મૃત્તિકેત્યેવ સત્યં** (છાન્દોગ્ય ૧૧૬)

**અર્થ :** હે સૌમ્ય! એક માટીનો પિણ્ડ જાણવાથી માટીના બનેલા સર્વ પદાર્થો જાણવામાં આવે છે. વાણીથી બોલાતું નામ વિવિધ પ્રકારે રચાયેલ ઘટાદિ માટીરૂપ હોવાથી સત્ય છે એ શ્રુતિમાં કાર્ય અને કારણનો અભેદ પ્રતિપાદન કરેલો છે, પણ મિથ્યાત્વ કહ્યું નથી. જો શ્રુતિને મિથ્યાત્વ અભિપ્રેત (કબુલ) હોત તો શ્રુતિમાં ''મૃતિકા સત્યા'' એમ કહેત. પરન્તુ શ્રુતિમાં એમ કહ્યું છે કે ''મૃતિકાઈતિ એવં

સત્યમ્'' તેથી અર્થ એમ થાય છે કે 'નામધેયમૃતિકા' અર્થાત્ મૃતિકાના જુદા-જુદા નામવાળા ઘાટો, મૃતિકારૂપ હોવાથી સત્ય છે. આ વાક્યનો અર્થ ૮૩ મા શ્લોકની ટીકામાં વિસ્તારથી કરવામાં આવશે. કેટલાક પુરુષોને ભ્રમ થકી જ માયા શબ્દનો અર્થ મિથ્યા ભાસે છે તેથી પ્રપઞ્ચનું મિથ્યાત્વ અને સગુણ કતૃત્વાદિકવાક્યનો અર્થ થતો નથી તેથી તેમને પ્રતીત થતાં અર્થયુક્તવાક્યો વાક્યો નથી પણ વાક્યાભાસ છે.

વૈદિકનિઘણ્ટુમાં ''માયા વયુનમભિખ્યાતિ'' એ વચન છે તેથી વૈદિકકોશને અનુસરી માયાશબ્દનો અર્થ પ્રજ્ઞા થાય છે. જુદી-જુદી ઇન્દ્રિયોથી જુદી-જુદી બુદ્ધિ ઉત્પન્ન થવાને લીધે, બુદ્ધિનું બહુત્વ છે માટે આ ઠેકાણે માયાશબ્દ બહુ વચનમાં હોવાથી એનો અર્થ ઇન્દ્રિયો થકી ઉત્પન્ન થયેલી બુદ્ધિની વૃત્તિઓ છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ''માયાં તુ પ્રકૃતિં વિદ્યાત્'' એ શ્રુતિમાં માયા શબ્દવડે પ્રથમ કાર્ય સમજવું.

''યથૈતામૈશ્વરીમ્માયામ્'' એ એકાદશસ્કન્ધના શ્લોક ઉપરની સુબોધિનીમાં શ્રીમદાચાર્યજીએ માયાના અનેક અર્થ વિસ્તારથી કહેલા છે તે ત્યાંથી જાણી લેવા.

પ્રકાશમાં આદિ શબ્દવડે બીજા વાક્યાભાસો પણ કહેલા છે તે નીચે પ્રમાણે. (પૃષ્ટ ૨૯૧)

અનૃતં વૈ વાચા વદતિ અનૃતં મનસા ધ્યાયતિ તદેવ બ્રહ્મત્ત્વં વિદ્ધિ નેદં યદિદમુપાસતે. અતોન્યદાર્ત્તં. એવમેવેષાં સ્વાવ્યતિ રિક્તાનિ ક્ષેત્રાણિ દર્શયિત્વા. જીવેશાવાભાસેન કરોતિ માયા ચાવિદ્યા ચ સ્વયમેવ ભવતિ.

ઉપરનાં વાક્યોમાં અનૃતશબ્દનો અર્થ દેહ સમજવો તેમજ ''નેદંયદિદમુપાસતે''. એ વાક્યમાં પણ વાણી વગેરેનું બ્રહ્મત્વ નિષિદ્ધ કરાતું નથી, પરન્તુ વેદ્યત્વજ નિષિદ્ધ કરાય છે. એજ પ્રકારે ''અતોન્ય દાર્ત્તમ્'' એ સ્થળમાં ઈશ્વરથી અન્ય જીવ જડનું દુખિત્વ કહેલું છે, પણ મિથ્યાત્વ કહેલું નથી. દુઃખ એ આનન્દનો તિરોભાવ જ છે. તે તિરોભાવ ભગવત શક્તિરૂપ છે તેથી કોઈપણ પ્રકારનો દોષ આવતો નથી.

ગૌડવાર્ત્તિકમાં કહ્યું છે કે

**સ્વપ્નમાયે યથાદષ્ટે ગન્ધર્વનગરં યથા ।।**
**તથા વિશ્વમિદં દષ્ટં વેદાન્તેષુવિચક્ષણૈઃ ।।**

**અર્થ :** જેમ સ્વપન, માયા અને ગન્ધર્વનગર ખોટાં છે તેમ આ જગત્ પણ વિચક્ષણ પુરુષોએ વેદાન્તમાં ખોટું જોયેલું છે.

ઉપરના વાક્યને અનુસરી જગતનું મિથ્યાત્વ કેમ અઙ્ગીકાર ન કરાય? એ શઙ્કાની નિવૃત્તિને માટે કહે છે કે સ્વપ્નાદિના દષ્ટાન્તથી જગતનું મિથ્યાત્વ કહી શકાતું નથી, કેમકે ''અસત્યમ પ્રતિષ્ઠન્તે''ઈ. ગીતા વાક્યનો બાધ આવે છે. તેમ હોવાથી સમાધિ રહિત પુરુષોને વિષે જ આ મિથ્યાવાદ પ્રસિદ્ધ છે. ગૌડાચાર્ય પૂર્ણ યોગી હતા એમાં કાંઈપણ પ્રમાણ નથી. ભગવાન્નું સ્વરૂપ અપૂર્ણ યોગીને પ્રતીત થતું નથી તેથી જગતને અસત્ય માનવું યોગ્ય નથી.

એ પ્રકારે એક દેશી મતમાં મનાતા પ્રપઞ્ચ અને તેના કારણને દૂષિત કરીને તે મતના બન્ધ અને મોક્ષ નું વર્ણન કરવામાં આવે છે. એ મતમાં જીવ અને બ્રહ્મ નો અંશાંશીભાવ માનવામાં આવતો નથી, પરન્તુ બ્રહ્મનું નિષ્કલત્વ છતાં પણ જેમ ઘટાદિકથી આકાશનું નાનાત્વ દેખાય છે અને જેમ મલને લીધે જળનું નાનાત્વ દેખાય છે તેમ બ્રહ્મપ્રદેશને અવિદ્યા લાગુ થતાં નાનાત્વ પ્રતીત થવાથી પોતાને વિષે સંસારીત્વ ભાસે છે તે બન્ધ છે. સંસારીને મૂલ અજ્ઞાન અને તેના કાર્યની નિવૃત્તિ એ મોક્ષ છે, કેમકે વિસ્મૃતકણ્ઠમણિ સ્મરણ ન્યાયથી ગુરુઉપદેશ થકી આત્મસ્વરૂપ જાણવાથી અજ્ઞાન અને તેના કાર્યની નિવૃત્તિ થાય છે.

**એવં પ્રતારણાશાસ્ત્રં સર્વ માહાત્મ્યનાશકં ।।**
**ઉપેક્ષ્યં ભગવદ્ભકતૈઃ શ્રુતિસ્મૃતિવિરોધતઃ ।।**
**કલૌ તદાદરો મુખ્યઃ ફલં વૈમુખ્યતસ્તમઃ ।।૮૦।।**

**અર્થ :** આ પ્રકારે સર્વ માહાત્મ્ય નાશ કરનારું પ્રતારણા (ઠગવું અથવા છેતરવું એને પ્રતારણા કહે છે.) શાસ્ત્રશ્રુતિ અને સ્મૃતિ થકી વિરુદ્ધ હોવાથી ભગવદ્ભક્તોએ ઉપેક્ષા કરવા યોગ્ય છે. કલિયુગમાં તેનો આદર મુખ્ય છે અને ભગવદ્ વૈમુખ્ય થકી ભાવિફલ નરક છે.

**પ્રકાશ :** કોઈ એમ કહે કે માયાવાદને અનુસરતો ઉપર કહ્યા પ્રમાણે શાસ્ત્રાર્થ હોય તો એમાં શો દોષ છે? એ પ્રશ્નના જવાબમાં કહે છે કે જેમ મનુષ્યો ભગવદ્વિમુખ

થાય તેમ તેમાં ઉપાય રચેલો છે અને તેમાં કાંઈ જાણવા યોગ્ય વસ્તુ નથી. સર્વેશ્વર, સર્વકર્તા, સર્વ કારણના કારણરૂપ ઈત્યાદિ વચનોમાં જે ભગવન્માહાત્મ્યનું પ્રતિપાદન કરેલું છે તેનો તે શાસ્ત્રાર્થ નાશ કરે છે માટે એ શાસ્ત્રાર્થ બધો લખી અને તેનું ખણ્ડન કરવું એ યોગ્ય નથી, કારણ કે અસત્ ભાવનાવડે પોતાની બુદ્ધિનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં તે પ્રતારણા શાસ્ત્ર વિરુદ્ધ છે. માટે ભગવદ્ભક્તોએ તેની અત્યન્ત ઉપેક્ષા કરવી તેમજ

**આનન્દાત્ હ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે ।।**

**અહ સર્વસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા ।।**

ઈત્યાદિ હજારો શ્રુતિ-સ્મૃતિ વાક્યોથી માયાવાદ વિરુદ્ધ છે. જે શ્રુતિ-સ્મૃતિ થકી વિરુદ્ધ હોય તેમાં લોકોનો આદર કેમ થાય? એ શઙ્કાના સમાધાનમાં કહે છે કે કલિયુગમાં પુરુષો ભગવદ્વિમુખ હોવાથી તેમાં તેઓનો આદર થાય છે અને તે થકી ભાવિફલ તમ (નરક) છે.

**આવરણભઙ્ગ :** ગમે તે પ્રકારે મોક્ષ સાધનીય હોવાથી એક દેશી મતના શાસ્ત્રાર્થમાં શો દોષ આવે? ત્યાં કહે છે કે એ એક દેશીય મતમાં કાંઈપણ જાણવાને યોગ્ય નથી. પણ તે ભક્તિમાર્ગ વિરોધી હોવાથી ''ઈશ્વરે તદધીનેચ'' એ વાક્યાનુસારે તેની ઉપેક્ષા કરવી જ યોગ્ય છે, કેમકે શ્રુતિમાં કહેલું છે કે આનન્દથકી જ નિશ્ચય પ્રાણીમાત્ર (બ્રહ્માદિ સ્થાવરાન્ત) ઉત્પન્ન થાય છે. આ શ્રુતિ સન્દર્ભમાં માયાપદ નહિ હોવાથી જગતનું ઉપાદાન શબલ બ્રહ્મ અથવા માયા છે એ કહેવું વિરુદ્ધ છે. તેમજ ''શ્રુતેસ્તુ શબ્દ મૂલત્વાત્'' (બ્ર.સૂ.૨/૧/૨૭) એ સૂત્ર થકી અવિકૃતપરિણામવાદ શ્રુતિ અનુસારે અઙ્ગીકાર કરવાને યોગ્ય છે. જો એમ ન કરે તો અભિન્નનિમિત્ત ઉપાદાનવાદ ઘટે નહિ. કદાપિ એમ શઙ્કા થાય કે શ્રુતિ, સ્મૃતિ વિરુદ્ધ હોય તો તેમાં લોકનો આદર ન થવો જોઈએ એ શઙ્કાના ખુલાસાને માટે કહે છે કે કલિકાલ જ આદરનું કારણ છે. ઘણા લોકોનો એમાં આદર છે એટલા જ કારણથી એ શ્રુતિ થકી અવિરુદ્ધ છે એમ કહી શકાય નહિ, તેમાં પણ કલિયુગ ભગવદ્ભજનમાં આદર જનક હોવા છતાં પણ ભગવદ્ વૈમુખ્ય જ તે શાસ્ત્રમાં આદરનો હેતુ છે અને ભગવદ્ ઈચ્છાથી તેનું ભાવિફલ તમ છે.

**ભવન્તિભાવા ભૂતાનાં મત્તએવ પ્રથગ્વિધાઃ. મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમ પોહનઞ્ચ. એષ ઉ એવ સાધુકર્મ કારયતિ તં યમધોનિનીષતિ**

એ વાક્યોથી ભગવાન્‌ની તેવું ફલ આપવાની ઈચ્છા હોવાથી ભગવદ્વૈમુખ્યવડે કલિપણ તેમાં જ આદર ઉત્પન્ન કરે છે.

**જ્ઞાનનાશ્યત્વસિદ્ધ્યર્થં યદેતદ્વિનિરૂપિતમ્ ।।**
**તદન્યથૈવ સંસિદ્ધં વિદ્યા-વિદ્યાનિરૂપણૈઃ ।।૮૧।।**

**અર્થ :** અવિદ્યાનું જ્ઞાન નાશ્યત્વ સિદ્ધ કરવાને માટે જગતનું માયિકત્વ નિરૂપણ કરેલું છે (એ કહેવું યોગ્ય નથી, કેમકે) વિદ્યા અને અવિદ્યા ના નિરૂપણથી જગતના માયિકત્વ વગર પણ તે (અવિદ્યાનું જ્ઞાનનાશત્વ) સિદ્ધ થાય છે.

**પ્રકાશ :** કદાપિ એમ કહેવામાં આવે કે સ્વાત્મજ્ઞાન થકી મોક્ષ સિદ્ધ થાય છે અને જ્ઞાન, અજ્ઞાનનું નાશક હોવાથી, સકાર્ય અવિદ્યાનો નાશ કરવાને માટે જગતનું માયિકત્વ પ્રતિપાદન કરાય છે એ શઙ્કા દૂર કરવાને માટે કહેવામાં આવે છે કે જગતના માયિકત્વ વિના પણ તે સિદ્ધ થઈ શકે છે. બ્રહ્મવિદ્યામાં પ્રપઞ્ચનો વિલય અપેક્ષિત નથી તેમ હોય તો પ્રલયની પેઠે તેમાં સર્વનો અનાદર થાય. આત્મજ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે એ વાત વિદ્યા અને અવિદ્યા ને નિરૂપણ કરનાર સાધનશાસ્ત્રથી સિદ્ધ થાય છે. તેથી તેને માટે પ્રપઞ્ચનો લય કહેવો યોગ્ય નથી. આ ઠેકાણે "વિદ્યાઞ્ચા-વિદ્યાઞ્ચા" એ શ્રુતિ પ્રમાણભૂત છે હૃદયમાં પ્રકાશમાન ભગવાન્ મોક્ષ આપે, તેમાં પ્રપઞ્ચ લય કરવાનું કાંઈપણ પ્રયોજન નથી.

**આવરણભઙ્ગ :** જગતના માયિકત્વમાં એકદેશીએ નિશ્ચય કરેલું બીજ દૂષિત કરવાને માટે હવે કહેવામાં આવે છે એકદેશી મતવાળા એમ માને છે કે જગતનું કારણ અવિદ્યાસહિત બ્રહ્મ છે. એ થકી ઉત્પન્ન થયેલા અવિદ્યાસહિત જગતનો લય થાય ત્યારે જ્ઞાનથી મોક્ષ થાય છે. આવા હેતુથી જગતનું માયિકત્વ કહેલું છે. એ કહેવું યોગ્ય નથી, જ્ઞાન સકાર્ય અવિદ્યાનાશક છે અને તે થકી મુક્તિ થાય છે. જગત્ માયિકત્વ સિદ્ધ ન કરવામાં આવે તો પણ જ્ઞાન અવિદ્યાનો નાશ કરે છે અને અવિદ્યાનો નાશ થતાં મુક્તિ થાય છે એમ સિદ્ધ થઈ શકે છે. અહન્તા-મમતાત્મક સંસારનું બીજ અવિદ્યા હોવાથી કારણસહિત સંસારનો જ્ઞાન થકી નાશ થાય છે. તે વિદ્યા અને અવિદ્યા ના નાશકનાશ્યભાવવડે નિરૂપણ કરનારાં સાધન શાસ્ત્રોથી સિદ્ધ થાય છે. વિદ્યા નિરૂપકશાસ્ત્રોમાં "યોદેવાનાં પ્રત્યબુદ્ધ્યત" એ વાક્યથી સર્વભાવ કહેવાય છે, પરન્તુ તેમાં જગતનો લય કહ્યો નથી. તે કારણથી મોક્ષને માટે પ્રપઞ્ચલયનું પ્રયોજન નથી. એમાં નીચેની શ્રુતિપ્રમાણ છે.

**વિદ્યાં ચાવિદ્યાં ચ યસ્તદ્વેદોભયંસહ ।।**
**અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયામૃતમશ્નુતે ।।**

**અર્થ :** બન્ધ અને મોક્ષ આપનારી વિદ્યા અને અવિદ્યા એ બન્ને બ્રહ્મ થકી અભિન્ન જાણે તે પુરુષ અવિદ્યા જાણવાથી (અત્યન્ત વિસ્મરણાત્મક) મૃત્યુને તરીને (ભગવત્સાક્ષાત્કારરૂપ વિદ્યાથી મોક્ષ પામે છે).

ઉપરની શ્રુતિમાં પ્રપઞ્ચનો લય કરવાનું કાંઈપણ કહ્યું નથી. તેમ વિદ્યા એટલે જ્ઞાન અને અવિદ્યા એટલે કર્મ બન્નેને જે જાણે છે તે પુરુષ કર્મની સાથે વિદ્યમાન મૃત્યુને તરીને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત કરે છે. તેમાં પણ કર્મનું ત્યાજ્યત્વ આવે છે, પરન્તુ પ્રપઞ્ચ લય આવતો નથી. આ પ્રકારે હોવાથી મોક્ષને માટે પ્રપઞ્ચના લયની જરૂર નહિ હોવાને લીધે જગતનું માયિકત્વ સમ્ભવતું નથી.

**યન્માયિકત્વકથનં પુરાણેષુ પ્રદશ્યતે ।।**
**તદૈન્દ્રજાલપક્ષેણ મતાન્તરમિતિ ધ્રુવમ્ ।।**
**નાસ્તિ શ્રુતિષુ તદ્વાર્તા દશ્યમાનાસુ કુત્રચિત્ ।।૮૨।।**

**અર્થ :** પુરાણોમાં જે માયિકત્વ કથન દેખાય છે તે સૃષ્ટિભેદમાં ઈન્દ્રજાલપક્ષથી મતાન્તર છે એમ સમજવું. દશ્યમાન શ્રુતિમાં કોઈ ઠેકાણે જગતનું માયિકત્વ નથી.

**પ્રકાશ :** પુરાણમાં પ્રપઞ્ચનું માયિકત્વ સંભળાય છે. ''વિદ્ધિ માયા મનોમયમ્. ત્વય્યુદ્ધવાશ્રયેતિ''. ઈત્યાદિવાક્યોમાં જગતનું માયિકત્વ પ્રતીત થવાથી બુદ્ધિ સૌકર્યને માટે માયાવાદ અઙ્ગીકાર કરવો જોઈએ એ શઙ્કાના ખુલાસામાં કહે છે કે પૂર્વે સૃષ્ટિના ભેદ નિરૂપણ કર્યા, તેમાં ઐન્દ્રજાલપક્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એજ પક્ષ પુરાણમાં વૈરાગ્યને માટે નિરૂપણ કરાય છે, પણ તે કથન વસ્તુ નિરૂપક નથી, કેમકે તે મતાન્તર છે અને અસુરને વ્યામોહ જનક છે. પુરાણ ભગવલ્લીલાપ્રતિપાદક હોવાથી ભગવચ્ચરિત્રની પેઠે તે દૈત્યોને મોહ ઉત્પન્ન કરે છે.

જો જ્ઞાન અથવા કર્મને માટે જગત્નું માયિકત્વ શ્રુતિસમ્મત હોય તો બેમાંથી એક કાણ્ડમાં કોઈ ઠેકાણે કહ્યું હોત. વેદની ૧૧ શાખાઓ હાલમાં ઉપલબ્ધ છે તેમાં કોઈ સ્થળે જગતનું માયિકત્વ દેખાતું નથી.

**આવરણભઙ્ગ :** દૂષણને માટે ફરીથી માયાવાદનું ઉત્થાપન કરવામાં આવે છે.

**યદિદં મનસા વાચા ચક્ષુર્ભ્યાં શ્રવણાદિભિઃ ।**
**નશ્વરં ગ્રહ્યમાણં ચ વિદ્ધિ માયા મનોમયમ્ ।।**

(ભા.૧૧।૭)

**ત્વય્યુદ્ધવાશ્રયેતિ યસ્ત્રિવિધોવિકારો માયાન્તરાऽऽપતતિનાદ્ય પવર્ગયોર્યત્ ।।**

**જન્માદયોऽસ્ય યદમી તવ તસ્ય કિં સ્યુરાદ્યન્તયોર્ય દસ તોऽસ્તિ તદેવ મધ્યે।।**

**અર્થ :** મન, વચન, ચક્ષુ અને શ્રવણ વડે જે આ ગ્રહણ થાય છે તે નશ્વર (નાશવન્ત) અને માયા મનોમય જાણ તેમજ હે ઉદ્ધવ! તારે વિષે જે ત્રણ પ્રકારના વિકાર છે તે માયા છે, કેમકે તે આદિ અને અન્ત માં નથી, પણ મધ્યમાં પડે છે. આ જન્માદિક આ દેહને જ છે, તે તારા નથી. અસત્ વસ્તુના આદિ અને અન્ત માં જે હોય છે તે મધ્યમાં છે.

બ્રહ્મવાદમાં અદ્વૈતને માટે જગતની જગત્ રૂપથી પારમાર્થિક સત્યતાનું નાના પ્રકારની યુક્તિ, શ્રુતિ અને સૂત્રાદિક થી નિરાકરણ કરીને તેની બ્રહ્મરૂપથી પારમાર્થિક સત્યતા નિરૂપણ કરવાને યોગ્ય છે. તેમ કરવાથી અદ્વૈત શ્રુતિઓનો અર્થ સમ્ભવે છે. માયાવાદમાં તો જગતના સત્યત્વનું નિરાકરણ કરીને અદ્વૈત માનવામાં આવે છે. એમ હોવાથી એ વાદ લાઘવ થાય છે (ટુંકામાં સમજાય છે) માટે બુદ્ધિ સૌકર્ય થકી એ વાદ સ્વીકારવો યોગ્ય છે તેમજ

**યો વિદ્યાચ્ચતુરો વેદાન્ સાઙ્ગોપનિષદો દ્વિજઃ ।।**
**ન ચેત્પુરાણં સંવિદ્યાન્નૈવ સ સ્યાદ્વિચક્ષણઃ ।।**
**ઈતિહાસપુરાણાભ્યાં વેદં સમુપબૃંહયેત્ ।।**
**વિભેત્યલ્પશ્રુતાદ્વેદો મામયં પ્રહરિષ્યતિ ।।**

**અર્થ :** અઙ્ગ અને ઉપનિષદો સહિત ચારવેદ જાણે પણ જે પુરુષપુરાણ ન જાણે તે વિચક્ષણ થતો નથી,

ઈતિહાસ અને પુરાણ વડે વેદને વૃદ્ધિ પમાડવો. અલ્પશ્રુત થકી વેદ ભય પામે છે કે મને આ પુરુષ પ્રહાર કરશે.

એ વાક્યોથી પુરાણ અનુસારે શ્રુતિનું વ્યાખ્યાન કરવું એ બુદ્ધિનું એક સૌકર્ય છે. જગત્ જનનાદિક છ વિકારવાળું હોવાથી અને અસકલ (અપૂર્ણ)

હોવાથી સર્વની દશ્યતાથી બ્રહ્મત્વ કહી શકાતું નથી. પણ ગૌડવાર્ત્તિકાના વૈતથ્યાદિ પ્રકરણમાં કહેલી રીતિથી માયિકત્વ કહેવું શક્ય છે અને તે બુદ્ધિમાં શીઘ્ર આરોહિત થાય છે માટે માયાવાદ અઙ્ગીકાર કરવાને યોગ્ય છે.

માયાવાદ તથા બીજા વાદો દૂષિત છે એમ સમજાવવાને માટે બીજા વાદોની સાથે માયાવાદનું સ્વરૂપ વિસ્તારથી કહેવામાં આવે છે. સર્વ પ્રપઞ્ચ ઉત્પત્તિ અને વિનાશ વાળો છે એમ પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચય થાય છે. તેમાં કેટલાક વૈનાશિક કહે છે કે જગત્ એની મેળે અથવા આકસ્મિક થાય છે કેટલાક કહે છે કે સ્વભાવ થકી થાય છે, કેટલાક અલીક (શૂન્ય) થકી થાય છે એમ કહે છે. કેટલાક હેતુ વગર થાય છે એમ કહે છે. આ સર્વ વાદમાં કાર્યનું નિયતાવધિકત્વદર્શન (નિયમથી અમુક વખત સુધી દેખાવું તે) દૂષણ છે, કેમકે સ્વ, સ્વભાવ, અલીક અને હેતુ નો અભાવ એ સદાસર્વદા વિદ્યમાન હોવાથી, માટી થકી ઘટ અને તન્તુ થકી પટ એવો નિયમ હોવો ન જોઈએ. સ્વતઃ ઉત્પત્તિ થાય તો, પોતાનું પૂર્વે વિદ્યમાનત્વ હોવું જોઈએ અને તેમ હોવાથી ઉત્પત્તિ કહેવી એ અશક્ય છે. સિદ્ધની ઉત્પત્તિ કહેવી એ અયોગ્ય હોવાથી તેનું અનાદિત્વ કહેવું જોઈએ અને તેમ હોવાથી સ્વતઃ કાર્યની ઉત્પત્તિ કહેવી એ યુક્ત નથી. તેમ કહેવામાં આવે તો સાદિત્વ સમ્પાદન થતાં સ્વરૂપચ્યુતિ થાય અને સ્વરૂપચ્યુતિ થવાથી અન્ય આદિની અપેક્ષાને લીધે સ્વતઃ ઉત્પત્તિરૂપ સિદ્ધાન્તની હાનિ આવે, એટલા માટે આકસ્મિકવાદ યુક્તિબાધિત છે.

એજ પ્રકારે વૈશેષિકાદિસમ્મત હેતુવાદ પણ તેવો જ છે, તેઓ પ્રથમ અસત્ થકી ઉત્પત્તિમાં હેતુ આધીનતાવડે ઘટાદિકની સત્તા માને છે તેમાં જો ઘટાદિ પૂર્વે અસત્ હોય તો પ્રાગભાવદશામાં ખપુષ્પતુલ્ય થાય અને તેમ હોવાથી તે ખપુષ્પની પેઠે ઉત્પન્ન ન થાય અથવા ઉત્પન્ન થાય તો સર્વ થકી ઉત્પન્ન થાય. વડના બીજમાંથી આંબો પણ ઉત્પન્ન થાય. ત્યાં વાદી શઙ્કા કરે છે કે ગોમય થકી વિંછીની ઉત્પત્તિ દેખાય છે માટે એ દોષ સમજવો નહિ. પણ તે સમ્ભવતું નથી. પાષાણાદિકમાં જેમ અનુદ્ભૂત ગન્ધાદિનું વિદ્યમાનત્વ છે તેમજ ગોમયમાં વૃશ્ચિકની અનુદ્ભૂત સત્તા હોવી જોઈએ એમ ન હોય તો મયુર થકી પણ વિંછીની ઉત્પત્તિ થવી જોઈએ. એમ પણ ન સમજવું કે ઉપાદાનનિષ્ઠ કાર્ય પ્રાગભાવનું નિયામકત્વ હોવાથી ઉપર કહેલો દોષ આવતો નથી, કેમકે કારણાવસ્થા અતિરિક્ત

પ્રાગભાવ કહેવો એ અશક્ય છે. સર્વ નિર્ણયમાં પ્રાગભાવનું સમ્પૂર્ણ ખણ્ડન કરવામાં આવશે.

એજ પ્રમાણે કાર્ય-કારણભાવનું પ્રાગભાવમાં નિયામકત્વ છે એ પણ સમ્ભવતું નથી, કેમકે કાર્ય-કારણભાવ બે સ્વરૂપ હોવાથી, કાર્યના અભાવમાં પ્રાગભાવની સત્તા નિરૂપણ કરી શકાતી નથી. ભિન્ન પ્રાગભાવ માને તો કાર્યની ઉત્પત્તિ વગર તેનું ગ્રહણ નહિ થવાથી અને ઉત્પત્તિ પછી સત્કાર્યવાદ જ સુખે નિરૂપણ કરવા યોગ્ય હોવાથી, પ્રાગભાવ આદર યોગ્ય થતો નથી. ઈશ્વર ઈચ્છા પ્રાગભાવમાં નિયામક છે એમ પણ સમજવું નહિ, કેમકે તે (ઈશ્વર ઈચ્છા) નિત્ય હોવાથી સર્વદા ઉત્પત્તિનો પ્રસઙ્ગ આવે.

તેમ અદૃષ્ટ પણ નિયામક નથી. બ્રહ્મવાદમાં અદૃષ્ટ પણ દૂષ્ય છે. ઉત્પત્તિ એટલે આદ્યક્ષણસમ્બન્ધ. સમ્બન્ધ દ્વિનિષ્ઠ હોવો જોઈએ, તેમાં આદિક્ષરમાં ઘટનો અભાવ હોવાથી ઘટ થયે આદિક્ષણનો નાશ થવાથી તે આદિક્ષણસમ્બન્ધ કહેવો શક્ય નથી. તે આદિક્ષણ અનિત્ય હોવાથી ઉત્પન્ન થાય છે એમ કહેવું જોઈએ. આદિક્ષણ સમ્બન્ધ એ જ ઉત્પત્તિ પદનો અર્થ થાય તો આત્માશ્રયદોષ આવે છે. આદિક્ષણસમ્બન્ધ ઉત્પત્તિ પદાર્થથી ભિન્ન હોય તો અપ્રામાણિક અનવસ્થા આવે માટે તે પણ ઘટતું નથી. એવી જ રીતે નાશમાં પણ નાશપ્રતિયોગીનો નિરાધારત્વ પ્રસઙ્ગ આવવાથી તેનું (નાશનું) નિરૂપણ થઈ શકતું નથી માટે આરમ્ભવાદ પણ યુક્તિથી બાધિત છે.

પરિણામવાદ બે પ્રકારનો છે, મીમાંસક પ્રવાહનું અનાદિત્ય ગ્રહણ કરીને પરિણામ માને છે તે પ્રથમ છે. નિત્યપ્રકૃતિ પુરુષના સમ્બન્ધથી પરિણામ પામે છે એમ સાઙ્ખ્ય મતવાળા માને છે. તેઓ પ્રવાહનું સાદિત્વ માને છે. તેમાં પ્રથમ વાદનો વિચાર કરતાં તે સમ્ભવતો નથી, કેમકે સત્કાર્ય વાદાનુસારે કારણને વિષે કાર્યની સત્તા અવશ્ય અઙ્ગીકાર કરવી જોઈએ. તેમ થવાથી પૂર્વાપર ભાવના અભાવવડે કાર્ય-કારણ ભાવની અનિર્વાચ્યતાથી અવ્યવસ્થાનો પ્રસઙ્ગ આવે. કાર્યનું વિદ્યમાનત્વ હોવાથી પણ નિમિત્ત વશ થકી બહિર્ભાવમાં પ્રતીતિવિશેષ ગ્રહણ કરીને કાર્યનું સાદિત્વ થવાથી, કાર્ય-કારણભાવ સુખથી સિદ્ધ થઈ શકે છે માટે અવ્યવસ્થા આવતી નથી એમ પણ સમજવું નહિ. એક ફલ થકી અનેક બીજની ઉત્પત્તિ થવાથી અને તે બીજ થકી અનેક ફલની ઉત્પત્તિ થવાને લીધે,

એક ફલમાં તેટલાં બીજ અનેક ફલનું વિદ્યમાનત્વ હોવાથી, તે-તે ફલત્વ અને તે-તે બીજત્વની કાર્ય-કારણભાવમાં નિયામકના અભાવને લીધે ક્રમની અસઙ્ગતીવડે એકની અનેકતા અને સૂક્ષ્મ ની સ્થૂલતા કહેવી અશક્ય હોવાથી, કાર્ય કારણભાવની સિદ્ધિ ઘટતી નથી. જો બીજ અને ફળ ની હેતુ-હેતુમત્તા હોય તો તેના નિર્વાહને માટે પૂર્વાપરભાવ અવશ્ય સ્વીકારવો જોઈએ, નહિ તો ગાયના ડાબા અને જમણા શિંગડાની પેઠે હેતુ-હેતુમત્તા ઘટે નહિ અને પૂર્વાપર ભાવ અઙ્ગીકાર કરવાથી ફલ પાક્યા પછી બીજ દેખાવાથી ફલથી અને બીજથી કાર્ય-કારણ ભાવનાનો નિશ્ચય થાય છે, પણ બીજ અને ફલથી કાર્યકારણ ભાવનાનો નિશ્ચય થાય છે, પણ બીજ અને ફલથી થતો નથી. તેમજ બીજ રોપ્યા પછી ફલનો સમ્ભવ હોવાથી બીજ અને ફલ નો પણ હેતુ-હેતુમત્તભાવ પ્રસિદ્ધ જ છે. એ પ્રકારે જ્યારે અઙ્ગીકાર કરાય ત્યારે ક્રમનું વિપરીતપણું આવે અને અન્યોઽન્યાશ્રયની અનુત્પત્તિનો પ્રસઙ્ગ થાય. ઈષ્ટાપત્તિ કહેવામાં આવે તો પ્રત્યક્ષ બાધ આવે છે ને શક્ય ન થવાથી શક્તની શક્તિનો બાધ પણ થાય છે અને તેમ થવાથી કાર્યની અનુત્પત્તિ અથવા અસત્કાર્યબાદ થાય. વળી સહજશક્તિના અભાવથી કાર્ય-કારણ ભાવના અભાવવડે કારણાદિપદમાં પદશક્તિ પણ સમ્ભવે નહિ અને તેમ થવાથી લૌકિક-વૈદિક વ્યવહારનો ઉચ્છેદ થાય. પ્રયોજનના અભાવને લીધે આધેય (અવિધેય) શક્તિ પણ વૃથા થાય અને શક્તિ જાણવાને માટે પણ અશક્ય થાય. તેના મતમાં ઈશ્વરનો અઙ્ગીકાર નહિ હોવાથી નિયમન પણ સમ્ભવતું નથી. બીજ અઙ્કુરની પેઠે ફલ હેતુપ્રવાહ-પ્રવાહ હોવાથી અનાદિ છે. આ અનુમાન પણ સમ્ભવતું નથી, કેમકે હેતુ સાધ્યતુલ્ય છે તેથી અનાદિત્વ સિદ્ધ થતું નથી. હેતુનું સાધ્ય તુલ્યત્વ દેખીતું જ છે.

જ્યારે ગોધૂમ બીજનો નાશ થાય છે ત્યારે વેણુ (વાંસ) ગોધૂમમાં બીજવડે ગોધૂમની ઉત્પત્તિ થાય છે અને જ્યારે કેળનો નાશ થાય છે ત્યારે દહન થયેલા વાંસના ભોથામાંથી કેળ ફુટે છે અને જ્યારે શેરડીના બીજનો નાશ થાય છે ત્યારે કાશ થકી શેરડીની ઉત્પત્તિ થાય છે, પણ તે ગોધૂમ, કેળ અને શેરડી થકી વાંસ કે કાશ ની ઉત્પત્તિ થતી નથી, તેથી હેતુત્વનો સન્દેહ થાય છે. વ્યતિરેકવ્યાપ્તિ ગ્રહણ કરીને સન્દેહની નિવૃત્તિ થાય છે એમ સમ્ભવતું નથી, કેમકે જે ક્ષુદ્ર નદીના પ્રવાહમાં અનાદિત્વનો અભાવ છે, તેમાં વર્ષાઋતુને વિષે પ્રવાહ

દેખાવાથી પ્રવાહનો અભાવ કહી શકાતો નથી. અન્યથા અનુપપત્તિથી તેમ અઙ્ગીકાર કરે તો બીજા વાદમાં પણ તુલ્યતા આવવાથી અવ્યવસ્થાપ્રસઙ્ગ તો રહે છે. વળી જો એમ કહે કે ઉત્પત્તિ એટલે બહિર્ભાવ નહિ, પરન્તુ અવસ્થાન્તર છે, જેમ માટીનું ઘટરૂપ થવામાં મૃદવસ્થા જાય છે અને પિણ્ડ અવસ્થા થાય છે અને પિણ્ડઅવસ્થા જાય છે અને ઘટ અવસ્થા થાય છે, એ પ્રકારે પ્રતીત થાય છે અને પટને વિષે તન્તુ અવસ્થાના ઉપમર્દનથી પટ અવસ્થાની પ્રતીતિ થાય છે તેથી અવસ્થા વિશેષસમ્બન્ધ એજ ઉત્પત્તિ છે અને તેમ થવાથી કાર્યનો કારણ થકી અભેદ હોવાને લીધે સ્વરૂપનું અનાદિત્વ અઙ્ગીકાર કરાય છે. એ કહેવું પણ અસઙ્ગત છે. એમ હોય તો પુત્રને વિશે પિતાનું અવસ્થાન્તરત્વ થાય અને તેમ થવાથી પિણ્ડ અવસ્થાની પેઠે પિતાનો નાશ થાય, તન્તુની પેઠે નાશનો અઙ્ગીકાર ન કરે તો સર્વ સ્વરૂપથી પિતા-પુત્રરૂપે થવો જોઈએ, પણ તેમ નથી માટે પિતાનો પુત્ર અંશ જ છે. એજ પ્રકારે બીજ પણ અંશ જ છે, પણ અવસ્થાન્તર નથી; તેમ હોવાથી સામાન્ય ન્યાય થકી વિભાગદ્વારા હેતુત્વ માત્ર ફલમાં સિદ્ધ થાય છે તેમ સ્વરૂપનું અનાદિત્વ પણ નથી. પૂર્વ અભાવ પ્રત્યક્ષ સિદ્ધ હોવાથી તેમ સમ્ભવે નહિ. પિતા પોતે નાશ નહિ થતાં પુત્રપ્રત્યે વિભાગથી હેતુ છે, પણ સંયોગથી હેતુ નથી, તેમજ ફલ પણ હેતુ થાય છે અને અવયવસંયોગ થકી અવયવિની ઉત્પત્તિ થાય તેવા સિદ્ધાન્તની હાનિથી ઉત્તરાવસ્થતારૂપતા કહેવી અશક્ય જ છે. ભાવરૂપ સંસારપ્રવાહનું અનાદિત્વ સ્વીકારવામાં અનિર્મોક્ષપ્રસઙ્ગ આવે, કેમકે અનાદિ હોય તે અનન્ત હોય એવો નિયમ છે, આત્માને વિષે તેવી પ્રસિદ્ધિ છે, એમ હોવાથી મીમાંસકપ્રતિપન્ન પરિણામવાદ યુક્તિસહ નથી.

હવે સાઙ્ખ્ય પ્રતિપન્ન પ્રકૃતિપરિણામવાદનો વિચાર કરવામાં આવે છે. સિદ્ધાન્તિ પુછે છે કે મહદાદિતૃણપર્યન્ત પ્રકૃતિપરિણામ છે તે મહદાદિભાવ પૂર્વે નહિ ઉત્પન્ન થયેલો પછી ઉત્પન્ન થાય છે કે પ્રથમથી ઉત્પન્ન થયેલો ઉત્પન્ન થાય છે? તેમાં પ્રથમપક્ષ સમ્ભવતો નથી, કેમકે સ્વભાવત્યાગથી અજાતત્વનો ભઙ્ગ થાય, જે અજાત છે તે અમૃત છે, એ નિયમને લીધે તેનો નાશ પણ થવો ન જોઈએ, એમ ન હોય તો પ્રકૃતિ પુરુષનું પણ મરણધર્મીત્વ થાય, વાદી એમ કહે કે જે અજાત છે તે અમૃત છે, એ નિયમ પ્રકૃતિપુરુષને જ લાગુ પડે છે, સામાન્યમાં લાગુ પડતો નથી. એ કહેવું અસમ્ભવિત છે તેમ સ્વીકારવામાં સ્વીકાર સિવાય

બીજું પ્રમાણ નથી એજ પ્રમાણે અજત્વ અને અવિકારિત્વ વડે પુરુષને વિષે વ્યાપ્તિનો અઙ્ગીકાર હોવાથી પ્રકૃતિનું વિકારિત્વ પણ ઘટતું નથી, કેમકે અજા (નહિ ઉત્પન્ન થનારી) પ્રકૃતિનું વિકારિત્વ થવાથી પુરુષને વિષે અવિકારિત્વ પણ અસઙ્ગત છે, કદાપિ વાદી એમ કહે કે પ્રકૃતિનો વિકારિત્વસ્વભાવ છે અને પુરુષનો અવિકારિત્વસ્વભાવ છે તેથી બન્નેનું અજત્વ છતાં પણ સ્વભાવ ભેદ થકી દોષ આવતો નથી. આ કહેવું પણ શક્ય નથી.

સાંસિદ્ધિક, સ્વભાવિક, સહજ અને અકૃત પ્રકૃતિનો સ્વભાવ ત્યાગ થઈ શકતો નથી, તેવું યોગી, અગ્નિ, પક્ષી, જલને વિષે જોવામાં આવે છે. પોતાના પ્રકૃતિરૂપ સ્વભાવનો ત્યાગ કરીને પ્રકૃતિ મહદાદિરૂપે થવાથી પ્રકૃતિના પ્રકૃતિત્વની હાનિ અને વિકૃતિત્વની આપત્તિ આવે. પ્રકૃતિના ત્યાગનો અઙ્ગીકાર કરવામાં ન આવે તો સૃષ્ટિના ઉચ્છેદનો પ્રસઙ્ગ આવે. કદાપિ એમ કહે કે પ્રકૃતિ અમૃત છે તો પણ એ અંશ થકી વિકાર પામે છે તેનો ચલ સ્વભાવ છે એમ કહે તે પણ સમ્ભવતું નથી, કેમકે ક્રમથી અથવા એક વખત સર્વાંશવિકાર થવાથી પ્રકૃતિત્વસ્વભાવની હાનિ થાય જ અને ચલ સ્વભાવનો ત્યાગ નહિ થવાથી પ્રલયના ઉચ્છેદનો પ્રસઙ્ગ આવે. વળી પ્રકૃતિ પરિણામવાદમાં કાર્ય-કારણ થકી અભિન્ન હોવાથી કારણનો કાર્ય થકી અભેદ એ પ્રકારે થવાથી કાર્યરૂપથી જનન થવામાં પ્રકૃતિના અજત્વનો ભઙ્ગ થાય અને કાર્યનું અજત્વ થાય. અંશ થકી વિકારને વિષે વિભાગવડે ઉત્પત્તિ છે એમ સ્વીકારવામાં ઉપમર્દન કરી કાર્યનો પ્રાદુર્ભાવ થતાં નિત્યત્વનો ભઙ્ગ આવે. વળી અજનો જન્મ અઙ્ગીકાર કરવો એવું દૃષ્ટાન્ત કોઈ ઠેકાણે મળી આવતું નથી. ઉત્પન્ન થયેલો ઉત્પન્ન થાય છે એ પક્ષ પ્રવાહના અનાદિત્વપક્ષમાં કહેલા દૂષણથી દૂષિત છે માટે પ્રકૃતિપરિણામવાદ પણ ઉપર કહ્યા પ્રમાણે યુક્તિસહ નથી.

આ પ્રકારે બધા વાદ ક્ષીણ થતાં માત્ર માયાવાદ બાકી રહે છે. માયાવાદી એમ માને છે કે સતનો જ માયાવડે જન્મ છે. એ જગતનું મિથ્યાત્વ સ્વપ્નદૃષ્ટાન્તથી દૃઢ કરે છે. તેથી સ્વાપ્નિક પદાર્થોનું મિથ્યાત્વ પ્રથમ પ્રતિપાદન કરાય છે. સ્વાપ્નિક સર્વ ભાગ ભેદો શરીરસંવૃત હોવાથી શરીરની અંદર રહેલા છે. જેનાથી જે સંવૃત હોય તે ઘરમાં રહેલા ઘડાની પેઠે તેની અંદર હોય છે અથવા જે શરીરસંવૃત છે તે નાડીની પેઠે શરીરની અંદર છે. એ પ્રકારે સ્વાપ્નિક પદાર્થોની

શરીરાન્તસ્થસ્થિતિ તર્કની સિદ્ધ થાય છે. કદાચ એમ કહેવામાં આવે કે સ્વાપ્નિક પદાર્થો શરીરની અંદર-બાહ્ય મહત્વાદિવડે ભાસમાન થાય છે સ્વપ્ન શરીરની અંદર સિદ્ધ કરવામાં હેતુની અસિદ્ધિ છે અથવા હેતુ સાધ્યતુલ્ય થાય છે તો એ કહેવું સમ્ભવતું નથી. સ્વાપ્નિક પદાર્થો બાહ્ય નથી પણ અદીર્ઘ કાળદર્શન હોવાથી મનોરથની પેઠે અંદર છે તેમ દશ્યમાન દેશ ગમનથી અનપેક્ષ લૌકિકદર્શન હોવાથી પણ અંદર છે. જો ગમન કરીને સ્વપ્નામાં દીઠેલો દેશ જુએ અને જાગ્રત થઈને ત્યાં સ્થિતિ કરે તો સ્વપનુ બહાર છે એમ કહેવાય પણ તેમ નથી. વળી બૃહદારણ્યક ઉપનિષદમાં લખ્યું છે કે સ્વપ્નામાં રથ નથી, રથનો સંયોગ નથી, તેમ રથનો માર્ગ નથી, તો પણ સ્વપ્નામાં રથ, રથનો યોગ અને માર્ગ સર્જાય છે. જો સ્વપ્નુ બહાર હોત તો શ્રુતિમાં તેનો અભાવ કહેત નહિ. તેમજ સ્ત્રીની સઙ્ઘાતે રમતો પુરુષ જાગ્રત થઈ તે સ્ત્રીને જુએ, પણ તે જોતો નથી માટે સ્વાપ્નિક પદાર્થો અંદર જ છે. તેમજ જેમ ચિન્તામણિ થકી પદાર્થો ઉત્પન્ન થાય છે તેમ સ્વપ્નામાં ઉપાદાન વગર બાહ્ય સત્ય સૃષ્ટિ ઉત્પન્ન થાય, એ પણ સમ્ભવતું નથી, કેમકે તે પૂર્વે કહેલી યુક્તિથી વિરુદ્ધ છે. ચિન્તામણિની સૃષ્ટિ સ્વાપ્નિક સૃષ્ટિ જેવી નથી, કેમકે વડના બીજની પેઠે તેમાં અમૂર્ત સકળ પદાર્થના અઙ્ગીકારમાં બાધ આવતો નથી તેમ ચિન્તામણિની સૃષ્ટિનો જેમ જાગ્રતમાં અનુભવ થાય છે તેમ સ્વાપ્નિકસૃષ્ટિનો થતો નથી. માટે મિથ્યાભૂત સ્વાપ્નિક પદાર્થો બાહ્ય ધર્મત્વવડે પ્રતીયમાન થાય છે, છતાં તે અંદર દેખાય છે. જે બાહ્ય પ્રતીત થતાં દેખાય નહિ તે હાથેલીમાં જોયેલા માયિક ગજની પેઠે અસત્ય છે. સન્ધ્યા અધિકરણ થકી પણ સ્વાપ્નિક સૃષ્ટિ માયિકીજ છે. દશ્યમાન સ્થૂલ પદાર્થ અંદર સમાવાને માટે અશક્ય છે તેથી સ્વપ્નસૃષ્ટિ મિથ્યા કરવાને યોગ્ય છે. એ પ્રકારે સ્વાપ્નિક પદાર્થ મિથ્યા સિદ્ધ થવાથી, જેમ સ્વપ્નામાં દેખેલા હોવાથી, ઘોડા, મનુષ્ય મિથ્યા છે તેમ મનથી ધ્યાન કરેલા હાથી વગેરે તેવા જ સમજવા. મનમાં ધ્યાન કરેલા હાથી વર્તમાનની પેઠે અનુભવ થતા છતાં પણ, આદિ અન્તમાં નહિ વિદ્યમાન હોવાથી અસત્ય છે. જે આદિ અન્તમાં વિદ્યમાન ન હોય તે સ્વપ્નાની પેઠે મિથ્યા છે. જે આદિ અન્તમાં વિદ્યમાન છે તે સ્વમત પ્રતિપ્ન નિત્ય વસ્તુની પેઠે સત્ય છે. આ પ્રમાણે સ્વપ્નાનું મિથ્યાત્વ પ્રતિપાદન થયું. એ પ્રકારે સ્વપ્નાનું મિથ્યાત્વ સિદ્ધ થવાથી તેના દષ્ટાન્તથી જગતનું મિથ્યાત્વ માયાવાદી સિદ્ધ કરે છે. વિવાદસ્પદ વર્તમાનત્વવડે અનુભવ કરાતા પદાર્થો આદિ

અન્તમાં અસત્ય હોવાથી ઘટાદિની પેઠે સત્ય છે એમ સમજવું નહિ.

વિવાદાસ્પદ ઘટાદિ પણ અસત્યતુલ્ય હોવાથી ઐન્દ્રજાલિકની પેઠે અસત્ય છે એમ ઘટાદિનું પણ હેતુપૂર્વક અસત્યત્વ સિદ્ધ થાય છે તેમજ વિવાદસ્પદ પદાર્થો અર્થક્રિયા કરનારા હોવાથી સત્ય છે એમ પણ સમજવું નહિ. અસત્પદાર્થો પણ અર્થક્રિયાકારી સ્વાપ્નિકપ્રમદા સ્પર્શની પેઠે હોઈ શકે છે.

એ પ્રકારે પ્રપઞ્ચસત્તાસાધક હેતુઓનું આભાસત્વ સિદ્ધ થવાથી અસત્ ગમનકુસુમાદિનો તત્ત્વ અને માયા થકી જન્મ દેખાતો નથી તેથી સત્‌નો જ માયા થકી જન્મ હોવો જોઈએ. અભેદ શ્રુતિ અનુસારે તે સર્વ બ્રહ્મ જ સમજવું. એમ હોવાથી બ્રહ્મ જ પ્રપઞ્ચ આકારથી માયા થકી વિવર્ત થાય છે. એ પ્રકારે માયાવાદ સિદ્ધ થયો, તેમાં પૂર્વે લાઘવ અને બુદ્ધિ સૌકર્ય કહ્યું છે તેને દઢ કરવાને માટે પૂર્વે કહેલાં પુરાણવાક્યો પ્રમાણભૂત છે, એટલે મનાદિવડે ગ્રહણ થતું આ જગત્ નશ્વર હોવાથી માયા મનોમય છે. આ વાત ઉપર કહેલા પહેલા શ્લોકથી સિદ્ધ થઈ અને વિકારનું માયામયત્વ આદિ અન્તમાં અસત્ હોવાથી છે, એ બીજા શ્લોકથી સિદ્ધ ઠર્યું તેમજ એકાદશસ્કન્ધના બારમાં અધ્યાય અને તેરમા અધ્યાયમાં પણ તેવાં વાક્યો છે તેવાં વાક્યો પુરાણમાં કહેવાનું તાત્પર્ય તથા તેનું સ્વરૂપ કહે છે.

ઉપર કહેલાં વાક્યોથી માયાવાદ સિદ્ધ થતો નથી, કેમકે પૂર્વે વેદમાં કહેલા છ સૃષ્ટિના ભેદ બતાવેલા છે તેમાંનો ઐન્દ્રજાલિક પક્ષ પુરાણમાં વૈરાગ્યને માટે કહેલો છે. આ હેતુથી અન્ય તાત્પર્યને માટે તે ઐન્દ્રજાલિક સૃષ્ટિ કહેવામાં આવ્યાથી તે વસ્તુ સ્વરૂપ બતાવતી નથી તેમ ઉત્તરનૃસિંહતાપિનીમાં પણ તેઓ જ પક્ષ એટલે ઐન્દ્રજાલિકપક્ષ કહેલો છે અને તે વાદ એ ઉપનિષદ્ ઉપર 'દિપિકા' નામની અમે કરેલી ટીકામાં બતાવી છે. વળી પુરાણમાં તે ઐન્દ્રજાલિકપક્ષ મતાન્તર છે. તેમાં ''અસત્યમપ્રતિષ્ઠન્તે'' એ ગીતાવાક્યનું પ્રમાણ પૂર્વે કહેલું છે. જેમ છાન્દોગ્યમાં ઈન્દ્રપ્રજા પતિના સંવાદમાં ''સએષ આત્મા'' એ પ્રજાપતિના વાક્યથી વિરોચન અને તેના અનુચર અસુરોને દેહાત્મવાદનો શ્રૌત્તત્વાદિ ભ્રમજનક મોહ છે; તેમજ પુરાણમાં પણ દૈત્યના મોહને માટે મતાન્તર કહેલો છે. કદાપિ એમ શઙ્કા થાય કે જેમ શ્રુતિમાં છે તેમ પુરાણમાં કહેવાને માટે શક્ય નથી, કેમકે પુરાણોવેદના અર્થની વૃદ્ધિ કરનાર હોવાથી વેદના અર્થને નિશ્ચય કરાવનાર છે તેથી પુરાણમાં તેવો મોહ સમ્ભવતો નથી. ત્યાં કહે છે કે જેમ શાલ્વે રચેલી માયાથી

વસુદેવના વધના દર્શનવડે ભગવતચરિત્ર જેમ મોહક છે તેમ ભગવલ્લીલા પ્રતિપાદન કરનાર પુરાણો પણ આસુરોને મોહ જનક છે. કદાપિ એમ શઙ્કા થાય કે પુરાણમાં કહેલો ઐન્દ્રજાલિકપક્ષ મતાન્તર છે, તેમાં પ્રમાણ શું? ત્યાં કહે છે કે શ્રુતિઓમાં જ્ઞાન અથવા કર્મ ને માટે માયિકપક્ષ નિરૂપણ કરેલો નથી. તેમ ઉત્તરનૃસિંહતાપિનીમાં પણ જે વર્ણન કરેલું છે તે સર્વાત્મપક્ષ સ્થિરિકરણને માટે છે, પણ જગતના માયિકત્વને માટે નથી કેમકે ઉપસંહાર એવો કરેલો છે કે દ્વૈતસિદ્ધિ નથી માટે અદ્વય આત્મા છે. ''નહ્યસ્તિ દ્વૈતસિદ્ધિરિતિ તસ્માદદ્વય એવાત્મા'' તેમજ તેમાં કહેલું છે કે માયા આ પ્રમાણે દેખાડે છે. એમ હોવાથી માયા વિચિત્રપણું દેખાડનારી છે પણ તે કરનારી નથી. હાલમાં વેદની ૧૧ શાખાઓ દેખાય છે તે શાખાઓમાં માયાવાદ પ્રતીત થતો નથી. (આ શાખાઓનાં નામ મૂળમાં કહેલાં છે.)

**વાચારમ્ભણવાક્યાનિ તદનન્યત્વબોધનાત્ ।।**
**ન મિથ્યાત્વાય કલ્પ્યન્તે જગતો વ્યાસગૌરવાત્ ।।૮૩।।**

**અર્થ :** (છાન્દોગ્યમાં કહેલાં) વાચારમ્ભણ વાક્યો બ્રહ્મ થકી અભિન્નબોધ કરે છે તેથી તે જગતનું મિથ્યાત્વ પ્રતિપાદન કરતાં નથી. વ્યાસનું ગૌરવ હોવાથી બ્રહ્મ થકી જગતને અભિન્ન માનવું એ યોગ્ય છે.

**પ્રકાશ :** કદાપિ એમ શઙ્કા થાય કે સામવેદના છાન્દોગ્ય ઉપનિષદ્‌માં જ્ઞાનકાણ્ડમાં વાચારમ્ભણવાક્ય જગતનું મિથ્યાત્વ પ્રતિપાદન કરે છે, ત્યાં કહે છે કે એ વાક્યો જગતનું મિથ્યાત્વ પ્રતિપાદન કરતાં નથી, પણ જગતનું બ્રહ્મ થકી અભિન્નત્વ પ્રતિપાદન કરે છે. તેના ઉપક્રમમાં ''યથૈકેન મૃત્પિણ્ડેન'' એ દષ્ટાન્તથી એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા છે અને દષ્ટાન્તમાં કાર્ય અને કારણ બન્નેનું પ્રત્યક્ષત્વ છે. દાર્ષ્ટાંતિકમાં કાર્ય પ્રત્યક્ષ છે અને કારણ શ્રુતિ સિદ્ધ છે. કારણતાનો પ્રકાર પણ શ્રુતિસિદ્ધ છે તેમાં કાર્ય અને કારણ નો અભેદ બોધન કરવાને યોગ્ય છે. નહિ તો એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન પ્રકારભેદ અજ્ઞાન થકી ન થાય માટે કાર્યપ્રકાર વ્યવહારને માટે વાણીથી ઘટપટ એ પ્રકારે સંકેત કરેલા છે, પણ તે રૂપવડે તેનું વસ્તુત્વ નથી. તેમ હોય તો એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન ન થાય. સત્યતા તો કારણત્વવડે છે માટે કાર્યોનું કારણ થકી અનન્યશ્રુતિએ બોધન કરાય છે, પણ શુક્તિરજતની પેઠે મિથ્યાત્વ પ્રતિપાદન કરાતું નથી. જો એમ હોત

તો શુક્તિ રજતનું જ દૃષ્ટાન્ત કરત. ગૌડવાત્તિકમાં કહ્યા પ્રમાણે ભ્રમો અનન્ત હોવાથી આદર્શભ્રમ પણ સમ્ભવતો નથી. માટે વાચારમ્ભણવાક્યો મિથ્યાત્વ પ્રતિપાદન કરતાં નથી. તેવી જ રીતે સૂત્રકાર ''તદનન્યત્વમારમ્ભણ શબ્દાદિભ્યઃ।।'' (બ્ર.સૂ.૨/૧/૧૪) એ સૂત્રથી બ્રહ્મ થકી જગતનું અભિન્નત્વ જ કહે છે. ત્યાં કોઈ એમ શઙ્કા કરે કે વ્યાસ મહાન છે તેમ શઙ્કરાદિ મહાન છે, તો શઙ્કરમત થકી વિરોધનિર્ણય કેમ થઈ શકે? ત્યાં કહે છે કે વ્યાસ અમારા ગુરુછે વ્યાસના અભિપ્રાયથી વિરુદ્ધ અમે અઙ્ગીકાર કરતા નથી.

**આવરણભઙ્ગ :** ''યથૈકેન મૃત્પિણ્ડેન સર્વં મૃણ્મયં વિજ્ઞાતં સ્યાત્. વાચારમ્ભણં વિકારો નામધેયં મૃત્તિકેત્યેવ સત્યમ્''. આવાં બે વાક્યો છાન્દોગ્ય ઉપનિષદ્માં છે તેમાં એક ઉપાદાનવાળા કાર્યના એક દેશનું ઉદાહરણ ગ્રહણ કરીને તે એક દેશમાં જે વિકારત્વરૂપધર્મ નિશ્ચય કરેલો છે તે જાતના બીજાં કાર્યોમાં પણ જણાવાથી સામાન્ય થાય છે તેથી સામાન્ય લક્ષણથી સાદશ્યની પેઠે નિરૂપણ કરેલું છે. કારણરૂપવડે સત્યતા કહેવાથી ઘટરૂપી કાર્યનું મૃતિકારૂપ કારણ જ્ઞાન કહેવાય છે. વિશેષમાં એ છે કે શ્રુતિમાં કહેલા દૃષ્ટાન્તમાં કાર્ય-કારણ બન્નેનું પ્રત્યક્ષત્વ છે અને દાર્ષ્ટાંતિકમાં કાર્ય જગત્ પ્રત્યક્ષ છે અને કારણ (બ્રહ્મ) શ્રુતિ સિદ્ધ છે તે બન્નેનો અભેદ જ આ વાકયમાં બોધન કરવાને યોગ્ય છે. જો અભેદ બોધનીય ન થાય તો એક વિજ્ઞાનવડે સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા કહેલી છે તે સિદ્ધ થાય નહિ માટે કાર્યપ્રકારની વ્યવહારાર્થતા ''વિકારો વ્યવહારાર્થો યથા તૈજસપાર્થિવાઃ''. એ એકાદશના વાક્યાનુસારે છે તેથી એમ સિદ્ધ થાય છે કે ''વાચારમ્ભણ વાક્ય'' બ્રહ્મ થકી જગતનું અનન્યત્વ બોધ કરે છે, પણ શુક્તિ રજતની પેઠે મિથ્યાત્વબોધ કરતું નથી. દુરાગ્રહથી ગૌડવાર્તિકને અનુસરીને સામ્પ્રદાયિકના અભિમાનથી રજ્જુસર્પ, તૈલધારા, મૃગતૃષ્ણા દૃષ્ટાન્તવડે જગતનું મિથ્યાત્વ સ્વીકારનારા પ્રત્યે કહે છે કે ગૌડવાર્તિકામાં કહેલું સાદશ્ય સમ્ભવતું નથી કેમકે તેમાં અનેક ભ્રમ કહેલા છે અને સત્ય અને અનૃત એ બન્ને પદાર્થો ભિન્ન હોવાથી તેનું દૃષ્ટાન્ત આ શ્રુતિથી વિરુદ્ધ છે તેથી ગૌડવાર્તિકમાં કહેલી રીતિથી જગતના મિથ્યાત્વનો આગ્રહ દુષ્ટ છે. આ વિષયવાક્યમાં સૂત્રકારની પણ સમ્મતિ કહે છે. ''તદનન્યત્વ મારમ્ભણશબ્દાદિભ્યઃ'' એ સૂત્રમાં વ્યાસજી પણ બ્રહ્મ થકી જગત્ રૂપી કાર્યનું અનન્યત્વજ કહે છે. કેટલા એક સૂત્રમાં ભેદનો નિષેધ કરાય છે પણ અભેદબોધન

કરાતો નથી એમ કહે છે એ પણ શ્રુતિમાં કહેલા દષ્ટાન્તથી વિરુદ્ધ છે. ભેદનો નિષેધ કરવાથી અભેદ જ સિદ્ધ થાય છે. પુરુષનું ચૈતન્ય, રાહુનું શીર ઈત્યાદિ વાક્યમાં નામ જ માત્ર પૃથમ જણાય છે. એમ જાણવાથી અભેદ જ સિદ્ધ થાય છે, પણ ભેદ માત્રનો નિરાસ થતો નથી. જો ભેદનો નિરાસ કરીને વાક્ય નિવૃત્ત થતું હોય તો વન્ધ્યા પુત્રની પેઠે ચૈતન્યને રાહુ કોઈને પ્રતીત થવા જોઈએ નહિ. પતઞ્જલીના મતમાં પણ ''શબ્દજ્ઞાનાનુ પાતિ વસ્તુશૂન્યો વિકલ્પઃ'' એ સૂત્રમાં તેવો જ અભેદ કહેલો છે તેનું જેમ અવસ્તુત્વ છે તેમજ રજ્જુસર્પ, મૃગતૃષ્ણાજલ ઈત્યાદિકમાં નિષેધમાત્રમાં પર્યવસાન છે તે તેના સ્વરૂપનું મિથ્યાત્વ હોવાથી છે, પણ આ શ્રુતિવાક્યમાં તેમ નથી, પરન્તુ કાર્ય-કારણનો અભેદ જ આ વાક્ય પ્રતિપાદન કરે છે, કેમકે અબાધિત પ્રતીતિ સિદ્ધ છે, તેમ શ્રુત્યન્તરમાં પણ ઋષિ વામદેવ, સર્વ બ્રહ્મરૂપ જોતા છતાં જગતને બ્રહ્માનો અભેદ જ જાણતા હતા એમ કહેલું છે. ઉપર બતાવેલી શ્રુતિ પણ જે વિક્રિયા છે તેની જ નામધેયતા વિધાન કરે છે, પણ કાર્યની વાઙ્માત્રતા વિધાન કરતી નથી. જો શ્રુતિ તેમ વિધાન કરતી હોત તો ''વાચારમ્ભણ વિકારો'' એટલું જ કહેત, પણ નામધેયપદ વધારે કહેત નહિ માટે વાક સંકેતનું જ અનૃતત્વફલિત થાય છે, પણ સ્વરૂપકારણ થકી અભિન્ન જ છે. એ કારણથી દેખાતું નષ્ટ સ્વરૂપત્વ જ્ઞાનીને નહિ પ્રતીત થતું એવું સૃષ્ટ્યન્તર (ઐન્દ્રજાલિક સૃષ્ટિ) માં છે, પણ આ શ્રુતિમાં નથી. દાર્ષ્ટાન્તિકવાક્યમાં પણ ''એતદાત્મ્યમિદંસર્વમ્'' એમ કહીને 'તત્' શબ્દથી સર્વનો પરામર્શ કરી, સર્વનું સત્યત્વશ્રુતિ પ્રતિપાદન કરે છે અને જે સ્વરૂપ સર્વ સત્ય કહ્યું તેનું સ્વરૂપ 'સઆત્મા' એ વાક્યથી બતાવ્યું. જડની પેઠે જીવનું પણ 'તત્ત્વમસિ' થી તત્સ્વરૂપત્વ કહેલું છે. 'તત્ત્વમસિ' વાકયમાં જીવનું અંશત્વ કહેલું છે. જો જીવનું પરબ્રહ્માત્મકત્વ શ્રુતિમાં અભિપ્રેત હોત તો ''સઆત્માત્ત્વમસિ'' એમ કહેત, પણ તેમ ન કહેતાં 'તત્ત્વમસિ' કહેલું છે તેથી પૂર્વે કહ્યા પ્રમાણે અંશત્વ જ સિદ્ધ થાય છે. દાષ્ટાન્તિકમાં પણ મિથ્યાત્વ અભિપ્રેત નથી. અનેકાન્તવાદી પુરુષોને જ ખોટા સઙ્કલ્પથી બન્ધનાદિક ભયઙ્કર લાગે છે, પરન્તુ એકાન્તવાદીઓને તેમ નથી. વળી શ્રુતિમાં કહ્યું છે કે ત્રણરૂપ સત્ય છે તેથી કાર્યનું મિથ્યાત્વ સમ્ભવતું નથી માટે નામરૂપ જીવ વ્યાકરણાદિકનું અવિદ્યાત્મકત્વ અઙ્ગીકાર કરીને નામરૂપના સમ્બન્ધ થકી ઈશ્વરનું તેવું જ કારણત્વાદિ સમર્થન કરવું એ સ્વબુદ્ધિ કલ્પિત છે. તે નિપુણ

બુદ્ધિવાળા પુરુષોએ વિચારણીય છે. શ્રુતિ તો ''આકાશો વૈ નામરૂપયોર્નિર્વહિતા તે યદન્તરાતદ્બ્રહ્મ''. કહે છે અર્થાત્ નામ રૂપના કર્તા ઈશ્વર છે એમ કહે છે, પણ તે અવિદ્યાકૃત છે એમ કહેતી નથી. કાર્યની બ્રહ્મરૂપતા ''તત્ત્વમસ્યાદિ'' શ્લોકમાં વિશેષવડે પ્રતિપાદન કરવામાં આવી છે જેમ આત્મએકત્વનું દર્શન અભય છે તેમજ સર્વ જગત્ અને બ્રહ્મ ના અભેદદર્શનનું ફલ શ્રુતિમાં કહેલું છે એ બાબતની શ્રુતિ.

**ય એવં વેદબ્રહ્માહમસ્મીતિ સ ઈદં સર્વં ભવતિ તસ્ય હ ન દેવાશ્ચ નાભૂત્યા ઈશત આત્મા હ્યેષાં સમ્ભવતિ ।।**

**અર્થ :** હું બ્રહ્મ છું એ પ્રકારનું તે આ પ્રસિદ્ધજ્ઞાન જે જાણે છે તે આ સર્વરૂપ થાય છે અને દેવ પણ તેના ઐશ્વર્યના બાધને માટે સમર્થ થતા નથી. તે દેવનો પણ આત્મા થાય છે. આ શ્રુતિમાં આત્મ એકત્વનું ફલ બતાવેલું છે તેમજ ''ય એવં વેદ પ્રતિતિષ્ઠતિ'' જે એ પ્રમાણે જાણે છે તેજ સ્થૈર્ય પામે છે. આ પ્રમાણે જગત્ અને બ્રહ્મ ના અભેદનું ફળ કહેલું છે. વિશેષ ભાષ્યમાં પ્રતિપાદન કરેલું છે. ઉપનિષદ્નો વિચાર કરનાર અમો સર્વના વ્યાસગુરુછે માટે તેમના કરેલા સૂત્ર અનુસારે જ ઉપનિષદ્નો અર્થ અમે સ્વીકારીએ છીએ.

**જ્ઞાનાર્થમર્થવાદશ્ચેચ્છ્રુતિઃ સૃષ્ટયાદિરૂપિણી ।।**
**અનઙ્ગીકરણાદ્યુક્તં વિધિમાહાત્મ્યયોર્ન તત્ ।।૮૪।।**

**અર્થ :** સૃષ્ટ્યાદિને નિરૂપણ કરનારી શ્રુતિ જ્ઞાનને માટે અર્થવાદ છે એમ કહે તો વિધિને માહાત્મ્યને વિષે તેનો નહિ અઙ્ગીકાર કરવાથી તે કહેવું સમ્ભવિત નથી.

**પ્રકાશ :** કદાપિ એમ શઙ્કા કરે કે સર્વનો વિચાર મહાન છે તેમાં સૂત્રને વિષે કહેલા અથવા નહિ કહેલા અથવા બેવાર કહેલા વિચારનું પણ વક્તવ્ય હોવાથી ઉપર કહ્યા પ્રમાણે કેમ નિર્ણય થઈ શકે? સૃષ્ટ્યાદિવાક્યો અર્થવાદરૂપ છે તે વાક્યોનું સ્તુતિ કરવાપણું મુખ્ય છે. સૃષ્ટ્યાદિવાક્યોને વિષે તાત્પર્યનો અભાવ હોવાથી જ્ઞાનનું જ ફલ સાધત્વ છે માટે ક્રિયાની પેઠે જ્ઞાનનું પણ અર્થવાદવાકયને વિષે પ્રયોજન નહિ હોવાથી કાર્યની અપેક્ષાએ વસ્તુસ્વરૂપના જ્ઞાનમાં વિવર્તનું જ પ્રયોજનકત્વ હોવાથી જગતનું મિથ્યાત્વ સ્વીકારવું એ યોગ્ય છે. આ શઙ્કાનો નિરાસ કરવાને માટે કહે છે કે મિથ્યાવાદીના મતમાં સૃષ્ટ્યાદિવાકયોની સાથે મહાવાકયની એકાર્થતા હોય તો તેમ સમ્ભવે છે. પણ એકવાક્યતા થતી નથી. બન્ને કાણ્ડનો વિચાર કરતાં

પૂર્વકાણ્ડમાં અર્થવાદોની વિધિની સઙ્ઘાતે એક વાક્યતા થાય છે તેમ ઉત્તરકાણ્ડમાં પણ બ્રહ્મવાદીના મતમાં સૃષ્ટ્યાદિવાક્યોની માહાત્મ્ય જ્ઞાનની સાથે એક વાક્યતા થાય છે. અન્યના મતમાં તો વેદાન્તને વિષે માહાત્મ્યજ્ઞાનનો ઉપયોગ નથી તેમ વિધિનો પણ ઉપયોગ નથી, માટે એક વાક્યતાના અભાવથી ઉપર કહેલો અર્થ સ્વીકારી શકાતો નથી.

**આવરણભઙ્ગ :** વેદાધ્યયન વિધિ અર્થજ્ઞાનને માટે વિચારનું સૂચન કરે છે માટે વિધિબોધિત હોવાથી મનન રૂપવડે વિચાર મહાન્ છે. વિચાર કરવાથી પ્રાચીન પુરુષો જેમ શ્રુતિનો વિચાર કરતા હતા તેમ આધુનિક પુરુષોને સૂત્ર વિચારવા યોગ્ય છે અને સૂત્રોમાં, ઉક્ત, અનુક્ત અથવા દુરુક્ત નો વિચાર આવશ્યક હોવાથી ઉપર કહ્યા પ્રમાણે નિશ્ચય નિર્ણય કેમ થાય? એમ હોવાથી ત્વદન્યત્વપદ 'આનન્દમયો' ની પેઠે દુરુક્ત અર્થવાદરૂપ છે તેથી શ્રુત્યર્થ નિશ્ચય થાય નહિ, પરન્તુ બુદ્ધિમાન પુરુષના વિચારથી જ નિશ્ચય થાય છે. એમ હોવાથી સૂત્ર અન્યથા કરીને વિચારથી જે સિદ્ધ થાય તે પ્રતિપાદન કરાય છે. અપરોક્ષજ્ઞાનનું ફલ સાધકત્વ હોવાથી પરિણામ કરતાં વિવર્ત સ્વીકારવું યોગ્ય છે, કેમકે પરિણામનો અઙ્ગીકાર કરીએ તો વિકૃતત્વ અને કૃત્સ્નપ્રસક્ત્યાદિ દોષ આવવાથી તેનો નિરાસ કરવાથી કાર્યનો બોધ બહુ વિલમ્બથી થાય છે. તેમજ સૃષ્ટ્યાદિવાક્યો અર્થવાદરૂપ છે. તેઓનું સ્તાવકત્વ મુખ્ય હોવાથી સૃષ્ટ્યાદિમાં તાત્પર્ય નહિ હોવાને લીધે તેમજ અર્થવાદવાક્યમાં પ્રયોજનના અભાવને લીધે, જગતનું મિથ્યાત્વ સ્વીકારવું એજ યોગ્ય છે. આ પ્રકારે પરમતનું વર્ણન કરીને તેને દૂષિત કરે છે. સૃષ્ટ્યાદિવાક્યોનું સ્તાવકત્વ સમ્ભવતું નથી.

**અથૈઙ્કત્વાદેકં વાક્યં સાકાઙ્ક્ષઞ્ચેદ્વિભાગેસ્યાદિતિહ્યેકવાક્ય લક્ષણમ્।।''** વિભાગમાં આકાઙ્ક્ષાસહિત વાક્ય હોય તો પણ, બે વાક્યનું એક પ્રયોજન હોવાથી તે એક જ વાક્ય કહેવાય. જેમ પૂર્વકાણ્ડમાં ''વાયવ્યંશ્વેતં'' એ વાક્યમાં વિધિને અર્થવાદનું ઐશ્વર્યરૂપ એક જ પ્રયોજન છે. વિધિ પ્રવૃત્તિને માટે પ્રશંસારૂપ સહાયની અપેક્ષા કરે છે, કેમકે તેના વગર વિધિ પ્રવર્ત કરવાને સમર્થ થતો નથી, તેમ પ્રશંસાવાક્ય પણ પોતાના સ્વવિષયત્વને માટે વિધિ બોધિતકર્મની અપેક્ષા કરે છે.

આ પ્રકારે બે વાક્યો વિભાગ થવાથી પરસ્પર આકાઙ્ક્ષાવાળાં છે. એ

કારણથી પૂર્વકાણ્ડમાં સર્વ ઠેકાણે વિધિ અને અર્થ વાદની એક વાક્યતા થાય છે. ઉત્તરકાણ્ડમાં સર્વ ઠેકાણે બ્રહ્મ પ્રતિપાદ્ય છે, તેમાં સૃષ્ટ્યાદિવાક્યો મહાત્મ્યજ્ઞાનની ઉત્પત્તિદ્વારા બ્રહ્મજ્ઞાનમાં ઉપકાર કરે છે. એમ હોવાથી જેમ વિધિવાક્ય પોતાના વિષયરૂપ પ્રવર્તનની સિદ્ધિને માટે અર્થવાદની આકાઙ્ક્ષાવાળું છે, તેમજ જ્ઞાન વાક્ય પણ સ્વવિષયરૂપ જ્ઞાનની સિદ્ધિને માટે સૃષ્ટ્યાદિ વાક્યોની આકાઙ્ક્ષાવાળું છે. એમ ન હોય તો અનુમાનથી આત્મસત્તાના પ્રથક્ જ્ઞાનવડે આત્માની વિવિક્તતા અને નિત્યતાદિ સિદ્ધ થવાથી, ઉપનિષદ્પ્રતિપાદ્ય પુરુષ જ્ઞાનને માટે કોઈ પણ પ્રયત્ન કરે નહિ. જેમ પૂર્વકાણ્ડમાં અતિ બહિર્મુખ પુરુષોને 'કારીર્યાદિ' વાક્યોવડે વેદાર્થમાં અભિમુખ કરીને રૂચિને માટે લૌકિક બીજાં ફલ કહીને નિત્યકર્મનું આત્મસુખ જ મુખ્ય ફલ શ્રુતિ બતાવે છે તે જ પ્રયોજન છે, તેમજ ઉત્તરકાણ્ડમાં પણ વેદાન્તાર્થમાં અભિમુખ કરીને પ્રરોચનને માટે પ્રતિષ્ઠાદિરૂપ બીજાં ફલ કહીને પ્રધાન વિદ્યાનું ફલ પરપ્રાપ્તિ અથવા બ્રહ્મભાવ જ મુખ્ય ફલ બતાવે છે. આ પ્રકારે બ્રહ્મવાદીના મતમાં એક જ પ્રયોજન છે, માટે મહાવાક્યની સૃષ્ટિવાક્યની સાથે એકવાક્યતા થાય છે. માયાવાદીના મતમાં તો કેવળ જ્ઞાનના ફળ સાધનકત્વવડે સૃષ્ટ્યાદિવાક્યોનું પણ વ્યર્થપણું થવાથી, સ્તાવકત્વ પણ અસમ્ભવિત હોવાથી, એકવાક્યતા સમ્ભવતી નથી.

**અપવાદાર્થમેવૈતદારોપો વસ્તુતો ન હિ ।।**
**દઢપ્રતીતિસિદ્ધ્યર્થમિતિચેત્તન્ન યુજ્યતે ।।૮૫।।**

**અર્થ :** બ્રહ્મની દઢ પ્રતીતિ સિદ્ધ થવાને માટે સૃષ્ટિકતૃત્વાદિકનો આરોપ અપવાદને માટે છે, પણ વસ્તુતા થકી બ્રહ્મમાં સૃષ્ટિકતૃત્વ નથી (એવું માયાવાદીનું કહેવું છે) તે ઘટતું નથી.

**પ્રકાશ :** વાદી કહે છે કે એકવાક્યતામાં અધ્યારોપ અપવાદ સમ્ભવે છે. પૂર્વ શ્રુતિથી પ્રથમ જગત્-જનન કહીને બ્રહ્મને વિષે કતૃત્વ ભોક્તૃત્વ પ્રતિપાદન કરીને તદ્દ્વારા શાખાઅરૂન્ધતીન્યાયથી સોપાદિક બ્રહ્મમાં બુદ્ધિ સિદ્ધ થાય છે. પછી પૂર્વે કહેલ ત્યાગ કરીને કતૃત્વાદિરહિત બ્રહ્મનો પશ્ચાદ્ બોધ કરાય છે, માટે કર્તૃત્વાદિકનો આરોપ અપવાદને માટે છે અને તેનું પ્રયોજન બ્રહ્મને વિષે દઢ પ્રતીતિ સિદ્ધ થવી એ છે. પણ વસ્તુતા થકી બ્રહ્મને વિષે કર્તૃત્વ નથી. આ વાદીનું કહેવું યુક્ત નથી.

**આવરણભઙ્ગ :** જેમ અપવાદને માટે વન્ધ્યાપુત્રનું કહેવું થાય તો પણ તેમાં પ્રતીતિ થતી નથી, એવી જ રીતે અપવાદને માટે વાઙ્માત્ર કહેલું જગત્ પ્રતીત થાય નહિ. માટે વાદીનું કહેવું યુક્ત નથી.

**મુખ્યાર્થબાધનં નાસ્તિ કાર્યદર્શનતઃ શ્રુતેઃ ।।**
**ઐન્દ્રજાલિકપક્ષેઽપિ તત્કર્તૃત્વં નટે યથા ।।૮૬।।**

**અર્થ :** કાર્યના પ્રત્યક્ષ દર્શન થકી શ્રુતિના મુખ્ય અર્થનું બાધન નથી. ઐન્દ્રજાલિકપક્ષમાં પણ નટની પેઠે તેનું જ (બ્રહ્મનું જ) કર્તૃત્વ છે.

**પ્રકાશ :** અપવાદને માટે જગતનું કહેવું હોય તો જગતની સત્યપ્રતીતિ થવી ન જોઈએ. જગત્ પ્રતીતિવેદ સિદ્ધ નથી કે પ્રથમ વેદ તેનો બોધ કરે અને પછી તેનો નિષેધ કરે. પણ જગત્ પ્રતીતિ લોક સિદ્ધ જ છે. તેમ હોવાથી વેદ જગતના કર્તાનું જ વર્ણન કરે છે. જગતનો અનુવાદ કરીને તેનું કર્તૃત્વબોધ કરીને જો નિષેધ કરે તો કાર્ય વિદ્યમાન હોવાથી અને બીજા કર્તા નહિ હોવાને લીધે જગતનો નિષેધ કરનારી શ્રુતિ બાધિતવિષય થાય. અન્યથા અનુપપત્તિ સર્વ કરતાં બળવાન છે, અથાર્ત્ જો બ્રહ્મકર્તા ન હોય તો જગતની પ્રતીતિ હોવી ન જોઈએ. વેદ પણ ભ્રાન્તિ કલ્પિત છે એમ માયાવાદી કહે છે એ મોટું સાહસ છે કેમકે તેનો કોઈ અસ્મદાદિકર્તા નથી. જો તેમ હોય તો પારમ્પર્ય ઘટે નહિ. ''વૈધર્મ્યાચ્ચિન સ્વપ્નાદિવત્'' (બ્ર.સૂ.૨/૨/૨૯)એ વ્યાસસૂત્રનો પણ વિરોધ આવે છે, કેમ કે તે સૂત્રમાં કહેલું છે કે જગત્ સ્વપ્નાદિથી ભિન્નધર્મવાળું હોવાથી સ્વપ્નાદિ જેવું નથી માટે પ્રપઞ્ચપ્રતીતિનું વિદ્યમાનત્વ હોવાથી શ્રુતિના મુખ્યાર્થનો બાધ થતો નથી, તો પણ કદાપિ માયાસહિતનું કર્તૃત્વ અઙ્ગીકાર કરો તો તમારા મતમાં પ્રપઞ્ચનું માયિકત્વ સમ્ભવે તેમાં લૌકિક માયાવિ પુરુષોનાં દૃષ્ટાન્ત ગ્રહણ કરો તો તેનું કર્તૃત્વ પણ નટને વિષે છે જ તેમ ઐન્દ્રજાલિક પક્ષમાં પણ બ્રહ્મને વિષે જ કતૃત્વ ઘટે છે. એ પ્રકારે પ્રત્યક્ષપ્રતીતિથી તેમજ વ્યાસસૂત્ર અને શ્રુતિ વડે જગતનું મિથ્યાત્વ સમ્ભવતું નથી.

**આવરણભઙ્ગ :** અગ્નિસમ્બન્ધી પુરોડાશ પઞ્ચકપાળ ઉપર ચડેલો થાય છે, એ પ્રતીતિ જેમ શ્રુતિ સિદ્ધ છે, તેમ જગત્ પ્રસિદ્ધિ શ્રુતિ સિદ્ધ નથી, પણ પ્રત્યક્ષસિદ્ધ છે અને તેમ હોવાથી જ્યારે શ્રુતિકર્તાનો નિષેધ કરે તો કાર્ય વિદ્યમાન હોવાથી તેનો કોઈ પણ કર્તા તો હોવો જ જોઈએ; બ્રહ્મને વિષે કતૃત્વબાધિત

થવાથી જગતના વિદ્યમાનત્વવડે તે શ્રુતિ જ બાધિત વિષય થઈ જાય છે, કેમકે કર્તૃત્વનો નિષેધ થતાં તેનાં કાર્યનો પણ નિષેધ થવો જોઈએ પણ તેમ થતું નથી. આ પ્રયાસવાદીનાં નિગ્રહને માટે નથી, પણ શ્રુત્યર્થ પ્રતિપાદનને જ માટે છે. જેમ લૌકિકવ્યવહાર ભ્રાન્તિકલ્પિત છે તેમ વેદાન્તવાક્ય પણ અસત્ય કહેવું એ બાહ્યતુલ્યતા સમ્પાદન કરનાર હોવાથી મોટું સાહસ છે. વેદને ભ્રાન્તિકલ્પિત કહેવાથી, વેદ અપૌરુષેય છે એ માનેલો તમારો સિદ્ધાન્ત રદ થાય છે. પ્રકાશમાં બતાવેલું વ્યાસસૂત્ર ગૌડના વાર્તિકનું પણ વિરુદ્ધત્વ બતાવે છે. આ પ્રકારે પરમતનો નિરાસ કર્યો. વળી તેના મતનો સ્વીકાર કરીને પણ તેના મતનો નિરાસ કરવામાં આવે છે. ઐન્દ્રજાલિક પક્ષમાં પણ કર્તાપણું બ્રહ્મનું જ છે. આથી એમ સમજવું કે બ્રહ્મવાદમાં અન્તરાસૃષ્ટિનો સ્વીકાર કર્યો છે, તો પણ તે માયાવાદીના સ્વીકારતુલ્ય નથી, કેમેક માયાવાદી માયાનું કર્તૃત્વ માને છે અને બ્રહ્મવાદમાં બ્રહ્મનું કર્તૃત્વ છે.

**મુક્તિસ્તદાતિનષ્ટા સ્યાત્સ્વપ્નદષ્ટગજોષ્વિવ ।।**
**માયાદીનાં ચ કર્તૃત્વં શ્રુતિસૂત્રૈર્વિબાધ્યતે ।।૮૭।।**

**અર્થ :** જો જગતને માયિક માનીએ તો સ્વપ્નમાં દીઠેલા હાથીની પેઠે મુક્તિ અત્યન્ત નષ્ટ થાય છે, માયા અથવા જીવ નું કર્તૃત્વ શ્રુતિ અને સૂત્રથી નિષેધ કરાયેલું છે. (અર્થાત્ આ જગત્ માયાએ કરેલું નથી તેમ જીવે કરેલું નથી એમ શ્રુતિ કહે છે)

**પ્રકાશ :** સમગ્ર જગતનું જો કલ્પિતપણું માનીએ તો તેમાં રહેલા મનુષ્યાદિકનો મુક્તિને માટે પ્રયાસ કરવો વ્યર્થ થાય છે. માયામાં પ્રતીત થતાં પારેવાં (કબુતર) કોઈ દાહાડો છુટતાં નથી, તેમ સ્વપ્નામાં દીઠેલા હાથી છોડી શકાતા નથી, માટે સમગ્ર જગતના સાક્ષી ભગવાન્ જ એમની માયામાંથી મુક્ત થાય. પણ મનુષ્ય ભગવાન્‌ની માયાથી કલ્પાયેલું હોવાથી તેમાંથી મુક્ત થાય નહિ અને તેમ હોવાથી પારલૌકિક પ્રયાસ કરવો વ્યર્થ થાય. માયાવાદમાં બે પક્ષ છે. એક પક્ષમાં નટની પેઠે અજ્ઞાત્ બ્રહ્મ જગતનું કારણ કહેલું છે અને બીજા પક્ષમાં જીવની અજ્ઞાનતાને જગતનું કારણ કહેલું છે. બીજા પક્ષમાં જો જીવને અજ્ઞાનકલ્પિત જગત્ હોય તો તે કહેવું માત્ર પ્રતારણા (ઠગાઈ) છે. તેમાં પણ મુક્તિને માટે પ્રયાસ કરેલો વ્યર્થ થાય છે, ગુરુવગેરેના દૂષણ થકી માયાવાદ પુરુષાર્થમાં પોતાની પ્રવૃત્તિનો વિઘાતક

છે, માટે સર્વને વ્યામોહ કરનાર તે વાદ મન્તવ્ય નથી. વાદી કહે છે કે આ જગતને કરનાર માયા છે, અથવા માયાથી ઉપહિતજીવ છે, ઈશ્વરબિમ્બરૂપ છે, માટે શ્રુતિમાં તેના કર્તૃત્વનો બાધ કરાય છે. "કથમસતઃ સજ્જાયેત. સ ઈક્ષા ચક્રે. ઈક્ષતેર્નાશિબ્દમ્. કામાચ્ચાનુમાના પેક્ષા. નેતરોઽનુપપત્તેઃ" ઉપર કહેલી શ્રુતિ અને સૂત્ર થી પ્રકૃતિ અને જીવ ના કર્તૃત્વનો નિષેધ કરાય છે.

**આવરણભઙ્ગ :** જગતને પોતાના અજ્ઞાન કલ્પિત કહેવું એ નીચેની શ્રુતિથી વિરુદ્ધ છે.

**સૂર્યાચન્દ્રમસૌધાતા યથાપૂર્વમકલ્પયત્।।** ઈ.

પરમાત્મા જેવી રીતે પૂર્વે જગત્ કર્યું હતું. તેવી રીતે સૂર્ય-ચન્દ્રમાદિક ઉત્પન્ન કર્યું. સૃષ્ટિમાં જીવનું અનિષ્ટ થતું જોવામાં આવે છે. જો જીવ જ સૃષ્ટિનો કર્તા હોય તો પોતાનું અનિષ્ટ થાય એવી સૃષ્ટિ કરે નહિ. માટે સ્વઅજ્ઞાનકલ્પિત જગત્ છે એમ કહેવું એ મૂર્ખોને છેતરવાને માટે છે. તેમજ જો ભગવત્ માયાકલ્પિત હોય તો મુક્તિ દૂષિત થાય છે. આ બે મતમાંથી એક મત વાચસ્પતિનો છે, (જગતને સ્વઅજ્ઞાનકલ્પિત કહેવું એ વાચસ્પતિનો મત છે) અને જગત્ ઈશ્વરની માયાએ રચેલું છે એ મત શ્રીશઙ્કરાચાર્યનો છે. પઞ્ચદશીકાર અને સાઙ્ખ્ય નો મત બતાવીને તેને દૂષિત કરવામાં આવે છે. પઞ્ચદશીકાર એમ માને છે કે જેમ ચન્દ્રનું બિમ્બ જળવડે કમ્પાદિયુક્ત જણાય છે અને ચાલતા વાદળાથી ચન્દ્ર ચાલતો જણાય છે તેમજ માયાવડે બ્રહ્મ આ જગતને કરતું હોય એમ જણાય છે, પણ જગતને કરનાર માયા છે. એ પઞ્ચદશીકારનો મત તથા સાઙ્ખ્ય મત શ્રુતિથી વિરુદ્ધ છે, કેમકે "કથમ સતઃ સઞ્જાયતે" વગેરે શ્રુતિઓમાં માયાના કર્તૃત્વનો નિષેધ કરેલો છે તેમજ "ઈક્ષતેર્નાશિબ્દમ્" (બ્ર.સૂ.૧/૧/૪) એ સૂત્રમાં જડપ્રકૃતિનું ઈક્ષણ કે કર્તૃત્વ સમ્ભવતું નથી. "નેતરોઽનુપપત્તેઃ" (બ્ર.સૂ.૧/૧/૧૫) એ સૂત્રથી જીવનું કર્તૃત્વ સમ્ભવતું નથી. કેમકે શરીરાદિની ઉત્પત્તિની પૂર્વે જીવને કર્તાપણું ઘટતું નથી માટે બન્ને મત શ્રુતિસમ્મત નથી.

**અકર્તૃત્વં ચ યત્તસ્ય માહાત્મ્યજ્ઞાપનાય હિ ।।**
**વિરુદ્ધધર્મબોધાય ન યુક્ત્યૈકસ્ય વારણમ્ ।।૮૮।।**

**અર્થ :** બ્રહ્મનું અકર્તૃત્વ જે કહ્યું છે તે બ્રહ્મના વિરુદ્ધધર્મના બોધને માટે માહાત્મ્ય જણાવવાને સારું છે. માટે યુક્તિથી એકનું વારણ કરવું એ યોગ્ય નથી.

**પ્રકાશ :** 'અસ્થૂલાદિ' વાક્યથી બ્રહ્મને વિષે કર્તાપણાનો નિષેધ થાય છે. તેમજ નિરઞ્જનશ્રુતિ પણ બ્રહ્મને નિષ્ક્રિય કહે છે તેમજ ''અકર્તા ભોક્તા ચ'' એ શ્રુતિ તથા ''અહઙ્કાર વિમૂઢાત્માકર્તાહમિતિમન્યતે'' (ભ.ગી.૩/૨૭) એ ગીતા વાક્ય પણ બ્રહ્મને નિષ્ક્રિય જણાવે છે અને ઉપરના ગીતા વાક્યથી કર્તૃત્વભ્રાન્તિથી છે એમ કહે છે માટે અમે બ્રહ્મના કર્તૃત્વનો અઙ્ગીકાર કરતા નથી એમ વાદી કહે છે. એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે બ્રહ્મને વિષે અલૌકિકકર્તૃત્વ છે અને જે અકર્તૃત્વ કહેલું છે તે લૌકિકકર્તૃત્વના નિષેધને માટે છે. નહિ તો ''અહં સર્વસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા'' એમાં કહેલું કર્તૃત્વવિરુદ્ધ થાય માટે કોઈએ કહેલું છે કે અનાપ્તપુરુષનું કહેવું પ્રમાણ નથી અને અજ્ઞપુરુષની કોઈ ઠેકાણે આપ્તતા નથી. જેને અદશ્યનું જ્ઞાન હોય તે સર્વજ્ઞ કહેવાય છે. એ કારણથી માહાત્મ્ય જાણાવવાને માટે જ અકર્તૃત્વકથન છે. શ્રુતિમાં કહેલું છે કે ''પુરુષ એવેદં સર્વમ્. ઉતાઽમૃતત્વસ્યેશાનઃ. એતાવાનસ્ય મહિમા'' આ શ્રુતિઓમાં સર્વ પુરુષરૂપ કહેલું છે અને મોક્ષનું નિયામકત્વ કહેલું છે. એ શ્રુતિઓમાં જગત્ રૂપત્વ અને મોક્ષ નું નિયામકત્વ એ જેમ મહિમારૂપ છે તેમ અકર્તૃત્વ પણ મહિમારૂપ છે. જેમાં પરસ્પર વિરુદ્ધ ધર્મબોધન કરાય એ જ મહાન છે. માટે બન્ને ધર્મો સત્ય છે. એમ ન હોય તો નટની પેઠે એક ધર્મ હોય તો માહાત્મ્ય સિદ્ધ થાય નહિ માટે યુક્તિથી એક ધર્મનો બાધ કરવો એ યુક્ત નથી.

**આવરણભઙ્ગ :** અકર્તૃત્વશ્રુતિસમ્મત છે એ શઙ્કાનો પરિહાર કરવામાં આવે છે. ''નિષ્કલં નિષ્ક્રિયં શાન્તં નિરવદ્યં નિરઞ્જનમ્'' એ શ્રુતિમાં બ્રહ્મને નિષ્ક્રિય કહેલું છે તેમ ગીતામાં પણ ''અહઙ્કાર વિમૂઢાત્મા'' એ વાક્યમાં કર્તૃત્વનો નિષેધ કરેલો છે પરન્તુ વિચાર કરીએ તો ગીતાનું વાક્ય જીવ પર છે, પરબ્રહ્મ પર નથી અર્થાત્ જીવ અહઙ્કારથી મૂઢ થઈને કર્તાપણું માને છે માટે તે વાક્ય પ્રમાણ નથી. આ વાક્યના સમ્બન્ધમાં કુસુમાઞ્જલિમાં ઉદયનાચાર્યે કહ્યું છે કે અનાપ્ત પુરુષનું કહેવું પ્રમાણ નથી અને યથાદષ્ટાર્થવાદી આપ્ત હોવાથી અજ્ઞ પુરુષની કદાપિ આપ્તતા થતી નથી. જે અદશ્યને જાણે તે જ સર્વજ્ઞ આપ્ત કહેવાય માટે મૂઢનું અકર્તૃત્વ હોવાથી સર્વજ્ઞતાથી ભગવાન્‌ને વિષે જ કર્તૃત્વ સિદ્ધ થાય છે માટે જ ગીતામાં ઉપરના વાક્ય પછી ''અહં સર્વસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા'' એ વાક્યમાં બ્રહ્મનું કર્તૃત્વ કહેલું છે તેમ શ્રુતિમાં પણ પૂર્વે 'અસ્થૂલાદિ' વાક્યથી

લૌકિકકર્તૃત્વનો નિષેધ કરીને ''એતસ્યૈવાક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ દ્યાવાપૃથિવી વિધૃતે તિષ્ઠતઃ'' એ શ્રુતિમાં એ બ્રહ્મના પ્રશાસનમાં સ્વર્ગ, પૃથ્વી, સ્થિતિ કરે છે. ઉપર બતાવેલી શ્રુતિથી પ્રશાસનપણું (આધીન રાખવાપણું) બતાવેલું છે, બ્રહ્મનું અલૌકિક સામર્થ્ય જ શ્રુતિસમ્મત છે. પુરુષસૂક્તમાં સર્વનું પુરુષત્વ બતાવીને મોક્ષનું નિયામકત્વ કહેલું છે અને પૃથ્વીની સાથે તેનો અતિરોભાવ કહેલો છે તે પછી કહ્યું છે કે આવો તે પરમાત્માનો મહિમા છે માટે પુરુષ સર્વોત્તમ છે. એ પુરુષસૂક્તશ્રુતિઓમાં જેમ સર્વાત્મકત્વ અને મોક્ષ નિયામકત્વ માહાત્મ્ય જ્ઞાપનને માટે છે તેમ અકર્તૃત્વકથન પણ માહાત્મ્યજ્ઞાપનને માટે છે.

**માયિકત્વં પુરાણેષુ વૈરાગ્યાર્થમુદીર્યતે ।।**
**તસ્માદવિદ્યામાત્રત્વકથનં મોહનાય હિ ।।૮૯।।**

**અર્થ :** પુરાણમાં જગતનું માયિકત્વ વૈરાગ્યને માટે કહેવાય છે માટે જગતને અવિદ્યામાત્રનું કાર્ય કહેવું એ મોહ કરવાને માટે છે.

**પ્રકાશ :** પુરાણ મિત્રતુલ્ય હોવાથી, લોકરીતિથી બોધ કરતાં કોઈ વખત જગતનું માયિકત્વ કહે છે. પુરાણનો આવા પ્રકારનો બોધ લૌકિક આસક્તિની નિવૃત્તિને માટે છે. બીજાં પ્રકરણોના અનુસારથી તે પ્રકારે નિશ્ચય થાય છે માટે એક દેશી મતથી જગતને માયિક કહેવું તે પ્રતારણ છે.

**આવરણભઙ્ગ :** વેદોપબૃંહક પુરાણમાં પ્રપઞ્ચનું માયિકત્વ કહેલું છે તે કેમ સમ્ભવે? એ શઙ્કા દૂર કરવાને માટે તેનું તાત્પર્ય કહેવામાં આવે છે. પુરાણ મિત્રતુલ્ય હોવાથી અન્ય તાત્પર્યથી પણ બોધ કરે છે. જેમ મિત્ર પોતાના પ્રિયને કહે કે ''વિષભોજન કર, શત્રુને ઘેર ભોજન કરવા ન જા''. આ કહેવાનું તાત્પર્ય વિષભોજનમાં નથી, પણ ભોજનવર્જનમાં છે તેમ પુરાણ કોઈ વખત લૌકિક આસક્તિની નિવૃત્તિને માટે જગતનું માયિકત્વવૈરાગ્યને માટે કહે છે પરન્તુ તે કહેવું માયિકત્વનો બોધ કરવાને માટે નથી પણ વૈરાગ્યનો બોધ કરવાને માટે છે કેમકે

**વિશ્વં વૈ બ્રહ્મતન્માત્રં સંસ્થિતં વિષ્ણુમાયયા ।।**
**યથેદાનીં તથા ચાગ્રે પશ્ચાદપ્યેતદીદશમ્ ।।**
**પ્રકૃતિર્હ્યસ્યોપાદાનમાધારઃ પુરુષઃ પરઃ ।।**
**સતોઽભિવ્યઞ્જકઃ કાલો બ્રહ્મતત્ત્રિતયન્ત્વહમ્ ।।**

ભાગવત.

**તદેતદક્ષયં નિત્યં જગન્મુનિવરાખિલં ।।**
**આવિર્ભાવ-તિરોભાવ જન્મનાશ વિકલ્પવત્ ।।**

વિષ્ણુપુરાણ.

જ્યાં વૈરાગ્યનો બોધ ન હોય અને જ્યાં યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવવું હોય ત્યાં પુરાણો ઉપરનાં વાક્યો પ્રમાણે બોધ કરે છે. તે વાક્યોનો અર્થ નીચે પ્રમાણે છે.

વિશ્વ નિશ્ચય બ્રહ્મસ્વરૂપ છે અને તે વિષ્ણુના સામર્થ્યવડે રહેલું છે અને આ વિશ્વ જેવું અત્યારે છે તેવું જ પૂર્વે હતું અને પછી પણ આવું ને આવું છે.

આ શ્લોકમાં જગતનું સ્વરૂપ સર્વદા એકરૂપ હોવાથી નિત્ય બતાવ્યું છે. બીજા શ્લોકમાં પણ તેજ પ્રમાણે બતાવે છે. તેનો અર્થ આ સત્ય જગતનું ઉપાદાનપ્રકૃતિ છે અને આધાર તે પ્રકૃતિથી પર એવો પુરુષ છે અને અભિવ્યઞ્જક (વ્યક્તિમાં લાવનાર) કાળ છે તે ત્રણે બ્રહ્મસ્વરૂપ હું છું.

તેમજ વિષ્ણુપુરાણમાં અન્ય સ્થળે પણ કહ્યું છે કે હે મુનિવર! આ સમગ્ર જગત્ અક્ષય અને નિત્ય છે. તે આવિર્ભાવ અને તિરોભાવ થી જન્મ, નાશ અને ભેદ વાળું જણાય છે, પરન્તુ તે સ્વરૂપ થકી નિત્ય છે.

એવી રીતે વસ્તુબોધમાં પુરાણો જગતને નિત્ય કહે છે તેથી માયિક કહેવાનું તાત્પર્ય ઉપર કહ્યા પ્રમાણે વૈરાગ્યને માટે જ છે એમ નિશ્ચય થાય છે.

તે પુરાણનાં વાક્યો નીચે પ્રમાણે છે.

**સર્વભૂતસુહૃચ્છાન્તો જ્ઞાન-વિજ્ઞાન નિશ્ચયઃ ।।**
**પશ્યન્મદાત્મકં વિશ્વં ન વિષજ્જેત વૈ પુનઃ ।।**

**અર્થ :** જ્ઞાન (શાસ્ત્રજન્યબોધ) અને વિજ્ઞાન (યથાર્થ અનુભવ) આ બન્નેવડે જેને નિશ્ચય થયેલો છે તેવો શાન્તપુરુષ સર્વપ્રાણીમાત્રનું સારું ઇચ્છાનાર આ બધું વિશ્વ મદાત્મક (બ્રહ્મરૂપ કેમકે આ વાક્ય ભગવાનૂનું છે) જોતો છતાં ફરીથી કોઈ દહાડો આસક્તિ પામતો નથી.

આ શ્લોકમાં જ્ઞાન અને વિજ્ઞાન ના નિશ્ચયવાળો અને જે શાન્ત પુરુષ કહેલો છે તે ઉત્તમ અધિકારી છે. જે જગતને બ્રહ્મરૂપ જુએ છે એમ કહે છે, પણ માયારૂપ જુએ છે એમ કહેલું નથી તેથી ઉત્તમ અધિકારીની દષ્ટિથી વસ્તુનું જે સ્વરૂપ છે તે યથાર્થ હોવું જોઈએ માટે રાગવાળા હીન અધિકારીને જ વૈરાગ્ય

ઉત્પન્ન કરવાને માટે અન્તરાસૃષ્ટિનાં વાક્ય જે-જે સ્થળોમાં છે, તે-તે વાક્યો વસ્તુ સ્વરૂપ નિરૂપણ કરનારાં નથી, પણ અન્ય તાત્પર્ય બતાવનાર છે એમ જાણવું. માટે શ્રૌતસિદ્ધાન્તમાં વિરુદ્ધધર્માશ્રયત્વ હોવાથી અને પુરાણોનાં કહેલાં વાક્યોનું અન્ય તાત્પર્ય હોવાથી અને અવાન્તર પ્રકરણનું અનુસન્ધાન નહિ કરવાને લીધે એકદેશમાત્રથી જગતનું જે માયિકત્વ કહે છે તે પ્રતારણ છે.

**અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।।**
**અપરસ્પરસમ્ભૂતં કિમન્યત્કામહૈતુકમ્ ।।૯૦।।**

**અર્થ :** તે આસુર પુરુષો જગતને અસત્ય, અપ્રતિષ્ઠા (રજ્જુમાં સર્પની પેઠે) અનીશ્વર, સ્ત્રી-પુરુષના સંયોગથી થયેલું અને કામ પ્રયોજનવાળું કહે છે, બીજું શું છે?

**પ્રકાશ :** આ વિષયમાં સમ્મતિરૂપ ભગવદ્વાક્ય કહેવામાં આવે છે. જગતનું મિથ્યાત્વ અને અસત્યત્વ અથવા માયિકત્વ નો બોધ કરવો, એ આસુર મત છે એમ ભગવદવાક્યથી નિશ્ચય થાય છે.

**આવરણભઙ્ગ :** ઉપર જે પ્રતારણા કહેવામાં આવી તેના પ્રમાણમાં ભગવદ્વાક્ય કહેવામાં આવે છે. આસુરો જગતને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર કહે છે, પરન્તુ સત્યનું કાર્ય જગત્, સત્ય બ્રહ્મમાં પ્રતિષ્ઠિત છે અને ઈશ્વરથી નિયમિત છે. આ પ્રકારનો સિદ્ધાન્ત છે તે તેઓ કહેતા નથી. પણ તેઓ એમ કહે છે કે સર્વ જગત્ કામ થકી સ્ત્રી-પુરુષના પરસ્પર સમ્બન્ધથી ઉત્પન્ન થયેલું દેખાય છે. બીજું શું હોઈ શકે? આ શ્લોકમાં આસુરમત કહેલો છે. જે જેવું જુએ તે તેવું કહે છે. આસુરપુરુષો માયાથી ઉપાસના કરે છે તેથી તેવું તે નિરૂપણ કરે છે માટે તેઓનો મત આસુર છે.

**અખણ્ડાદ્વૈતભાને તુ સર્વં બ્રહ્મૈવ નાન્યથા ।।**
**જ્ઞાનાદ્વિકલ્પબુદ્ધિસ્તુ બાધ્યતે ન સ્વરૂપતઃ ।।૯૧।।**

**અર્થ :** અખણ્ડ અદ્વૈતભાનમાં તો સર્વ બ્રહ્મ જ છે, પણ ભેદ જ્ઞાન નથી. જ્ઞાન થકી ભેદબુદ્ધિબાધ થાય છે, પણ સ્વરૂપ થકી પ્રપઞ્ચનો બાધ થતો નથી.

**પ્રકાશ :** બ્રહ્મવાદમાં પણ ‘‘વાચારમ્ભણ’’ વ્યાક્યાનુસાર ભેદોનું અસત્યત્વ અઙ્ગીકાર કરવું જોઈએ. આ શઙ્કાના સમાધાનમાં કહે છે કે વેદાન્તના બોધનના બે પ્રકાર છે. ‘‘બહુસ્યામપ્રજાયેય’’ એ વાક્યાનુસારે ઉંચ-નીચત્વને ભગવાન્ જ

પ્રાપ્ત થયેલ છે. એ પ્રકારથી વિકલ્પબુદ્ધિમાં પણ બ્રહ્મજ્ઞાનવિરુદ્ધ નથી. બીજા પ્રકારમાં વિકારો વાણીથી જ આરબ્ધ છે. એ પ્રકારે કાર્યાંશનો અનાદર કરીને વસ્તુ સ્વરૂપના વિચારથી, આવિર્ભાવ-તિરોભાવ પૃથક્ કરીને, જગત્ સન્માત્ર છે એમ ઉપનિષદો બોધ કરે છે, તેથી પ્રથમ પક્ષ તો નિસન્દિગ્ધ છે. બીજા પક્ષમાં પણ દૂષણ નથી, કેમકે સત્તામાત્ર જગત્ કહેવાય છે તેથી તેનું મિથ્યાત્વ નથી. જ્યારે અખણ્ડ અદ્વૈતભાન થાય છે ત્યારે સર્વ બ્રહ્મસ્વરૂપે આ જગતને ગ્રહણ કરે છે. (જેમ સુવર્ણનો ગ્રાહક સુવર્ણના ઘાટને ગ્રહણ કરે તેમ) તે વખતે અવાન્તરવિકલ્પ (ભેદ) વિષયીણી બુદ્ધિનોબાધ થાય છે, પણ વસ્તુસ્વરૂપનો બાધ થતો નથી.

**આવરણભઙ્ગ :** એ પ્રકારે પ્રપઞ્ચનું સ્વરૂપથી સત્યત્વ સ્થાપન કરીને, ભેદરૂપવડે પણ સત્યત્વ સ્થાપન કરવાને માટે કહે છે. 'બહુસ્યામ્' એ શ્રુતિથી બહુભવન સિદ્ધ થાય છે. અને 'પ્રજાયેય' એ શ્રુતિથી આકાર સિદ્ધ થાય છે. એમ હોવાથી જેમ 'વાચારમ્ભણ' વાક્યાનુસાર વિકલ્પોનું વાઙમાત્રત્વ છે તેમ 'પ્રજાયેય' એ વાક્યાનુસારે ભગવદ્રૂપત્વ પણ શ્રૌત છે. એ પ્રકારે હોવાથી મુખ્યાધિકારીને વિકલ્પબુદ્ધિમાં પણ બ્રહ્મજ્ઞાન વિરુદ્ધ નથી. મન્દ અને મધ્યમ અધિકારીને માટે બીજો પક્ષ છે. તેમાં પણ જેમ સુવર્ણની અપેક્ષાવાળાને સુવર્ણના ઘાટ, કડાં, કુણ્ડળ આદિને સુવર્ણથી જ ગ્રહણ કરે છે, પણ કડાં કુણ્ડળાદિરૂપથી ગ્રહણ કરતો નથી, તેમ જગતમાં ભેદબુદ્ધિનો જ બાધ છે, પણ સ્વરૂપનો બાધ નથી. માટે તેવા ભાનના અનુસારે પણ, પ્રપઞ્ચનું મિથ્યાત્વ સિદ્ધ થતું નથી. આ પ્રકારે ગૌડવાર્ત્તિકને અનુસરી જેઓ દુરાગ્રહથી પ્રપઞ્ચને મિથ્યા કહે છે તેઓને ઉત્તર આપ્યો.

**ભિન્નત્વં નૈવ યુજ્યેત બ્રહ્મોપાદાનતઃ ક્વચિત્ ।।**
**વાચારમ્ભણમાત્રત્વાદ્ભેદઃ કેનોપજાયતે ।।૯૨।।**

**અર્થ :** કોઈ સ્થળે બ્રહ્મોપાદાન થકી ભિન્નત્વ સમ્ભવતું નથી. ભેદ વાચારમ્ભણમાત્ર હોવાથી કોનાથી ઉત્પન્ન થાય?

**પ્રકાશ :** પ્રત્યક્ષ દેખાવા થકી ઘટ-પટનું અદ્વૈત સિદ્ધ થતું નથી માટે દ્વૈત અઙ્ગીકાર કરવું જોઈએ. એ શઙ્કાના નિરાસને માટે કહે છે કે કુણ્ડળ અને કડા નું એક ઉપાદાન હોવાથી બેનો ભેદ સર્વ પ્રકારે સમ્ભવતો નથી. ધર્મરૂપત્વ કહીએ તો એક વસ્તુના બે ધર્મ છે, કેમકે એ બન્નેના ઉપાદાનનો અભેદ છે, માટે ભેદ

યુક્તિસહ નથી. અજ્ઞાની પુરુષનું પ્રત્યક્ષ તો અભેદમાં છે, પણ દ્વિચન્દ્રની પેઠે તે ભેદ ગ્રહણ કરે છે. મહત્‌પુરુષનું પ્રત્યક્ષ ભેદ ગ્રહણ કરતું નથી માટે શ્રુતિ પ્રમાણાનુસારે પદાર્થોનું વાચારમ્ભણમાત્ર જાણી સર્વને વિષે બ્રહ્મભાવ થવાથી ભેદ કોઈ પણ સાધનથી ઉત્પન્ન થતો નથી માટે ભેદાનુસાર બ્રહ્મવાદનું નિરાકરણ કરવું નહિ.

**આવરણભઙ્ગ :** ઘટ-પટનું અદ્વૈત સમ્ભવતું નથી એ જે કહ્યું તે ઉપાદાનદ્વૈત થકી કહ્યું કે ધર્મદ્વૈત થકી કહ્યું કે પ્રમાણવેદ થકી કહ્યું? તેમાં પ્રથમ ઉપાદાનનું દ્વૈતપણું સમ્ભવતું નથી, કેમકે શ્રુતિમાં બ્રહ્મનું જ ઉપાદાનત્વ કહેલું છે. ''યતો વા ઈમાનિ'' એ શ્રુતિમાં અને 'પ્રકૃતિ' (બ્ર.સૂ.૧/૪/૨૩) એ સૂત્રમાં ઉપાદાન બ્રહ્મને જ કહેલું છે. લોકમાં પણ સુવર્ણના વિકારમાં જણાતા દ્વૈતનો અનાદર કરીને, સોનાના પ્રયોજનવાળા પુરુષો જુદા-જુદા ઘાટ સુવર્ણવડે ગ્રહણ કરે છે. સર્વ પ્રકારે કારણભેદથી જ ભેદ નિશ્ચય થાય છે. શ્રુતિમાં લોહના દૃષ્ટાન્તથી એક જ ઉપાદાનકારણ બ્રહ્મને બતાવેલું છે, માટે ઉપાદાનદ્વૈત નહિ હોવાથી દ્વૈત થતું નથી. ઘટ-પટ સ્થળમાં તો વ્યાવહારિક ઉપાદાનકૃતભેદ સત્ય નથી. તેમજ સ્વરૂપ ધર્મદ્વૈત થકી દ્વૈત સમ્ભવતું નથી કેમકે સ્વરૂપનો ઐક્ય સિદ્ધ થવાથી ધર્મદ્વૈત ભેદ ઉત્પન્ન કરી શકતું નથી. જો એમ ન હોય તો સંકેલવાથી અથવા પોલું કરવાથી એક વસ્ત્રનાં બે સ્વરૂપ કહેવાય, પણ તેમ કહેવાતું નથી. તેમ બેસવાથી અને ઉઠવાથી પુરુષભેદ પણ કહેવાય. જ્યારે એમ છે ત્યારે એક કાળમાં સાથે સ્થિતિ નહિ હોવાથી પરસ્પર વિરુદ્ધ ધર્મો જ્યારે આશ્રય ભેદ કરી શકતા નથી, ત્યારે સાથે સ્થિતિથી અવિરુદ્ધ પદાર્થો સર્વ પ્રકારે ભેદ કરી શકે નહિ એ પ્રસિદ્ધ છે. એ કારણથી જ રૂપરસવડે ઘટ ભેદ પામતો નથી. એક કાળમાં એક ઠેકાણે સાથે નહિ સ્થિતિ કરનારાં નિષ્ક્રમણ, પ્રવેશન આદિ ધર્મો પ્રતિયોગીના ભેદને ગ્રહણ કરીને આશ્રયને ભિન્ન કરી શકતા નથી. એ ગમનક્રિયામાં સર્વ જનોને અનુભવ સિદ્ધ છે. બ્રહ્મ તો એકત્વવડે મહામહિમાવાળું હોવાથી બીજા પ્રતિયોગીનો અભાવ છતાં પણ ધર્મોથી ભેદ પામતું નથી એ વાત પ્રથમ પ્રતિપાદન કરવામાં આવે છે. વસ્તુથકી તો તે ધર્મનું પણ સ્વરૂપભેદ નથી કેમકે પ્રતિયોગીભેદ ગ્રહણ કરીને ભિન્નની પેઠે જણાતું એવું નિષ્ક્રમણ અને પ્રવેશન પ્રમાણના અભાવને લીધે ભિન્ન હોઈ શકતું નથી, માટે ભેદ વાસ્તવ નથી. 'પ્રજાયેય' એ શ્રુતિમાં કહેલી

ઈચ્છા સર્વ ધર્મોનું સ્વરૂપ બ્રહ્મ જ છે એમ બતાવે છે, પણ ધર્મનો ભેદ બતાવતી નથી. માટે જ પ્રકાશમાં કહેલું છે કે ઉપાદાનના અભેદ થકી ભેદયુક્તિસહ નથી.

ત્રીજા પક્ષથી પણ પ્રમાણભેદ થકી ભેદ સમ્ભવતો નથી, કેમકે પ્રત્યક્ષપ્રમાણ ભ્રાન્ત હોવાથી તેમજ પ્રત્યક્ષ મૂલક અનુમાનાદિ પ્રમાણ પણ તેવાં જ હોવાને લીધે, શ્રુતિ સિદ્ધ અને તદનુસારે બ્રહ્મવિત્ પુરુષને જે પ્રત્યક્ષ સિદ્ધ થાય તે અઙ્ગીકાર કરવાને યોગ્ય છે. તેથી લોકમાં પ્રતીયમાનરૂપવડે પદાર્થોનું વાચારમ્ભણ માત્રત્વ છે માટે કોઈપણ પ્રકારે બ્રહ્મવાદનું નિરાકરણ થતું નથી.

એ પ્રકારે માયાવાદનું નિરાકરણ કરીને, ભેદવાદી, માધ્વ અને મીમાંસકાદિના મતનું ખણ્ડન કર્યું.

**સાઙ્ખ્યો બહુવિધઃ પ્રોક્તસ્તત્રૈકઃ સત્પ્રમાણકઃ ।।**
**અષ્ટાવિંશતિતત્ત્વાનાં સ્વરૂપં યત્ર વૈહરિઃ ।।૯૩।।**

**અર્થ :** સાઙ્ખ્ય બહુ પ્રકારનો કહેલો છે તેઓના મધ્યે એક સાઙ્ખ્ય સત્પુરુષોને પ્રમાણ ગણવા યોગ્ય છે. તે સાઙ્ખ્યમાં ૨૮ તત્ત્વોનું સ્વરૂપ હરિ છે.

**પ્રકાશ :** આ પ્રકારે માયાવાદનું નિરાકરણ કરીને સાઙ્ખ્યનું નિરાકરણ કરવાને માટે કહે છે. બ્રહ્મવાદમાં પ્રથમ ઉત્પન્ન થયેલા પદાર્થોનું પ્રકાશન અથવા ગણના કરવા થકી સાઙ્ખ્ય કહેવાય છે. તે મત બ્રહ્મવાદમાં જ પ્રવેશ કરે છે. જે મતો વેદ થકી સ્વતન્ત્ર છે તે અપ્રમાણિક છે. જેમાં અઠ્ઠાવીશ તત્ત્વોનું સ્વરૂપ હરિ છે તે સાઙ્ખ્ય સત્પુરુષને પ્રમાણસિદ્ધ છે.

**આવરણભઙ્ગ :** એ પ્રમાણે ભગવાન્વ્યાસનો બ્રહ્મવાદરૂપ મત સ્થાપન કર્યો. સૂત્રમાં મતાન્તર નિરાકરણમાં સાઙ્ખ્યયોગનું પણ નિરાકરણ કરેલું છે તેથી ભગવાને ગીતાજીમાં માનેલા સાઙ્ખ્યયોગનું પણ નિરાકરણ થાય, તેના નિવારણને માટે પ્રમાણભૂત સાઙ્ખ્યને જુદો કહી બતાવે છે. જે પ્રકારનો સાઙ્ખ્ય ભાગવતના દ્વિતીય અને તૃતીય સ્કન્ધમાં સિદ્ધ છે અને જે ભગવાને એકાદશસ્કન્ધમાં કહેલો છે તે પ્રકારનો સાઙ્ખ્ય મન્વાદિ સત્પુરુષને પ્રમાણભૂત છે

**અન્યે સૂત્રે નિષિધ્યન્તે યોગોઽપ્યેકઃ સદાઽઽદતઃ ।।**
**યસ્મિન્ ધ્યાનં ભગવતો નિર્બીજોઽપ્યાત્મબોધકઃ ।।૯૪।।**

**અર્થ :** બીજાં સાઙ્ખ્યોનો વ્યાસસૂત્રમાં નિષેધ કરેલો છે. જે યોગમાં ભગવદ્ધ્યાન છે અથવા જે નિર્બીજ છતાં આત્મબોધક છે, તે એક યોગ સત્પુરુષને આદર કરવા

યોગ્ય છે.

**પ્રકાશ :** ''અન્યેષાં ચાનુપલબ્ધેઃ'' એ સૂત્રમાં બીજા સાઙ્ખ્યોનો નિષેધ કરેલો છે. મહત્તત્વ કે પ્રકૃતિ જગતમાં પ્રતીત થતાં નથી. વળી નિત્ય અને નિરવયવ પ્રકૃતિ કેમ પરિણામ પામે? માટે સ્વભાવવાદમાં જ પ્રકૃતિવાદ પણ પ્રવેશ કરે છે. એ પ્રકારે બીજું દૂષણ ભાષ્યમાં વિસ્તાર થકી કહેલું છે.

ચિત્તની વૃત્તિનો નિરોધ એ યોગ છે. તે ભગવદ્ધ્યાનને માટે ભક્તિનું અઙ્ગ છે. તે યોગ પ્રામાણિક છે. જે સ્વતન્ત્રતાવડે ફળસાધક કહેલો છે તથા જે સ્વતન્ત્રતાથી જ સિદ્ધિનો હેતુ જ્ઞાનાત્મા યોગ છે તેમજ બીજા દેહ, ઇન્દ્રિયોના સાધક છે, તેઓનો સૂત્રમાં નિષેધ કરાય છે. ભગવદ્ધ્યાનના અભાવમાં પણ જે યોગ આત્મજ્ઞાનના અઙ્ગભૂત છે તે પ્રમાણિક છે. ''એતેન યોગઃ પ્રત્યુક્ઃ'' (બ્ર.સૂ.૨/૧/૩)એ સૂત્રમાં વ્યાસે બીજા યોગોનું નિરાકરણ કહેલું છે.

**આવરણભઙ્ગ :** નિરીશ્વર કાપિલાદિયોગનું સૂત્રોમાં નિરાકરણ કરેલું છે, કેમકે પ્રકૃતિ અથવા મહત્તત્ત્વ કારણત્વવડે વેદમાં પ્રતીત થતાં નથી. કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે ઉપલબ્ધ થતાં નથી તેમ છતાં કાર્યના અનુમાનથી કારણભૂતપ્રકૃતિ અથવા મહત્તત્ત્વનું અનુમાન કરવું જોઈએ. સાવયવસ્થૂલ ભૂતનું કાર્યત્વ હોવાથી તે વડે તેના કારણભૂત તન્માત્રાનું અનુમાન કરીને, અહઙ્કારથી મહત્તત્વનું અનુમાન કરવું જોઈએ. મહત્તત્વથી પ્રકૃતિનું અનુમાન થઈ શકે છે. એ શઙ્કાનું નિરાકરણ કરવામાં આવે છે. પ્રત્યક્ષસ્થૂલકાર્યથી સૂક્ષ્મકારણનું અનુમાનથી સાધન થઈ શકે છે પણ સૂક્ષ્મ અનુમાનનો વિષય નહિ હોવાથી તેનાથી કારણનું અનુમાન કરવું દુર્ઘટ છે. કોઈપણ પ્રકારથી પ્રત્યક્ષકાર્યથી કારણમાત્રનું અનુમાન કરાય, પણ તે કારણ સામાન્ય જ સિલ્દ્ધ થઈ શકે, વિશેષ સિલ્દ્ધ થઈ શકે નહિ. તેમ હોવાથી અહઙ્કાર થકી તેઓની ઉત્પત્તિ શ્રુતિ સૂત્ર થકી સિલ્દ્ધ થતી નથી. તેમ અહઙ્કારની ઉત્પત્તિ મહત્તત્વથી સિલ્દ્ધ થતી નથી. પ્રત્યક્જ્ઞાનનું આત્મવિષયત્વ હોવાથી અહઙ્કાર અને આત્મા નું તેથી પૃથક્કરણ થઈ શકે નહિ. કદાપિ તેમ પૃથકત્વ સિલ્દ્ધ થતાં પણ કારણતાત્પર્યવસાન આત્માને વિશે જ શક્ય વચન છે ને બુદ્ધિનો જન્યજ્ઞાનમાં અથવા મનમાં અન્તર્ભાવ છે, તેથી કોઈપણ પ્રકારે પ્રકૃતિ અને મહત્તત્વ ની કારણતા શ્રુતિ સૂત્ર થકી સિલ્દ્ધ થતી નથી. નિત્યત્વ અને નિરવયવત્વ પુરુષતત્ત્વને વિષે પણ તુલ્ય હોવાથી, પુરુષનું પરિણામ સમ્ભવતું

નથી. પ્રકૃતિનું જ પરિણામ થાય છે એમ કહીએ તો તેમાં બીજ ખોળીએ તો સ્વભાવ જ પ્રાપ્ત થાય છે. તે કારણથી સ્વભાવવાદમાં કહેલાં દૂષણ તેમાં (પ્રકૃતિવાદમાં) આવે છે. પાતઞ્જલ સૂત્રમાં સ્વતન્ત્ર ફલ સાધકત્વથી જે યોગ કહેલો છે તે યોગ અપ્રમાણિક છે. જે યોગ પુરાણાદિકમાં કહેલો છે તે પ્રામાણિક છે. ભગવત્પ્રાપ્તિમાં વિલમ્બ કરનાર સિદ્ધિજનક યોગને પુરાણમાં તુચ્છતાથી પ્રતિપાદન કરેલો છે. જ્ઞાનાત્માદિયોગ કાપાલિકમતમાં અને તન્ત્ર (વામમાં) સિદ્ધ છે. તે બધા યોગો અપ્રમાણિક છે. યોગ સબીજ અને નિર્બીજ બે પ્રકારના છે. અને તેજ સમ્પ્રજ્ઞાત અને અસમ્પ્રજ્ઞાત પદવડે કહેવાય છે તેમાં સંશયવિષર્યયરાહિત્યપૂર્વક ધ્યેયસ્વરૂપ જેનાથી સારી રીતે જાણી શકાય તેનું નામ સમ્પ્રજ્ઞાતયોગ કહેવાય છે. તેમાં ભાવનીય વિષયોનું અનિત્યત્વ હોવાથી તે સર્વને છોડીને, જેમાં ભગવાન્‌ના સ્થૂલરૂપનું ધ્યાન છે તે અનિષિદ્ધ યોગ છે. જેમાં ધ્યેયરૂપનું ભાન નથી તેનું નામ નિર્બીજ યોગ છે. તે જ્ઞાનનો અઙ્ગ હોવાથી પ્રામાણિક છે. આ પ્રમાણે ચતુર્લક્ષણી મીમાંસામાં સમન્વય અને વિરોધ નું જેટલું તાત્પર્ય છે તેટલું આ ગ્રન્થથી સઙ્ગ્રહ કર્યું.

## (ઉપસંહાર પ્રકરણ)

**વૈરાગ્યજ્ઞાનયોગૈશ્ચ પ્રેમ્ણા ચ તપસા તથા ।।**
**એકેનાપિ દૃઢેનેશં ભજન્ સિદ્ધિમવાપ્નુયાત્ ।।૯૫।।**

**અર્થ :** વૈરાગ્ય, જ્ઞાન, યોગ, તપ અને પ્રેમ આ પાંચ અઙ્ગ સહિત ભગવાન્‌ને ભજવાથી પુરુષ ફલ પામે છે અથવા એ પાંચ માંના એક પણ દૃઢ અઙ્ગથી ભજે તો પણ સિદ્ધિ પામે છે.

**પ્રકાશ :** એ પ્રકારે પરમત નિરાકરણપૂર્વક પોતાના મતનું (બ્રહ્મવાદનું) સ્થાપન કરીને નિરૂપણ કરેલા વાદનો ભક્તિમાં ઉપયોગ કહે છે. પાંચ અઙ્ગયુક્ત પુરુષે ભગવાન્‌ને ભજવા જોઈએ. તેમાં પ્રથમ અઙ્ગ વૈરાગ્ય છે. જો વૈરાગ્ય ન હોય તો ભગવાન્‌ના આવેશના અભાવે ભજનની સિદ્ધિ થાય નહિ. બીજું અઙ્ગ જ્ઞાન છે. તેથી સર્વ પદાર્થોનું તથા ભગવાન્‌નું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે. તેના અભાવથી નિશ્ચયતા અભાવને લીધે ભજનમાં પ્રવૃત્તિ થાય નહિ. યોગ પણ ભજનનું અઙ્ગ છે. યોગ વગર મનનું ચાઞ્ચલ્ય થવાથી ભજન થતું નથી. તેમજ પ્રેમ પણ ભજનનું અઙ્ગ છે. તેના વગર ભજન સ્વતઃ પુરુષાર્થરૂપ થતું નથી. તેમ

ભજનાનન્દની અભિવ્યક્તિ પ્રેમ વગર થતી નથી. તેમજ તપ પણ ભજનનું એક અઙ્ગ છે. તપના અભાવે દેહાદિકમાં રમણ થકી ભજન સિદ્ધ થતું નથી. તપવડે દેહ ઈન્દ્રિયાદિકનો મલ નીકળી જાય છે. એ પાંચે અઙ્ગ એક સાથે હોવાં દુર્લભ છે માટે ગૌણપક્ષ કહેવામાં આવે છે. એક પણ દૃઢ અઙ્ગથી સમર્થ શ્રીકૃષ્ણને ભજે તો ભજનાર મોક્ષ પામે છે.

**આવરણભઙ્ગ :** સર્વનું (આ ગ્રન્થનું) પ્રયોજન કહેતાં છતાં, સાધન અને ફલ અધ્યાયનો અર્થ હવે સઙ્ક્ષેપથી કહેવામાં આવે છે. સાઙ્ખ્ય અને યોગ માં સત્પુરુષનો આદર એટલા કારણથી થાય છે કે તે ભક્તિનાં અઙ્ગ છે. એ પાંચ અઙ્ગોમાં વૈરાગ્ય અને યોગ ફલમાં ઉપકારી છે, જ્ઞાન અને તપ ભક્તિના સ્વરૂપમાં ઉપકારક છે. પ્રેમ સ્વરૂપનો ઉત્કર્ષ જણાવનાર છે. આ પ્રકારે પાંચ અઙ્ગનો ઉપયોગ સમજવો. એમાં ખટ્વાઙ્ગ આદિ રાજાઓનાં ઉદાહરણ સમજી લેવાં.

**જ્ઞાને લયપ્રકારા હિ જગતો બહુધોદિતાઃ ।।**
**મનસઃ શુદ્ધિસિદ્ધ્યર્થમેકઃ સાઙ્ખ્યાનુલોમતઃ ।।૯૬।।**

**અર્થ :** મનની શુદ્ધિને માટે જગતના લયના પ્રકાર જ્ઞાનમાં ઘણા કહેલાં છે અને એક સાઙ્ખ્યાનુસારે કહેલો છે.

**પ્રકાશ :** એ રીતે ઉત્પત્તિપ્રકારથી પરમતનું નિરાકરણ કરી સ્વમત સ્થાપન કરવામાં આવ્યો. દ્રવ્ય, કાલ અને ગુણ થી ત્રણ પ્રકારે જ જગતનો પ્રલય થાય છે તેથી પ્રલયના પ્રકારથી પણ પરમતનું નિરાકરણ કરવાને માટે કહે છે. જ્ઞાનમાર્ગમાં જગતના લયના પ્રકાર ઘણા કહેલા છે. તે બધા પ્રકરણના અભાવને લીધે મનની શુદ્ધિને માટે જાણવા. પ્રલય મુખ્યત્વે કરીને ત્રણ પ્રકારનો છે. કાળથી નિત્ય પ્રલય છે. સઙ્કર્ષણ મુખાગ્નિરૂપદ્રવ્યથી નૈમિત્તિક પ્રલય થાય છે અને ગુણથી પ્રાકૃતિકપ્રલય થાય છે. તે ત્રણે પ્રકારાન્તરને પામેલા, ભાવનાથી સાધિત, આત્યન્તિક શબ્દવાચ્ય થાય છે. પરન્તુ આત્યન્તિકપ્રલય પૃથક્ નથી. અહન્તા–મમતા નાશ થવાથી જ વિષયોના નાશનો ઉપચાર થાય છે તેથી આત્યન્તિકપ્રલયની જુદી કલ્પના કરવામાં પ્રમાણનો અભાવ છે. ભાવનાથી લયનું ફલ મનની શુદ્ધિ છે. તેમ સાઙ્ખ્યાનુસારે જે પ્રલય બતાવેલો છે તે પણ પ્રાકૃતિક હોઈ મનની શુદ્ધિને માટે છે. જે લય મનની શુદ્ધિને માટે છે તેને આત્યન્તિક લય કહેવામાં આવે છે.

**આવરણભઙ્ગ :** મતાન્તરમાં જગતનો પ્રલય ચાર પ્રકારે અઙ્ગીકાર કરાય છે. તેમાં ચોથો આત્યન્તિકપ્રલય છે. તે જ્ઞાનથી થાય છે. તેમ હોવાથી જ્ઞાનથી જ્યારે લય થાય ત્યારે પ્રપઞ્ચનું જ્ઞાન નાશ્યત્વ થવાથી આવિદ્યકત્વ (માયિકત્વ) સિદ્ધ થાય. એવું તે મતવાળાનું માનવું શાસ્ત્રથી વિરુદ્ધ છે, તેથી તે અંશને દૂષિત કરવાને માટે કહે છે. જ્ઞાનમાં જે લયપ્રકાર કહેલા છે તે ભાવના માત્ર થકી મનને વિષે ભાવનીય છે અને એ બધા પરસ્પર આકાઙ્ક્ષારહિત હોવાથી મનની શુદ્ધિને માટે સમજવા. શ્રુતિમાં લય માત્ર કહેલો છે પણ તે ત્રણ પ્રકારનો છે કે ચાર પ્રકારનો તે કહેલું નથી, તો પણ પુરાણમાં ''કાલદ્રવ્યગુણૈરસ્ય ત્રિવિધઃ પ્રતિસઙ્ક્રમઃ।।''

**અર્થઃ** આ જગતનો કાલ, દ્રવ્ય અને ગુણ થી ત્રણ પ્રકારનો પ્રલય છે. તેમાં કાળથી પ્રલય છે તે નિત્ય પ્રલય કહેવાય છે. એ વિશે દ્વાદશસ્કન્ધમાં કહેલું છે કે બ્રહ્માદિભૂતોનાં નિત્ય નિરન્તર સૂક્ષ્મજ્ઞપુરુષો ઉત્પત્તિ અને પ્રલય જુએ છે. આ પ્રલય કાળથી નિત્ય પ્રલય કહેવાય છે. તેમજ બ્રહ્માના દિવસને અન્તે પ્રલય છે તે બ્રહ્માની રાત્રિ કહેવાય છે. તેમાં ત્રણ લોકનો પ્રલય થાય છે. આને નૈમિત્તિકપ્રલય કહે છે. તે વખતે ત્રણ લોક સઙ્કર્ષણના મુખાગ્નિથી દહન થાય છે. આ પ્રલયદ્રવ્યથી છે. તેમાં સઙ્કર્ષણના મુખના અગ્નિની સાથે બીજાં દ્રવ્યનું પણ ઉપલક્ષણ સમજવું, એટલે યોગાદિ વડે દેહનો દાહ, કલેદ, શોષથી જે લય થાય અથવા છેદાદિથી દેહનો જે લય થાય તે પણ નૈમિત્તિકલય જ સમજવો. બ્રહ્માના બે પરાર્ધ જવાથી સાત પ્રકૃતિઓનો લય થાય તેને પ્રાકૃતિકલય કહે છે. તે લયમાં, પુરુષ અને પ્રકૃતિ ની શક્તિઓ કાળે ચલાયમાન કરેલી પરવશ થયે લય થાય છે. આ લય ગુણથી છે અને તે પ્રાકૃતિક કહેવાય છે. આ લય પૂર્વે ૨૪ મી કારિકામાં કહેલો છે. કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે દ્વાદશસ્કન્ધમાં ચાર પ્રકારનો લય (નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યન્તિક) કહેલો છે તેથી ચોથા લયનો તમે કેમ અઙ્ગીકાર કરતા નથી? તેના ખુલાસામાં કહે છે કે ઉપર કહેલા ત્રણ પ્રકારના લય જ ભાવનાથી આત્યન્તિક કહેવાય છે, પરન્તુ આત્યન્તિકલય પૃથક્ નથી. આત્યન્તિક લયમાં અહન્તા અને મમતા નો જ નાશ થાય છે અને તેમ થવાથી વિષયોના નાશનો ઉપચાર કહેવાય છે. તે વિશે દ્વાદશસ્કન્ધમાં કહ્યું છે કે જ્યારે વિવેકરૂપી ખડ્ગથી માયામય અહઙ્કારરૂપ આત્મબન્ધનનું છેદન કરીને આત્માના અનુભવથી સ્થિતિ કરે, ત્યારે તેને આત્યન્તિક અઙ્ગપ્રલય કહે છે. એ વાક્યમાં

આત્માધ્યાસરૂપ અહઙ્કારના છેદનપૂર્વક સ્થિતિ કહેલી છે અને તેનું જ અઙ્ગ સમ્પ્લવત્વ છે. માટે તેમાં માયામય અહઙ્કારનો જ નાશ છે. ભાવનાથી મન શુદ્ધિરૂપ ફલ થાય છે, પણ દેહનો નાશ થતો નથી. તેથી પ્રપઞ્ચનું જ્ઞાનનાશ્યત્વ સમ્ભવતું નથી. સાઙ્ખ્યાનુસાર મનની શુદ્ધિને માટે જે લય ભાગવતના એકાદશસ્કન્ધના ૨૪ માં અધ્યાયમાં કહેલો છે, તેમાં પણ ઉપક્રમ અને ઉપસંહાર માં ભેદથી ઉત્પન્ન થયેલા ભ્રમની નિવૃત્તિરૂપ ફલ કહેલું છે. તેથી મનની શુદ્ધિ એજ લયનું પ્રયોજન છે, પણ શરીરનો લય નથી. જો એમ હોય તો જે વખત લયની ભાવના કરે તે વખત જ શરીરનો પાત થાય માટે અહન્તા-મમતાનો જ લય છે એમ જાણવું, કેમકે ઉપક્રમમાં કહ્યું છે કે

**યદ્વિજ્ઞાય પુમાન્ સદ્યો જહ્યાદ્વૈકલ્પિકં ભ્રમમ્ ।।**

**અર્થ :** જે જાણીને પુરુષ તત્કાલ ભેદ થકી ઉત્પન્ન થયેલા ભ્રમનો ત્યાગ કરે છે.

તેજ પ્રમાણે ઉપસંહારમાં પણ એમજ કહેલું છે માટે સઙ્ઘાતના લયની ભાવનાથી મન શુદ્ધિ જ પ્રયોજન સિદ્ધ થાય છે પણ તેથી માયાવાદ સિદ્ધ થતો નથી. એ વાત ૨૪ મી કારિકામાં કહેવામાં આવી છે અને અન્ય સ્થળોમાં પણ તેનું વિવેચન કરવામાં આવ્યું છે. એ પ્રમાણે પ્રકારાન્તર પ્રાપ્ત પ્રાકૃતિકલયનું આત્યન્તિકત્વ કહ્યું. તેમજ નિત્ય અને નૈમિત્તિક નું પણ લયની ભાવનાથી આત્યન્તિકત્વ સમજી લેવું.

**નિત્યદા હ્યઙ્ગ ભૂતાનિ ભવન્તિ ન ભવન્તિ ચ ।।**

**અર્થ :** હે ઉદ્ધવ! પ્રાણીમાત્ર નિત્ય નિરન્તર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આ વાક્યમાં નિત્યપ્રલયની આત્યન્તિક ભાવના કહેલી છે.

**ઈન્દ્રિયાણાં દેવતાત્વભાવનાપ્રાપણે તથા ।।**
**ગોવિન્દાસન્યસેવાતઃ પ્રાપણં નાન્યથા ભવેત્ ।।૯૭।।**

**અર્થ :** તેજ પ્રકારે ઈન્દ્રિયોનો દેવતાત્વભાવનાથી દેવભાવ પમાડવામાં લય થાય છે. ગોવિન્દની સેવા અથવા પ્રાણની ઉપાસના થકી ઈન્દ્રિયોનું દેવતાત્વ થાય છે. બીજે પ્રકારે થતું નથી.

**પ્રકાશ :** હવે લયનો બીજો પ્રકાર કહેવામાં આવે છે. ''વાચ મગ્નૌ સવક્તવ્યામ્।।'' (ભાગ. ૭।૧૨।૨૬) વક્તવ્યસહિત વાણીનો અગ્નિમાં લય કરવો. એ પ્રકારે ઈન્દ્રિયોનું દેવતાત્વ કરવાથી લય થાય છે. તેનો પ્રકાર એવો છે કે

ગોવિન્દની સેવા અથવા પ્રાણની ઉપાસનાવડે ઈન્દ્રિયોનું દેવતાત્વ થાય છે. આ લય રૂપાન્તરને સમ્પાદન કરનાર કાર્યરૂપ છે તેથી તે ઉત્પત્તિરૂપ જ છે પણ લય નથી.

**આવરણભઙ્ગ :** ઉપર કહેલું વાક્ય શ્રીમદ્‌ભાગવતના સપ્તમસ્કન્ધના ૧૨ માં અધ્યાયમાં કહેલા યતિ ધર્મમાં છે. ત્યાં વૈરાગ્યનું પ્રકરણ છે, પણ સૃષ્ટિનું પ્રકરણ નથી. તેથી આ લય ઉપરથી પણ જગતનું માયિકત્વ સમ્ભવતું નથી. ત્યાં કદાપિ એમ શઙ્કા કરવામાં આવે કે પૂર્વે આ પ્રકાર કહેવામાં આવેલો છે અને શ્રુતિમાં મૃત્યુનું અતિક્રમણ કરવાનું કરેલું છે. એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે દેવતાત્વની ભાવનાથી ઈન્દ્રિયોનું આધિદૈવિકત્વ થવાથી આ લયનો થતો નથી, પરન્તુ સેવાવડે દેવભાવ થવાથી દેવના અંશમાં તેઓનો લય થતાં દેહનો લય કહેલો છે. આ ઠેકાણે પણ સેવા ભાવથી લયનો અભાવ છતાં પણ, ભાવના માત્રની લીનવત્ પ્રતિભાન છે, તેથી વિરોધ નથી. તેમજ ત્રણ લય થકી જુદો કોઈ લયનો પ્રકાર નથી, કેમકે કીડો જેમ ભ્રમરનું ધ્યાન કરતાં પૂર્વનું રૂપ નહિ ત્યાગ કરતાં ભ્રમર થઈ જાય છે (જુઓ શ્રીમદ્‌ભાવવતના એકાદશસ્કન્ધનો ''કીટઃ પેશસ્કૃતં ધ્યાયન્'') તેવી જ રીતે ભાવના કરવાથી રૂપાન્તરની પ્રાપ્તિ થવાથી પૂર્વરૂપનો લય થાય છે. પૂર્વે કહેલી યુક્તિથી આ લયનું પણ આત્યન્તિકત્વ સમજવું.

**અદ્વયાત્મદઢજ્ઞાનાદ્વૈરાગ્યં ગૃહમોચકમ્ ।।**
**વાગાદિવિલયાઃ સર્વે તદર્થં મન આદિષુ ।।૯૮।।**

**અર્થ :** અદ્વયઆત્માના દઢ જ્ઞાનથી ઘરને છોડાવનારું વૈરાગ્ય થાય છે તેને માટે મનાદિકમાં વાગાદિ ઈન્દ્રિયોના લયો છે.

**પ્રકાશ :** ''વાચં જુહાવ મનસિ'' ઈત્યાદિવાક્યથી દેહાદિસઙ્ઘાતના લયની ભાવનાથી અદ્વયઆત્મજ્ઞાન દઢ થાય છે અને તેથી વૈરાગ્ય થાય છે. રાગાભાવનો સન્ન્યાસમાં ઉપયોગ છે માટે તે સ્થળે કારણમાં લય કહ્યો નથી.

**આવરણભઙ્ગ :** આ પ્રકાર ભાગવતના પ્રથમસ્કન્ધમાં યુધિષ્ઠિર રાજાના મહાપ્રસ્થાનમાં છે. ભાવનામાત્ર ભાવ્ય હોવાથી કારણમાં લય કહ્યો નથી. આ ઠેકાણે ૧.વાણી, ૨.મન, ૩.પ્રાણ, ૪.ઉત્સર્ગ સહિત અપાન, ૫.મૃત્યુ, ૬.પાંચભૂત, ૭.ત્રૈગુણ્ય અને ૮.સર્વશબ્દથી સર્વનું ઐક્ય, ૯.પુરુષ એ નવ આહુતીનો મનાદિ અક્ષરાન્ત અગ્નિને વિષે કલ્પનાથી હોમનો અનુવાદ કરાય છે.

તેમાં ''ત્વમ્મનસોઽસિ'' એ શ્રુતિથી વાણીનું મનાધીનત્વ છે. અને ''પ્રાણબન્ધનં હિ સૌમ્યમનઃ'' એ શ્રુતિથી મનનું પ્રાણાધીનત્વ છે. પ્રાણનું અપાનાધીનત્વ સુબોધિનીમાં સિદ્ધ કરેલું છે. તેથી નિયમ્યનો નિયામકમાં લય કહેલો છે માટે કારણમાં લય કહેલો નથી.

**ભાવનામાત્રતો ભાવ્યા ન હિ સર્વાત્મના લયઃ ।।**
**મનોમાત્રત્વકથનં તદર્થં જગતઃ ક્વચિત્ ।।૯૯।।**

**અર્થ :** તમામ લયો ભાવનામાત્રથી ભવ્ય છે, પરન્તુ સર્વ પ્રકારે પ્રપઞ્ચનો લય નથી. વૈરાગ્યને માટે કોઈ ઠેકાણે જગત્ અથવા દેહનું મનોમાત્રત્વ કહેલું છે.

**પ્રકાશ :** એ પ્રકારે ત્રણ લયનું વર્ણન કરી તેઓનો પ્રકૃત ઉપયોગ કહે છે. સંસાર અને પ્રપઞ્ચ નું જુદાપણું બતાવવામાં આવે છે. આ બધા લયો ભાવનામાત્રથી વૈરાગ્યને માટે કરવા યોગ્ય છે, પણ સર્વ પ્રકારે કાલાદિકવડે જે પ્રપઞ્ચનો લય થાય છે, તે ઉપર કહેલા ત્રણ પ્રકારે જ થાય છે. ''દેહં મનોમાત્રમિમં ગૃહીત્વા''. એ વાક્યમાં દેહનું મનોમાત્રત્વકથન છે તે પણ વૈરાગ્યને માટે જ છે.

**આવરણભઙ્ગ :** એ રીતે લયપ્રકારની પણ સંસાર અને પ્રપઞ્ચ નો ભેદ સિદ્ધ કરીને માયાવાદનું નિરાકરણ કર્યું. આપાત થકી મનોમાત્ર વાદના પ્રત્યાયક વાક્યોનું તાત્પર્ય કહેવામાં આવે છે. કોઈ સ્થળે જગતનું અથવા દેહનું મનોમાત્રત્વ કહેવામાં આવે છે તે પણ વૈરાગ્યને માટે જ છે.

**ભક્તિમાર્ગાનુસારેણ મતાન્તરગતા નરાઃ ।।**
**ભજન્તિ બોધયન્ત્યેવમવિરુદ્ધં ન બાધ્યતે ।।**
**નૈકાન્તિકં ફલં તેષાં વિરુદ્ધાચરણાત્ક્વચિત્ ।।૧૦૦।।**

**અર્થ :** મતાન્તરમાં રહેલા પુરુષો ભક્તિમાર્ગાનુસારે ભજન કરે છે અને તેને અનુસારે જ પદાર્થોનો બોધ કરે છે. એ પ્રકારે અવિરુદ્ધભજન બાધિત થતું નથી, પણ તેઓને સ્વમતાનુસારે ભક્તિ માર્ગથી વિરુદ્ધ આચરણવડે સિદ્ધ ફળ (મોક્ષ) થતું નથી.

**પ્રકાશ :** એ પ્રકારે મતાન્તરનું નિરાકરણ કરીને, તે મતાન્તરોમાં ફલનો અભાવ છે એમ કહે છે. કોઈને એમ શઙ્કા થાય કે ગમે તે માર્ગમાં સ્થિતિ કરીને ભગવદ્ભજન થાય તો ફલ થાય છે એમ થવાથી બ્રહ્મવાદનો ભક્તિમાં ઉપયોગ થાય નહિ. આ હેતુને લીધે બ્રહ્મવાદ વિરુદ્ધમાર્ગમાં વર્તનારાઓને ભગવદ્ભજનમાં પણ ફલનો

અભાવ કહે છે. માયાવાદાદિના મતમાં શ્રીકૃષ્ણાદિ વ્યવહાર સિદ્ધ હોવાથી તે બ્રહ્મ થવાને માટે યોગ્ય નથી, (કેમકે માયાવાદીઓ ઈશ્વરને પણ પરમાર્થ સત્ય માનતા નથી). વળી તેઓ ઈશ્વરને સદાનન્દ ચિત્સ્વરૂપ કહે છે, પણ તેઓના મતમાં તે પ્રકારે પદાર્થ સિદ્ધિના અભાવને લીધે તેઓ ભક્તિમાર્ગાનુસારે જ એમ કહે છે એમ સમજવું. જ્યારે તે જીવ ઈશ્વર વગેરે પદાર્થો વિષે ભક્તિ માર્ગાનુસાર બોલે, ત્યારે તેઓનો શાસ્ત્રજ્ઞાપિત સિદ્ધાન્ત જણાય છે, તો પણ તેટલાથી મોક્ષ થતો નથી. કોઈ પુરુષને ભક્તિના અતિશયવડે નામ માત્રથી માયાવાદિત્વ હોય, પણ સ્વમતનો પક્ષપાત ન હોય તો બિલ્વમઙ્ગલાદિકની પેઠે મોક્ષ થાય છે. પરન્તુ ભક્તિમાર્ગ વિરુદ્ધ આચરણ હોય એટલે ભગવાન્‌ને સ્વાજ્ઞાનકલ્પિત ધારતો હોય તો, ભક્તિ કરતાં છતાં પણ મોક્ષ થતો નથી.

**આવરણભઙ્ગ :** એ પ્રકારે પ્રમેય અંશમાં મતાન્તરનું નિરાકરણ કરીને સાધનઅંશમાં વૈરાગ્યાદિના અઙ્ગવડે એક અઙ્ગનું દઢપણું કરવાનું કહ્યું છે અને બીજા અઙ્ગનું કાંઈક વૈકલ્ય હોય તો પણ ફળ સિદ્ધિનો અઙ્ગીકાર કહેલો છે તેથી માયાવાદીની રીત પ્રમાણે વિપરીત જ્ઞાનથી થયેલા જ્ઞાનાઙ્ગનુવૈકલ્ય થવાથી ફળ થાય. આવા પ્રકારની શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે બ્રહ્મવાદ સિવાય અન્યથા જ્ઞાનથી માનેલા ઈશ્વરના ભજનથી ભજનનું ફલ થતું નથી, કેમકે તેઓ શ્રીકૃષ્ણાદિ ઈશ્વરને તેઓના મતમાં વ્યવહાર્ય માને છે, અર્થાત્ સ્વાજ્ઞાનકલ્પિત માને છે. કોઈ-કોઈ સ્થળે ભગવાન્‌ને સદાનન્દ ચિત્સ્વરૂપ કહે છે, પણ તે કહેવું સ્વમતાનુંસાર નથી પણ ભક્તિમતાનુસાર છે તેટલાથી જ તેઓને ઐકાન્તિક ફલ (મોક્ષ) થતું નથી.

કદાપિ કોઈ એમ શઙ્કા કરે કે બિલ્વમઙ્ગળની પૂર્વઅવસ્થામાં તેનું વિરુદ્ધ આચરણ હતું, તો પણ તેને મોક્ષસિદ્ધિ પ્રસિદ્ધ છે માટે ઐકાન્તિક ફલ કેમ ન થાય? એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે માયાવાદ થકી બીજા વિરુદ્ધ આચરણનો ભગવાન્ હૃદયમાં રહી નાશ કરે છે. તે વિષે એકાદશસ્કન્ધમાં કહ્યું છે કે

**સ્વપાદમૂલં ભજતઃ પ્રિયસ્ય ત્યક્ત્યાન્વભાવસ્ય હરિઃ પરેશઃ ।।**
**વિકર્મ યચ્ચોત્પતિતં કથઞ્ચિદ્દુનોતિ સર્વં હૃદિ સન્નિવિષ્ટઃ ।।**

**અર્થ :** પોતાના ચરણારવિન્દને ભજતો અને પ્રિય, અન્યભાવનો ત્યાગ કરનાર,

એવા પુરુષના હૃદયમાં કોઈ વખત કાંઈ વિરુદ્ધ આચરણ થાય તો હૃદયમાં રહેલા ભગવાન્ તેનો (વિરુદ્ધ આચરણનો) નાશ કરે છે.

આ વાક્યથી પોતાના મતના પક્ષપાતરહિત બિલ્વમઙ્ગળના વિરુદ્ધ આચરણનો નાશ થયો અને મોક્ષની પણ પ્રાપ્તિ થઈ, પણ વિપરીતજ્ઞાનથી થયેલા વૈકલ્યને લીધે તે પાપનો નાશ થવાનો તેમજ મોક્ષ થવાનો સમ્ભવ નથી. એ વિષે શ્રુતિમાં કહ્યું છે કે

**યોડન્યથા સન્તમાત્માનમન્યથા પ્રતિપદ્યતે ।।**
**કિં તેન ન કૃતમ્પાપં ચોરેણાત્માપહારિણા ।।**

**અર્થ :** આત્મા (ભગવાન્) જે સ્વરૂપમાં છે તેને બીજે સ્વરૂપે જાણે છે તે આત્માપહારીચોરે શું પાપ નથી કર્યું?

એ શ્રુતિથી ભગવાન્‌ને વિષે અન્યથા ભાવનાથી મતાન્તર ગત પુરુષોને મોક્ષનો સમ્ભવ નથી માટે બ્રહ્મવાદાનુસારે જ સર્વ પદાર્થનું અને ભગવાન્‌નું યથાર્થ સ્વરૂપ જાણવું.

**એવં સર્વં તતઃ સર્વં સ ઈતિ જ્ઞાનયોગતઃ ।।**
**યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિરુત્તમઃ ।।૧૦૧।।**
**પ્રેમાભાવે મધ્યમઃ સ્યાજ્જ્ઞાનાભાવે તથાદિમઃ ।।**
**ઉભયોરપ્યભાવે તુ પાપનાશસ્તતો ભવેત્ ।।૧૦૨।।**

**અર્થ :** એ પ્રકારે ભગવાન્ થકી સર્વ છે અને એ ભગવાન્ આ સર્વરૂપ છે એ પ્રકારના જ્ઞાન યોગ થકી, પ્રેમસહિત, શ્રવણાદિ સાધનથી, શ્રીહરિને ભજે તે ઉત્તમ ભક્ત કહેવાય. પ્રેમના અભાવથી જ્ઞાનસહિત ભજન કરે તો મધ્યમ કહેવાય અને જ્ઞાનરહિત પ્રેમથી ભજન કરે તો મધ્યમ અથવા હીન કહેવાય. જ્ઞાન અને પ્રેમ બન્ને ન હોય તો તે શ્રવણાદિક થકી પાપનો નાશ થાય છે અથવા ધર્મ થાય છે.

**પ્રકાશ :** એ પ્રકારે પરમતનું નિરાકરણ કરીને બ્રહ્મવાદમાં જે પ્રકારથી ભજન થાય છે તે પ્રકારે સઙ્ગ્રહ કરીને કહે છે. સર્વ નામ રૂપાત્મક ભગવાન્ થકી જ છે અને ભગવાન્ જ સર્વ નામ રૂપાત્મક છે. આવાં બે પ્રકારનાં વૈદિકજ્ઞાન છે તેમાં પ્રથમ જ્ઞાન ગૌણ છે અને બીજું મુખ્ય છે. જ્ઞાનસહિત પ્રેમવડે શ્રવણાદિ સાધનથી જો ભગવાન્‌ને ભજવામાં આવે તો તે ભક્તિમાર્ગમાં ઉત્તમ છે. શાસ્ત્રાર્થ જ્ઞાનના અભાવમાં પણ પ્રેમથી ભજન કરે તો મધ્યમ છે. ઉત્કટ પ્રેમ ન હોય તો તે હીન છે

પ્રેમ અને જ્ઞાન બન્ને ન હોય તો શ્રવણાદિ પાપ નાશક છે અથવા તેથી ધર્મ થાય છે, પણ તે ભક્તિ માર્ગ કહેવાતો નથી.

**આવરણભઙ્ગ :** જ્ઞાન અને પ્રેમ વાળા પુરુષોને બાકીનાં અઙ્ગ (વૈરાગ્ય, તપ અને યોગ) એમની મેળે સિદ્ધ થાય છે તેથી પાંચે અઙ્ગથી જે ભજન કરે તે ઉત્તમ ભક્ત કહેવાય. ગૌણપક્ષમાં જે પ્રમાણે સિદ્ધ થાય છે તે કહેવાને માટે અઙ્ગની ખામીથી જે અધિકાર સિદ્ધ થાય છે તે કહેવામાં આવે છે. શાસ્ત્રાર્થજ્ઞાનના અભાવે સંસ્કાર વશવડે ઉત્પન્ન થયેલા પ્રેમનું ગૌણત્વ હોવાથી જ્ઞાનના અભાવે તેવો ભક્ત મધ્યમ કહેવાય છે અને પ્રેમના અભાવે પણ મધ્યમ કહેવાય છે તેમાં જો પ્રેમ ઉત્કટ હોય તો મધ્યમ કહેવાય અને ઉત્કટ ન હોય તો હીન કહેવાય અને બન્ને ન હોય તો ''યત્ કીર્તનમ્ યચ્છ્રવણમ્'' એ વાક્ય થકી પાપનાશકત્વ થાય છે તેથી એ શ્રવણ જ્ઞાનમાર્ગીય છે, પણ ભક્તિમાર્ગીય નથી. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગસાધનને માટે જો શ્રવણ કરવામાં આવે તો ધર્મત્વ થાય છે પણ પ્રેમ અને જ્ઞાન સિવાય ભક્તિમાર્ગમાં કોઈ પ્રકારનો અધિકાર થતો નથી.

**તપોવૈરાગ્યયોગે તુ જ્ઞાનં તસ્ય ફલિષ્યતિ ।।**
**યોગયોગે તથા પ્રેમ સ્તુતિમાત્રં તતોऽન્યથા ।।૧૦૩।।**

**અર્થ :** તપ અને વૈરાગ્ય ના યોગવડે શ્રવણાદિથી જ્ઞાન સિદ્ધ થાય છે અને યોગવડે શ્રવણાદિથી પ્રેમ સિદ્ધ થાય છે. પુરાણાદિમાં તપ, વૈરાગ્ય વગેરે અઙ્ગ સિવાય શ્રવણાદિકનું પરમ પુરુષાર્થ રૂપ જે ફલ કહ્યું છે તે સ્તુતિમાત્ર છે.

**પ્રકાશ :** તપ અને વૈરાગ્ય સહિત શ્રવણાદિક હોય અથવા તે બે માંથી એકસહિત હોય તો જન્માન્તરમાં જ્ઞાન થશે એમ જાણવું. ગીતાજીમાં ''બહૂનાં જન્મનામ્'' એ વાક્યથી કહ્યું છે કે ઘણા જન્મને અન્તે જ્ઞાનવાન મને પામે છે અર્થાત્ તપથી અથવા વૈરાગ્યથી ઘણે કાળે જ્ઞાન થાય અને જ્ઞાનથી ઘણે કાળે ભગવાન્‌ની પ્રાપ્તિ થાય.

યોગસહિત ભજન કરવામાં આવે તો પ્રેમ ઉત્પન્ન થાય છે. તેમાં તપ અને વૈરાગ્ય સહિત કરેલા ભજનવાળો પુરુષ મધ્યમ અધિકારી છે અને યોગસહિત ભજન કરનાર ઉત્તમ અધિકારી છે. માર્ગના અઙ્ગને અભાવે કેવળ શ્રવણાદિકનું પરમ પુરુષાર્થ (ફળ) પુરાણોમાં કહેલું છે તે સ્તુતિરૂપ છે. કોઈ આપણે ઘેર આવે તેને આપણે કહીએ કે મને ધન્ય છે કે આપ પધાર્યા તેવી રીતે સ્તુતિ વાક્યો

સમજવાં. પ્રમેયબળથી અઙ્ગરહિત શ્રવણ કરનારાને ફલ થવાનું હોય તો ભલે થાય.

**આવરણભઙ્ગ :** ઉપરના બે શ્લોકોમાં જ્ઞાન અને પ્રેમ એ બે અઙ્ગોનું વર્ણન કરવામાં આવ્યું. આ શ્લોકમાં તપ, વૈરાગ્ય અને યોગ નો ક્રમ કહેવામાં આવે છે. તપ અને વૈરાગ્ય થી જે ભજન છે તે મધ્યમ છે. યોગસહિત ભજનની બાબતમાં ''તપસ્વિભ્યોઽધિકઃ'' એ સન્દર્ભમાં યોગી ભક્તનું ઉત્તમત્વ કહેલું છે તેથી યોગસહિત ભજવાનું ફલ પ્રેમ કહેલું છે. કદાપિ એમ શઙ્કા થાય કે ''કલેર્દોષનિધેઃ'' એ વાક્યથી કીર્તન સર્વબન્ધનિવર્તક કહેલું છે અને બીજે ઠેકાણે પણ શ્રવણાદિકથી બન્ધની નિવૃત્તિ કહેલી છે એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે માર્ગના અઙ્ગને અભાવે શ્રવણાદિકવડે પરમપુરુષાર્થરૂપ જે ફળ કહેલું છે તે ભગવત્સ્તુતિ છે, પરન્તુ શ્રવણ કરનારાને તેવું ફલ થતું નથી, જેમ લોકમાં કહેવાય છે કે મારે ઘેર તમે આજ આવ્યા તેથી મને ધન્ય છે એ પોતાને વિષે કહેલો ધન્યવાદ આવનારની સ્તુતિને માટે છે પોતાને માટે નથી તેમજ પાંચે અઙ્ગ સિવાય શ્રવણ કરનારને જે ફલ કહેલું છે તે ભગવાન્‌ની સ્તુતિને માટે છે, પણ તેથી શ્રવણ કરનારને ફલ નથી. નારદે શ્રવણ કરેલું તેનું વૃત્તાન્ત જણાવવાને માટે કહેલું છે કે અઙ્ગસહિત શ્રવણ કરે તો જ ફલ થાય છે. કદાપિ એમ શઙ્કા થાય કે અજામિલને પ્રસિદ્ધ સિદ્ધિ થયેલી છે. એ શઙ્કા દૂર કરવાને માટે કહે છે કે ''ફલમતઉપપત્તેઃ'' (બ્ર.સૂ.૩/૨/૩૮)એ સૂત્ર થકી ભગવાન્‌ના સ્વરૂપથી ફલ થવું હોય તો થાય, પણ અઙ્ગસહિત શ્રવણ ન કર્યું હોય તો શ્રવણાદિકથી મોક્ષરૂપ ફલ ન થાય.

**અર્થોઽયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ ।**
**રામાયણૈઃ સહિત ભારત પઞ્ચરાત્રૈઃ ।।**
**અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસૂત્રૈઃ ।**
**નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ ।।૧૦૪।।**

**અર્થ :** સમગ્ર વેદ વાક્યથી, રામાયણથી, ભારત, પઞ્ચરાત્ર, બીજાં શાસ્ત્રોનાં વચનથી અને વ્યાસસૂત્રથી જે અર્થ નિશ્ચય થયેલો છે તેજ અર્થ હૃદયસહિત શ્રીહરિએ સદાસર્વદા (ગીતાજીમાં) નિર્ણય કરેલો છે.

**પ્રકાશ :** સર્વ પ્રમાણોની આ ગ્રન્થમાં એક વાક્યતા છે. બ્રહ્મવાદ સિવાયના

મતાન્તરોમાં વાક્યાભાસો છે. સર્વકલ્પમાં રામાયણ પણ એજ અર્થને પ્રતિપાદન કરે છે માટે બહુરામાયણ કહેલાં છે. ભારત અને પઞ્ચરાત્રચરિત્ર પ્રતિપાદન હોવાથી રામાયણનાં અઙ્ગ છે. બીજાં પુરાણરૂપી શાસ્ત્રો અને વ્યાસસૂત્ર આ બધાં શાસ્ત્રો પ્રેમ સહિત જ્ઞાન કરવું જોઈએ એમ નિર્ણય કરે છે. એમ ન હોય તો ચૌદવિદ્યાનું સરસ્વતી રૂપત્વ હોવાથી સહૃદયએકનિષ્ઠતા થાય નહિ. સરસ્વતીનો અભિપ્રાય એક જ ભગવાન્‌ને વિષે હોવો જોઈએ. કોઈ કદાચિત અન્યથા કહે તો તે શઙ્કાના નિરાકરણને માટે કહે છે કે સરસ્વતીના પોષક ભગવાને સદાસર્વદા આજ અર્થનો નિર્ણય કરેલો છે અર્થાત્ પોષ્યનું હૃદય પોષક જાણે, બીજો જાણે નહિ.

**પ્રમાણબલમાશ્રિત્ય શાસ્ત્રાર્થો વિનિરૂપિતઃ ।।**
**પ્રમેયબલમાશ્રિત્ય સર્વનિર્ણય ઉચ્યતે ।।૧૦૫।।**

**અર્થ :** પ્રમાણબળનો આશ્રય કરીને શાસ્ત્રાર્થનું નિરૂપણ કર્યું હવે પ્રમેય બળના આશ્રયથી સર્વનિર્ણય કહેવાય છે.

**આવરણભઙ્ગ :** સરસ્વતીનું હૃદય તેના પોષક ભગવાન્ જાણે છે એ બાબતમાં ભગવાન્ શ્રીમદ્‌ભાગવતમાં કહે છે કે

**ઈત્યસ્યા હૃદયં લોકેનાન્યોમદ્વેદકશ્ચન**

**અર્થ :** આ સરસ્વતીનું હૃદય મારા વગર બીજું કોઈ જાણતું નથી. એ પ્રમાણે એકાદશસ્કન્ધમાં ભગવાને કહ્યું છે તેથી ભગવાને ગીતામાં જે અર્થનો નિર્ણય કરેલો છે તેજ સદાસર્વદા સર્વ શાસ્ત્રની એકવાક્યતારૂપ સરસ્વતીનું હૃદય (અભિપ્રાય) છે. આ પ્રકારે શાસ્ત્રાર્થનું નિરૂપણ કરીને જે સાત્ત્વિકો આ પ્રકરણમાં અધિકારી છે અને જેઓ આના પછીના પ્રકરણમાં અધિકારી છે તેઓને સૂચન કરવાને માટે કહે છે કે પ્રમાણ વેદ, વ્યાસસૂત્ર, ભાગવત અને ગીતા તેના પરસ્પર અવિરોધથી નિશ્ચય કરેલું તાત્પર્ય વિચારીને શાસ્ત્રાર્થ નિરૂપણ કર્યો. પ્રમેય એટલે સકલવેદાદિ વેદ્ય ભગવાન્‌નું બલ સર્વ સમર્થ છતાં પણ, તે-તે રૂપવડે નિયમિત કાર્ય કર્તૃત્વાદિરૂપ વિચારીને સર્વનિર્ણય કહેવાય છે અથવા શાસ્ત્રથી ઉત્પન્ન થયેલા જ્ઞાન વિષય અર્થોનું બલ અર્થાત્ તે-તે કાર્ય ઉત્પન્ન કરવાનું સામર્થ્ય અવધારણ કરીને સર્વ પદાર્થોનું સ્વરૂપ કહેવાય છે. સર્વનું બ્રહ્માત્મકત્વ છતાં પણ જેનું જે કાર્યને માટે જે પ્રકારત્વ છે તે-તે પ્રકારત્વથી સર્વનું વિવેચન કરાય છે. એ પ્રકારે શબ્દબલ


વિચારવડે શાસ્ત્રાર્થ જાણવાની ઈચ્છાવાળાઓ સ્વતઃ પ્રમાણવાદી અસમ્ભાવનારહિત પુરુષોનો વિષય પ્રથમ પ્રકરણમાં કહ્યો. અર્થ બલ વિચારથી શાસ્ત્રાર્થને જાણવાની ઈચ્છા કરનાર પરતઃ પ્રમાણવાદી પુરુષોને પૂર્વે કહેલા અર્થમાં અસમ્ભાવના વિપરીત ભાવનાનો ઉદય થવાને લીધે તેઓની અસમ્ભાવના અને વિપરીત ભાવનાની નિવૃત્તિને માટે સર્વનિર્ણય કહેવાય છે

આમ, શ્રીમદ્વલ્લભાચાર્યજી રચિત ''તત્ત્વાર્થદીપ નિબંધ''ના શાસ્ત્રાર્થ (ગીતાર્થ) નામના પ્રથમ પ્રકરણના શ્લોક તથા તેનો અર્થ, તેમજ 'પ્રકાશ' નામની આપશ્રીની જ ટીકાનો તથા એ 'પ્રકાશ' ટીકા ઉપર દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીએ કરેલી 'આવરણભંગ' નામની ટીકાનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થયો.

**કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ।**
**ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ।।**
પોતાના કુટુમ્બનું પોષણ, ધન કે યશ ની કામનાથી જેઓ પુરાણની કથા કહે છે
તેઓ ખેતરમાં પાણી પહોંચાડનારી નીક જેવા હોય છે.
નીક વાટે પાણી મળતાં જેમ ખેતરમાં અનાજ ઉગતું હોય છે
તેમ રૂપીઆ સ્વીકારીને કથા કરનારાઓના મુખે કથા સાંભળનાર
શ્રોતાઓમાં ભક્તિભાવને ઠેકાણે અધોપાત કરનાર અહન્તા-મમતાજ વધે છે.
ભક્તિમાર્ગીઓએ એવાના મુખે કથા ન સાંભળવી. **(શ્રીવલ્લભાચાર્ય)**

# ॥ નવરત્નમ્ ॥

## નવરત્નોપદેશનું માનસ વિશ્લેષણ





## ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી


(પ્રકાશક)

**પુષ્ટિ અસ્મિતા અભિયાન, રાજકોટ.**

## ભક્તિવર્ધિની વર્ણિત (૫) અધિકારીઓમાંથી કયા (૧૬) ગ્રંથોમાં કયો અધિકાર ઉપદેશ્ય છે.



## :: અન્તઃકરણચતુષ્ટય ::



## શ્રીમહાપ્રભુજી રચિત ષોડશગ્રંથો પૈકી
## શરણાગતિ, સમર્પણ, સેવા અને ભક્તિના ભાવો અને
## ઉપદેશ કયા કયા ગ્રંથોમાં આપ્યા છે તે દર્શાવતી માહિતીનો કોઠો


| | શરણાગતિ (૧) | સમર્પણ (૨) | સેવા (૩) | ભક્તિ (૪) |
|---|---|---|---|---|
| ૧. | બાલબોધ | સિદ્ધાંતરહસ્ય | સિદ્ધાંતમુક્તાવલી | શ્રીયમુનાષ્ટકમ્ |
| ૨. | વિવેકધૈર્યાશ્રય | નવરત્નમ્ | પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ચતુઃશ્લોકી |
| ૩. | શ્રીકૃષ્ણાશ્રય | અંતઃકરણપ્રબોધ | સન્યાસનિર્ણય | ભક્તિવર્ધીની |
| ૪. | પંચપદ્યાનિ | નિરોધલક્ષણ | સેવાફલ | જલભેદ |

## પુષ્ટિભક્તિ

પુષ્ટિ = જીવના હિતની સાધિકા છે અને આ પોષણ ભગવાનના અનુગ્રહને કહે છે

ભક્તિ = ભગવત્કાર્યોપયોગિની, પૂર્ણ કૃપા થવા પર થાય છે

ભજ્+ક્તિન્ = સેવા + પ્રેમ = પ્રેમપૂર્વિકા સેવા



## પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા પ્રકાશીત પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પુષ્ટિવાક્સુધા | ૧૫-૦૦ |
| ૨. | જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો | ૭૦-૦૦ |
| ૩. | સિદ્ધાન્તમુક્તાવલી | અપ્રાપ્ય |
| ૪. | સિદ્ધાન્ત સૂક્તિ | નિ:શૂલ્ક - અપ્રાપ્ય |
| ૫. | વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) | નિ:શુલ્ક - અપ્રાપ્ય |
| ૬. | સિદ્ધાન્ત રહસ્ય | અપ્રાપ્ય |
| ૭. | શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૮. | ચિરકુટ ચર્ચા સમીક્ષા | નિ:શૂલ્ક |
| ૯. | ધર્માધર્માગ્રદર્શનમ્ | અપ્રાપ્ય |
| ૧૦. | શ્રીભાગવત સુધા - રસબિંદુ | ૧૫-૦૦ |
| ૧૧. | શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ | ૧૫-૦૦ |
| ૧૨. | શ્રીયમુનાષ્ટકમ્ | ૧૫-૦૦ |
| ૧૩. | બાલબોધ અને પંચપદ્યાનિ | ૫-૦૦ |
| ૧૪. | સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ | ૧૦-૦૦ |
| ૧૫. | સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ૫-૦૦ |
| ૧૬. | નવરત્નમ્ અને અંત:કરણપ્રબોધ | ૧૦-૦૦ |
| ૧૭. | વિવેકધૈર્યાશ્રય | ૫-૦૦ |
| ૧૮. | શ્રીકૃષ્ણાશ્રય | ૫-૦૦ |
| ૧૯. | ચતુ:શ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ | ૧૦-૦૦ |
| ૨૦. | સંન્યાસનિર્ણય અને સેવાફલ | ૧૦-૦૦ |
| ૨૧. | શાસ્ત્રાર્થપ્રકરણ (ગુજરાતીમાં) | ૩૦-૦૦ |

### :: આગામી પ્રકાશનો ::

★ પુષ્ટિવિધાનમ્-૩ સહકારીણી
★ શિક્ષાપત્ર સાર સંચય
★ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર સંચય
★ પુષ્ટિમાર્ગીય મર્યાદાના ૨૪ સૂત્રો
★ શ્રીમદ્ ભાગવત ચિંતન પ્રથમ-દ્વિતીય સ્કન્ધ (મુંબઈ)
(પ્રવક્તા : ગો.શ્રીશ્યામમનોરહજી) (વ્રજભાષા)

### :: પ્રાપ્તિસ્થાન ::

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
(પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪૯૫૧૫૯)